ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.
ઈતિહાસ : પેપર-08

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૧

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)
(મુખ્ય વિષય)

વિભાગ

# 3

## મૂળભૂત પરિવર્તનવાદી પ્રવૃત્તિઓ, રાષ્ટ્રવાદ અને મહાત્મા ગાંધી
## (Radical Trends, Nationalism and Mahatma Gandhi)


એકમ 12

માર્ક્સવાદી તથા સમાજવાદી વિચારધારા
(Marxist and Socialist Thought) 7

એકમ 13

પ્રથમ વિશ્વયુદ્ધ : કારણો અને પરિણામો
(The First World War : Causes and Consequences) 23

એકમ 14

રશિયાની ક્રાંતિ : કારણો, તબક્કાઓ અને મહત્ત્વ
(The Russian Revolution : Causes, Course and Significance) 37

એકમ 15

ક્રાંતિકારી પ્રવૃત્તિઓ : ગદર પક્ષ અને હોમ રૂલ લીગ
(Revolutionary Trends, Ghadar Party and Home Rule League) 54

એકમ 16

ભારતની રાજનીતિમાં મહાત્મા ગાંધીજીનું આગમન અને તેમની વિચારધારા
(Mahatma Gandhi : Emergence in Indian Politics and his Ideology) 73

## Expert Committee


Prof. Ravinder Kumar (Chairman)
Director
Nehru Memorial Museum & Library
New Delhi

Prof. S. Gopal
Director
Nehru Memorial Fund
New Delhi

Prof. Satish Chandra (CHS)
Prof. Romila Thapar (CHS)
Dr. Muzffar Alam(CHS)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P.L. Mehra
Dr. R.I. Malhotra
Department of History
Punjab University
Chandigarh

Prof. B.S. Sharma
Pro. Vice Chancellor (Acd.)
Prof. Bakhshish Singh (Convenor)
IGNOU,
New Delhi


## Course Preparation Team


Ms Nalini Taneja
School of Correspondence
Course and Contiuning Education
Delhi University
Delhi

Dr. Irfan Habib
National Institute of
Science Technology and
Development Studies
New Delhi

Dr. Mridula Mukerjee (CHS)
Jawaharlal Nehru University
New Delhi

Prof. M.S. Jain
History Department
Rajasthan University
Jaipur

Dr. K.L. Tuteja
History Department
Kurukshetra University
Kurukshetra

Prof. V.N. Dutta (Course Editor)
Department of History
Kurukshetra University
Kurukshetra.

Prof. S. Bhattacharya (Consultant) (CHS)
Jawaharlal Nehru University, New Delhi.

Prof. O.P. Grewal (Language Editor)
Department of English
Kurukshetra University
Kurukshetra


### Faculty Members: Indira Gandhi National Open University: New Delhi


Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Ms. Sangeeta Joshi

Prof. B.N. Koul (Format Editor)
Director
Division of Distance Education


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU



© *Indira Gandhi National Open University, 1989*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 3 મૂળભૂત પરિવર્તનવાદી પ્રવૃત્તિઓ, રાષ્ટ્રવાદ અને મહાત્મા ગાંધી (Radical Trends, Nationalism and Mahatma Gandhi)

આ પાઠ્યક્રમના એકમ-1 અને એકમ-2માં તમે સંસ્થાનવાદી શાસનમાં થતા શોષણ વિશે વિવિધ પાસાંઓનો પરિચય કરી ચૂક્યા છો : તેમાં તમે એ પણ જાણ્યું જ હશે કે કઈ રીતે આ શોષણ સામે ભારતીય રાષ્ટ્રીય આંદોલન સંગઠિત રૂપ ધારણ કરવા લાગ્યું હતું. પરંતુ આપણે આ આંદોલનનો અભ્યાસ વિશ્વની ઘટનાઓથી જુદો રાખીને ન કરી શકીએ, કારણ કે સામ્રાજ્યવાદ તેમ જ સંસ્થાનવાદ વિશ્વવ્યાપી બનાવો હતા. આ ઘટકના પ્રથમ ત્રણ એકમોમાં (એકમ-12, 13 અને 14) આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બનતી ઘટનાઓના પ્રભાવ વિશે ચર્ચા કરી છે.

એકમ-12માં માર્ક્સવાદી તથા સમાજવાદી વિચારધારાનો પરિચય કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વિચારધારાએ આપણા રાષ્ટ્રીય આંદોલનને ખાસ કરીને 1920 પછી કઈ દિશામાં આગળ વધવું તેનું સૂચન કર્યું. સમાજવાદના પ્રારંભિક તબક્કાઓની ચર્ચા કર્યા પછી આ એકમ વૈજ્ઞાનિક સમાજવાદની વ્યાખ્યા આપે છે કે વૈજ્ઞાનિક સમાજવાદનો કયો અર્થ થાય છે. વિભિન્ન સામ્રાજ્યવાદી સત્તાઓનાં હિતોમાં પરસ્પર સંઘર્ષ થયો તેના પરિણામે પ્રથમ વિશ્વયુદ્ધ થયું. એકમ-13માં વિશ્વયુદ્ધનાં કારણો તેમજ પરિણામોની ચર્ચા થઈ છે. ભારતમાં આ યુદ્ધની અસરોનો પરિચય કરાવવાનો પણ ટૂંકમાં પ્રયાસ થયો છે.

માર્ક્સવાદી વિચારધારાની અસરને કારણે યુરોપના કેટલાય દેશોમાં સમાજવાદી આંદોલન બળવાન થઈ રહ્યું હતું પરંતુ 1917માં માત્ર રશિયામાં સમાજવાદી ક્રાંતિ સફળ થઈ. એકમ-14માં આ રશિયન ક્રાંતિનાં કારણો તેમજ પરિણામોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં એ પણ ખ્યાલ આપવામાં આવ્યો છે કે આ ક્રાંતિનો કેવો પ્રભાવ ભારતીય રાષ્ટ્રીય આંદોલન ઉપર પડ્યો. 19મી સદીના અંતિમ ચરણમાં વર્ષોથી ભારતીય રાષ્ટ્રીય આંદોલનમાં કેટલીક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ઉદ્‌ભવી. એકમ-15માં ક્રાંતિકારીઓનો ઉદ્‌ભવ, પ્રવૃત્તિઓ તથા અગાઉ ભારતમાં તથા ભારત બહાર વસતા ક્રાંતિકારીઓની પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરી છે. અહીં 'ગદર પાર્ટી'નાં કાર્યોનો ભારપૂર્વક ઉલ્લેખ થયો છે. અહીં 'હોમરૂલ લીગ' અને 'હોમરૂલ આંદોલન'ની પણ ચર્ચા કરવામાં આવી છે.

એકમ-16 ભારતીય રાજનીતિમાં મહાત્મા ગાંધીના આગમન સાથે સંબંધિત છે. એમાં દક્ષિણ આફ્રિકાની રંગભેદ નીતિવાળી સરકારની વિરુદ્ધ ગાંધીજીએ ચલાવેલા સંઘર્ષનો પણ અહેવાલ છે. સાથે જ ભારતના વિભિન્ન પ્રદેશોમાં થઈ રહેલાં ખેડૂતોનાં તેમ જ કામદારોનાં આંદોલનો સાથે ગાંધીજીના સંબંધોની પણ ચર્ચા છે. આ એકમના અંતમાં ગાંધીજીની વિચારધારા તેમ જ તેમણે પોતાની વિચારધારાને કેવી રીતે વ્યાવહારિક સ્વરૂપ આપ્યું તેનો પરિચય કરાવ્યો છે. આ જ એકમમાં 'રોલેટ ઍક્ટ' તથા 'જલિયાંવાલા બાગ'ની ઘટનાનો સમાવેશ થયો છે.

# એકમ 12 માર્ક્સવાદી અને સમાજવાદી વિચારધારા
# (Marxist and Socialist Thought)

**રૂપરેખા**

12.0 ઉદ્દેશો
12.1 પ્રસ્તાવના
12.2 સમાજવાદની વ્યાખ્યા
12.3 સમાજવાદી વિચારધારાનો ઉદ્ભવ
12.4 સમાજવાદી વિચારધારાનો પૂર્વ ઇતિહાસ
   12.4.1 સંત સાઇમન
   12.4.2 ચાર્લ્સ ફુરિયર
   12.4.3 રોબર્ટ ઓવેન
12.5 માર્ક્સવાદ : આર્થિક અને સામાજિક વિશ્લેષણ
   12.5.1 માર્ક્સવાદ : રાજનૈતિક સિદ્ધાંત
   12.5.2 માર્ક્સવાદ : ક્રાંતિનો સિદ્ધાંત
12.6 સારાંશ
12.7 ચાવીરૂપ શબ્દો
12.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 12.0 ઉદ્દેશો

આ એકમનો હેતુ તમને સમાજવાદી માન્યતાઓના અર્થ, 19મી-20મી સદીના યુરોપમાં થયેલો ઉદ્ભવ અને વિકાસ વિશે પરિચય કરાવવાનો છે. આ એકમના અભ્યાસ બાદ તમે –

- સમાજવાદનો અર્થ સમજી શકશો.
- યુરોપમાં સમાજવાદી વિચારોના વિકાસમાં પોષણ આપનારાં પરિબળો સમજી શકશો.
- સમાજવાદી વિચારોના તેમજ સમાજવાદી આંદોલનના વિકાસનાં મુખ્ય સોપાનો જાણી શકશો.
- વૈજ્ઞાનિક સમાજવાદ અને કાલ્પનિક સમાજવાદના ભેદને જાણી શકશો.
- સમાજવાદી સમાજના મૂળ સિદ્ધાંતોને સમજશો, તથા
- સામાજિક તેમજ રાજનૈતિક સિદ્ધાંતોમાં કાર્લ માર્ક્સનું પ્રદાન કેટલું હતું તે જાણી શકશો.

## 12.1 પ્રસ્તાવના

તમે ઘણી વાર સમાજવાદ, સમાજવાદી, મૂડીવાદ, મૂડીવાદી વગેરે શબ્દો સાંભળ્યા હશે. તમે એમ પણ સાંભળ્યું હશે કે અમેરિકા (U.S.A.) એક મૂડીવાદી દેશ છે. સોવિયેટ સંઘ સમાજવાદી દેશ હતો.

પરંતુ કદાચ તમે એ બાબતોમાં સ્પષ્ટ હશો નહિ કે એવી કયા પ્રકારની વિશેષતાઓ હોય છે કે જે એક સમાજને મૂડીવાદી અને બીજાને સમાજવાદી બનાવે છે. પરંતુ તેમાં કોઈ નવાઈની વાત તો નથી કારણ કે આવા જે ઐતિહાસિક ખ્યાલોનો ઉપયોગ બેદરકારીથી અને તેના વૈજ્ઞાનિક અર્થના સ્પષ્ટ સંદર્ભ વિના ઉપયોગ કરવામાં આવે છે. તેથી સૌ પ્રથમ તો આપણે એ જાણી લેવું જરૂરી બને છે કે આ શબ્દોના ખરેખર અર્થો શા છે.

આજે વિશ્વની લગભગ એક તૃતીયાંશ પ્રજા સમાજવાદી સમાજમાં રહે છે. સેંકડો, કરોડો લોકો પોતાના દેશમાં સમાજવાદને લાવવા સંઘર્ષ ચલાવી રહ્યા છે. તેઓ શા માટે આ સંઘર્ષ ચલાવી રહ્યા છે તે શું તમે જાણો છો ? પોતાના સમાજને સમાજવાદી સમાજમાં ફેરવી નાખવા માટે

તેઓ પોતાના જીવનું બલિદાન આપવા કેમ તૈયાર થઈ જાય છે ? ઇતિહાસમાં અત્યાર સુધી કેટલાય લોકો શા માટે સમાજવાદ લાવવાના સંઘર્ષમાં જીવ ગુમાવી પણ ચૂક્યા છે ? આ બધું તમે ત્યારે જ સમજી શકશો જ્યારે તમને જાણ થાય કે આ સમાજવાદનો શો અર્થ છે અને 'સમાજવાદી સમાજ' એ કયા પ્રકારનો સમાજ છે.

માનવે સમાજવાદી સમાજ વિશે સૌ પ્રથમ વિચાર ક્યારે કર્યો ? ક્યાંના લોકોએ આ વિષયમાં વિચાર કર્યો ? અને એ અંગે તેઓએ ઇતિહાસના ખાસ તબક્કામાં શા માટે વિચાર્યું ? આમ, તો માનવે હરહંમેશ વધુ સુધરતા જતા વિશ્વનો વિચાર જ કર્યો છે. પરંતુ સમાજવાદ અંગે તે ક્યારથી અને કેવી રીતે વિચારતો થયો ? તમે એ લોકો વિશે જાણવા હવે ઉત્સુક હશો. જેઓ સમગ્ર વિશ્વમાં એક શોષણમુક્ત સમાજની રચના કરવાની મહેચ્છા ધરાવતા હતા, એક એવો સમાજ જેમાં સમાનતા હોય, જ્યાં વિશ્વની સાધન-સંપત્તિનો ઉપયોગ સમાન રીતે વહેંચીને થાય. આવા લોકોના વિચારો સમાજવાદી વિચારો કહેવાય છે અને તેમણે જે પ્રકારના સમાજની કલ્પના કરી છે તેને સમાજવાદી સમાજ તરીકે ગણવામાં આવે છે. જે તેમનાં આંદોલનોનો હેતુ સમાજવાદી સમાજની રચનાનો હતો તે આંદોલનોને સમાજવાદી આંદોલન તરીકે ઓળખવામાં આવે છે.

સમાજવાદી વિચારકોમાં સૌથી મહત્ત્વના વિચારક કાર્લ માર્ક્સ હતા. પરંતુ તે પોતાના સમયના સમકાલીન વિચારકોથી ઘણા આગળ વધી ચૂક્યા હતા અને તેમણે 'સામ્યવાદી' સમાજનું માળખું પણ તૈયાર કર્યું હતું. તેમણે ઇતિહાસ દ્વારા વિશ્વને બદલવાના પોતાના વિચારોનો આધાર રાખ્યો. માનવ ઇતિહાસની અંતિમ અથવા સર્વોચ્ચ સ્થિતિને તેમણે એવી અવસ્થા જોઈ જેમાં 'સામ્યવાદી' (Communist) સમાજ હોય. તેમણે સમાજના આ સ્વરૂપ સુધી પહોંચવાનો માર્ગ પણ ચીંધ્યો. આ વ્યવસ્થિત વિચારધારાને લીધે તેમના અનુયાયીઓ પોતાને અન્ય સમાજવાદી વિચારધારાથી અલગ રહેનારા 'સામ્યવાદીઓ' કહેવડાવે છે અને તેમના વિચારો 'માર્ક્સવાદ' તરીકે ઓળખાવા લાગ્યા. આ એકમમાં આપણે માર્ક્સવાદનું સમાજવાદી વિચારધારામાં કયું પ્રદાન રહ્યું છે તે પણ જોઈશું.

1917ની ક્રાંતિ પછી સોવિયેત સંઘ પ્રથમ દેશ હતો જેમાં સમાજવાદની અથવા એવો સમાજ જેને માટે સામ્યાવદીઓ આંદોલન કરતા હતા, તેની સ્થાપના થઈ હતી. તમે એકમ 14માં ક્રાંતિ વિશે વાંચશો.

## 12.2 સમાજવાદની વ્યાખ્યા (Definition of Socialism)

આપણે શરૂમાં જ આ પ્રશ્ન કરીએ કે, સમાજવાદ શું છે ?

સમાજવાદ એક એવી સામાજિક વ્યવસ્થા છે કે જે સમાજવાદી વિચારવાળા મજૂર વર્ગની ક્રાંતિના ફલસ્વરૂપે અસ્તિત્વમાં આવી છે. મૂડીવાદી વ્યવસ્થા ધરાવતા સમાજને બદલવાના પરિણામે આ સમાજનું સ્વરૂપ ઘડાય છે. મૂડીવાદી સમાજવ્યવસ્થાના તબક્કામાંથી પસાર થયા પહેલાં કોઈ પણ સમાજસમાજવાદી વ્યવસ્થા પ્રત્યે આગળ વધી શકતો નથી. માત્ર આ મૂડીવાદને કારણે જ સમાજવાદી વિચારધારા અને તેને લગતાં આંદોલનોનો વિકાસ થાય છે, અને મૂડીવાદ જ છેવટે સમાજવાદી સમાજની સ્થાપના માટે જરૂરી સંજોગો ઊભા કરે છે, અને તેને માટે કારણભૂત બને છે. કાર્લ માર્ક્સના વિચારો વિશે જ્યારે આપણે વિગતે ચર્ચા કરીશું ત્યારે આ અંગે પણ વધુ સ્પષ્ટતા થઈ શકશે.

ઉત્પાદનનાં સાધનો ઉપર વ્યક્તિગત માલિકી હક્કનો નાશ કરીને તેના સ્થાને સાર્વજનિક માલિકી હક્ક લાવવાનો સિદ્ધાંત સમાજવાદમાં પાયારૂપ છે. તેનો અર્થ એમ થાય છે દેશની તમામ સાધન-સંપત્તિ જેનાથી ધનદોલતનું ઉપાર્જન થઈ શકે છે તે બધી જ મિલકત — જેવી કે જમીન, કારખાનાં, ખાણો, બેંકો વગેરે હવેથી કોઈ એક વ્યક્તિ અથવા વ્યક્તિઓનાં જૂથોની માલિકીની નહીં રહે પરંતુ સામાન્ય પ્રજાની જાહેર માલિકીની રહેશે. આનો અર્થ એ પણ થાય છે કે કેવળ સાધનોના માલિકી હક્કને કારણે અને બીજી વ્યક્તિઓને ઉત્પાદનના કાર્યમાં લગાવીને કોઈ ઉત્પાદનનો માલિક બની શકે નહિ. જે મજૂરો, કામદારો અને શ્રમજીવીઓ આ ઉત્પાદન કાર્ય કરતા હોય છે તેઓ જ તેના મૂળ માલિક ગણાવા જોઈએ. તેઓ પોતાના શ્રમ દ્વારા ઉત્પન્ન કરેલી ધન-દોલતની માલિકી તેમને મળે તે તેમનો જ હક્ક છે કારણ કે હવે બધી જ સાધનસંપત્તિના તેઓ માલિક બને છે.

આ પ્રકારના સમાજવાદી સમાજની અગાઉના બધા જ સમાજોમાં સાધનોના માલિકો તથા તે સાધનોમાંથી ધન પેદા કરવાના કાર્યમાં જોડાયેલા શ્રમજીવીઓની વચ્ચે તેમનાં વર્ગ-હિતોના સંઘર્ષ ઉપર આધારિત હોય તેવી જ સમાજવ્યવસ્થાઓ હતી. આ આંતરિક વર્ગસંઘર્ષનો નાશ કરવાનો ઉપાય સમાજવાદી સમાજની વ્યવસ્થા ઊભી કરવી તે છે, કારણ કે હવે જે લોકો શ્રમ દ્વારા સાધનોનો ઉપયોગ કરે છે તેઓ જ તેના માલિક ગણાય છે. તેથી સમાજવાદી સમાજમાં એક વર્ગ બીજા વર્ગનું શોષણ કરી શકશે નહિ અને તે સમાજ માનવ સમાનતાના સિદ્ધાંત ઉપર આધારિત રહેશે. આ સમાનતા મૂડીવાદી સમાજોમાં હોય છે તેવી કેવળ રાજનૈતિક કે કાયદાકીય જ નથી, પરંતુ તે સામાજિક તથા આર્થિક પણ હોય છે. કારણ કે તમામ પ્રકારની અસમાનતાનું મૂળ ખાનગી મિલકત છે. તેનો સમાજવાદી સમાજ અંત લાવી દે છે. પણ તેથી સમાજવાદી સમાજનો અર્થ એ નથી થતો કે કોઈ વ્યક્તિ કોઈ ચીજની માલિકી જ ન ધરાવી શકે. સમાજવાદી સમાજમાં લોકોને પોતાની વ્યક્તિગત માલિકીની ચીજો રાખવાની જરૂર તક હોય છે. જેવી કે ઘરવખરીની ચીજો, વાહન, મકાન, બૅંકમાં બચતખાતું વગેરે.

માત્ર એવી ચીજોની માલિકીનો હક્ક વ્યક્તિગત રહેતો નથી જેનો ઉપયોગ તે બીજાઓ પાસે કરાવેલી મહેનતના ફળથી તેઓને દૂર રાખીને ભોગવી શકે. હકીકતમાં સમાજવાદી સમાજમાં ઉત્પાદનમાં વધારો થતો જવાથી જેમ-જેમ દોલત વધતી જાય તેમ-તેમ થોડા જ લોકો નહિ પણ બધા જ લોકો વધારે ને વધારે વ્યક્તિગત ચીજવસ્તુઓ રાખી શકે છે.

સમાજવાદી સમાજમાં ઉત્પાદનની વૃદ્ધિ યોજનાબદ્ધ રીતે થાય છે. તમે પંચવર્ષીય યોજનાઓ વિશે તો સાંભળ્યું હશે જ. આ એક સમાજવાદી સમાજની કેન્દ્રિત યોજના છે જે સમાજની પ્રત્યેક જરૂરિયાતને ખ્યાલમાં રાખીને ઘડવામાં આવે છે. તેમાં તે એનો નિર્ણય કરે છે કે સર્વ પ્રજાજનોનાં હિતોથી સંબંધિત કઈ જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જોઈએ.

સમાજવાદી સમાજ મજૂર જનતાના હિતમાં મજૂર જનતાના રાજ્યની પણ સ્થાપના કરે છે. એ બાબતોની તે ખાતરી આપે છે. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ કામ કરે અને દરેક વ્યક્તિને તેણે કરેલા કામ મુજબ જ વેતન મળે. સમાજવાદી લોકશાહી લોકોને કેટલાક નિશ્ચિત સામાજિક અધિકારોની પણ ખાતરી આપે છે. જેવા કે, રાજ્ય અને સાર્વજનિક બાબતોની વ્યવસ્થા કરવામાં બધાની ભાગીદારીનો હક્ક ઉપરાંત નોકરી મેળવવાનો હક્ક, આરામ તથા ફુરસદનો સમય મેળવવાનો હક્ક, તંદુરસ્તીની સુરક્ષાનો હક્ક, વૃદ્ધાવસ્થામાં સુરક્ષાનો હક્ક, મકાનનો હક્ક તેમ જ સમાન અને રાજ્ય તરફથી મફતમાં અપાતા શિક્ષણને મેળવવાનો હક્ક.

રાજકારણ અને ધર્મને સંપૂર્ણ રીતે જુદા રાખવાનો સિદ્ધાંત પણ સમાજવાદી સમાજે અપનાવેલો હોય છે. જોકે તેનો અર્થ એ નથી થતો કે વ્યક્તિગત શ્રદ્ધાનો હક્ક નથી મળતો. પરંતુ તેનો અર્થ એમ થાય છે કે માત્ર ધર્મને સાર્વજનિક મુદ્દો બનાવી શકાય નહિ અને શિક્ષણસંસ્થાઓમાં ધર્મનો પ્રચાર થઈ શકે નહિ. આપણા દેશમાં થતાં કોમી રમખાણોથી આપણે પરિચિત છીએ જ, અને એ પણ જાણીએ છીએ કે કેવી રીતે એક સાંપ્રદાયિક જૂથ બીજા સાંપ્રદાયિક જૂથની ભાવનાઓનું શોષણ કરે છે. તેથી ધર્મને માત્ર વ્યક્તિગત માન્યતાથી જોવો તેમ જ રાજનીતિથી અલગ કરીને તેને વ્યક્તિગત શ્રદ્ધા તરીકે જોવો તથા વૈજ્ઞાનિક મનોદશા તરીકે ગણવો એ બહુ જરૂરી છે.

સમાજવાદી સમાજ સ્ત્રીઓને પૂર્ણ સમાનતા આપે છે. તેથી કરીને નાનાં બાળકોવાળી સ્ત્રીઓને ઓછામાં ઓછા કામના કલાકો, કામ કરવાની જગ્યા પર બાળકોના ધ્યાન રાખવા માટેનાં કેન્દ્રો (Crenches)ની સગવડ જેથી દિવસના કામના સમય દરમિયાન પણ તે બાળકોને ખાવા-પીવાનું ધ્યાન સમય-સમય પર આપી શકે; કામની જગ્યા પર જ ઉપહારગૃહો, સાર્વજનિક રસોઈઘરો વગેરેની સવલતો ઊભી કર્યાથી આ સમાનતાને ભૌતિક રૂપ આપી શકાય છે. આ પ્રકારની સવલતો વિકાસ પામેલા મૂડીવાદી દેશોમાં જોવા મળે છે. પરંતુ તેને માટે લોકોએ વ્યક્તિગત રૂપે ઘણી મોટી કિંમત ચૂકવવી પડે છે. નફો કરવા માટેના ઉદ્યમમાં તેઓ પણ મોટો ફાળો આપે છે. પણ આવી સગવડોનો ઉપયોગ કરવા માટે માત્ર ધનવાન લોકો જ સમર્થ હોય છે. સમાજવાદી રાજ્ય બધી સ્ત્રીઓને લઘુતમ કિંમતે આ સગવડોની ખાતરીઓ આપે છે. આ (સમાજવાદી સમાજ) બાળકો માટે પણ મજૂરોને ભથ્થું આપે છે. બાળકો આખાયે સમાજની જવાબદારી ગણાય છે. જોકે તેમની વ્યક્તિગત સારસંભાળ લેવાનું અને ઉછેરનું કામ તેમના કુટુંબની જ જવાબદારી છે.

એક સમાજવાદી રાજ્ય એ બધાં રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય આંદોલનો અને શોષણના કોઈ પણ પ્રકાર

વિરુદ્ધ મજૂરોનાં આંદોલનોનું સમર્થન કરે છે.. અહીં આપણે એ પણ જોઈએ કે સમાજવાદી વિચારનો શો અર્થ છે ?

સમાજવાદી વિચારધારા એ સમાજનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરનાર વિચારોનો એક ભાગ છે. તે ફક્ત વિશ્વને સમજવા ઇચ્છે છે, એટલું જ નહિ પરંતુ તેને વધુ સારો બનાવવા અને તે માટે તેમાં પરિવર્તન લાવવા પણ તે ઇચ્છે છે.

માનવ જાતના ઇતિહાસના અનુભવને આ વિચારધારા માત્ર રાજાઓ, શાસકો અને વિશેષાધિકાર ભોગવનારા વર્ગોનાં હિતોની દૃષ્ટિથી જોતો નથી, પરંતુ કચડાયેલી જનતાનાં હિતોની દૃષ્ટિથી જુએ છે. માનવસભ્યતાના વિકાસમાં અને તેના વિવિધ તબક્કાઓ દરમિયાન સમાજમાં આવેલાં પરિવર્તનો લાવવામાં શ્રમજીવી વર્ગે કરેલા પ્રદાનને તે મહત્ત્વપૂર્ણ ગણે છે. તેની ધારણાના સમાજનું માળખું પણ તે એવું તૈયાર કરવા માંગે છે જેમાં માનવોનું સ્થાન સમાન, માનવીય અને ન્યાયસંગત હોય. આવી સમાજરચના કરવા માટે જ તે મજૂર પ્રજાને સંગઠિત કરવાનો પ્રયાસ કરે છે. આ જ ઉદ્દેશથી તે મૂડીવાદી સમાજવ્યવસ્થાની પણ ટીકા કરે છે અને સ્પષ્ટ કરે છે કે આ પ્રકારનો સમાજ અસમાનતા અને અન્યાય કરે છે. આથી મૂડીવાદી સમાજનો અંત લાવવાનું નિમંત્રણ પણ સમાજવાદ આપે છે અને મજૂરોનાં સંગઠનો તથા આંદોલનોની પ્રવૃત્તિ ચલાવવામાં મદદ કરે છે.

## 12.3 સમાજવાદી વિચારધારાનો ઉદ્ભવ (Origins of Socialist Thought)

સમાજવાદી વિચારધારાનો ઉદ્ભવ કેવી રીતે થયો ? ઐતિહાસિક રીતે મૂડીવાદની વાસ્તવિક પ્રતિક્રિયાના સ્વરૂપે સમાજવાદી વિચારસરણીનો ઉદ્ભવ થયો. જોકે પશ્ચિમ યુરોપમાં જ સર્વપ્રથમ મૂડીવાદનો વિકાસ થયો હતો, તેનો વિરોધ પણ સર્વપ્રથમ યુરોપમાં સમાજવાદી સિદ્ધાંતના સ્વરૂપે વિકાસ પામ્યો. 1917ની રશિયાની ક્રાંતિ સમાજવાદી આદર્શો તેમજ સમાજનું સમાજવાદી પરિવર્તન કરવાના નિર્ધારથી થયેલી સર્વપ્રથમ ક્રાંતિ હતી.

યુરોપમાં સમાજવાદી આંદોલનો ઉદ્ભવ્યાં તે અંગે ચર્ચા કરતાં પહેલાં તે પ્રથમ આવશ્યક છે કે તે કયા પ્રકારના ઐતિહાસિક સંદર્ભોમાં શરૂ થયાં અને વિકાસ પામ્યાં. જનતાના મોટા ભાગના હિસ્સા પર થતાં પરિણામો સાથે મૂડીવાદ પણ એવો સંદર્ભ છે. જેને લીધે સમાજવાદી વિચારોનો જન્મ થયો. સમાજનું જે રૂપ 19મી સદી દરમિયાન યુરોપમાં પ્રવર્તમાન હતું તે મૂડીવાદી સમાજવ્યવસ્થાની અતિ વિકસિત અવસ્થા હતી. ઉત્પાદનોનાં સાધનો તથા ધનપ્રાપ્તિનાં સ્થાનો જેવાં કે જમીન, કારખાનાં, ખાણો, કાચો માલ વગેરેના માલિકો થોડી જ સંખ્યામાં હતા જેઓને મૂડીપતિઓ કહી શકાય.

પરંતુ આ બધાં સાધનો સાથે ધન અને ઉત્પાદન માટે એક અન્ય ચીજની પણ જરૂર પડે છે અને તે છે કામ. જો જમીન, કારખાનાં, ખાણો વગેરેમાં કામ કરનારા શ્રમજીવીઓ કોઈ ન હોય તો માલનું ઉત્પાદન કઈ રીતે થાય ? આમ, ઉત્પાદનની ક્રિયામાં સૌથી વધુ મહત્ત્વની આવશ્યકતા છે શ્રમ. આને લીધે જ કારખાનાંના માલિકો એવા મજૂરોને વેતન પર રાખે છે. જેની પાસે તેમના બે હાથ સિવાય બીજું કોઈ આવકનું સાધન ન હોય.

તેથી તમે જોઈ શકો છો કે મૂડીવાદી સમાજવ્યવસ્થામાં એક વર્ગ એવા લોકોનો હોય છે જે આ ઉત્પાદનનાં સાધનો પર માલિકી ધરાવે છે અને જેનાથી તેમને આવક પ્રાપ્ત થાય છે; અને બીજો વર્ગ એવા લોકોનો હોય છે જે આવકનાં સાધનોના માલિક છે. તેઓ પોતે કામ કરતા નથી તેમ છતાં જે કામ કરે છે તેમના શ્રમનું શોષણ કરે છે. આ માલિકો જ ખૂબ અમીર પણ હોય છે. જે શ્રમ કરે છે તેઓ ગરીબ રહે છે, કારણ કે તેમને પોતે કરેલા ઉત્પાદનની ચીજોને બજારમાં ખરીદવા-વેચવાનો હક્ક નથી.

હવે તમે પ્રશ્ન કરશો કે આમાં શું ખોટું છે ? આખરે મૂડીપતિઓ મજૂરોને તેમણે કરેલા શ્રમના બદલામાં વેતન તો આપે જ છે અને એકને બજારમાંથી ધન મળે છે તો બીજાને પગારના રૂપમાં ધન મળે છે !!

પરંતુ શું તમે જાણો છો કે શ્રમથી થયેલ ઉત્પાદનથી ઊભી થતી મિલકતનો પૂરો ભાગ મજૂરોને આપવામાં આવતો જ નથી ! કારખાનાના માલિક ત્યાં કામ કરનાર મજૂરોને તેમણે કરેલા કામના

કલાકો પ્રમાણે વેતન આપે પરંતુ સામૂહિક શ્રમથી મજૂરોએ કારખાનાંમાં જે ઉત્પાદન કર્યું હોય તે માલની કિંમત ઘણી વધારે હોય અને બજારમાં તે ઊંચી કિંમતે વેચાય. આ ધનની માલિકી કારખાનાંના માલિકની ગણાય. આ નફો તેનો હોવાથી માલિક અમીર બને છે જ્યારે મજૂરો જે હકીકતમાં, વાસ્તવમાં ઉત્પાદન કરે છે તે ગરીબ રહે છે.

અસમાનતાનો આ સંબંધ મૂડીવાદી સમાજવ્યવસ્થામાં ખૂબ મહત્ત્વનો છે અને આ જ સંબંધને સમાજવાદી સમાજ અન્યાયપૂર્ણ કહે છે. એક વર્ગ માલિક થઈને રહે છે, બીજો વર્ગ માસિક વેતનની આવકથી નિર્વાહ કરે છે. એક વર્ગ કામ કર્યા વિના જીવે છે, પણ બીજો વર્ગ જો કામ ન કરે તો જીવિત ન રહે.

શું તમે હવે જોઈ શકો છો કે મૂડીવાદી સમાજવ્યવસ્થા એટલે સામાજિક અન્યાય, અસમાનતા અને જનતાના મોટા ભાગના લોકોનું શોષણ ! તમે હવે શું સમજી શકો છો કે કેવી રીતે વ્યક્તિગત મિલકત તેમજ નફાખોરીનું પરિણામ અસમાનતા જ છે ?

આમ, વધતી જતી મૂડીવાદી કારખાનાં વ્યવસ્થાના વિરોધમાં સમાજવાદી વિચારધારા ઉદ્ભવી. કોઈ પણ સમસ્યા વિશે માનવ ત્યારે જ વિચારે છે જ્યારે તે સમસ્યા ઉદ્ભવે. મૂડીવાદી સમાજવ્યવસ્થાની સમસ્યા વિશે માનવે ત્યારે જ વિચાર્યું જ્યારે મૂડીવાદનાં (અનિષ્ટ) પરિણામો તેણે જોયાં અને અનુભવ્યાં પણ ખરાં. આમ, જ્યારે એ વિચારવું આવશ્યક બની ગયું કે કારખાનાંઓમાં કામ કરતા મજૂરોના જીવનસ્તરમાં સુધારો કેવી રીતે કરવો, ત્યારે મૂડીવાદના વિકાસની જ સાથે સાથે સમાજવાદી વિચારધારા પણ ઉદ્ભવી.

પણ, ત્યારે શું અચાનક જ, કોઈ બૌદ્ધિકો વિના જ સમાજવાદી વિચારો આવવા માંડ્યા ? શું તેઓની પહેલાં પણ અન્ય કોઈએ આ કચડાયેલા વર્ગને માટે સહાનુભૂતિ રાખી નહિ ? ના, એવું ન થયું.

પરંતુ માનવ પણ ત્યારે જ કોઈ સંભાવનાઓ અને શક્યતાઓ વિશે વિચારી શકે છે જ્યારે તે તેના પોતાના સમય અને ઉંમરથી વધુ દૂરની ન હોય અથવા અલગ ન હોય. દાખલા તરીકે સોળમી સદીમાં જ્યારે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ખૂબ વિકાસ થયો ત્યારે માનવને લાગ્યું કે ચંદ્ર પર જવું એ સંભવિત છે. જો તે પ્રયત્નો કરે અને એ દિશામાં કામ કરે, તો એ બની શકે તેમ છે અને એ પ્રમાણે થયું પણ ખરું. શું તમે એ વિચારી શકો છો કે આ જ સંભાવના સોળમી સદીમાં પણ હતી ? આ જ રીતે માનવની બુદ્ધિમાં સર્વ માનવીની જીવનની તમામ જરૂરિયાતો પૂરી કરવા બધાંને માટે સારી જિંદગીની સંભાવના ઊભી થવા લાગી. કેમ કે મૂડીવાદ અને કારખાનાંઓના મોટા વિકાસથી જ્યારે ઉત્પાદન એટલું બધું વધ્યું કે બધાંની દરેક પ્રકારની જરૂરિયાતો – ભૌતિક તેમ જ અન્ય – જેવી કે આરામ, સ્વાસ્થ્ય અને શિક્ષણ વગેરેને પૂરી કરવાનો વિચાર વાસ્તવિક સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યો. આથી જ માનવજીવનને ઉન્નત બનાવવાનો વિચાર ત્યારથી અસ્તિત્વમાં છે જ્યારથી માનવી સ્વયં અસ્તિત્વ તો ધરાવતો થયો પરંતુ સમાજવાદનો વિચાર તો 19મી સદીમાં કારખાનાં – ઉદ્યોગની સાથે જ અસ્તિત્વમાં આવ્યો. અગાઉના વિચારકોએ સામાજિક ન્યાય તેમ જ સમાનતાના વિષયમાં વિવાદ કર્યા હતા પરંતુ તેમણે ન્યાય તેમ જ સમાનતાના સિદ્ધાંતોને પોતાના સમયના શાસકો, ધનાઢ્યો અને શિક્ષિત વર્ગના સંદર્ભમાં જ જોયા. ઉદાહરણ રૂપે આપણે પ્લેટોને લઈ શકીએ, જેના વિશે તમે સાંભળ્યું જ હશે, કે તેણે પોતાના સમયમાં પ્રવર્તતી ગુલામીપ્રથાનો કોઈ વિરોધ કર્યો નહોતો. મધ્યયુગની શૂરવીરતાભરેલી દંતકથાઓના બહાદુર નાયકો - નાઈટ્સ - પોતાના સમયમાં અર્ધગુલામનું જીવન જીવતા ખેડૂતો પ્રત્યે લાગણીશીલ ન હતા. એ તો 18મી સદીના પ્રબુદ્ધ વિચારકો જ હતા જેમણે સર્વસામાન્ય મુક્તિ અને સ્વાતંત્ર્યનો વિચાર કર્યો. તેમ છતાં આ વિચાર પણ મર્યાદિત તો હતો જ. સમાજવાદીઓએ તેનો વધુ વિકાસ કર્યો અને સ્વાતંત્ર્યના દષ્ટિકોણને વ્યાપક બનાવ્યો. વાસ્તવમાં 18મી સદીના પ્રબુદ્ધ ચિંતકોના બૌદ્ધિક વારસાના વિચાર વિના સમાજવાદી વિચારો અંગે કોઈ વિચાર કરી શક્યા જ ન હોત. જેમ કે કારખાનાં ઉદ્યોગે સમાજવાદ માટે પરિસ્થિતિ અને સંયોગો ઊભાં કર્યાં જેના વિના સમાજવાદ સંભવિત નહોતો; તે જ પ્રમાણે પ્રબુદ્ધ ચિંતકો વિના સમાજવાદી વિચારો પણ સંભવિત નહોતા. ઇતિહાસમાં આપણે જોઈએ છીએ કે બધું નિરંતર અંતઃવિરોધો દ્વારા જ વિકાસ પામતું હોય છે, જેમાંથી તીવ્ર સંઘર્ષ પેદા થાય છે અને ઉચ્ચ તબક્કાઓ પણ પ્રાપ્ત થાય છે. આમ, સમાજવાદી વિચારધારા માત્ર મૂડીવાદી વ્યવસ્થાની ઊપજ છે એમ ન કહેતાં 18મી સદીના પ્રબુદ્ધ વિચારકોના બૌદ્ધિક વારસાનું પણ પરિણામ છે એમ કહેવું જ યોગ્ય રહેશે.

## 12.4 સમાજવાદી વિચારધારાનો પૂર્વ ઇતિહાસ (Early History of Socialist Thought)

આપણે એ નથી જાણતાં કે 'સમાજવાદ' કે 'સમાજવાદી' શબ્દોનો સર્વપ્રથમ ઉપયોગ કોણે કર્યો. ઈ.સ. 1800ની આસપાસ ઇંગ્લૅન્ડ તથા ફ્રાન્સ બંને દેશોમાં મૂડીવાદ વિરોધી પુસ્તકો, પત્રિકાઓ તથા ભાષણો પ્રગટ થવા લાગ્યાં. સામાન્ય રીતે એટલું જાણી શકાય છે કે 'સમાજવાદ' સહુથી પ્રથમ 1832માં 'લે ગ્લોબ' નામની ફ્રેન્ચ પત્રિકામાં છાપેલો મળે છે.

સમાજવાદના સાચા અર્થમાં પ્રથમ દર્શક હતા ફ્રાન્સના ચાર્લ્સ ફુરિયેર, સેઇન્ટ સાઇમન અને ઇંગ્લૅન્ડના રોબર્ટ ઓવેન. આ ત્રણેની આસપાસ મોટાં આંદોલનોનો વિકાસ થયો. તેમનાં પુસ્તકોનો અભ્યાસ સમગ્ર યુરોપ તથા સંયુક્ત રાજ્ય અમેરિકામાં વ્યાપક રીતે થયો. તેમણે એકસાથે મળીને પોતાના સમયની સામાજિક, રાજનૈતિક અને આર્થિક ઉન્નતિ માટે મહાન ફાળો આપ્યો. તેમણે મૂડીવાદની કઠોર શબ્દોમાં ટીકા કરી. પોતાના લેખોમાં તેમણે પુરવાર કર્યું કે આ એક અન્યાયી તેમ જ અસમાન સમાજ છે અને તેને લીધે જનતાનો મોટો ભાગ સારા જીવનથી વંચિત રહી જાય છે અને તેનાં મૂળ મૂડીવાદમાં છે. જોકે તેમણે એ પણ કહ્યું કે મૂડીવાદને લીધે ઉત્પાદનની માત્રામાં જબરજસ્ત વધારો કરવાની સંભાવનાઓ ઊભી થઈ. માત્ર મૂડીવાદી સમાજની ટીકા કરવાથી તેઓને સંતોષ થયો ન હતો તે બાબત યાદ રાખવી મહત્ત્વની છે. અન્ય દૃષ્ટિથી પણ તેમણે પોતાના ચિંતનમાં 'આદર્શ સમાજ'ની ઝાંખી – કે સમાજ તો આ મુજબનો હોવો જોઈએ – કરાવી અને તેનું નાની વિગતોથી ભરપૂર વર્ણન કર્યું. એમાં 18મી સદીના ચિંતકોથી પણ તેઓ ક્યાંય આગળ નીકળી ગયા.

આ પ્રબુદ્ધ વિચારકોએ કહ્યું હતું કે દરેક ચીજોનું વિશ્લેષણ તથા નિર્ણય તર્ક અને વિવેકના આધાર પર થવો જોઈએ અને વિવેકપૂર્ણ સરકાર એ છે જે તર્કસંગત કાયદાઓ અનુસાર ચાલતી હોય અને પોતાના નાગરિકોને રાજનૈતિક તેમ જ બંધારણીય સ્વતંત્રતા આપતી હોય. તેઓએ વ્યક્તિના મૂળભૂત અધિકારો પર ભાર મૂક્યો જેવાં કે, વાણીની સ્વતંત્રતા, ધાર્મિક સહિષ્ણુતા, કાયદા સામે સમાનતા વગેરે. આ અધિકારો વાજબી છે તેથી તે અધિકારો દરેકને મળવા જોઈએ. એમણે લોકપ્રિય સાર્વભૌમ સત્તા તથા તેમની પોતાની સરકારમાં લોકોની ભાગીદારી હોવી જોઈએ તેવા વિચારો પણ રજૂ કર્યા. તમે કદાચ મોંટેસ્ક્યૂનું નામ સાંભળ્યું હશે જેણે 'સત્તાના વિભાજન' અંગે વિચારો રજૂ કર્યા અને કહ્યું કે બધી સત્તા કોઈ એક જ અધિકારી પાસે ન હોવી જોઈએ. તમે કદાચ રૂસો અને તેણે પ્રતિપાદિત કરેલ 'સામાન્ય ઇચ્છા' (General Will) વિશે પણ સાંભળ્યું હશે.

> સમાજવાદી વિચારકોએ એ પણ સમાનતા લાવવાની માગણી કરી પણ તે સમાનતા રાજનૈતિક અધિકારો અને કાયદા સમક્ષ સમાનતાની માંગ સુધી સીમિત ન રહી. તેમણે સામાજિક તથા આર્થિક સમાનતાંની પણ માગણી કરી. તેમની વિશેષાધિકારોને સમાપ્ત કરવાની જ તેમની મહેચ્છા નહોતી, પરંતુ દરેક રીતે ખાસ વર્ગના અધિકારોની નાબૂદી તથા વર્ગભેદને સમાપ્ત કરવા તેવી તેમની ઇચ્છા હતી.

બીજું, તેઓ મૂડીવાદનો અંત ઇચ્છતા હતા. એનું કારણ એ જ નહોતું કે તે એક શોષણખોર વ્યવસ્થા હતી. બલકે એટલા માટે કે એ કંઈ ઇતિહાસની શાશ્વત પરિસ્થિતિ ગણાવી ન જોઈએ. તેમણે વિચાર્યું કે મૂડીવાદ અન્યાયી અને બિનતાર્કિક છે. એમ જણાવાથી તેમાં છુપાયેલી સમસ્યાઓ અને અંતર્વિરોધોને કારણે પણ તેનો અંત થવો જ જોઈએ એવો તેમનો વિચાર હતો. તેમણે ઇતિહાસનો અભ્યાસ આ કચડાયેલા વર્ગના દૃષ્ટિકોણથી કર્યો અને તેથી જ કોઈ પ્રકારનું સમાધાન મૂડીવાદ સાથે કરવા તૈયાર થયા નહિ. નફાના માધ્યમ તરીકે વ્યક્તિગત મિલકતનો પણ તેમણે વિરોધ કર્યો. તેથી તેઓ ઉત્પાદનનાં સાધનો પર સામાન્ય અથવા સમાજનો માલિકી હક્ક સ્થપાય તેમ ઇચ્છતા હતા, અને આ કારણે જ તેમને 'સમાજવાદી' તરીકે ઓળખાવ્યા.

પરંતુ તેઓ એ નહોતા જાણતા કે આ નૂતન પ્રકારના સમાજની રચના કઈ રીતે કરવી. આનું કારણ એ હતું કે મૂડીવાદનો વિકાસ એટલો થયો હતો કે કામ કરતા મજૂરોની યાતનાને તેઓ જોઈ શક્યા હતા. પરંતુ એ જ શ્રમજીવી વર્ગ, જેના હિત ખાતર તે મૂડીવાદીઓ અને મૂડીપતિઓ સાથે રૂબરૂમાં કે કોઈ પ્રકારે સમાધાન કરવા તૈયાર ન હતા. હજુ સુધી પૂરતા પ્રમાણમાં વર્ગજાગૃતિ અને સંગઠન રાજકીય પગલું સ્વતંત્ર રીતે કાર્યવાહી કરી શક્યો ન હતો અને તે સાથે જ, મૂડીવાદી

સમાજવ્યવસ્થાની કાર્યપ્રણાલી પણ હજી એટલી સ્પષ્ટ નહોતી કે વ્યવસ્થા તરીકે મૂડીવાદમાં ટાળી ન શકાય તેવી કેટલીય સમસ્યાઓ છુપાયેલી પડી છે. તેથી તેમના સિદ્ધાંતોએ મૂડીવાદ પૂર્વેના તબક્કાઓ અથવા પ્રાથમિક સ્થિતિને વર્ણવી તેઓ મજૂરવર્ગની ઐતિહાસિક ભૂમિકા શી હોઈ શકે એ સમજી શકતા નહોતા. તેમને એ બાબતની પણ સ્પષ્ટતા થઈ નહોતી કે મજૂરવર્ગ અને મૂડીપતિઓ વચ્ચેનો વર્ગસંઘર્ષ એ મૂડીવાદની આવશ્યક લાક્ષણિક્તા છે. બંનેનાં હિતો બિનસમાધાનકારક હતાં. ખરેખર વાસ્તવમાં તેઓ મૂડીવાદી વ્યવસ્થાની કાર્યપ્રણાલીને સમજ્યા નહોતા. એમણે એ તથ્યને ધ્યાનમાં જ ન રાખ્યું કે માલિકોને નફો થાય છે એને લીધે જ મજૂરવર્ગ અને મૂડીપતિઓનાં હિતો વચ્ચે સમાધાન થઈ શકતું નથી.

એમણે તો એનાથી ઊલટું જ વિચાર્યું. તેમના ખ્યાલમાં હૃદયપરિવર્તન અને નવાં આદર્શ મૂલ્યોના વિકાસથી સમાધાન થાય, તેમ હતું. આ માટે યોગ્ય શિક્ષણપ્રચાર અને પ્રયોગોનો ઉપયોગ જરૂરી હતો અને બીજાઓ માટે ઉદાહરણરૂપ બને તેમ હતું. તેઓ એ સમજ્યા ન હતા કે આર્થિક પરિવર્તનો અને સામાજિક જીવનમાં પરિવર્તનના આધાર બદલાય છે, તે સિવાય નહિ. આવા વિચારોને કારણે તેઓને 'કાલ્પનિક સમાજવાદીઓ' કહેવામાં આવે છે.

### 12.4.1 સંત સાઈમન (St. Simon)

કાલ્પનિક સમાજવાદીઓમાંના એક સંત સાઇમન હતા. તેમણે પોતાના સમાજનું વિશ્લેષણ કર્યું કે સમાજ મુખ્ય બે વર્ગોનો બનેલો છે : એક 'ધનિક પ્રમાદી માલિકો' અને બીજો 'કામગરા ઉદ્યોગપતિઓ'નો. આનો અર્થ એ છે કે બીજા વર્ગમાં – એટલે કે કામગરા કે શ્રમજીવી વર્ગમાં તેમણે માત્ર મજૂરો, કારીગરો કે કિસાનોને જ નહીં પરંતુ મજૂરોને શોષણ કરનાર ધનિક કારખાનાં માલિકોને પણ સાંકળ્યા. તમે જોઈ શકો છો કે આ પ્રકારે તેમણે ઉદ્યોગપતિઓ, કામદારો વચ્ચે કોઈ વર્ગભેદનો વિચાર જ ન કર્યો. આને લીધે તેમણે આપણે જોઈ ચૂક્યા છીએ એવી શોષણની જડ સમાન ખાનગી મિલકતનો વિરોધ કર્યો નહિ. તેમનો વિરોધ સંપત્તિના 'દુરુપયોગ' પ્રત્યે હતો, જે તેમના વિચારો અનુસાર હતું તેમને સમાજમાં ધીમા અને શાંતિપૂર્ણ પરિવર્તનમાં શ્રદ્ધા હતી. તેમણે ઇતિહાસમાંથી એ બોધપાઠ ન લીધો, કે ભલે થોડા લોકો પોતાના વિશિષ્ટ અધિકારો ખુશીથી છોડવા તૈયાર થાય પણ સંપૂર્ણ વર્ગ તેમ કરવા કદી તૈયાર ન થાય. પાછળથી તેમના અનુયાયીઓ અંગત સંપત્તિના અંતની અને યોજનાશ્રમ પ્રમાણે માલના ભાગલાની વાત કરી. પરંતુ તેઓએ પણ વિચાર્યું કે સમાજ પોતાના આગળ પ્રગતિ કરવાથી સ્વાભાવિક રીતે જ સમાજવાદી સમાજ રચાઈ જશે. તેમણે પણ ઉત્પાદનનાં સાધનો અને બચતની વહેંચણી વિશે કે મજૂરોના શોષણનાં સાધનોનું વિશ્લેષણ ન કર્યું.

### 12.4.2 ચાર્લ્સ ફુરિયર (Charles Fourier)

ચાર્લ્સ ફુરિયરના લેખોમાં સ્ત્રીઓની સ્થિતિ સહિત મૂડીવાદી સમાજની ટીકા છે. તેઓ પહેલી વ્યક્તિ હતા જેમણે સૂચવ્યું કે કોઈ પણ સમાજની સલામતીનું નિર્દેશક ચિહ્ન છે કે તે સમાજ પોતાની સ્ત્રીઓ સાથે કેવો વર્તાવ કરે છે. સમાજના ઇતિહાસ વિશે પણ તેમની પાસે એક નિશ્ચિત અભિગમ હતો. જંગલી સમાજ, સામંતશાહીવાળો સમાજ, સ્પર્ધાયુક્ત સમાજ અથવા (બુર્ઝ્વા) મધ્યમ વર્ગની સ્થિતિવાળો સમાજ. તેમણે એ પણ જાણી લીધું હતું કે મૂડીવાદી સમાજમાં કેટલાક ગણ્યાગાંઠ્યા લોકોની સંપત્તિ મુખ્ય તો પ્રજાના બહુસંખ્યક ગરીબી લોકો પાસેથી સંપત્તિ આવે છે. તેઓ એ બાબતે પણ સચેત હતા કે દરેક ઐતિહાસિક યુગમાં એક સ્થિતિ ઉત્કર્ષની હોય છે અને એક અંતની. જેમ વૈજ્ઞાનિકો ધાતુની ગતિના સિદ્ધાંતની શોધ કરવા લાગે તેવી રીતે તેમણે સમાજની ગતિના સિદ્ધાંતોની શોધમાં મન પરોવી દીધું. તેમને એ ખ્યાલ તો હતો કે મૂડીવાદ ઇતિહાસમાંની કેવળ એક સ્થિતિ જ છે અને ઇતિહાસનો દરેક તબક્કો તેમાં થતી ઉત્પાદનની સ્થિતિ પર આધાર રાખે છે.

પરંતુ સંત સાઇમનની જેમ તેમને પણ એ બાબત તરફ ધ્યાન નહોતું ગયું કે મૂડીવાદી સમાજમાં અન્યાયનું મૂળ ક્યાં છે. અન્ય કાલ્પનિક સમાજવાદીઓની જેમ તેમણે વિચાર કર્યો કે લોકોમાં હૃદયપરિવર્તન થાય ત્યારે શાંતિપૂર્ણ પરિવર્તન સમાજમાં શક્ય બનશે.

### 12.4.3 રોબર્ટ ઓવેન (Robert Owen)

રોબર્ટ ઓવેન ચિંતનમાં વધુ વૈજ્ઞાનિક હતા. તેમણે એ જાણી લીધું હતું કે "સચેતન (Consciousness)નો આધાર અસ્તિત્વ છે" એટલે કે માનવ પોતાના વારસા તેમજ સંયોગો

– ખાસ કરીને તેના વિકાસના સમયના સંયોગોને કારણે શરીર તેમજ મનથી ઘડાતો હોય છે. ઉદ્યોગોના વિકાસમાં તેમણે સમાજની નવરચના થતી જોઈ. એક એવા સમાજની જેમાં બધાંને માટે મોટા પ્રમાણમાં બધી ચીજો મળી શકે તેમ હતું. પણ તે સાથે જ ઉત્પાદન પણ વધારવાનું આવશ્યક હતું કેમ કે તે વિના બધાંને જોઈતી ચીજો મોટા પ્રમાણમાં કઈ રીતે મળી શકે ? તેમની કલ્પનાદષ્ટિમાં નવા સમાજમાં મિલકતનો હક્ક સર્વસમાજનો હતો અને તેનો ઉપયોગ સર્વકલ્યાણાર્થે જ થવાનો હતો. રિકાર્ડોના સિદ્ધાંતમાં જણાવ્યા પ્રમાણે શ્રમ દ્વારા ચીજનું મૂલ્યાંકન કરવાનું રહે છે અને તેને લીધે શ્રમ જ ધનનું સર્જન કરે છે. ઓવેન આ સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખતા હતા કે મૂડીવાદી વ્યવસ્થામાં તેમણે જાણ્યું હતું કે પોતાના શ્રમની યોગ્ય કિંમત કામદારોને મળતી નથી.

પરંતુ તેમ તે બધી બાબતો પૈસાની ભૂલને કારણે જ થતી હોવાનું લાગતું હતું. તેઓ અસમાન વિનિમય જ્યાંથી શરૂ થયો તે પ્રક્રિયાને શોધી શક્યા ન હતા. સમાજના નવા સ્વરૂપની તેમણે કલ્પના જરૂર કરી હતી પરંતુ તે રચવા માટે કયો માર્ગ હતો તે તેઓ બતાવી શક્યા નહિ. શું ઉત્પાદનનાં બધાં સાધનોને માલિકોએ સીધાં શ્રમજીવીઓને સોંપી દેવામાં આવશે કે તે માટે જનતાએ કોઈ સંઘર્ષ કરવો પડશે? આ બાબતે તેઓ સ્પષ્ટ નહોતા. તેમણે કેટલેક ઠેકાણે સહકારી મંડળીઓ સ્થાપવાના પ્રયત્નો કર્યા જેના દ્વારા કેટલેક અંશે સમાજમાં ન્યાય તરફી ઝુકાવ સિદ્ધ કરી શકાય. પરંતુ સહકારી મંડળીઓ દ્વારા કોઈ મૂળભૂત ફેરફારો લાવી શકાયાં નહિ કેમ કે તેઓની રચના પણ સાંપ્રત સમાજના માળખામાં જ સમાઈ જતી હતી.

'માર્ક્સવાદના ત્રણ સ્રોતો અને ત્રણ ઘટકો' નામના પોતાના પુસ્તકમાં લેનિને કાલ્પનિક સમાજવાદનું ઉચિત મૂલ્યાંકન કર્યું છે. તેમાં તેમણે કહ્યું છે :

'તેણે (કાલ્પનિક સમાજવાદે) મૂડીવાદ સમાજની ટીકા કરી, નિંદા કરી અને વખોડી પણ કાઢ્યો, એને નષ્ટ કરવાનાં સ્વપ્નો પણ જોયાં; નવી સુધારેલી વ્યવસ્થા જોવાની પણ તેમનામાં દૃષ્ટિ હતી અને અમીરો દ્વારા થતા શોષણની અનૈતિકતા વિશે પણ તેઓ સમજાવવાના પ્રયત્નો કરતા હતા, પરંતુ કાલ્પનિક સમાજવાદ કોઈ વાસ્તવિક ઉકેલ લાવી ન શક્યો. મૂડીવાદમાંની વેતન-ગુલામીની પ્રથાની વાસ્તવિક સ્થિતિને તે સમજાવી ન શક્યો, અને મૂડીવાદી વિકાસના નિયમો ઉપર કોઈ પ્રકાશ પાડી ન શક્યો. તે એવું કશું ન બતાવી શક્યો કે એવાં કયાં સામાજિક પરિબળો હોય છે જેને લઈને સમાજનું નવનિર્માણ કરવાની શક્તિ આવે છે."

### તમારી પ્રગતિ ચકાસો (ક)

ટૂંકાણમાં નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

1. સમાજવાદી સમાજ તથા મૂડીવાદી સમાજ વચ્ચે શો ભેદ છે ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. કાલ્પનિક સમાજવાદીઓ કોણ હતા ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

3. તેઓને કાલ્પનિક સમાજવાદી શા માટે કહે છે ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

4. કયા સમયે તેમના વિચારો પ્રગટ થયા ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

5. ખરું છે કે ખોટું તે જણાવો :
   (ક) કાલ્પનિક સમાજવાદીઓનો દૃષ્ટિકોણ વૈજ્ઞાનિક હતો.
   (ખ) તેઓ અવિકસિત મૂડીવાદનું પ્રદાન હતા.
   (ગ) રોબર્ટ ઓવેન મજૂરોના શોષણનાં કારણોને સમજી શક્યા હતા.
   (ઘ) કાલ્પનિક સમાજવાદીઓ સામાજિક ન્યાયના સિદ્ધાંત માટે વધુ ચિંતાતુર હતા.

## 12.5 માર્ક્સવાદ : આર્થિક અને સામાજિક વિશ્લેષણ (Marxism : Economic and Social Analysis)

માર્ક્સવાદ એ વૈજ્ઞાનિક સમાજવાદી વિચારોથી સંબંધિત છે. જે યુરોપમાં 19મી સદીના ઉત્તરાર્ધમાં વિકાસ પામ્યો એ વ્યક્તિવિશેષ હતા કાર્લ માર્ક્સ જેણે આ વિચારોને વ્યક્ત કરવામાં, વિકસિત કરવામાં તેમજ વિચારધારાનું ચોક્કસ સ્વરૂપ આપવામાં અને વિશિષ્ટ લક્ષણો પ્રદાન કરવાનું કાર્ય કર્યું. આને લીધે તેમના નામ સાથે વૈજ્ઞાનિક સમાજવાદી વિચારધારા જોડી દેવામાં આવી છે અને તેથી તે 'માર્ક્સવાદ' તરીકે પણ ઓળખાય છે.

ફ્રેડરિક એંગલ્સ નામના ચિંતક કાર્લ માર્ક્સના આજીવન મિત્ર તથા સહયોગી હતા. 1848માં જ્યારે તેમણે લખેલા સામ્યવાદી ઘોષણાપત્ર (Communist Manifesto)નું પ્રકાશન થયું, ત્યારે તેમના વિચારોએ પહેલી વાર આંચકો આપ્યો. ત્યાર પછી તો તેમણે લખેલાં પુસ્તકોનો પણ ઘણી બધી ભાષામાં અનુવાદ થયો. તેમના વિચારો જાણે કચડાયેલા વર્ગોના સંઘર્ષ માટેના આધારરૂપ બની ગયા. તેમણે એ વર્ગની મુક્તિ તેમ જ તેમનાં હિતો જ કેન્દ્રમાં રાખ્યાં હતાં. માર્ક્સ તથા એંગલ્સના વિચારોનો ઉદ્ભવ કોઈ અવકાશ યા શૂન્યમાંથી જાદુરૂપે નહોતો થયો. એમણે તો જર્મન ફિલસૂફી, અંગ્રેજ રાજકીય અર્થશાસ્ત્ર અને ફ્રેન્ચ સમાજવાદના સૌથી મહાન ચિંતકોના વિચારોને એકત્ર કર્યા અને પછી તેનો વિકાસ પણ પોતે કર્યો. તેમણે નવી જ રીતે આ બધા વિચારોનું જોડાણ કર્યું.

ફિલસૂફીની દૃષ્ટિએ માર્ક્સવાદનો એ અર્થ થાય છે કે તે ઇતિહાસ તથા માનવજીવનને ભૌતિક દૃષ્ટિકોણથી જુએ છે. અર્થાત્ પોતાના સમાજ તથા રાજકીય માળખાંની રચના લોકો કેવી રીતે કરે છે તેનો આધાર એ છે કે તેઓ જીવન જરૂરિયાતની ચીજોનું ઉત્પાદન કઈ રીતે કરે છે અને કઈ રીતે તે માટે પોતાના શ્રમને સંગઠિત કરે છે. આખરે તેઓ કઈ રીતે વિચારે છે. ઉપરાંત તે માટેનો અન્ય આધાર તેમના વિચારો ઉપર પણ છે. ટૂંકમાં, કાર્લ માર્ક્સે સમજાવ્યું કે નિશ્ચિત આ પરિવેશ છે જે ચેતનાને સંકોરે છે, તેનાથી ઊલટું નહિ, કારણ કે ભૌતિક પદાર્થો તો બહુ પહેલેથી જ અસ્તિત્વમાં હોય છે અને સ્વતંત્ર રીતે લોકો તેમના વિશે શું ધારે છે. દા.ત., વૃક્ષનું અસ્તિત્વ તો હતું જ તેથી તો લોકોએ તેને જોયું, ઓળખ્યું અને તેને નામ આપ્યું. જો તેમણે એમ ન કર્યું હોત તો પણ વૃક્ષનું અસ્તિત્વ તો રહ્યું જ હોત ! માનવ ઇતિહાસમાં આ સિદ્ધાંત વાપરતાં જણાય છે કે ઐતિહાસિક વિકાસની અવસ્થા હતી કે તે સમયે થતા ઉત્પાદનની રીતો અને સંબંધો, એટલે કે ઉત્પાદનનાં પરિબળો અને તેને લગતા સામાજિક સંબંધો ઉપર જ તે સ્થિતિનો આધાર હતો, તેનાથી સમાજની પ્રકૃતિ બંધાય છે. બીજા શબ્દોમાં, સમાજમાં જીવવા માટે ભૌતિક આધાર છે આર્થિક વ્યવસ્થા અને નિર્વાહનાં સાધનોનું ઉત્પાદન, તે કેવી રીતે કરે છે અને તે માટે માનવોએ કયા પ્રકારનું સંગઠન ઊભું કર્યું છે. ગુલામી, સામંતશાહી તથા મૂડીવાદે વિવિધ આર્થિક વ્યવસ્થાઓ તથા વર્ગસંબંધોને રજૂ કર્યા. અહીં એ જાણવું જરૂરી છે કે તેનું વર્ગીકરણ કરનારા ચિંતક હતા કાર્લ માર્ક્સ. તેમણે બતાવ્યું કે જીવનના આ ભૌતિક આધારો પર કોઈ પણ સમાજની પ્રકૃતિનો આધાર રહે છે અને આ ભૌતિક આધારોમાંથી ઉદ્ભવતા વર્ગ-સંઘર્ષને લીધે સમાજમાં વિકાસ તથા પરિવર્તન આવે છે.

ઐતિહાસિક વિકાસ તથા પરિવર્તનનું ચાલક અને મુખ્ય કારણ લોકોના વિચારોમાંનાં પરિવર્તનો નહીં પણ વર્ગ-સંઘર્ષ જ છે જેમાં પ્રજાનો કેટલોક ભાગ અથવા વર્ગ વિશેષાધિકારવાળો શોષિત અને કચડાયેલો હતો. વળી, તે વર્ગોની આ આંતરવિરોધી સ્થિતિઓ અને જુદાપણું તેમની જુદી જુદી આવક અને આવકોનાં સાધનોને લીધે હતું, જેના તેઓ માલિક હોય અથવા પોતે તેના પર શ્રમ કરવા બીજાને વેતન આપતા હોય અથવા તેના પર શ્રમ કરીને બીજાને માટે નફો કમાતા હોય. સ્વાભાવિક છે કે બન્ને વર્ગોનાં હિતો એકબીજાનાં વિરોધી હતાં અને તેમની વચ્ચે કોઈ મેળ બેસે તેમ હતું જ નહિ. ટૂંકમાં કહીએ તો માર્ક્સવાદે એ બતાવી આપ્યું કે પ્રચલિત અર્થવ્યવસ્થા જ સમાજનો આધાર હતી અને તેણે જ અન્ય ક્ષેત્રોને પણ નિર્ધારિત કર્યા. વર્ગસંઘર્ષ એ કોઈ પણ સમાજનું અભિન્ન અંગ હતું જ્યાં સાધનસંપત્તિ (Resource) એ ખાનગી માલિકીની હતી અને અન્ય લોકોના શ્રમ ઉપર જીવવાની એક શૈલી બની ગઈ હતી. આને લીધે જ ઇતિહાસમાં પણ જ્યાં સુધી ખાનગી માલિકી અસ્તિત્વમાં છે ત્યાં સુધી વર્ગસંઘર્ષને ટાળી શકાશે નહિ. એટલે કે જેમાં દેશની આધારસંપત્તિ સમાજવાદી ક્રાંતિ આવે ત્યાં સુધી ઐતિહાસિક વિકાસના તમામ તબક્કાઓનો એક આવશ્યક ભાગ બની રહેશે. આવા વિચારોને લીધે 'ઐતિહાસિક ભૌતિકવાદ' (Historical Materialism) બન્યો.

આ વિચારોને આધારે કાર્લ માર્ક્સે બતાવ્યું કે પ્રત્યેક સમાજ લગભગ એકસરખા વિકાસ ક્રમને અનુસર્યો છે : પ્રાચીન સામ્યવાદી, ગુલામી, સામંતશાહી, મૂડીવાદ, સમાજવાદ, અને ભલે જુદા જુદા દેશોમાં તેની વિશેષતાઓમાં થોડો ફરક હોય તો પણ તેમાંની એકેય અવસ્થામાંથી છટકી જવાનો સંભવ નહોતો.

કાર્લ માર્ક્સ અને એંગેલ્સે માત્ર ઐતિહાસિક વિકાસક્રમ અંગે જ ન વિચાર્યું, પરંતુ વિશિષ્ટ રીતે ઇતિહાસના પોતાના સમાજનું પણ ખૂબીપૂર્વક વિશ્લેષણ કરવા પર તેમનું ધ્યાન હતું. તેનું કારણ એ હતું કે તેઓ કેવળ દુનિયાને સમજવા નહિ, તેને બદલવા પણ માગતા હતા. બદલવા માટે પહેલાં તેને સમજવું જરૂરી હોવાથી તેમણે ઉપસ્થિત અસ્તિત્વમાં હોય તેવી કાર્યપ્રણાલીઓનો અભ્યાસ કર્યો. એ રીતે તેઓનું બીજું મુખ્ય સૈદ્ધાંતિક પ્રદાન છે મૂડીવાદી સમાજની પૂરેપૂરી અને તીવ્ર ટીકા કરવી, અને ખાસ તો તેના પરિણામ સ્વરૂપ જે રીતે મૂડીપતિઓ શ્રમજીવી વર્ગનું શોષણ કરે છે તેની ટીકા કરવી. આપણે આ પ્રકરણમાં અગાઉ જોઈ ગયા છીએ કે માર્ક્સ તથા એંગલ્સે જ આ પ્રશ્ન પણ આટલું ધ્યાન આપ્યું છે. આને લઈને આર્થિક સિદ્ધાંતોમાં પણ તેમણે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. મૂડીવાદમાં એક મજૂર દિવસનો એક ભાગ પોતાના તથા પોતાના પરિવારના ખર્ચાની કિંમત (વેતન) કાઢવામાં (મેળવવામાં) વિતાવે છે, જ્યારે દિવસના બાકીના કલાકોમાં તે કોઈ પણ પ્રકારની સુવિધા વિના જ કામ કરે છે. કારણ કે હવે જેને માટે તેને વેતન મળી ચૂક્યું છે તેનાથી પણ વધુ અને વધુ ઉત્પાદન તે એ સમયમાં કરતો હોય છે. આ પ્રકારની નીતિથી તે વધારાનું મૂલ્ય (Surplus Value) ઊભી કરે છે અને તે મૂડીપતિ માટે નફાનું એક સાધન અને સ્રોત બને છે. તેમાં કામ કરનારને તેના શ્રમના બદલામાં કોઈ ફળ કે પ્રતિભાવ મળતો નથી.

આમ, મૂડીવાદ એ માત્ર આર્થિક વ્યવસ્થા જ નહિ પણ એક સામાજિક સંબંધોનું પણ માળખું છે જેની કાર્યપ્રણાલી શ્રમજીવીનાં હિતોની વિરોધી છે અને સામાજિક અન્યાયથી ભરેલી છે. શ્રમજીવી આ તંત્રનો આવશ્યક ભાગ છે કેમ કે તેના વિના ઉત્પાદન શક્ય નથી, પરંતુ એકલો શ્રમજીવી પણ કોઈ ઉત્પાદન કરી શકે નહિ; એથી શ્રમનું એક સામાજિક સંગઠન અથવા માળખું પુનઃ મૂડી અથવા ધનથી તાબામાં આવી જાય છે, જેનું નિયંત્રણ મૂડીપતિ પાસે હોય છે અને શ્રમજીવીની ખુદની પાસે હોતું નથી.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી ખરાંની સામે (√)ની નિશાની કરો અને ખોટાંની સામે (×)ની નિશાની કરો.
   (ક) કાલ્પનિક સમાજવાદની પહેલાં જ માર્ક્સવાદનો ઉદ્ભવ થયો હતો.
   (ખ) માર્ક્સવાદનો અર્થ વિચારો પર આધારિત જીવન તેમજ ઇતિહાસની આદિવાસી સમજ પર એવો હતો.
   (ગ) માર્ક્સવાદનો અર્થ જીવન તથા ઇતિહાસનો ભૌતિકવાદી દૃષ્ટિકોણ એવો હતો.
   (ઘ) માર્ક્સની ઇતિહાસ વિશેની સમજમાં વર્ગ મુખ્ય નહોતો.

(ચ) મૂડીવાદ એક માત્ર આર્થિક વ્યવસ્થા છે.

2. કઈ રીતે મૂડીવાદ માત્ર એક અર્થવ્યવસ્થા નથી ? ચાર લીટીમાં જવાબ આપો.

..............................................................................


..............................................................................

..............................................................................

..............................................................................

### 12.5.1 માર્ક્સવાદ : રાજનૈતિક સિદ્ધાંત (Marxism : Political Theory)

મૂડીવાદના આ અર્થઘટનથી માર્ક્સ તથા એંગલ્સે જ એક નવો રાજનૈતિક સિદ્ધાંત પણ રજૂ કર્યો. તેમણે એ ઈંગિત કર્યું કે મૂડીવાદ સ્વયં પોતાના સમાજ (એટલે કે મૂડીવાદી સમાજ)નો તખતો બદલવાની પરિસ્થિતિઓ ઊભી કરે છે, ઉદા. જૂનાના ગર્ભમાં જ નવા સમાજનાં બી છુપાયેલાં હોય છે.



કાર્લ માર્ક્સ

સર્વપ્રથમ તો એમણે બતાવ્યું કે થોડે થોડે સમયે અનિવાર્યપણે મૂડીવાદ ઉપર ભય તોળાતો રહેશે. આ ભય પણ તેની પ્રકૃતિને લીધે જ આવે છે. જ્યાં મૂડીવાદ અત્યધિક ઉત્પાદન કરતો હોય ત્યાં લોકો ઘણા ગરીબ થઈ જાય છે. અને જે ઉત્પાદન કરે છે તેને જ તેઓ ખરીદ કરવા અસમર્થ હોય છે. માર્ક્સના અભિપ્રાય મુજબ વધારે પડતું ઉત્પાદન અને નજીવા વેચાણના ભયથી મૂડીપતિઓ અને શ્રમજીવીઓનાં હિતોમાં સંઘર્ષ જાગે એવી પરિસ્થિતિ ઊભી થાય છે. આ મૂડીવાદનો આંતરવિરોધ જ છે. વધારે નફો રળવાના ઇરાદાથી મૂડીપતિઓ મજૂરોને ઓછું વેતન ચૂકવે છે. ત્યારે ખરી રીતે પોતાનો ઉત્પાદિત માલ વેચી શકાય તે માટે મજૂરો પાસે વધારેમાં

વધારે પૈસા હોવા જોઈએ. દા.ત. તેને માટે તેમને વધારે વેતન આપવું જોઈએ કારણ કે તેમની પાસે આવકનું બીજું કોઈ સાધન નથી. એ સ્પષ્ટ છે કે આ બન્ને કામ સાથે ન થઈ શકે. આવા ખતરાથી થોડો સમય બચી જવા મૂડીવાદીઓ નવાં બજારો – સંસ્થાનો જેવાં – શોધવા નીકળી પડે અથવા યુદ્ધ શરૂ કરી ખપત વધારે અથવા મજૂરોને આકર્ષવા સુધારનાં કેટલાંક પગલાં ભરે તેમ બને. પરંતુ આવી રીતો અનંત કાળ સુધી તો ચાલી શકે કારણ કે વિરોધાભાસ (અથવા આંતર વિરોધ) ખુદ તેના તંત્રમાં જ છે. તેથી આ મૂડીવાદનું આર્થિક વિશ્લેષણ કર્યા પછી માર્ક્સ અને એંગેલ્સે એ રાજનૈતિક તારણ મેળવ્યું કે આ વ્યવસ્થાને બદલવાનું કાર્ય અનિવાર્ય છે. એમણે કહ્યું કે જે વર્ગ આ વ્યવસ્થાને બદલશે તે શ્રમજીવી અથવા મજૂર વર્ગ (Proletariat) હશે. તેમણે દલીલ કરી કે મોટાં કારખાનાંઓની સ્થાપનાથી તેમનામાં મજૂરવર્ગ એટલે કે શ્રમજીવીવર્ગ જ બહાર આવે છે. જેમની પાસે શ્રમ કરીને આવક મેળવવા સિવાયનું બીજું કોઈ કામ હોતું નથી. તેથી ખાનગી મિલકત પર આધારિત મૂડીવાદ જેવી વ્યવસ્થાને તોડવાથી આ માર્ગને કશું ગુમાવવાનું તો રહેતું જ નથી. તેથી મૂડીવાદી સામે સંઘર્ષ ચલાવવામાં તે વર્ગે પોતાને બંધનકર્તા બેડીઓ ગુમાવવા સિવાય બીજું કંઈ રહેતું નથી. અને બીજું કે મૂડીવાદની અંદરનો શ્રમજીવી વર્ગ સૌથી વધુ પીડિત છે અને તે વ્યવસ્થા તોડવામાં તેનાં હિતોને જ સૌથી વધુ ખ્યાલ રાખવાનો છે. ત્રીજું, જે વ્યવસ્થા તેમનું શોષણ જ કરે છે તેની સામે લડવા સિવાય કે લાંબો સમય આશા બાંધીને બેસી રહેવું. આખા દિવસમાં એક મજૂર જે કામ કરે છે તેમાંના મોટા ભાગ ઉપર તેનો ખુદનો અધિકાર તો હોતો નથી, અને તે તો મૂડીપતિને વધારે ધનવાન બનાવવામાં વપરાય છે, તો એ પોતે કેવી રીતે સ્વતંત્ર રહીને અર્થપૂર્ણ જીવન વિતાવશે ? માટે મૂડીવાદને ઉથલાવી દેવો શ્રમજીવી માટે જરૂરી અને તેને મનપસંદ કાર્ય પણ બની ગયું કારણ કે એનાથી તેને કામના ઓછા કલાકો, આરામના કલાકો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્ત્રી-પુરુષો વચ્ચે સમાનતા, સારાં સ્વાસ્થ્ય તથા શિક્ષણ વગેરેના અધિકારો મળી શકશે. માર્ક્સ તથા એંગેલ્સે એ પ્રત્યે પણ ધ્યાન દોર્યું કે મજૂરવર્ગની મુક્તિની સાથે જ સમાજના અન્ય ભાગોની પણ મુક્તિ મળે એમ હતું. કેમકે મજૂર વર્ગ જ સમાજની સૌથી નીચે આવેલો સ્તર છે. પ્રવર્તમાન સ્થિતિમાં આ મજૂરવર્ગ જ મૂડીવાદને બદલવાના સંઘર્ષમાં કોઈ સમાધાન કરવા તૈયાર ન થાય તેવો વર્ગ છે. આમ માર્ક્સ તથા એંગલ્સ મૂડીવાદના પોતાના વિશ્લેષણમાં બીજા એવા રાજનૈતિક તારણ પર પહોંચ્યા કે આ શ્રમજીવી વર્ગ જ એક એવો વર્ગ છે જે સંઘર્ષની નેતાગીરી લેશે અને સમાજવાદી ક્રાંતિનું સેનાપતિ પદ સંભાળશે. આ રીતે મૂડીવાદે તેના પોતાના વિનાશનાં સાધનો ઊભાં કર્યાં છે.

ટૂંકમાં, તેઓના કહેવા મુજબ મૂડીવાદના પહેલાં અથવા તેના વિના કોઈ સમાજવાદ ન હોઈ શકે, મૂડીવાદ તેનાં મોટાં કારખાનાંઓ દ્વારા ઉત્પાદન વધારવાની સંભાવનાઓને વધારી દે છે જેથી દરેકને તેમના કામના પ્રમાણમાં પૂરતી વહેંચણી કરી શકાય. મૂડીવાદ પોતાના કારખાનાની વ્યવસ્થાને લીધે એક શ્રમજીવી વર્ગને પણ જન્મ આપે છે જે છેવટે તેને જ ઉથલાવી શકે છે.

### 12.5.2 માર્ક્સવાદ : ક્રાંતિનો સિદ્ધાંત (Marxism : Theory of Revolution)

માર્ક્સે પ્રશ્ન ઉઠાવ્યો કે શું મૂડીપતિઓ સ્વેચ્છાથી અને પોતાની મેળે પોતાને મળતા લાભ ત્યજી દેશે ખરા ? કેટલાક વિશિષ્ટ મૂડીપતિઓ કદાચ એમ કરે કે પોતાના નફાનો થોડો હિસ્સો દાનમાં આપી દે. પરંતુ તેનાથી કંઈ વિશેષ ન કરે. તેમણે આ અભિપ્રાય પોતાનો છે એ રીતે નથી દર્શાવ્યો. તેમણે માનવ સમાજના ઇતિહાસમાંના વિભિન્ન યુગો દ્વારા ઇશારો કરતાં કહ્યું છે કે સંઘર્ષ વિના કોઈ પ્રાપ્તિ હજુ થઈ શકી નથી. સમાજના વિશેષાધિકારો પોતાને મળતા રહ્યા હોય તેમણે કદી પણ લાભનો ભાગ અન્યોને આપ્યો નથી જ્યાં સુધી તેમણે તે માટેની લડતનો સામનો ન કર્યો હોય. એટલા માટે જ તેમણે કહ્યું કે મજૂરવર્ગની મુક્તિ કેવળ મજૂરવર્ગના વર્ગ-સંઘર્ષથી જ થઈ શકે તેમ છે.

પરંતુ આ સંઘર્ષ કેવું સ્વરૂપ લેશે ? તે શું શાંતિપૂર્ણ હશે ? વગેરે સવાલોના જવાબમાં કાર્લ માર્ક્સનું કહેવું હતું કે : અશક્ત લશ્કરો તથા રાજ્યતંત્ર શાસક વર્ગના હાથમાં રહેલા છે, અને તેનો ઉપયોગ તો તેઓ તેમની સત્તા ચાલુ રાખવા માટે જ કરે છે. માટે મૂડીવાદનું પરિવર્તન સમાજવાદમાં કરવાનું કાર્ય શાંતિપૂર્ણ તો ન જ હોઈ શકે. મજૂર વર્ગે ક્રાંતિ દ્વારા પ્રથમ તો રાજ્યસત્તા પર કબજો મેળવવો પડશે અને ત્યાર બાદ એક નવા જ સભ્ય દ્વારા સમાજવાદી રાજ્યનું નિર્માણ કરવાની ખાતરી આપવી પડશે, જેમાં શ્રમજીવી વર્ગનું વર્ચસ્વ સરમુખત્યારશાહી રહેશે.

પરંતુ શું આ લડત શ્રમજીવી વર્ગ અને મૂડીપતિઓ વચ્ચેની કેવળ આર્થિક લડત જ રહેશે ? ના, માર્ક્સના વિચારો અનુસાર એ કેવળ આર્થિક લડાઈ નહીં રહે, અને જોકે શ્રમજીવી વર્ગની પ્રેરક સામાજિક શક્તિને કારણે સમાજના અન્ય વર્ગો પણ તેમાં ભાગ લેશે.

બીજાની સામાજિક ભૂલોને કારણે તેમની ભૂમિકા ગૌણ રહેશે અને ક્વચિત્ અનિર્ણીત પણ. માર્ક્સે દર્શાવ્યું કે મૂડીવાદનો વિકાસ ગણ્યાગાંઠ્યા લોકોના હાથમાં વ્યાપકપણે ધનનું કેન્દ્રીકરણ અને મોટા ભાગના લોકોને ગરીબી તરફ ધકેલે છે. મૂડીવાદે માત્ર મજૂરવર્ગ પર પોતાનો પ્રભાવ પાડ્યો એટલું જ નહીં મધ્યમ વર્ગ પર ખાસ કરીને નીચલા મધ્યમ વર્ગ પર અને ખેડૂતો પર પણ તેનો પ્રભાવ પડ્યો, તેથી માત્ર મૂડીવાદ સામે મજૂરવર્ગ દ્વારા જ સંઘર્ષ થશે. એટલું જ નહિ બલકે બૌદ્ધિક મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ સામાજિક અને રાજકારણને રીતે દબાયેલા શ્રમજીવી વર્ગના રાજકીય દૃષ્ટિબિંદુને સ્વીકારશે. જ્યારે ખેતમજૂરો જે સમગ્ર દેશમાં કામદારો જેટલા જ કચડાયેલા છે તે સમાન હિતોને કારણે ટેકો આપશે. પરંતુ મધ્યમ વર્ગ (બૌદ્ધિકો)નાં સામાજિક મૂળ ખાનગી મિલકતના સિદ્ધાંતમાં હોવાથી તેઓ એક પ્રકારે સમાધાનવૃત્તિ સાથે પ્રવૃત્ત થશે અને હંમેશાં અસ્થિર પણ રહેશે. એમાંનો એકાદ ભાગ ક્રાંતિની સાથે થશે અને બીજો ભાગ મૂડીપતિઓ અને મધ્યમ વર્ગ પ્રત્યે ઢળશે. તેથી જ માર્ક્સે ભારપૂર્વક જણાવ્યું કે માત્ર શ્રમજીવી વર્ગનું જ પ્રાધાન્ય ક્રાંતિમાં રહેશે. બીજું, આ લડત ઘણાં ક્ષેત્રોમાં લડાશે કેમકે મૂડીપતિઓ પાસે પોતાની બધી જ સાધનસંપત્તિ હશે, અને તે રાજકીય લડત પણ હશે કેમકે શાસકીય માળખું પણ મૂડીપતિઓનું પ્રાધાન્ય ધરાવતું હશે; વળી એ સામાજિક લડત પણ હશે, કેમકે તે સામાજિક અસમાનતાનો વિરોધ કરશે; ઉપરાંત નૈતિક લડત પણ હશે, કારણ કે તે વધુ માનવસમાજનાં હિતો માટેની લડત હશે.

રાજ્ય શક્તિ પર કબજો મેળવવાનો સર્વપ્રથમ પ્રયાસ 1871માં મજૂરવર્ગે પેરિસમાં કર્યો. તમે 'પૅરિસ કમ્યૂન'નું નામ સાંભળ્યું હશે. પૅરિસ કમ્યૂનની સ્થાપના માટે હજારો મજૂરોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું, પરંતુ તેમણે શાસક વર્ગના જૂના રાજકીય તંત્રને નષ્ટ ન કર્યું તેથી 'પૅરિસ કમ્યૂન' લાંબું ચાલ્યું નહિ. તેને નિર્દયતાથી કચડી નાંખવામાં આવ્યું. આ અનુભવથી માર્ક્સના સિદ્ધાંતને સાચો ઠરાવતો પ્રત્યક્ષ દાખલો મળ્યો, જેણે બતાવી આપ્યું કે સમાજવાદી રાજ્યની સ્થાપનાના વચનને પૂરું કરવા માટે શ્રમજીવીઓની સરમુખત્યારી એટલો વખત જરૂરી છે. જ્યાં સુધી શાસક વર્ગના આર્થિક, સામાજિક અને રાજકીય આધારોની સત્તાનો સમાજમાંથી નાશ કરી નાંખવામાં ન આવે. એ સમજવું મહત્ત્વપૂર્ણ છે કે માર્ક્સે શાસક વર્ગની શારીરિક રીતે હત્યા દ્વારા સમાપ્તિ કરવાની વકીલાત કરી ન હતી. તેમની દલીલ તો એ હતી કે તેઓને શાસક વર્ગમાં રહેવા દેવામાં ન આવે. એનો સંક્ષિપ્ત અર્થ એ થયો કે એવો સમાજ રચાય કે જેમાં સંપૂર્ણ સમાનતાના સિદ્ધાંત તેમજ આર્થિક સમાનતાના સિદ્ધાંત પર આધારિત વર્ગવિહીન સમાજ હોય.

ક્રાંતિ કઈ રીતે લાવવી તે વિશે હજુ માર્ક્સને વધારે કહેવાનું હતું. તેમણે કહ્યું હતું કે મૂડીવાદનો અંત અનિવાર્યપણે નિશ્ચિત છે, ખાસ તો એટલા માટે કે તેના આંતર વિરોધી પ્રવાહો છે જ અને તેમાં શ્રમજીવી વર્ગની સ્થિતિઓમાં જોતાં પણ તે નિશ્ચિત જણાય છે.

પરંતુ તેઓ કોઈ ભવિષ્યવેત્તા યા જ્યોતિષી તો ન જ હતા. તેઓ સમાજશાસ્ત્રી હતા. તેઓ કોઈ ભવિષ્ય ભાખતા નહોતા, બલકે સમાજના ભાવિ વિકાસ માટેની સંભવિતતાઓને બનાવતા હતા. સામાજિક પ્રવાહની સામાન્ય દિશા તેઓ જોતા હતા અને વિચારતા હતા કે આ પ્રવાહ છેવટે સમાજવાદ તરફ કેવી રીતે દોરશે. તેમણે ભાવિ ક્રાંતિઓ માટેનું સમયપત્રક બનાવ્યું નહોતું. તેમણે એ જ દર્શાવ્યું હતું કે આ બાબત કઈ રીતે વર્ગસંઘર્ષ ઉપર આધારિત હતી - મતલબ કે મૂડીપતિઓ અને શ્રમજીવીઓ વચ્ચેનો સંઘર્ષ, અને આ લડાઈઓનું પરિણામ શું હોઈ શકે. સફળ થવા માટે સર્વપ્રથમ શ્રમજીવી વર્ગ પાસે ક્રાન્તિકારી સિદ્ધાંત વિશે સંપૂર્ણ માહિતી તેમજ યોગ્ય સાચી સમજદારી જોઈએ અને એમાં તે ખૂબ જ સારી રીતે સંગઠિત થવા જોઈએ. આ હેતુથી જ તેમણે શ્રમજીવી રાજકીય શિક્ષણને વર્ગમાં વિકસાવવા ભાર મૂક્યો તેમજ શ્રમજીવી પક્ષની રચના કરવાનું સૂચવ્યું, જે તે વર્ગની લડતને નેતૃત્વ આપી શકે.

માર્ક્સે સૈદ્ધાંતિક રીતે જ પ્રદાન નથી કર્યું, પરંતુ તેમણે શ્રમજીવીઓની આંતરરાષ્ટ્રીયતાના સિદ્ધાંત ઉપર આધારિત સર્વ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય કામદાર સભા' (International Working Men's Association)ની સ્થાપના પણ કરી હતી. બીજી રીતે કહીએ તો, તેમણે એ જાણી લીધું કે તમામ શ્રમજીવી વર્ગનાં હિતો આખા સમગ્ર વિશ્વમાં એક સરખાં જ છે, અને તેથી તેમણે

એકત્ર થઈને લડત આપવી જોઈએ. આ આંતરરાષ્ટ્રીય પુરુષ કામદારોની સભાનું સૂત્ર હતું, 'દુનિયાના કામદારો, એક થાવ', (Workers of the World, Unite) જે ખૂબ પ્રસિદ્ધ પામ્યું. 1917માં રશિયામાં કામદાર વર્ગ દ્વારા સૌ પ્રથમ સફળ બનેલી શ્રમજીવી વર્ગની ક્રાંતિ હતી. ત્યાં ખાનગી મિલકતોનો જ અંત નહિ, પરંતુ ખેતમજૂરોના સહકારથી દેશની બધી જ ભૂમિનું પણ રાષ્ટ્રીયકરણ થયું. એક નવા રાજ્યની રચના કરી જેમાં કામદાર વર્ગ પર તેમણે આર્થિક સમાનતા અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો પર આધારિત એક સમાજવાદી રાજ્ય સ્થપાયું. સમાજવાદી લોકશાહીની સ્થાપના રશિયામાં કરી. આ વિશે આપણે આગળ આવતા વિભાગમાં વિગતવાર ચર્ચા કરીશું.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો :
   (ક) માર્ક્સના અભિપ્રાયમાં અસ્તિત્વથી ચેતના ઘડાય છે.
   (ખ) મૂડીવાદી સમાજ ન્યાયસંગત સમાજ છે.
   (ગ) ક્રાંતિ માટેનું મુખ્ય બળ શ્રમજીવી વર્ગ છે.
   (ઘ) મૂડીવાદનું લક્ષણ છે અત્યધિક ઉત્પાદન અને ખપત વિનાની બજારની સમસ્યા.
   (ચ) મૂડીવાદ દ્વારા સમાજવાદી સમાજની રચના શાંતિપૂર્ણ રીતે થઈ શકે છે.
2. મૂડીવાદમાં મૂડીપતિને લાભ અને નફો કઈ રીતે મળે છે અને શ્રમજીવીઓનું કઈ રીતે શોષણ થાય છે ?

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

3. મૂડીવાદમાં મોટામાં મોટો આંતરવિરોધ કયો છે ?

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

4. મૂડીવાદના પોતાના આર્થિક વિશ્લેષણમાંથી માર્ક્સ તથા એંગલ્સે કયા કયા રાજનૈતિક નિષ્કર્ષ તારવ્યા ?

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

5. શું મૂડીવાદ વિરોધી લડત શાંતિપૂર્ણ હોઈ શકે ?

   ..............................................................................

   ..............................................................................

## 12.6 સારાંશ

આ એકમમાં તમે જોયું કે-

★ સમાજવાદી સમાજવ્યવસ્થા કઈ રીતે સંપૂર્ણ સામાજિક અને આર્થિક સમાનતાના સિદ્ધાંતના આધારે વિચારાઈ છે.

★ મૂડીવાદીની અંતરવિરોધી અને અન્ય વ્યવસ્થા ને સમાજવાદી વિચારોનો ઉદ્ભવ થયો.

★ પહેલા તબક્કામાં ચેતનાના અભાવને કારણે, સમાજવાદી વિચારધારામાં દલીલ થઈ કે મૂડીવાદમાંનો અન્યાય ને હૃદયપરિવર્તન તેમજ નૈતિક મૂલ્યો દ્વારા દૂર કરી શકાય છે.

★ પરંતુ જ્યારે મૂડીવાદમાં રહેલા શોષણ વિશેની સમજ આવતાં જ સમાજવાદી વિચારધારાએ આ અસમાનતાને તેના સંપૂર્ણ સ્વરૂપે દેખાડી.

★ સમાજવાદી સમાજ, બહુસંખ્યક એટલે કે શ્રમજીવીઓના આધિપત્ય દ્વારા એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે જેમાં પૂર્ણ સામાજિક અને આર્થિક સમાનતાની ખાતરી મળી રહે.

★ મૂડીવાદના અસમાન માળખાને અને આર્થિક આધારોને સામાજિક પરિવર્તનના સિદ્ધાંત સાથે મજબૂત જોડનાર કાર્લ માર્ક્સ હતા. એમ કરવાથી કાલ્પનિક સમાજવાદી વિચાર પર આધારિત સામાજિક સિદ્ધાંત કે જે સામાજિક પરિવર્તન અને અન્યાયપૂર્ણ માળખાને દૂર કરવા સિદ્ધાંતરૂપે રજૂ કરવામાં અસમર્થ હતા તે દૂર હટી ગયા. આમ કર્યાથી માર્ક્સે આપણને એક એવો સામાજિક સિદ્ધાંત આપ્યો જેમાં અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તેમજ ઇતિહાસ જેવા વિષયો એકસાથે સાંકળી લેવામાં આવ્યા.

## 12.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઉત્પાદનનાં સાધનો (Means of Production)** : ઉત્પાદનની પદ્ધતિમાં ઉપયોગમાં લેવાતી ભૌતિક ચીજો કે આવકનાં સાધનો, જેવાં કે ભૂમિ, કારખાનાં, કાચો માલ વગેરે. જેમાંથી ધનોપાર્જન થાય તે ઉત્પાદનનાં સાધનો ગણાય છે.

**ઉત્પાદન પ્રણાલી (Mode of Production)** : જીવનની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવા સમાજે અપનાવેલી રીતો અને તે સાધનોની માલિકીની વ્યવસ્થા તેમજ સમાજના જુદા જુદા વર્ગોના તે રીતો પર આધારિત સંબંધો.

**ક્રાંતિ (Revolution)** : જીવનનો એક પરિવર્તનકારી વળાંક જે નવી સામાજિક વ્યવસ્થા તરફ લઈ જાય છે. એક સામાજિક તથા આર્થિક વ્યવસ્થામાંથી વધારે પ્રગતિશીલ વ્યવસ્થામાં મૂળભૂત રીતે પરિવર્તન એટલે ક્રાંતિ.

**સમાજવાદી ક્રાંતિ (Socialist Recolution)** : કોઈ પણ ક્રાંતિનું લક્ષણ તેના દ્વારા પૂરાં કરવામાં આવતાં કાર્યો તથા તેમાં ભાગ લેનારી શક્તિઓથી નિર્ધારિત થાય છે. સમાજવાદી ક્રાંતિની ગુણવત્તા અન્ય ક્રાંતિઓથી જુદી છે કેમકે તેના દ્વારા પૂર્ણ શોષણનો જ નાશ થાય છે, અને તે માટે ખાનગી માલિકીના સિદ્ધાંતનો નાશ કરવામાં આવે છે. સમાજની રચના કરે છે. આ પહેલાંની બધી જ સમાજવ્યવસ્થાઓ કોઈ ને કોઈ સ્વરૂપે શોષણકર્તા સમાજવ્યવસ્થાઓ હતી કેમકે ઉત્પાદનનાં સાધનો સમાજના સીમિત વર્ગની પાસે જ ખાનગી માલિકો પાસે રહેતાં હતાં.

## 12.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. જુઓ 12.2નો 1.7 ફકરાઓ અને સાથે જ જુઓ 12.3ના 2.7 ફકરાઓ.
2. 12.4.1, 12.4.2 અને 12.4.3 જુઓ.
3. ભાગ 1.2,4 અને 3-9 ફકરાઓ જુઓ.
4. 12.4 જુઓ.
5. (1) ખોટું. જુઓ 12.4

(2) ખરું. જુઓ 12.4

(3) ખોટું. જુઓ 12.4.3

(4) ખરું. જુઓ 12.4નો પેટા ભાગ 12.4.3 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. (ક) ખોટું (ખ) ખોટું (ગ) સાચું (ઘ) ખોટું (ચ) ખોટું
2. જુઓ 12.5નો છેલ્લો ફકરો.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1. (ક) જુઓ, 12.5
   (ખ) ખોટું. સમગ્ર એકમ ધ્યાનપૂર્વક વાંચો.
   (ગ) ખરું. જુઓ 12.5.1 અને 12.5.2
   (ઘ) ખરું. જુઓ 12.5.2નો ફકરો 2
   (ચ) ખોટું. જુઓ 12.5.2

# એકમ 13 પ્રથમ વિશ્વયુદ્ધ : કારણો અને પરિણામો (The First World War : Causes and Consequences)

**રૂપરેખા**


13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો

- 13.2.1 ગુપ્ત સંધિની પ્રણાલી
- 13.2.2 લશ્કરવાદ
- 13.2.3 રાષ્ટ્રવાદ
- 13.2.4 સામ્રાજ્યવાદની ઉત્કંઠા
- 13.2.5 સમાચારપત્ર, પ્રેસ તથા લોકમત
- 13.2.6 તત્કાલીન કારણ

13.3 યુદ્ધનાં પરિણામો

- 13.3.1 માનવજીવનની હાનિ
- 13.3.2 સામાજિક અને આર્થિક પરિવર્તન
- 13.3.3 લોકશાહીનો આદર્શ
- 13.3.4 1919નું પૅરિસ સંમેલન
- 13.3.5 સત્તાનું નવું સંતુલન
- 13.3.6 નવી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા

13.4 વિશ્વયુદ્ધ અને ભારત

13.5 સારાંશ

13.6 ચાવીરૂપ શબ્દો

13.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 13.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે –

- વિશ્વના ઇતિહાસની એક અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટના જેવી પ્રથમ વિશ્વયુદ્ધની માહિતી મેળવશો.
- 1914ની ભયજનક સ્થિતિ ઉત્પન્ન થવાનાં કારણો જાણી શકશો.
- આ યુદ્ધમાં ભાગ લેનારા દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર પર બન્ને ઉપર થયેલ યુદ્ધની રાષ્ટ્રીય સ્તર પર, બન્ને ઉપર થયેલા યુદ્ધની અસરો વિશે જાણશો.
- ભારત પર યુદ્ધના પ્રભાવનાં વિવિધ પાસાં સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના

પ્રથમ વિશ્વયુદ્ધ વિશે જાણવા માટે સર્વપ્રથમ એ વાત યાદ રાખવી જરૂરી છે કે 19મી સદીના અંતિમ બે દાયકાઓમાં યુરોપ તથા વિશ્વના અન્ય ભાગોમાં વીતેલા ક્રમનું પરિણામ એ હતું. આ પાઠથી તમે એ સમજી શકશો કે જોકે આમ તો માત્ર એક યુદ્ધ હતું. પરંતુ તેનો પ્રભાવ આંતરરાષ્ટ્રીય સ્તરે અભૂતપૂર્વ રીતે પડ્યો. આ યુદ્ધને લીધે અનેક સામાજિક, આર્થિક તેમજ રાજનૈતિક માળખાંઓ તૂટી પડ્યાં. અહીં અમારો ઉદ્દેશ એ છે કે તમે આ યુદ્ધનાં કારણો તેમજ પરિણામોથી પરિચિત થાવ.

## 13.2 પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો (Causes of the World War)

આ યુદ્ધનાં કારણો એટલાં જટિલ છે કે તેમની યોગ્ય વ્યાખ્યા કે વર્ણન કરવાનો અર્થ એ થાય છે કે 1870 પછીના યુરોપનો રાજકીય કૂટનીતિનો ઇતિહાસ લખવો. ખરેખર તો આનાં કારણો શોધવા આપણે છેક 1789 અથવા ચૌદમા લૂઈના સમય સુધી પાછા જવું પડે તેમ છે. આ યુદ્ધનાં કારણોનાં ઊંડાણમાં જવા માટે યુરોપના જુદા જુદા દેશોની અંદર પણ ઘણા સમયથી ચાલી રહેલી વિભિન્ન શક્તિઓ, પરિબળો તથા પ્રવૃત્તિઓ ઉપર દષ્ટિપાત કરવો પડે તેમ છે. ચાલો, આપણે પ્રથમ વિશ્વયુદ્ધનાં મુખ્ય કારણોનો અત્રે વિચાર કરીએ.

### 13.2.1 ગુપ્ત સંધિની પ્રણાલી (The System of Secret Alliances)

આ યુદ્ધનું સૌથી મહત્ત્વનું કારણ ગુપ્ત સંધિઓની પરંપરા. આ પ્રણાલી ખરેખર તો બિસ્માર્કે શરૂ કરી હતી, જેણે 1870માં ફ્રાન્કો-પ્રશિયન યુદ્ધ પછી જર્મનીના શત્રુ દેશોની વિરુદ્ધ આ પ્રકારની ગુપ્ત સંધિઓનું આખું જાળું તૈયાર કરવાની કોશિશ કરી હતી. આ પગલાંથી આખુંયે યુરોપ ધીરે ધીરે શસ્ત્રબંધીનાં બે વિરોધી જૂથોમાં વહેંચાઈ ગયું અને એકબીજા સાથે સંઘર્ષ કરતાં રહ્યાં. આના પરથી અનુમાન કરી શકાય છે કે થોડો વખત આ સંધિપરંપરા કેટલાક પ્રસંગોએ એક જૂથના બધા સભ્યો વચ્ચે શાંતિ સ્થાપવામાં સફળ થઈ શકી હશે. અને સાથે સાથે પોતપોતાના મિત્રો દેશો અને સહકારી જૂથો ઉપર યુદ્ધ જાહેર કરવા તથા અટકાવવામાં સહાયક નીવડી. તેમજ આ પ્રણાલીને લીધે એક વાર યુદ્ધ શરૂ કર્યા પછી તેમાં સમગ્ર યુરોપની સત્તાઓએ જોડાવાની પણ આ ગુપ્ત સંધિ પ્રણાલી જ હતી, કેમકે તેઓ યુરોપના દેશો એકબીજા સાથે વચનથી બંધાયેલા હતા.

સન 1871થી 1890 સુધી બિસ્માર્ક યુરોપીય રાજનીતિનો અગ્રણી રહ્યો હતો. નવા જર્મન સામ્રાજ્યના ચાન્સેલર તરીકે તે શાંતિ ઇચ્છતો હતો. તેણે જાહેરાત પણ કરી દીધી કે જર્મની એક 'સંતુષ્ટ' રાષ્ટ્ર છે. તે જાણતો હતો કે જે યુદ્ધને લીધે જર્મની બળવાન અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતું થઈ ગયું છે તે જો હવે ફરીથી સામે આવે તો જર્મનીની બરબાદીનું કારણ બની જશે. આથી યથાવત્ સ્થિતિ જાળવી રાખવા માટે ગુપ્ત સંધિની પ્રણાલી યુરોપમાં બનેલી સત્તાની સમતુલાને ચાલુ રાખવા બિસ્માર્કે તેને અપનાવી હતી. 1870ના અપમાન પછી ખાસ કરીને ફ્રાન્સ જર્મનીનું કટ્ટર શત્રુ બન્યું હતું, અને તે કોઈ પ્રકારે સમાધાન કરે તેવી સંભાવના નહોતી. એથી બિસ્માર્કે પોતાની સમગ્ર કૂટનીતિક કુશળતા તેમજ રાજનૈતિક દૂરંદેશી જર્મનીના રક્ષણ માટે અન્ય દેશો સાથે ગુપ્ત સંધિઓ કરવામાં કામે લગાડી દીધી. ફ્રાન્સ જર્મનીનો શત્રુ દેશ હતો અને તેને કૂટનીતિથી અલગ પાડી દેવામાં બિસ્માર્કની સફળતાનો આધાર હતો. આ નીતિને અનુસરવા જર્મનીએ 1879માં ઑસ્ટ્રિયાની સાથે પરસ્પર વચનથી બાંધનાર સંધિ કરી. જો રશિયા બન્નેમાંથી કોઈ પણ દેશ ઉપર આક્રમણ કરે તો તેની સુરક્ષામાં બીજો દેશ સહયોગ આપશે. ત્રણ વર્ષ પછી 1882માં બિસ્માર્કે ટ્યુનિસના મુદ્દા પર ચાલી આવતી ફ્રાન્સ અને ઇટાલી વચ્ચેની શત્રુતાને વધારે બહેકાવી અને ઇટાલીને ઑસ્ટ્રિયા સાથે પેઢીઓથી ચાલી આવતી શત્રુતાને તોડવા માટે પ્રેરણા આપી. 1882માં જર્મની, ઇટાલી તેમજ ઑસ્ટ્રિયા વચ્ચે એક ત્રિપક્ષીય ગુપ્ત સંધિ થઈ જે એક બાજુ ફ્રાન્સની વિરુદ્ધ અને બીજી બાજુ રશિયાની વિરુદ્ધ સુરક્ષાના હેતુથી કરવામાં આવી.

ફ્રાન્કો પ્રશિયન યુદ્ધ પછી ફ્રાન્સની શક્તિ હણાઈ ગઈ હતી. આ મજબૂત સંધિએ તેને માટે મોટી સમસ્યાઓ ઊભી કરી દીધી. જ્યાં સુધી બિસ્માર્ક સત્તા ઉપર રહ્યો ત્યાં સુધી તેણે સત્તા સમતુલાની પ્રણાલી સાચવી રાખી જે તેણે 1887માં રશિયાની સાથે પુનર્રક્ષા સંધિ કરીને પૂર્ણ કરી. બાકીના યુરોપથી ફ્રાન્સ છૂટું પડી જવા લાગ્યું હતું. પરંતુ 1890 પછી જ્યારે બિસ્માર્ક જર્મનીનો ચાન્સેલર ન રહ્યો ત્યારે તેના ઉત્તરાધિકારીઓએ તેની કુશળ કૂટનીતિના માર્ગને છોડી દીધો. બર્લિન કૉંગ્રેસમાં પૂર્વી પ્રશ્ન (Eastern Question) અંગે ઉકેલ શોધવા બાબત રશિયા અને જર્મની વચ્ચેના સંબંધોમાં કટુતા આવવા લાગી. ફ્રાંસે આ નવી પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો તેમજ સાવધાનીથી કામ કરતાં તેણે 1891માં રશિયા સાથે સંધિ કરવામાં સફળતા મેળવી. આમ એક દ્વિપક્ષીય સંધિ તૈયાર થઈ જેનાથી માત્ર ફ્રાંસની એકલતા દૂર થઈ એટલું જ નહિ પરંતુ ત્રિપક્ષીય સંધિની સામે પ્રતિકારાત્મક સત્તા તરીકે બહાર આવ્યું. જર્મનીમાં બિસ્માર્કની કૂટનીતિનો અસ્ત થતાં જ બ્રિટનમાં કૂટનીતિજ્ઞો વચ્ચે નીતિને ધ્યાનમાં રાખી પુનર્વિચારણા શરૂ થઈ. જર્મન

સમ્રાટે એમ ન માન્યું કે 'તથ્ય' યોગ્ય કે જર્મની એક 'સંતુષ્ટ' રાષ્ટ્ર છે એ વિચારની સાથે તેણે જર્મનીની વિશ્વ સામ્રાજ્ય સ્થાપવાની નીતિની મહેચ્છા વ્યક્ત કરી અને જાહેર કર્યું કે જર્મનીનું ભવિષ્ય સમુદ્રો પર આધારિત છે. આ નીતિ જાણે બ્રિટન માટે એક ચેતવણી રૂપ હતી, જેણે જર્મનીને શ્રેષ્ઠ અલગતાની નીતિમાંથી બહાર નીકળવા મજબૂર કર્યું. તેને દ્વિપક્ષીય સંબંધો માટે તૈયાર કર્યું. ફ્રાન્સ સાથેના પોતાના અનેક મતભેદોનું સમાધાન કરી લઈને બ્રિટને ફ્રાન્સ સાથે મિત્રરાજ્યસંધિ (Entente cordiale) કરી. ત્યાર બાદ આવા જ પ્રકારની બીજી સંધિ 1907માં રશિયા સાથે કરાતાં આ હવે ત્રિપક્ષીય મિત્ર રાજ્યસંધિ બની (Triple Entente) ગઈ. આમ ફ્રાન્સ, બ્રિટન અને રશિયાએ હાથ મિલાવીને ત્રિપક્ષીય મિત્રરાજ્યસંધિની રચના કરી એક રાજનીતિક જૂથ તૈયાર કર્યું. ત્રિપક્ષીય મૈત્રીકરાર દ્વારા ત્રિપક્ષીય સંધિ સામે ઘર્ષણ થતાં જ યુરોપની સ્થિતિ 'સશસ્ત્ર શાંતિ' (Armed Peace)ની જેવી થઈ ગઈ. આ સમયે યુરોપખંડના દેશો એકબીજા સાથે યુદ્ધ તો નહોતા કરતા પરંતુ પોતાના પડોશી દેશો પ્રત્યે ઈર્ષ્યાભાવથી જોતા હતા. આને લીધે સમગ્ર યુરોપમાં ભય તેમ જ શંકાનું વાતાવરણ જામવા લાગ્યું હતું અને કોઈ યુદ્ધ થશે જ એવી આશંકા રાખીને બે વિરોધી છાવણીમાં વહેંચાઈ ગયેલા યુરોપના દેશો બને તેટલી ઝડપથી શસ્ત્રસરંજામનો સંગ્રહ કરી રહ્યા હતા. આ બધું યુરોપના દેશોનું બે વિરોધી જૂથોમાં વહેંચાઈ જવાનું જ પરિણામ હતું. આ હથિયાર બંધ વહેંચાયેલાં જૂથોમાં યુરોપને પણ સામ્રાજ્યવાદના ઉદ્‌ભવ તેમ જ વિકાસના સંદર્ભમાં જોવું જરૂરી છે. આ એવી પરિસ્થિતિ હતી જેમાં યુરોપના દેશો પોતાના વેપાર તેમ જ સરહદોને વિસ્તૃત કરવાની પ્રબળ મહેચ્છા ધરાવતા હોવાથી તેઓ ઝડપી વિકાસ થાય તે માટે નવાં નવાં સંસ્થાનો ઊભાં કરતા હતા અને તે માટે જાણે હરીફાઈમાં ઊતર્યા હતા. આને લીધે સાહજિક રીતે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તેમની ભૌતિક શક્તિને પુરવાર કરવાની દૃષ્ટિથી તેમણે એ યોગ્ય ધાર્યું કે પોતાની લશ્કરી તાકાત તેમ જ કૂટનીતિક કૌશલ્યને બને તેટલું વધારી દે.

### 13.2.2 લશ્કરવાદ (Militarism)

લશ્કરીકરણ ખરેખર ગુપ્ત સંધિની પ્રણાલી સાથે સીધો સંબંધ ધરાવતું હતું તેમ જ યુદ્ધનું મુખ્ય કારણ હતું. હકીકતમાં ફ્રાન્સમાં ક્રાંતિકાળમાં મોટી સંખ્યામાં લશ્કરો રાખવાની શરૂઆત થઈ હતી, જે ત્યાર પછીના નેપોલિયનના શાસનકાળમાં તેમાં વધારો થતો હતો. જર્મન રાષ્ટ્રના એકીકરણની પ્રક્રિયા દરમિયાન બિસ્માર્કે આ નીતિનું પ્રભાવશાળી સ્વરૂપ ઘડ્યું અને તેનો વિકાસ તેમ જ વિસ્તાર કર્યો. 1870માં ફ્રાન્કો-પ્રશિયન યુદ્ધ પછી બધી મોટી યુરોપીય સત્તાઓએ મોટી સંખ્યામાં લશ્કર અને સમુદ્રશસ્ત્રોનો વિકાસ શરૂ કરી દીધો. હથિયારો માટેની આ દોડને 'આત્મરક્ષણા સુરક્ષા'ના નામે તીવ્રતમ બનાવાતી ગઈ. આને લીધે પણ રાષ્ટ્રો વચ્ચે ભય તથા આશંકાનું એક વાતાવરણ ઉત્પન્ન કર્યું. જો કોઈ એક દેશે તેની સૈન્યશક્તિનો વિકાસ કર્યો અથવા કોઈ વિશેષ જગ્યા પર રેલવેની લાઇનો બાંધી તો તેનો પડોશી દેશ તરત જ ભયભીત થઈને આવું જ કામ પોતે પણ કરવા લાગે તો. આ ક્રમ નિરંતર ચાલુ જ રહેવા લાગ્યો અને પ્રતિદિન હથિયારોનો સંગ્રહ વધતો જ ગયો. 1912-13માં થયેલા 'બાલ્કન યુદ્ધો' પછી આ ક્રમ વધુ ઝડપી બન્યો. બ્રિટન અને જર્મની વચ્ચે થતી સમુદ્રની શત્રુતા પણ યુદ્ધનું એક કારણ બની ગઈ. લશ્કરીકરણના એક પરિણામરૂપે ભૂમિ તેમ જ નૌ સેનાનાં કાર્યો માટે માનવશક્તિના સ્રોત સમાન લોકોની જંગી જરૂરિયાત ઊભી થઈ.

આ બાબત પણ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ હવે યુદ્ધ જલદીથી થશે એવી માનસિક દૃષ્ટિ બધા દેશોની થઈ હતી, જે હવે 'અનિવાર્ય' પણ ગણાવા લાગ્યું હતું. આ લોકો માટે યુદ્ધ હોદ્દાઓમાં ઉન્નતિ તેમ જ બીજા મહત્ત્વના દરવાજાઓ ખોલી નાખનાર કીમિયો હતો. એમ તો ન કહી શકાય કે આવા અંગત સ્વાર્થને માટે જ તેઓ યુદ્ધની ઇચ્છા રાખતા હતા, પરંતુ તેમ છતાં યુદ્ધ માટે કરેલી બધી જ તૈયારીઓને અમલમાં મૂકવાની તક મળે તેવી ઇચ્છાએ તેમના પર મનોવૈજ્ઞાનિક પ્રભાવ તો જરૂર પાડ્યો જ હશે. મતલબ કે તેનો વિરોધ કરવો જોઈએ તેવી કોઈ ઇચ્છાને હવે અવકાશ રહ્યો નહોતો.

### 13.2.3 રાષ્ટ્રવાદ (Nationalism)

યુદ્ધનું બીજું મુખ્ય કારણ હતું યુરોપભરમાં ચાલતા રાષ્ટ્રવાદનો પવન. ખરેખર આ રાષ્ટ્રવાદ ફ્રાન્સની ક્રાંતિનો એકમાત્ર વારસો હતો. આ અભૂતપૂર્વ ભાવનાને રાજનૈતિક શક્તિમાં બદલવાનું કામ ઇટાલી તેમ જ જર્મનીએ પોતપોતાના દેશોના એકીકરણમાં કર્યું જ હતું. આ એકીકરણની

સંભાવના ઊભી થઈ હતી કેમકે કેવૂર (Cavour) તથા બિસ્માર્ક પોતાના દેશોમાં રાષ્ટ્રવાદની ભાવનાને મજબૂત બનાવવામાં સફળ નીવડ્યા. આની સાથે એ પણ હતું જ કે આ એકીકરણની પ્રક્રિયા દરમિયાન અને લોકો પોતાનામાં એક જાતીય ગૌરવનો અનુભવ પણ કરવા લાગ્યા અને આ ભાવનાનો વિકાસ થયો. અન્ય દેશો કરતાં તેઓ પોતાને વધુ સંસ્કૃત હોય, ખાસ કરીને પડોશી દેશોની સામે તો ખરા જ, એવી ભાવના રાખવા લાગ્યા હતા. આમ તેમનો અહંકાર જાગવો તે સ્વાભાવિક પ્રક્રિયા તો હતી પરંતુ તેને લીધે દેશોની વચ્ચે પહેલેથી જ જે ખાઈઓ હતી તે વધુ ને વધુ ઊંડી થતી ગઈ. દાખલા તરીકે જર્મની તેમ જ બ્રિટન જેવાં રાષ્ટ્રો વચ્ચે દુશ્મનાવટ વધવામાં તેમની અત્યધિક વિકાસ પામેલી રાષ્ટ્રભાવનાનો મોટો ભાગ હતો. તેને જ લીધે તે બન્ને રાષ્ટ્રો વચ્ચે સ્થળસેના અને નૌકા સેનામાં વધારો કરતા જવાની સ્પર્ધા વધુ તીવ્ર થવા લાગી અને તે પણ ઝડપી બનવા લાગી. આ આક્રમક રાષ્ટ્રવાદી ભાવનાને લીધે એશિયા, આફ્રિકા તેમ જ બાલ્કન દેશોમાં પોતપોતાના સ્વાર્થોના કારણે યુરોપીય સત્તાઓમાં પરસ્પર અથડામણો થઈ રહી હતી. ફ્રાન્સની પ્રજાની આક્રમક આ રાષ્ટ્રીય ભાવનાને કારણે જ તેમનામાં આલ્સેસ અને લોરેમની ભૂલને કારણે બદલાની ભાવના પ્રબળ બની રહી. તેથી ફ્રાંસને જર્મનીનો સૌથી મોટો દુશ્મન દેશ બનાવી દીધો. 1886થી તો ફ્રાન્સ અને જર્મની વચ્ચેના સંબંધો ખૂબ જ તંગ બની ગયા. નેપોલિયન ત્રીજાની સાથે પીડિત રાષ્ટ્રીય જનમત જ હતો જે પ્રશિયાની વધતી સત્તાને ઈર્ષાની દૃષ્ટિથી અને કટુતાની ભાવનાથી જોતો હતો. આંધળી રાષ્ટ્રભાવનાના વિકાસને લીધે જ 1870નું ફ્રાન્કો-પ્રશિયન યુદ્ધ થયું અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં જાણે 'લોકપ્રિય ચિત્તભ્રમ'ની દશાનો વિકાસ થવા લાગ્યો. આ દરમિયાન "ઇટાલી અપૂર્ણ છે"નું સૂત્ર ગુંજવા લાગ્યું અને માંગણી થવા લાગી કે ઑસ્ટ્રિયાની ટ્રિસ્ટે અને ટ્રેન્ટીનો જિલ્લાઓના લોકો જે ઇટાલિયન ભાષા બોલે છે તેને ઇટાલીમાં અનેક રીતે સામેલ કરી દેવામાં આવે. આપણા ઇટાલીના આક્રમક રાષ્ટ્રવાદની અન્ય દેશની જમીન હડપ કરવાની આકાંક્ષાની અભિવ્યક્તિ જ ગણાય. આ કામ કરવા માટે ઇટાલીએ જર્મનીનો સહકાર માંગ્યો.

ઝારના રાજ્યની પશ્ચિમી સીમાઓ પર તેના વિદ્રોહી દેશો હતા. 1870 પછી પોલેન્ડ તથા યુક્રેનની પ્રજાઓ તેમ જ લિથુઆનિયા અને ફિન જાતિના લોકો ઝારના સામ્રાજ્યથી મુક્ત થવાના જબરજસ્ત પ્રયત્નો કરતા હતા. આ લોકો પ્રત્યે રશિયાની નીતિ, ખાસ કરીને એલેક્ઝાંડર ત્રીજાની 1881-1894ના સમય દરમિયાનની નીતિ હતી કે તેમનું રૂસીકરણ કરી નાંખવું. આના પરિણામે આ રાષ્ટ્ર સમૂહોમાંના ઘણાખરા દેશભક્તો રશિયાના સામાજિક ક્રાંતિકારીઓ પ્રત્યે આકર્ષાયા. તેમણે તરત જ આ ક્ષેત્રોમાં પોતાના ઘનિષ્ઠ સંબંધો સ્થાપી દીધા. આ સ્થાનિક આંદોલનોમાં કટ્ટર ભાવના સમાઈ હતી, જે આ સમયે વિકાસના માર્ગે હતી.

છેલ્લે બાલ્કન દેશોની અસંતુષ્ટ જનતા, તેમની અસંતુષ્ટ રાષ્ટ્રીય ભાવનાએ બાલ્કન પ્રદેશને દારૂગોળાનો મોટો ઢગલો બનાવી દીધો હતો જેને લીધે તેમાં લાગેલા ભડકાએ સમગ્ર યુરોપને આગમાં ઘેરી લીધું. આમ હકીકતમાં યુદ્ધ પ્રત્યે ધકેલનારી પ્રત્યેક ઘટનાઓની પાછળ રાષ્ટ્રવાદનું પ્રેરક બળ કામ કરતું હતું.

### 13.2.4 સામ્રાજ્યવાદની ઉત્કંઠા (Urge to Imperialism)

આપણા ઉદ્દેશના સંબંધમાં સામ્રાજ્યવાદનો અર્થ આપણે એમ કરી શકીએ કે તે મૂડીવાદી વિકાસ દરમિયાનનો વિશ્વસ્તર પરનો "મૂડીવાદી સંચય" હતો જે "ઇજારાશાહી મૂડીવાદ" તરફ આગળ ધપતો હતો. તે માલના ઉત્પાદનના વધારા તરફ લઈ જતો હતો જેને લીધે દેશોને નવા કાચા માલની જરૂરિયાત વધતી જતી હતી અને તે માટે તેઓ નવાં બજારો તેમ જ કાચા માલના સ્રોતોનાં સ્થળો માટેની શોધમાં જ રહેવા લાગ્યા. તેના પરિણામે વસ્તીનો પણ વધારો થયો જેમાંનો એક ભાગ અત્યાર સુધી જ્યાં વસ્તી ન હોય કે ઓછી કોઈ પણ દુનિયાની હોય તેવી જગ્યાઓમાં સ્થળાંતર કરવા ઇચ્છવા લાગ્યા હતા, પછી તે જગા પર તેમનો કોઈ પ્રકારે અધિકાર હોય કે ન હોય.

ઔદ્યોગિક ક્રાંતિને કારણે બચતની મૂડીમાં પણ વધારો થયો જેનું દેશમાંથી બહાર વિદેશ રોકાણ કરી શકાતી હતી. આ સ્થિતિને લીધે આર્થિક શોષણ તેમ જ રાજનૈતિક સ્પર્ધાને વધુ વેગ મળ્યો. આ તમામ ઘટનાઓને લીધે મહાસત્તાઓએ ચીનમાં પોતે પોતાના 'પ્રભાવ ક્ષેત્રો' (Spheres of Influence) ચીનમાં બનાવવાની સ્પર્ધા શરૂ કરી અને તુર્કી વગેરે અન્ય સ્થળોએ રેલવે લાઇનો નાખવાના બહાને અંદરોઅંદર આફ્રિકાના વિભાજનનો પણ પ્રારંભ કરી દીધો. 19મી સદીના અંત તેમ જ 20મી સદીના શરૂઆતનાં વર્ષોમાં બજારો, કાચો માલ તથા સંસ્થાનો માટેનો સંઘર્ષ

ઘણો તીવ્ર બની ગયો કેમ કે હવે તેમાં જર્મની અને ઇટાલી 19મી સદીના છેલ્લા બે દાયકામાં દાખલ થયા. 1914 સુધીમાં યુરોપની બધી મહાસત્તાઓએ આફ્રિકામાં કોઈ ને કોઈ સંસ્થાન પ્રાપ્ત કરી લીધું. આર્થિક સામ્રાજ્યવાદનું એક મહત્ત્વનું પાસું હતું રેલ્વે અને તેની લાઇનો નાખવાના કરારો. એમાંથી આર્થિક નફાની સાથે સાથે રાજનૈતિક લાભો પણ થતા. બ્રિટને બાંધેલી રેલવે કેપથી માંડીને કેરો સુધી ફેલાઈ ગઈ, રશિયાએ નાખેલી લાઇનો સાઈબિરિયા સુધી પહોંચી, જ્યારે જર્મનીએ બગદાદ તૈયાર કર્યો. પહેલા રેલવે માર્ગને લીધે જર્મન, ફ્રાન્સ અને બેલ્જિયમનાં હિતો ટકરાયાં. બીજા માર્ગને લીધે રશિયા જાપાન વચ્ચે યુદ્ધની ભૂમિકા બંધાઈ અને ત્રીજાને કારણે જર્મની તેમ જ ત્રિપક્ષી મિત્રરાજ્ય સંધિમાંનાં રાજ્યો વચ્ચે નિરંતર સંઘર્ષ ચાલતો હતો. સામાન્ય રીતે કોઈ પણ દેશ દ્વારા સામ્રાજ્યવાદી વલણ અપનાવવાની પાછળ આર્થિક હિતો અને તેની સાથે રાજકીય ઉદ્દેશો છુપાયેલા હતા.

આમ જુઓ તો સંસ્થાઓની જવાબદારી ઉપાડવાની કોઈ પ્રવૃત્તિ સામાન્ય સંયોગોમાં થાય નહીં, સિવાય કે કોઈ પ્રભાવશાળીએ તેમાં પોતાનું હિત ધરાવનાર રાજકીય નેતાઓનું જૂથ આ નીતિનું સમર્થન કરતું હોય. 1860ના દાયકામાં કે 1870ના દાયકા અને પછીનાં વર્ષોમાં પણ બ્રિટને નવાં સંસ્થાનો શોધ્યાં નહિ, જોકે ત્યાં પણ આર્થિક દબાણો ઊભાં કરે તેવાં પરિબળો - જેવાં કે વસતી વધારો, નિકાસ તથા મૂડીમાં વધારો વગેરે ઘણા સમયથી અસ્તિત્વમાં હતાં તો ખરાં જ. આમ તો ઇટાલી અથવા રશિયામાં પણ કોઈની પાસે નિકાસ માટે ભરાવો કે મૂડી નહોતાં છતાં બન્ને દેશો સંસ્થાનો મેળવવાની હરીફાઈમાં જોડાઈ ગયા. ઉદ્યોગની દૃષ્ટિએ જર્મની ફ્રાન્સથી ઘણું વિકસિત પણ બિસ્માર્કની સંસ્થાન વિરોધી નીતિને કારણે સંસ્થાનો પ્રાપ્ત કરવામાં તે ધીમી ઝડપે ચાલતું હતું.

બિસ્માર્ક તો જર્મનીને માત્ર સમગ્ર યુરોપમાં સર્વાધિક પ્રભાવશાળી બનાવવા માગતો હતો. હકીકતમાં તો સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓનો વિકાસ કરવાની પાછળ મુઠ્ઠીભર માણસોનો હાથ હતો, જેમાં ખાસ કરીને આ બૌદ્ધિકો, અર્થશાસ્ત્રીઓ અને રાષ્ટ્રપ્રેમી પત્રકારો તેમજ રાજનીતિજ્ઞો હતા; જેઓ આ નીતિનો પ્રચાર કરતા હતા.

સામ્રાજ્યવાદના રાજનૈતિક હેતુઓ ઉપરાંત કેટલાક બીજા પણ હેતુઓ સામેલ હતા. સંસ્થાનપ્રાપ્તિ માટે નિરંતર પ્રેરણા આપ્યા કરતા હતા. આમાંનો એક પક્ષ તો સંશોધનકારો તથા સાહસિક પ્રવૃત્તિમાં જોડાયેલા લોકોનો હતો. તેઓની વૈજ્ઞાનિક શોધખોળો પ્રત્યેની રુચિ અથવા સાહસિક અને જોખમભર્યાં કાર્યો કરવાની તાલાવેલી તથા ધનવાન, સત્તાવાન અને પ્રભાવશાળી બનવાની લાલસાઓ હતી. તદુપરાંત સંસ્થાનવાદને ફેલાવવામાં ખ્રિસ્તી મિશનરીઓનો પણ મોટો ફાળો હતો. તેઓમાંના સૌથી વધુ ખ્યાતિ મેળવનારા હતા ડેવિડ લિવિંગસ્ટોન, જેઓને લંડન મિશનરી સોસાયટી દ્વારા આફ્રિકા ખંડમાં મોકલવામાં આવ્યા હતા. આવી મિશનરી પ્રવૃત્તિમાં સમગ્ર આફ્રિકા તેમ જ એશિયાના દેશોમાં યુરોપના લગભગ બધા જ દેશોએ ભાગ લીધો હતો. અન્ય મહત્ત્વપૂર્ણ ભૂમિકાવાળા ખ્રિસ્તી મિશનરીઓ મોટા પાયા પર આફ્રિકામાં હતી તેમાં ચાર્લ્સ ગોર્ડન, સીન જ્હોન કર્ક અને લૉર્ડ લુગાર્ડ મુખ્ય હતા.

### 13.2.5 સમાચારપત્ર, પ્રેસ તથા લોકમત (Newspapers, Press and the Public Opinion)

મહાયુદ્ધનું બીજું મહત્ત્વનું કારણ એ હતું કે યુરોપમાં સમાચારપત્રોએ લોકમતને બહેકાવ્યો હતો. વિદેશોમાંથી સ્થિતિ વિશે લખતી વખતે ઘણી વાર સમાચારપત્રો તેને મારી મચકોડીને એવી રીતે રજૂ કરતાં કે દેશમાં રાષ્ટ્રીય ભાવના જાગ્રત કરતા હતા. કેટલાક પ્રસંગોએ જ્યારે મુશ્કેલ આંતરરાષ્ટ્રીય સમસ્યાના શાંતિપૂર્ણ સામાધાનની તકો ઊભો થતી પરંતુ સમાચારપત્રોના આ પ્રકારનાં વલણોને કારણે અથડામણોના સંભવવાળા દેશોની આંતરિક સ્થિતિ બની જતી. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય રાજનીતિનાં પરિણામો રજૂ કરવાના ઉદ્દેશથી બિનજરૂરી રીતે જતા હતા. પોતાની મર્યાદા ઓળંગી જતાં 1870માં બિસ્માર્કે કરેલા ઈ.એમ.એસ.ના તારને પ્રકાશિત કરવાના કારણે ફ્રાન્સમાં પ્રત્યાઘાત રૂપે ચુસ્ત રાષ્ટ્રવાદી જનતાને પ્રબળ ટેકો મળ્યો. આને લીધે ફ્રાન્કો-પ્રશિયમ યુદ્ધની સંભાવના પ્રબળ બની. આથી સ્પષ્ટ થાય છે કે યુરોપીય રાજનૈતિક વાતાવરણમાં તણાવપૂર્ણ સ્થિતિનું નિર્માણ કરવામાં પ્રેસની કેટલી મોટી ભૂમિકા હતી.

### 13.2.6 તત્કાલીન કારણ (The Immediate Cause)

સન 1900 બાદ ઊભી થતી જતી રાષ્ટ્રીયતાની ભાવનાને ચેતવણી રૂપે ગણતું ઑસ્ટ્રિયાનું હેલ્સબર્ગ

સામ્રાજ્ય તેની સામે ઝઝૂમી રહ્યું હતું. તેના જેવા બહુરાષ્ટ્રીય સામ્રાજ્ય ધરાવતા દેશ પર સતત નિયંત્રણ રાખવું વધારે મુશ્કેલ બનતું જતું હતું જ્યારે વિયેનામાં રાજનૈતિક અને લશ્કરી નેતૃત્વ કાઉન્ટ બર્ચટોલ્ડ અને કોનાર્ડના હાથમાં હતું, ત્યારે તો આ કાર્ય હજુ પણ વધારે દુષ્કર બન્યું હતું. ઑસ્ટ્રિયાને સાર્બિયાના સંદર્ભમાં એક તરફ પીડમેન્ટ (Piedmont) અથવા પ્રશિયા બીજી તરફ નજરે પડતું ત્યારે જર્મની તથા ઇટાલીના એકીકરણની પ્રક્રિયા દરમિયાન બિસ્માર્ક તથા કાપૂરના હાથે સન 1859 અને 1866માં થયેલી પોતાની અપમાનજનક હારની યાદ તાજી થતી. 1914 સુધી સર્બિયાના નેતૃત્વ હેઠળ સ્લાવ પ્રજાએ પોતાના રાષ્ટ્રીય એકીકરણની પ્રક્રિયા માટે આંદોલન કરતી રહી. જોકે સર્બિયા એક નાનો દેશ હતો અને તેની વસ્તી આશરે પચાસ લાખ જેટલી જ હતી પરંતુ તેનું લોકમાનસ એટલું શક્તિશાળી હતું તેમ જ બળવાન હતું કે જેમાં ભાવિના યુગોસ્લાવિયાનો પાયો નાખવાની ક્ષમતા હતી.

માત્ર હેબ્સબર્ગો માટે જ સર્બિયા એક ચિંતાનું કારણ નહોતું. જર્મનીના એકીકરણમાં ઘણા અવરોધો નાખવા તેમ જ કેન્દ્રીય ત્રિપક્ષી મિત્રસંધિના કેન્દ્રબિંદુ તરીકે પણ તે ચિંતાનું કારણ હતું. જર્મની, ઑસ્ટ્રિયા તથા તુર્કીની સંધિ માટે સર્બિયા ધરીરાષ્ટ્ર તરીકે કામ કરી શકે તેમ હતું. આ રીતે સારાજેવોમાં ઊભું થયેલું સંકટ માત્ર સર્બિયા અને ઑસ્ટ્રિયા વચ્ચેનો સંઘર્ષ ન રહેતાં બે મહાન સંધિઓની સભ્ય સત્તાઓની પ્રતિષ્ઠા અને શક્તિના પડકારરૂપ બન્યું. આ સંકટ જે ઘટનાને લીધે ઊભું થયું તે હતી આર્કહયુક ફ્રેજ ફર્ડિનાન્ડ તેમ જ તેની પત્નીની સારાજેવોમાં એક ધર્માંધ વ્યક્તિએ કરેલી હત્યા. હેબ્સબર્ગ તથા આ વંશના ઉત્તરાધિકારી અને તેની પત્ની બોસ્નિયામાં સારાજેવોની મુલાકાતે આવી. અને ઑસ્ટ્રિયાના સર્વ જાતિના ગાર્વિલે પ્રિન્સિપે તેમની હત્યા 28મી જૂન 1914ને દિવસે કરી. તેનો સંબંધ સાર્બિયાની સરકાર સાથે કોઈ રીતે હશે તેવું પુરવાર ન થયું. તેમ છતાં વિયેનાની સરકારે આ ઘટનાને યુદ્ધ શરૂ કરવાના આહ્વાન તરીકે ગણીને એવી માગણીઓ સર્બિયા સમક્ષ રજૂ કરી જેનો સ્વીકાર થઈ શકે તેમ જ નહોતું. આના પરિણામે 28મી જુલાઈએ વિયેનાએ પોતાના તરફથી યુદ્ધની ઘોષણા કરી દીધી. સંધિની કડીઓ મજબૂત હતી અને તેથી છેવટે જૂથબંધીવાળી સત્તાઓએ યુદ્ધમાં સામેલ થવું જ પડ્યું. બ્રિટનના વિદેશ સચિવે આ બાબત વિશે કહ્યું કે 'સમગ્ર યુરોપમાં અંધકાર ફેલાઈ રહ્યો છે અને આપણે કદાચ આપણા જીવન દરમિયાન ફરીથી પ્રકાશ જોઈ શકીશું નહિ .'

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નીચેનાં વિધાનો સાચાં (√) અથવા ખોટાં (×) છે તેની નિશાની કરી જણાવો :
   (1) પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો જાણવા માટે યુરોપનો 19મી સદીનો ઇતિહાસ જાણવો અતિ આવશ્યક છે.
   (2) દ્વિપક્ષીય સંધિ, ત્રિપક્ષીય સંધિની વિરુદ્ધની પ્રતિક્રિયાના પરિણામે બની હતી ?
   (3) રાષ્ટ્રવાદના વિકાસના લીધે યુરોપના દેશોમાં એકમેકની વચ્ચે આશંકા તથા વેરની ભાવનાવાળું વાતાવરણ ઊભું થયું.
   (4) યુરોપમાં સામ્રાજ્યવાદી જરૂરતોના વિસ્તૃતીકરણે યુદ્ધનું તત્કાલીન કારણ બનવાનું કાર્ય કર્યું.
2. ત્રિપક્ષીય સંધિમાં સામેલ થયેલા દેશોનાં નામ લખો. આ સંધિનો ઉદ્દેશ શો હતો ?

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................
3. યુરોપના દેશો પર લશ્કરવાદનો શો પ્રભાવ પડ્યો ?

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

## 13.3 યુદ્ધનાં પરિણામો (Consequences of the War)

તમે જોશો કે 1914નું યુદ્ધ કેટલીય બાબતોમાં માનવ ઇતિહાસમાં અભૂતપૂર્વ છે. આની પહેલાં પણ યુરોપના દેશો વચ્ચે અનેક યુદ્ધ થઈ ચૂક્યાં હતાં અને તેમાં એકથી વધારે દેશો પણ સામેલ થતા હતા. પરંતુ આ યુદ્ધ ઘણા વધુ સુદૃઢ રીતે સંગઠિત થયેલા દેશો વચ્ચેની અથડામણો હતું. એમની પાસે સંપૂર્ણ આધુનિક ટૅકનોલૉજીની સાધનસામગ્રી પણ હતી અને સાથે આક્રમણ તેમજ સુરક્ષાના બધા જ દાવપેચ ખેલીને પણ યુદ્ધ કરવા જાણીતા હતા. આ એવું પ્રથમ યુદ્ધ થયું જેણે સંપૂર્ણ આંતરરાષ્ટ્રીય અર્થતંત્રને તે માટેની તે પરિસ્થિતિ જન્માવવામાં અને સુદૃઢ થવામાં આખીયે 19મી સદી વીતી હતી. આ યુદ્ધમાં સામેલ થનારી સત્તાઓએ સંપૂર્ણ નિષ્ઠા તેમજ ઉત્તેજનાથી આ યુદ્ધમાં ભાગ લીધો, કારણ કે તેઓને વિશ્વાસ હતો કે આ યુદ્ધ ઊંચા આદર્શો તથા અસ્તિત્વને ટકાવી રાખવા માટે લડવામાં આવી રહ્યું છે. આ યુદ્ધમાં સ્થળ, જળ તેમજ આકાશના સ્તરે પણ લડાઈઓ થઈ હતી. નવાં આર્થિક સાધનો ઉપરાંત મનોવૈજ્ઞાનિક યુદ્ધનીતિ પણ અહીં વપરાશમાં લેવાઈ, કારણ કે યુદ્ધમાં જોડાનારા દેશોની દૃઢ માન્યતા હતી કે આ યુદ્ધ જનતાનું યુદ્ધ છે. કેવળ સેનાઓ અને સેનાઓની વચ્ચેનું યુદ્ધ ન રહેતાં તે દેશોની પ્રજાઓ વચ્ચેનું યુદ્ધ બન્યું. યુદ્ધ શરૂ થતાંની સાથે જ એવી સ્થિતિ પર પહોંચી ગયું, જેમાં તેના ભવિષ્ય વિશેનું બધું નિયંત્રણ સેનાઓ અથવા રાજ્યના નેતાઓના હાથમાંથી સરકી ગયું હતું. આવા યુદ્ધનાં પરિણામો પણ દૂરગામી હોય તે સ્વાભાવિક છે. એમાંના કેટલાક ઉપર આપણે અહીં વિચાર કરીશું.

### 13.3.1 માનવજીવનની હાનિ (Loss of Human Lives)

યુદ્ધ દરમિયાન જાનમાલની ભયંકર ખુવારી થઈ. લાખો લોકોએ જાન ગુમાવ્યા. સહુથી વધુ નુકસાન રશિયાને થયું. ત્યાં મરનારની સંખ્યા વીસ લાખ સુધી પહોંચી ગઈ. લગભગ તેટલા જ જર્મનોએ પણ જાન ગુમાવ્યા. ફ્રાન્સ તથા તેનાં સંસ્થાનોમાં મરનારાઓનો આંક તેર લાખની આસપાસ થઈ થયો. લગભગ આવી જ સ્થિતિ ઑસ્ટ્રિયાની થઈ. બ્રિટનના પણ 10 લાખ લોકો માર્યા ગયા. અમેરિકાના લગભગ એક લાખ લોકો માર્યા ગયા. આમ બધું મળીને લગભગ એક કરોડ જેટલા લોકો આ યુદ્ધમાં માર્યા ગયા હતા. તેમાંના મોટા ભાગના તો 40 વર્ષથી પણ નાની ઉંમરના હતા. આ સંખ્યાથી બમણી સંખ્યાના લોકો ઘાયલ થયા અને તેમાંના ઘણાખરા આજીવન અપંગ થયા. ફ્રાન્સમાં થયેલા એક અનુમાન અનુસાર 1914થી 1917 સુધીમાં પ્રત્યેક મિનિટે એક ફ્રેન્ચ માણસે જાન ખોયો હતો. યુદ્ધમાં મરનારની આટલી મોટી સંખ્યા અત્યાર સુધી કદી થઈ નહોતી. આટલી મોટી જાનહાનિને લીધે લિંગ અને આયુષ્યનાં સ્તરો પર ખરાબ અસરો થઈ. સ્ત્રીઓની જાનહાનિ ઓછી હતી. 1911માં બ્રિટનમાં પ્રત્યેક 1000 પુરુષે 1068 સ્ત્રીઓ હતી. પણ 1921માં 1000 પુરુષે 1093 સ્ત્રીઓ હતી. આ પરિસ્થિતિને લીધે સમાજજીવનમાં વિભિન્ન પ્રકારની સમસ્યાઓ ઊભી થાય તે સ્વાભાવિક છે.

### 13.3.2 સામાજિક અને આર્થિક પરિવર્તન (Social and Economic Changes)

જે જે દેશોમાં નારી ઉત્કર્ષની ચળવળો 1914ની પહેલાં જ શરૂ થઈ હતી તેમાં ત્રીસ વર્ષથી ઉપરની આયુવાળી મહિલાઓને સંસદની ચૂંટણીમાં મતાધિકાર આપવામાં આવ્યો. યુદ્ધ દરમિયાન સંપૂર્ણ રાષ્ટ્રીય પ્રયાસની જરૂર ઊભી થઈ હતી. અને આધુનિક યુદ્ધરીતિમાં નાગરિક પ્રજાને ઉત્સાહિત રાખવાનું તેમજ ઔદ્યોગિક ઉત્પાદન વધારવાનું કામ પણ એટલું જ મહત્ત્વનું પુરવાર થયું હતું. જેટલું કે સૈનિકો દ્વારા યુદ્ધ કરવું. યુદ્ધમાંની દરેક પ્રક્રિયાઓ અને ક્ષેત્રોમાં મહિલાઓએ પ્રદાન કર્યું. તેમણે કારખાનામાં કામ કર્યું. દુકાનો, ઑફિસો તથા સ્વૈચ્છિક સેવાની સંસ્થાઓમાં પણ ખડે પગે કામ કર્યું. હૉસ્પિટલો તેમજ શાળાઓ ચલાવી. પુરુષો સાથે ખભેખભો મિલાવીને તેમણે કામ કર્યું. પછી જ તેમની સામે પોતાની સમાનતાના હક્કનો દાવો રજૂ કર્યો. હવે તેમને માટે પણ ઉદ્યોગો તેમજ વ્યાપારના ક્ષેત્રે કામ કરવું સહેલું બન્યું કેમ કે પરંપરાગત રીતો પડી ભાંગી હતી. યુદ્ધના ક્ષેત્રે સમાન સહભાગી હોવાને લીધે સંપૂર્ણ સમાજમાં પણ વર્ગ તથા ધનનાં માપતોલનાં બંધનો ઘણે અંશે કમજોર પડ્યાં હતાં. સામાજિક મૂલ્યોમાં પરિવર્તનો આવવા લાગ્યાં હતાં. સામાજિક મૂલ્યોમાં અને જેમણે યુદ્ધમાં પોતાના જ નફા માટે કામ કર્યું તેવા લોકો સામે સમાજે નફરતથી જોવા માંડ્યું.

પાછળનાં યુદ્ધો કરતાં આ યુદ્ધમાં થયેલા ખર્ચનું પ્રમાણ અભૂતપૂર્વ રીતે મોટું હતું. 20 વર્ષ બાદ લાંબા ચાલેલા નેપોલિયન સામેના યુદ્ધમાં બ્રિટનના દેવામાં આઠ ગણો વધારો થયો. જ્યારે આ યુદ્ધમાં ચાર જ વર્ષમાં 1914થી 1918 આ દેવું બાર ગણું વધી ગયું. એવું અનુમાન કરવામાં આવે છે કે યુદ્ધમાં સામેલ થયેલા દેશોને લગભગ 1960 કરોડ ડૉલરનું નુકસાન થયું. આટલી મોટી ધનરાશિનો ઉપયોગ વિધ્વંસક કાર્યોમાં થવાથી માનવતાનાં કાર્યો શિક્ષણ કે સ્વાસ્થ્ય સંબંધી પણ હોય તેવાં કાર્યોને માટે તો ખૂબ જ નુકસાન થયું ગણાય, કારણ કે એટલું ધન તેવાં કાર્યોમાં ઉપયોગમાં લઈ શકાયું હોત. વિશ્વવ્યાપારના વિકાસને માટે યુદ્ધ પહેલાં કરેલા પ્રયાસો પર હવે જાણે પાણી ફરી વળ્યું. આ આર્થિક ઊથલપાથલ જ યુદ્ધનું સૌથી વધુ માન્યામાં ન આવે તેવું પરિણામ હતું. આ યુદ્ધને લીધે યુરોપનું વિશ્વમાં ઔદ્યોગિક નેતૃત્વ સમાપ્ત થઈ ગયું અને આ ફટકા પછી ચાર વર્ષ બાદ જ્યારે યુરોપ ફરીથી બેઠું થયું અને ઉદ્યોગક્ષેત્રે પોતાનું જૂનું સ્થાન લેવાની પ્રવૃત્તિ આદરી ત્યારે તેણે જાણ્યું કે દુનિયાએ સાધેલી પ્રગતિમાં તે ઘણું પાછળ પડી ગયું હતું. અમેરિકાએ હવે નિકાસમાં સારી એવી પ્રગતિ કરી હતી. દક્ષિણ અમેરિકા તેમજ ભારતમાં સ્થાનિક ઉદ્યોગોમાં ખૂબ વિકાસ થઈ ચૂક્યો હતો. જાપાને કાપડના વેપારમાં પ્રવેશ કર્યો અને ચીને વેપારમાં અડ્ડો જમાવી લીધો હતો. અને તેણે ચીન, ભારત અને દક્ષિણ અમેરિકાનાં બજારો માલથી ભરી દીધાં હતાં. આમ આંતરરાષ્ટ્રીય વેપારનો સમગ્ર નકશો બદલાઈ ગયો. જ્યારે યુરોપના નેતાઓએ સામાન્ય સ્થિતિને ફરી સ્થાપિત કરવાનું વિચાર્યું એટલે કે વિશ્વને 1913ની સ્થિતિમાં લાવવાનું કાર્ય વિચાર્યું. ત્યારે તેઓ એ સમજી શક્યા નહોતા કે આધુનિક યુદ્ધ પણ એક પ્રકારની ક્રાંતિ છે અને 1913નું વિશ્વ પણ એવો જ એક ઇતિહાસનો ભાગ બની ગયું હતું. જેમ હેબ્સબર્ગ તથા રોમનોફ સામ્રાજ્ય ઇતિહાસના ભાગ બની ગયાં હતાં. અગાઉ જણાવ્યા પ્રમાણે યુદ્ધ પછીના યુરોપમાં બધાં આર્થિક સૂત્રો કોઈ ને કોઈ રૂપે યુરોપને વિશ્વયુદ્ધના પહેલાના સમયમાં ફરી લાવવા માટેના હતા, જેવાં પુનર્નિર્માણ યુદ્ધવળતર પૂર્વવત્ સંબંધ, યુદ્ધમાં થયેલાં દેવાંની ચુકવણી અને સોનાના ભાવની સપાટીનું નિયંત્રણ વગેરે.

યુદ્ધ પછીના સમયમાં બાલ્કન પ્રદેશમાં રાષ્ટ્રીયતાની પકડ ખૂબ મજબૂત બની ગઈ હતી. તેઓ સમતોલ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા ધરાવનાર સ્તર સિવાય બીજા કોઈ પ્રકારના સ્તર માટે હિંસાત્મક વલણ રાખતા હતા. નવાં નવાં ઔદ્યોગિક રાષ્ટ્રો પોતાની સુરક્ષાના પ્રયત્નોમાં કામે લાગી ગયાં, જ્યારે જૂનાં ઔદ્યોગિક રાષ્ટ્રો નવા વિરોધીઓનો સામનો કરવા પોતાની તૂટી ચૂકેલી અર્થવ્યવસ્થાને સુરક્ષિત કરવાના કામમાં જોડાઈ ગયાં.

અલ્સેસ તેમજ લોરેનને ફ્રાન્સ સાથે ફરીથી જોડી દેવામાં આવ્યા હતા (વર્સાઈની સંધિ, 1919). 15 વર્ષ સુધી સારની કોલસાની ખાણોનો લાભ ફ્રાન્સને મળવાથી તેને પુનર્નિર્માણના પ્રયત્નોમાં ઘણી સહાય મળી હતી. પરંતુ આ સિવાય એવી પણ કેટલીક આર્થિક સમસ્યાઓ હતી જે આમ માત્ર જર્મની દ્વારા યુદ્ધવળતર ચૂકવવાથી ઉકેલાઈ જાય તેમ નહોતી. દા.ત., બેલ્જિયમનો 2400 માઈલનો મહત્ત્વપૂર્ણ રેલવે માર્ગ તેના પાટાઓનો નાશ થઈ જવાથી બરબાદ થઈ ગયો હતો. યુદ્ધના અંત સુધીમાં તે દેશમાં માત્ર 20 રેલવે એન્જિનો બચી શક્યાં હતાં. તેની 51 સ્ટીલની મિલોમાંથી અડધીથી પણ વધારેનો નાશ થઈ ગયો હતો અને બાકીની પણ જીર્ણ અવસ્થામાં પહોંચી ગઈ હતી. ખરેખર આવાં નુકસાનો લગભગ દરેક રાષ્ટ્રને થયાં હતાં. પુનર્નિર્માણના શરૂઆતના તબક્કે કામ કરવું ઘણું જ અઘરું અને મુશ્કેલીભર્યું હતું. અપંગ સૈનિકો માટે કામ મેળવવું, ઘર વિનાના થઈ ગયેલા લોકોને ઘર બનાવી આપવાં અને ઉદ્યોગોને યથાવત્ કરીને પાટે ચડાવી દેવા વગેરે કાર્યો સરળ ન હતાં.

### 13.3.3 લોકશાહીનો આદર્શ (Democratic Ideals)

તમામ પ્રકારે નુકસાન થવા છતાં યુદ્ધના પરિણામ રૂપે લોકશાહીના આદર્શ અને સિદ્ધાંત પણ પોષણ પામ્યા જેના વિશે સામાન્ય યુદ્ધની ઘોષણા લોકશાહીનાં મૂલ્યોના જતન માટે કરવામાં આવી હતી. સ્વાભાવિક રીતે નવાં સ્વતંત્ર થયેલાં રાષ્ટ્રો લોકશાહીનાં મૂલ્યોને અપનાવવા તત્પર હતાં. એક પછી એક રાષ્ટ્ર લોકશાહી બંધારણ તૈયાર કરવા લાગ્યાં. આ દિશામાં જર્મનીએ પોતે પણ ડગ ભર્યાં અને વેઈમર બંધારણમાં પ્રજાસત્તાકની સ્થાપના કરી અને આજ સુધીમાં જોડાયેલ સંવિધાનમાં સૌથી વધુ લોકશાહીયુક્ત બંધારણ ઘડ્યું. આ બંધારણનો આધાર બ્રિટન, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ તથા અમેરિકાના બંધારણ પર રાખવામાં આવ્યો હતો. પરંતુ આ લોકશાહી પ્રજાતંત્રની સહુથી મોટી નબળાઈ એ હતી કે તેને એક એવા સામાજિક માળખા પર ઠોકી બેસાડવામાં આવતું હતું જેમાં કોઈ પરિવર્તન આવ્યું નહોતું, જે પણ એક આશ્ચર્યની બાબત

હતી. જુદાં જુદાં જૂથોને એકસૂત્રે બાંધવામાં માત્ર એક જ ભાવના હતી પોતાના રાષ્ટ્રને મળેલો પરાજય અને મિત્ર રાષ્ટ્રોએ શાંતિ સંધિની શરતોની વિરુદ્ધમાં પ્રજાનો ઊભો થયેલો રોષ. નવી સત્તા લાંબું ટકી શકી નહીં કારણ કે તેનામાં પ્રજાતંત્રીય પાયાઓ ઉપર ઊભા રહીને રચનાત્મક રીતે રાજ્ય કરવાની યોગ્યતા જ નહોતી.

આ જ રીતે અન્ય યુરોપીય રાષ્ટ્રોમાં જ્યાં લોકશાહીનો પાયો નંખાયો તેના અધૂરા સ્વરૂપને કારણે તેમની સ્થિતિ પણ ડામાડોળ જ રહી. યુદ્ધ બાદના થોડા સમય માટે સમગ્ર યુરોપમાં લોકશાહીનાં મૂલ્યો ફેલાયાં. આ ભાવનાથી સમગ્ર વિશ્વ તરબોળ થઈ ગયું. પરંતુ પછી ઝડપથી એવું અનુભવવા લાગ્યું કે જાણે સંસદીય પ્રકારની લોકશાહીવાળી સરકારો તેમનાં પશ્ચિમી રાજનૈતિક મૂલ્યોને એવાં રાષ્ટ્રો પર ઠોકી રહ્યા હતા. જેમને લોકશાહીનું ઘણું અલ્પ જ્ઞાન હતું અને તેમાંના ઘણા પાસે તો સહેજ પણ જ્ઞાન નહોતું. યુદ્ધને કારણે રાષ્ટ્રભાવનાનો વિકાસ ચરમ સીમાએ પહોંચવાનું કામ આ પ્રકારના પ્રયોગોએ કર્યું. પણ પશ્ચિમ યુરોપના દેશોમાં પણ હજી યુદ્ધની કળ સામાજિક કે આર્થિક સ્તરે વળી નહોતી. એને કારણે આ પરિવર્તન લાવવામાં મુશ્કેલીઓ નડતી હતી. આ સાથે જ યુરોપીય સત્તાઓમાં પણ સ્વરાજ્ય તથા સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની ભાવના પ્રબળ બની રહી હતી.

### 13.3.4 1919નું પૅરિસ સમ્મેલન (The Conference of Paris, 1919)

1913ની વિયેના કૉંગ્રેસની સરખામણીમાં 1919ના પૅરિસ સંમેલનનું સ્વરૂપ વધુ પ્રમાણમાં પ્રતિનિધિત્વ પ્રકારનું હતું. રાજાઓને બદલે આ સંમેલનમાં વડા પ્રધાનો તથા વિદેશ મંત્રીઓ પોતાના દેશોનું પ્રતિનિધિત્વ કરતા હતા. રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સન અને કિંગ આલ્બર્ટે અપવાદરૂપ હતા. આ સંમેલનમાં વડા પ્રધાનો તથા વિદેશમંત્રીઓ પોતાના દેશોનું પ્રતિનિધિત્વ કરતા હતા. આ સંમેલનમાં 32 રાષ્ટ્રોએ ભાગ લીધો. આ સંમેલને જે કાંઈ સફળતાઓ મેળવી તેમાં સમય, સ્થાન, પ્રતિનિધિઓનું સંગઠન તથા સંમેલનની કાર્યપ્રણાલી પણ મહત્ત્વની ભૂમિકા ભજવતી હતી.

જ્યાં સુધી સમયનો પ્રશ્ન છે તેમાં આ સંમેલન જર્મની સાથેના યુદ્ધવિરામ પછી નવ સપ્તાહ બાદ યોજાયું. આમ કરવામાં અમેરિકા તેમજ બ્રિટનની આંતરિક રાજનૈતિક પરિસ્થિતિનો પણ વિચાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ વિલ્સને નિર્ણય કર્યો કે તેઓ સ્વયં આ સંમેલનમાં હાજરી આપશે. તે માટે તેમણે ડિસેમ્બરમાં તેમની (સંસદ) કૉંગ્રેસ તે અંગેનો 'સંઘીય રાષ્ટ્ર' સંદેશ પસાર ન કરે ત્યાં સુધી સંમેલન ભરી શક્યું નહીં. બ્રિટનમાં પણ લોઈડ જ્યૉર્જ સંમેલન પહેલાં જ ચૂંટણી યોજી લેવા ઇચ્છતા હતા, જે ડિસેમ્બરના મધ્યમાં પૂરી થઈ. વિજયના હર્ષોલ્લાસમાં 'કેસરને ફાંસી આપો', 'જર્મની યુદ્ધનું ઋણ ચૂકવે' અને 'બ્રિટન–વીરોની માતૃભૂમિ' જેવાં સૂત્રો સર્વત્ર ગુંજી ઊઠ્યાં. આ ચૂંટણીને લીધે બ્રિટનના હાઉસ ઑફ કોમન્સ (સંસદનું નીચલું ગૃહ)માં ભારે ફેરફારો આવ્યા, અને સંસદમાં એવી ગંભીર મુખમુદ્રાવાળા લોકોનો પ્રવેશ થયો જાણે યુદ્ધમાં તેમણે ખૂબ મહત્ત્વપૂર્ણ કામ કર્યાં હોય. ચૂંટણીના સમયને જોતાં આ પરિણામ જોકે કંઈ આશ્ચર્યજનક કહેવાય નહિ.

સંમેલનના સ્થળની પસંદગી પણ ખૂબ ઝીણવટપૂર્વક ચર્ચાવિચારણા પછી કરવામાં આવી હતી. આરંભમાં વિયેનામાં સંમેલન યોજવાના પ્રસ્તાવ આવ્યા હતા પરંતુ રાષ્ટ્રપ્રતિ વિલ્સનને પૅરિસ વધારે યોગ્ય જણાયું, જ્યાં અમેરિકાનું સૈન્ય હજી મોટી સંખ્યામાં હાજર હતું. એક રીતે આ એક સંકેતવાળું સૂચન પણ ગણી શકાય કારણ કે 1871માં વર્સાઈલ્સના હોલ ઑફ મિરરમાં જ પ્રથમ જર્મની સામ્રાજ્યની ઘોષણા કરવામાં આવી હતી. આ ઉપરાંત વડા પ્રધાન જ્યોર્જ ક્લિમેન્સૂ જેઓ આ સંમેલનના સૌથી વધુ અનુભવી નેતા હતા, તેઓને જ સ્વાભાવિક રીતે આ સંમેલનનું પ્રમુખપદ પણ સંભાળવાનું હતું. તેમને "સેડન"ની યાદ હજી તાજી હતી, જ્યારે ફ્રાન્કો-પ્રશિયન યુદ્ધમાં ફ્રાન્સનો પરાજય થયો હતો. આ બધાંનો ખ્યાલ રાખવાને લીધે પૅરિસમાં આ સ્થળનો યુદ્ધવિરામ સંધિની શરતો બનાવવાના સંમેલનનું સ્થળ નક્કી કરવાથી તેની હારનો જવાબ મળી શકતો હતો.

સંમેલનના પ્રતિનિધિઓની ચૂંટણી વધારે મહત્ત્વની બાબત હતી. આમાં માત્ર સહયોગી મિત્રરાષ્ટ્રોના જ પ્રતિધિઓ નહીં પરંતુ અન્ય 'સંબંધિત સત્તાઓ' પણ પ્રતિનિધિત્વ કરતી હતી. યુદ્ધના અંત સમયે કેટલાંક રાષ્ટ્રો તો કેવળ આ હેતુ માટે જ યુદ્ધમાં ભળી ગયાં હતાં, જેથી અંતિમ સંધિ વખતે તેમની પણ ભાગીદારી હોય. જે ત્રણ વિભાગને પ્રતિનિધિત્વ પ્રાપ્ત નહોતું થયું તેમાં હતાં 'બિનજોડાણવાદી દેશો'. રશિયા હજી ઘરઆંગણની [illegible] તથા હસ્તક્ષેપથી

થતા યુદ્ધનો સામનો કરી રહ્યું હતું અને ભૂતપૂર્વ દુશ્મન દેશો - એટલે કે જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા અને તુર્કી. આ સત્તાઓની આ સંમેલનમાંની ગેરહાજરી ભવિષ્યમાં ઊભી થનાર પરિસ્થિતિઓની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હતી. તેમાં પણ ખાસ કરીને તો જર્મનીની અનુપસ્થિતિ કેમ કે વર્સાઇલ્સમાં થયેલી સંધિની શરતો જાણે સરમુખત્યારશાહીનું જ વલણ ધરાવતી હતી અને તેને લીધે યુરોપને શાંતિ પ્રાપ્ત થઈ છતાં તે જર્મની ઉપર ઠોકી બેસાડેલી જ વ્યવસ્થા હતી અને તેને લીધે જર્મની તેને પોતાની જવાબદારી તરીકે પણ સ્વીકારવા તૈયાર નહોતું, અને તેને વિશે જર્મનીને સહેજ પણ સન્માનની ભાવના પણ ન હતી. આમ સમાધાનની પ્રક્રિયામાં આ પગલું સહુથી વધારે નબળું પુરવાર થયું.




રશિયાના અને જર્મનીના સૈનિકો સાથે-સાથે

પોતાની આટલી બધી મર્યાદાઓ હોવા છતાં પૅરિસ સંમેલન વિશ્વમાં સહુથી મોટું તેમજ મહત્ત્વનું હતું. આ સંમેલનમાં 32 પ્રતિનિધિ મંડળોએ ભાગ લીધો. તેઓ વિશ્વની પ્રજામાંથી ત્રણચતુર્થાંશ લોકોનું પ્રતિનિધિત્વ કરતા હતા. આમ તો યુદ્ધ મહાસત્તાઓની વચ્ચે થયેલું હતું. તેથી આ બાબતે બધું નિયંત્રણ દસ પ્રતિનિધિઓની વ્યક્તિની એક સમિતિના હાથમાં રાખવામાં આવ્યું હતું. તેમાં પાંચ મહાસત્તાઓ - અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઇટાલી તથા જાપાન — ના બબ્બે સભ્યો હતા. થોડા જ સમયમાં જાપાને આ સંમેલનની કાર્યવાહીમાં રસ લેવાનું છોડી દીધું અને અલગ પડી ગયું. 1919ના એપ્રિલના અંત સુધીમાં ઇટાલીએ પણ પોતાનો હાથ પાછો ખેંચી લીધો. છેવટે તો 'ત્રણ વિશાળ રાષ્ટ્રો' દ્વારા જ બધું કામ પાર પાડવામાં આવ્યું. તમે જાણો છો તેમ આ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ હતા અમેરિકાના રાષ્ટ્રપતિ વિલ્સન, ફ્રાન્સના વડાપ્રધાન ક્લીમેન્સ્યૂ અને બ્રિટનના વડા પ્રધાન લોઈડ જ્યૉર્જ. અગાઉ જણાવ્યા પ્રમાણે આખરે તો બે વિરોધી હિતો ધરાવનારાઓ વચ્ચેની આ સમજૂતી જ હતી. વિલ્સન આદર્શવાદી હતા અને લોકશાહી તથા લીગ ઑફ નેશન્સની રચના માટે કટિબદ્ધ હતા. બીજી બાજુ ક્લીમેન્સ્યૂ જૂની પરંપરાના વ્યવહારુ વ્યક્તિ હતા, જ્યારે જર્મની જે ફ્રાન્સના સંરક્ષણ માટે હજી પણ પ્રશ્ન ઉઠાવતું

હતું તેના પ્રત્યે ખૂબ જ દ્વેષની ભાવના રાખતું હતું.

આમ પૅરિસ સંમેલન આદર્શવાદ અને વ્યવહારવાદનાં મૂલ્યો વચ્ચેના સંઘર્ષના રૂપમાં પરિવર્તિત થઈ ગયું. તે ઉપરાંત બધાં જ રાષ્ટ્રો અને મોટા ભાગના રાજનેતાઓના અંદરોઅંદરના વિખવાદની પણ ઉપેક્ષા કરી શકાય તેમ નથી. એમ સ્પષ્ટ જણાય છે કે 1919 દરમિયાન વિશ્વમાં લોકોની જ માનસિક સ્થિતિ હતી તેવું જ સ્વરૂપ આ સંમેલનમાં પ્રતિબિંબિત થતું હતું. એક તરફ આશા અને આદર્શ, બીજી તરફ પીડિત જનતાની સ્વાભાવિક પ્રતિક્રિયામાંની વેરની અને પ્રતિકારની ભાવનાઓ વચ્ચે સંમેલન પણ તનાવોથી ઘેરાયેલું રહ્યું. તમે પોતે જ અનુમાન કરી શકશો કે આવી પાર્શ્વભૂમિકામાં આ સંમેલન સંતોષકારક પરિણામો કેમ લાવી ન શક્યું. જ્યાં સ્થિતિસ્થાપકતા જરૂરી હતી ત્યાં સંમેલને કઠોરતા ધારણ કરી અને જ્યાં કઠોર વલણની જરૂર હતી, દઢતાની આવશ્યકતા હતી ત્યાં નબળું કામ કર્યું. ઇતિહાસકાર ડેવિડ થોમ્પસનના શબ્દોમાં, "ઇતિહાસમાં પૅરિસ સંમેલન એક સ્પષ્ટ નિષ્ફળતાનું પ્રતીક છે, પરંતુ આ નિષ્ફળતા માનવ બુદ્ધિની નિષ્ફળ તા અને અંશતઃ સંગઠનયુક્ત તથા કાર્યશક્તિમાંની નિષ્ફળતા પણ હતી. આનું કારણ અતિ યથાર્થવાદ અથવા આદર્શવાદની ત્રુટિઓ નહિ પણ તેનો ખોટો ઉપયોગ હતું."

### 13.3.5 સત્તાનું નવું સંતુલન (The New Balance of Power)

જેમ તમે પહેલાં વાંચી ચૂક્યા છો, મહાયુદ્ધ કેવળ યુદ્ધ નહિ પરંતુ જીવનના દરેક પાસાને લગતી એક ક્રાંતિ જ હતી. સામાજિક, આર્થિક અને રાજનૈતિક ક્ષેત્રોમાં થયેલી ભયંકર ઊથલપાથલની જેમ જ વિશ્વમાં સત્તાની સમતુલા નવું સંરક્ષણ ઊભું થયું જે હજી તો કોઈ સ્થાયી પ્રકૃતિનું નહોતું, અને સત્તાના વિતરણની પણ સમસ્યા ઊભી થઈ ગઈ હતી. આ યુદ્ધના પરિણામ રૂપે જૂનું રશિયા, ઑસ્ટ્રિયા, હંગેરી, જર્મની તથા તુર્કીનાં સામ્રાજ્યોનું રાજનૈતિક અને લશ્કરી પતન થઈ ચૂક્યું હતું. યુદ્ધની અગાઉ જે પ્રભાવશાળી સ્થાન જર્મની તથા ઑસ્ટ્રિયાનું હતું તે પણ તાત્કાલિક રીતે સમાપ્ત થયું હતું. શાંતિસંધિના સ્થાપકોનો પાયાનો ઉદ્દેશ એ નિશ્ચિત કરવાનો હતો કે જર્મની ઉપર નિયંત્રણ રાખવામાં આવે અને તેની લશ્કરી તાકાતનો અંત લાવવામાં આવે. રાષ્ટ્રીય સંગઠન આર્થિક ઉપયોગિતા તથા લશ્કરી સુરક્ષાના સંદર્ભમાં ઊભી થતી નવી વાસ્તવિકતાની દષ્ટિથી પૂર્વ તેમજ મધ્ય યુરોપનો નવેસરથી નકશો તૈયાર કરવાની પણ સમસ્યા હતી જ.

જર્મનીને નબળું પાડવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા. જર્મન લશ્કરોને તેમણે જીતેલી બધી ભૂમિ પરથી હટી જવાનો આદેશ થયો. આલ્સેસ અને લોરેન ફ્રાન્સને ફરીથી સોંપાયા. રૂહાઈન નદીના ડાબા કિનારે કિલેબંદી કરવાની જર્મનીને મનાઈ ફરમાવવામાં આવી. તેના લશ્કરની સંખ્યા ઘટાડીને 1,00,000 જેટલી કરવામાં આવી અને હથિયારોના ઉત્પાદન પર નિયંત્રણ મૂકવામાં આવ્યું. આ જ પ્રકારે નૌકાદળો તથા સંસ્થાનોના સંદર્ભમાં પણ જર્મની સાથે વ્યવહાર થયો. જર્મન નૌકાદળો હવેથી દસ હજાર ટનના લડાયક વહાણ, 12 વિનાશક જહાજો અને 12 સબમરીનથી વધારે રાખી શકે નહિ તેવી શરત મુકાઈ. એક આદેશમાં જર્મન સામ્રાજ્ય મિત્રરાજ્યોમાં તેમનાં અધિકારક્ષેત્રોના આધારે વહેંચી લેવામાં આવ્યું. પાછળથી આ ક્ષેત્રોની દેખરેખની જવાબદારી લીગ ઑફ નેશન્સને સોંપાઈ.

જેમ અગાઉ જણાવાયું છે તેમ બીજી મોટી સમસ્યા પૂર્વ યુરોપના પુનઃ સંગઠનની હતી. પશ્ચિમની યુરોપની સત્તાઓ સમક્ષ પૂર્વીય પ્રશ્ન ઘણા લાંબા સમયથી વણઊકલ્યો તો હતો જ. વિશ્વયુદ્ધે તેને ઘણો વધારી દીધો. જૂના ઑસ્ટ્રિયન સામ્રાજ્ય ઉપર ઇટાલી તથા પૂર્વ યુરોપમાં ઊભાં થયેલાં નવાં રાષ્ટ્રોને પોતાના અધિકાર ક્ષેત્રમાં સોંપી દેવા માટે દબાણ થયું. આ કઠોર વર્તાવનો શિકાર હેબ્સબર્ગ સામ્રાજ્યનો બીજો અડધો ભાગ પણ બન્યો. આ વલણનો સૌથી વધુ ફાયદો સર્બિયાને થયો જેને હવે 'યુગોસ્લાવિયા'ના નવા દક્ષિણ સ્લાવ રાજ્યમાં પરિવર્તિત કરવામાં આવ્યું.

તુર્કીમાં પણ પરાજય પામવાને પરિણામે આંતરિક રાજનૈતિક ઊથલપાથલ થઈ. સેવરજ (Sevrag)ની સંધિ તુર્કી તથા અન્ય સહયોગી સત્તાઓ વચ્ચે થઈ હતી તેની વિરુદ્ધમાં જાગેલી આ ઊથલપાથલ માટે મુસ્તફા કમાલે નેતૃત્વનો દોર સંભાળ્યો. આ દબાણને લીધે 1923માં 'લોઝેન સંધિ' નામની એક નવી સંધિ ઉપર હસ્તાક્ષરો થયા. આરબોની બહુમતી ધરાવતા પ્રદેશોમાંથી કમાલે બધા દાવા પાછા ખેંચી લીધા, અને તુર્કી રાષ્ટ્રના ઇસ્લામી આધારનો ત્યાગ પણ કર્યો. મુસ્તફા કમાલની અધ્યક્ષતા હેઠળ એક નવા તુર્કી ગણરાજ્યની સ્થાપના કરવામાં આવી. આમ તમે સમજી શકો છો કે પૂર્વ યુરોપના પ્રશ્નની સમજૂતીઓ જેટલી સમસ્યાનું સમાધાન આ સંધિઓએ રજૂ કર્યું તેટલી બીજા પ્રકારની સમસ્યાઓ પણ તેણે ઊભી કરી. આ નવા સંગઠનને લીધે કેટલીક

મધ્યમ સત્તાઓનો પણ ઉદય થયો. જેમકે, પોલેન્ડ, રૂમાનિયા અને યુગોસ્લાવિયા, આરબ રાષ્ટ્રો અને પેલેસ્ટાઈનમાં એક ખાસ યહૂદી રાષ્ટ્ર બનાવવાના સૂચનને ખૂબ સમર્થન મળ્યું. એને લીધે પણ કેટલીક સમસ્યાઓ ઊભી થઈ. આજે પણ એ આંતરરાષ્ટ્રીય રાજનૈતિક સંબંધોમાં તનાવનું કારણ બની ગયેલ છે. આ નવા સંગઠનમાં લઘુમતીઓના અધિકારો તેમજ તેમની રક્ષા અંગેની પણ નવી સમસ્યા ઊભી થઈ.

ખરું જોતાં, પૂર્વ યુરોપનું નવું સંગઠન એ ભયથી બનાવવામાં આવ્યું હતું કે યુરોપમાં બોલ્શેવિક વિચારોનો વિસ્તાર થવા ન પામે. ઇતિહાસકાર ડેવિડ થોમ્પસનના શબ્દોમાં "ફિનલેન્ડથી લઈને પોલેન્ડ તથા રૂમાનિયા સુધીનાં પૂર્વનાં રાજ્યોને વધુમાં વધુ વિસ્તારવાળાં અને મજબૂત બનાવવાના જોરદાર પ્રયત્નો થયા હતા જેથી કરીને આ ક્ષેત્ર સામ્યવાદના જુવાળને આગળ ધપતા અટકાવવામાં સંરક્ષણ હરોળ બની રહે અને તેના પ્રભાવને અટકાવનાર ક્ષેત્ર તરીકે કાર્ય કરી શકે."

### 13.3.6 નવી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા (The New International Machinery)

લીગ ઑફ નેશન્સની રચના સત્તાના રાજકારણની જૂની પરંપરાના વિકલ્પ તરીકે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા ઊભી કરવાના ઉદ્દેશથી થયું હતું. રાષ્ટ્રો વચ્ચેના વિખવાદોને શાંતિપૂર્ણ રીતે શમાવવાના સાધન તરીકે તે ઊભું કરાયું, જે જૂની કૂટનીતિ અને ગુપ્ત સંધિ પ્રણાલીને તિલાંજલિ આપવા માટે હતું. 1914માં યુરોપને લગતા વિશ્વમાં પરિસ્થિતિઓ કેટલી બધી અસામાન્ય સ્તરે પહોંચી હતી. તેને 'આંતરરાષ્ટ્રીય અરાજકતા' પણ કહી શકાય. જોકે એ ખરી રીતે અર્ધ-અરાજક હતી ત્યારે જ સાંસ્થાનિક રાજવંશોના રાષ્ટ્રીય ઝઘડાઓએ સમગ્ર યુરોપને યુદ્ધની ભયાનક આગમાં હોમી દીધું.

આ 'લીગ ઑફ નેશન્સ'ની યોજના રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સને ઘણા ઉત્સાહથી રજૂ કરી. અંત પર્યન્ત બ્રિટન અને ફ્રાન્સના પ્રસ્તાવને સામેલ કરીને તેમાં ફેરફાર કરવામાં આવ્યો, જેમાં લીગ એક તરફ અગાઉના 'કોન્સર્ટ ઑફ યુરોપ'ના વિચારને પુનઃ વિસ્તૃત રીતે રજૂ કરતો આ પ્રસ્તાવ હતો. જોકે હવે તે આંતરરાષ્ટ્રીય સંગઠનના સ્વરૂપે હતો. બીજી તરફ લીગમાં કશુંક નવું અને ભિન્ન તત્ત્વ પણ હતું. કારણ કે તેમાં દરેક સભ્યો શપથ લેવાના હતા કે તે આંતરિક વિખવાદો અને મતભેદોનો ઉકેલ શાંતિપૂર્ણ રીતે જ લાવવા પ્રયત્નો કરશે અને આક્રમણની પરિસ્થિતિ ઊભી થાય તો સહિયારી જવાબદારી ગણાશે.

કોઈ રીતે 'લીગ' સરકાર તો હતી નહિ પણ તેનો ઉપયોગ સરકારો દ્વારા શાંતિ સ્થાપિત કરવામાં મદદગાર સંસ્થા તરીકે કરી શકાય તેમ હતો. એમ સ્પષ્ટ જણાય છે કે આ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઘણી મહત્ત્વની તેમજ ઉપયોગી હતી અને તેના ઉદ્દેશો પણ સારા જ હતા. પરંતુ યુદ્ધોત્તર વિશ્વના સંદર્ભમાં માત્ર ગણી ગાંઠી ચોક્કસ માન્યતાઓની દષ્ટિએ તેને સફળતા મળી. તેણે ધારેલો મુખ્ય સ્વીકૃત સિદ્ધાંત એ હતો કે બધી જ સરકારો હવે શાંતિ ઝંખતી હતી, અને યોગ્ય પણ હતો, કેમકે યુદ્ધમાં થયેલી હોનારતો અને સંહારને લીધે તેમ ધારવું યોગ્ય હતું જ. આ ઉપરાંત તે ધારવાનું શક્ય પણ બન્યું કે આપણે જેમ પાછળના પાઠમાં જાણ્યું તેમ યુરોપમાં પ્રજાસત્તાક સરકારોની સંખ્યા વધી રહી હતી. અને આ પ્રજાસત્તાક સરકારો ભૂતપૂર્વ નોકરશાહી અને રાજવંશી સામ્રાજ્યની સરખામણીમાં વધુ શાંતિપ્રિય હતી. અગાઉ દશાવ્યા મુજબ આ લોકશાહીની સ્થાપના કરનારાં બંધારણો ઘણાં નબળાં પુરવાર થયાં અને લોકશાહીના આદર્શોને સ્વીકારવામાં તેમની રુચિ ઘટવા લાગી. સંતુષ્ટ થયેલો રાષ્ટ્રવાદ પણ શાંતિને માર્ગે વળશે એવી આશા પણ ઠગારી નીકળી. આમ આ બધા ધારી લીધેલા સ્વીકૃત સિદ્ધાંતો પર રચાયેલી 'લીગ ઑફ નેશન્સ'ને કદી મજબૂત સ્થિરતા અને આવશ્યક કાર્યશક્તિ પ્રાપ્ત થઈ શકી નહિ.

લીગના સભ્ય બનવાની સંયુક્ત રાજ્ય અમેરિકાની નિષ્ફળતા, જર્મની અને રશિયાને સભ્યપદમાંથી બાકાત રાખવામાં આવવાથી લીગ માત્ર સંધિની શરતો જ તૈયાર કરી શકી. જાપાને ફક્ત દેખાવ ખાતર રુચિ બતાવી. માત્ર બ્રિટિશ રાષ્ટ્રકુળ ફ્રાન્સ તેમજ ઇટાલી તેના સભ્યો હતા. ઝડપથી ઇટાલીએ પણ પોતાના ફાસીવાદી નેતા મુસોલિનીની આક્રમક નીતિને કારણે 'લીગ'ની અવગણના કરી.

શાંતિ સ્થાપિત કરવાના તેના મુખ્ય હેતુને 'લીગ ઑફ નેશન્સ' બર લાવી શકી નહીં. તેમ છતાં કેટલાક નાના વિખવાદોનો ઉકેલ લાવી શકી ખરી. જ્યારે જ્યારે રાષ્ટ્રોએ પ્રામાણિક રીતે પોતાના મતભેદોને શાંતિપૂર્ણ ઉકેલ માટે રજૂ કર્યા ત્યારે બીજાને 'ઓલેન્ડ' ટાપુઓ વિશે સ્વીડન અને ફિનલેન્ડ વચ્ચેના વિખવાદનું લીગે સુંદર સમાધાન કરાવી આપ્યું. સીમા અંગેના ઝઘડાઓ માટે બાલ્કન પ્રદેશમાં લીગે ત્રણ ત્રણ વખત સફળતાપૂર્વક દરમિયાનગીરી કરી. તેમજ તુર્કી

વચ્ચેના સરહદના મામલાને પણ ઉકેલ્યા. પરંતુ અગાઉ જણાવ્યું તેમ લીગ પાસે પોતાના નિર્ણયોનો અમલ થાય તેવી કોઈ વ્યવસ્થા કે સત્તા નહોતી, તેથી જ્યારે મહાસત્તાઓના પ્રશ્નો ઊભા થયા ત્યારે ત્યાં શાંતિ સ્થાપવાના પ્રયત્નોમાં તે નિષ્ફળ નીવડી.

'લીગ'નાં બે બીજાં મુખ્ય સંગઠનો હતાં. આંતરરાષ્ટ્રીય ન્યાયાલય અને આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન. પ્રથમ સંગઠનનું કાર્ય હતું રાજ્યો વચ્ચેના ઝઘડાઓ અંગે ન્યાય તોળવાનું અને બીજા સંગઠનનું કાર્ય હતું આંતરરાષ્ટ્રીય સ્તરે મજૂરવર્ગની સમસ્યાઓનું સમાધાન શોધવાનું. આજે યુનાઈટેડ નેશન્સમાં આ બંને સંસ્થાઓ હજી પણ નવા આંતરરાષ્ટ્રીય સંગઠનના મુખ્ય ભાગ તરીકે કામ કરે છે.

## 13.4 વિશ્વયુદ્ધ અને ભારત (World War and India)

જોકે વિશ્વયુદ્ધમાં ભારતે સીધો ભાગ લીધો નહોતો, તેમ છતાં તે યુદ્ધની અસરમાંથી અલિપ્ત રહી શક્યું નહિ. ભારતીય સમાજ અને અર્થતંત્ર પર તેનો ઘણો ઊંડો પ્રભાવ પડેલો જણાય છે. જોકે એ પણ નોંધવું અત્રે જરૂરી છે કે ભારતીય પ્રજાનાં જુદાં જુદાં સ્તરોએ જુદા જુદા પ્રભાવનો અનુભવ કર્યો. ગરીબ સ્તરના લોકો માટે તે વધુ ગરીબી હતી. યુદ્ધના કારણે લોકો પર કરવેરાનો બોજો ખૂબ જ વધી ગયો. કૃષિ પેદાશોની મોટી અછત યુદ્ધના પ્રયત્નોને લીધે ઊભી થઈ હતી, અને તે સાથે રોજના વપરાશની ચીજો પણ બજારમાંથી અદૃશ્ય થઈ ગઈ. પરિણામે વસ્તુઓના ભાવોમાં ખૂબ જ વધારો થતો ગયો. આવી ભયાનક પરિસ્થિતિમાં પ્રજા સરકારની વિરુદ્ધમાં ચલાવાતી કોઈ પણ પ્રકારની ચળવળમાં જોડાવા તૈયાર થઈ ગઈ. પરિણામે યુદ્ધનાં વર્ષો પણ તીવ્ર રાષ્ટ્રવાદી રાજકીય સ્વાતંત્ર્ય ચળવળ માટેનાં બની રહ્યાં. તુરત જ અસહકાર આંદોલન સ્વરૂપે ગાંધીજીના નેતૃત્વ નીચે એક વિશાળ જનઆંદોલન ઢીલું થયું અને તેનું નેતૃત્વ મહાત્મા જેના વિશે તમે આગળના એકમમાં વિગતે જાણી શકશો.

બીજી બાજુ યુદ્ધને લીધે ઉદ્યોગપતિઓને ખૂબ જ નફો પણ થયો. યુદ્ધને કારણે બ્રિટનના અર્થતંત્રમાં કટોકટી પેદા થઈ હતી અને ઉત્પાદનને માટે તેણે પોતાનાં સંસ્થાનો પર આધાર રાખવો પડતો હતો, ખાસ કરીને ભારતીય ઉદ્યોગો પર તે આધાર હતો. દાખલા તરીકે, શણ ઉદ્યોગ આ વર્ષોમાં ખૂબ જ ઝડપથી વિકાસ પામ્યો. એક રીતે યુદ્ધે ભારતનો ઔદ્યોગિક વિકાસ પણ કર્યો એક કહી શકાય. આવેલી તકનો લાભ ભારતીય ઉદ્યોગપતિઓએ પણ સંપૂર્ણપણે લીધો અને હવે તેને યુદ્ધ પૂરું થયા પછી પણ સાચવી રાખવા માગતા હતા. આ કારણે તેઓ સંગઠિત થવા અને સંગઠિત રાષ્ટ્રીય ચળવળને મદદ કરવા પણ તૈયાર થયા.

આ યુદ્ધને લીધે ભારતમાં રાષ્ટ્રવાદનું મોજું લોકોનાં જુદાં જુદાં સ્તરોમાં ફેલાયું, જોકે તે માટેની પ્રક્રિયાઓ પણ જુદી જુદી જ હતી. ભારતનો આર્થિક વિકાસ પણ ખાસ આકાર ધારણ કરવા લાગ્યો અને આવનાર વર્ષોમાં વધુ વિકસ્યો. આની વધુ વિગતો પાછળનાં એકમોમાં અપાશે.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. વિશ્વયુદ્ધને કારણે જુદા જુદા દેશોમાં આવેલાં સામાજિક અને આર્થિક પરિવર્તનો વિશે નોંધ લખો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. 'લીગ ઑફ નેશન્સ'ની બે સહયોગી સંસ્થાઓનાં નામ જણાવો. તેમનાં કાર્યો શું હતાં ?

..................................................................................

..................................................................................

..................................................................................

........................................ ........................................

........................................................................................

3. નીચેનાં વિધાનોમાંથી ખરાંની સામે (√)ની નિશાની અને ખોટાંની સામે (×) નિશાની કરો :

(ક) પહેલાંનાં મોટા ભાગનાં યુદ્ધોથી પ્રથમ વિશ્વયુદ્ધ કેવળ સરકારો વચ્ચે જ નહિ પણ પ્રજાઓ વચ્ચેનું હતું.

(ખ) વિશ્વયુદ્ધમાં થયેલા માનવ સંહારને લીધે યુરોપમાં લિંગ તેમજ વયનાં જૂથોના માળખા પર અસર થઈ હતી.

(ગ) વિશ્વયુદ્ધને પરિણામે લોકશાહી ખ્યાલો અને મૂલ્યોનો ફેલાવો અટકી ગયો.

(ઘ) ભારતની પ્રજાનાં દરેક સ્તર ઉપર વિશ્વયુદ્ધનો એક સરખો પ્રભાવ પડ્યો હતો.

## 13.5 સારાંશ

અહીં અમારો ઉદ્દેશ તમારી સમક્ષ પ્રથમ વિશ્વયુદ્ધનાં મુખ્ય કારણો અને પરિણામો રજૂ કરવાનો હતો. તમે નોંધ્યું હશે કે 1914માં મિત્ર રાષ્ટ્રોની એક માત્ર મહેચ્છા હતી કે યુરોપમાંથી જર્મનીનું પ્રભુત્વ સમાપ્ત કરવું. તેમણે રશિયામાં સમાજવાદી ક્રાંતિ લાવવા જૂના સામ્રાજ્યનો નાશ કરવા રાષ્ટ્રોની સ્થાપના કરવા કે લીગ ઑફ નેશન્સ જેવો નવો પ્રયોગ કરી શકાય તેટલા માટે યુદ્ધ નહોતું શરૂ કર્યું. યુદ્ધનાં સર્વથી મીઠાં ફળો એવી પ્રજાઓને મળ્યાં જેમણે યુદ્ધમાં બહુ થોડો ભાગ લીધો હોય, અથવા લીધો જ ન હોય. સંયુક્ત રાજ્ય અમેરિકાનો વિકાસ એક મહાન આર્થિક સત્તા તરીકે થયો. પ્રશાંત મહાસાગરમાં જાપાનને આર્થિક અને નૌકાસેનાની દષ્ટિએ પ્રાધાન્ય મળ્યું અને ભારતમાં સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી. વિજયી મિત્ર રાષ્ટ્રોએ કેટલાક હેતુઓ પાર પાડ્યા હોવા છતાં વિશ્વને વિનાશ, દેવાં, ગરીબી, શરણાર્થી લઘુમતીની સમસ્યાઓ અને આંતરિક જૂથબંધીની દુ:ખદાયક ભેટ ધરી.

## 13.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**મિત્રરાષ્ટ્રો** (Allies) : એવાં રાષ્ટ્રો અને રાજકીય પક્ષો જેમણે ઔપચારિક જૂથબંધી કરી હોય અને સમાન હેતુઓ બર લાવવા સહયોગી કાર્ય કરતા હોય.

**લશ્કરવાદ** : રાષ્ટ્રને સૈનિક બળ બનાવી આપવાની નીતિ.

**શ્રેષ્ઠ અલગાવ** : 19મી સદીના અંતિમ વર્ષોના યુરોપમાં ચાલતા ઝઘડાઓમાં હસ્તક્ષેપ ન કરવાની બ્રિટનની નીતિને આ નામે ઓળખવામાં આવે છે.

**પૂર્વનો પ્રશ્ન** (Eastern Question) : યુરોપના મધ્ય પૂર્વના દેશોની સમસ્યાઓથી સંબંધિત શબ્દ છે. દા.ત. તુર્ક સામ્રાજ્યના પતનની પ્રક્રિયા, તેમાંથી છૂટા થવા માટે પૂર્વ યુરોપના દેશોમાં થતા પ્રયત્નો અને તુર્કીમાં યુરોપીય સત્તાઓમાં હિતોની અથડામણોથી થતા પ્રશ્નો વગેરે.

## 13.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (1) √ (2) √ (3) √ (4) ×    2. 13.2.1    3. 13.2.2

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. 13.3.2    2. 13.3.6    3. (1) √ (2) √ (3) × (4) ×

# એકમ 14 રશિયાની ક્રાંતિ : કારણો, તબક્કાઓ અને મહત્ત્વ (The Russian Revolution : Causes, Course and Significance)

**રૂપરેખા**

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 રશિયન ક્રાંતિ વિશે વાંચવું શા માટે જરૂરી છે ?
14.3 રશિયન ક્રાંતિનાં કારણો
 14.3.1 ખેડૂતોની સ્થિતિ અને ખેડૂતવર્ગ
 14.3.2 કામદારો, ઉદ્યોગીકરણ અને ક્રાંતિ
 14.3.3 રાષ્ટ્રીયતાનો પ્રશ્ન
 14.3.4 રાજનૈતિક જૂથો : નેતાગીરી
14.4 ક્રાંતિના તબક્કાઓ
14.5 રશિયાની ક્રાન્તિનાં લક્ષણો અને મહત્ત્વ
 14.5.1 આર્થિક પાસાં
 14.5.2 સામાજિક પાસાં
 14.5.3 રાજનૈતિક પાસાં
 14.5.4 આંતરરાષ્ટ્રીય પાસાં
14.6 ભારતના રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય આંદોલન પર પ્રભાવ
14.7 સારાંશ
14.8 ચાવીરૂપ શબ્દો
14.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 14.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે –

- વિશ્વમાં પ્રભાવ ફેલાવનારી ઘટનાના સ્વરૂપમાં રશિયામાં થયેલી ક્રાંતિના મહત્ત્વનું વિશ્લેષણ કરી શકશો.
- આ ક્રાંતિનાં કારણોની સ્પષ્ટતા કરી શકશો.
- ભારતીય સ્વતંત્રતા આંદોલન સાથે આ ઘટના અને તેના પ્રસ્તાવનો સંબંધ જોડી શકશો અને સમજી શકશો કે સામાજિક, આર્થિક અને રાજનૈતિક શબ્દાવલિઓમાં 'સમાજવાદી સમાજ'નો શો અર્થ થાય છે ?

## 14.1 પ્રસ્તાવના

1917ના ઑક્ટોબર માસમાં રશિયાની ક્રાંતિ થઈ. તેને 'બોલ્શેવિક ક્રાંતિ' પણ કહે છે. આ સમાજવાદી ક્રાંતિ હતી. એકમ 13માં તમે જોયું કે સમાજવાદ શું છે અને તે કઈ રીતે મૂડીવાદી સમાજ કરતાં ઘણો વધારે વિકસિત, ન્યાયસંગત અને સમાનતાવાદી છે. રશિયાની આ ક્રાંતિનો ઉદ્દેશ પણ આવો સમાજ સ્થપાય તે હતો. આ ક્રાંતિનું નેતૃત્વ સમાજવાદી લોકતાંત્રિક મજૂર પંથી (Russian Socialist Democratic Labour Party) (RSDLP) અને ખાસ કરીને તો બોલ્શેવિકોએ કર્યું હતું. આર.એસ.ડી.એલ.પી. એ કામદારો અને શ્રમજીવી વર્ગનું પ્રતિનિધિત્વ કર્યું જે ક્રાંતિની નેતૃત્વશક્તિ હતા. ખેડૂતવર્ગે પણ મહત્ત્વની ભૂમિકા અદા કરી. વાસ્તવમાં આ

ક્રાંતિ મજૂરોએ જ શરૂ કરી કારણ કે તે સર્વથા શોષિત અને પીડિત વર્ગ હતો. આ માટે પ્રવર્તમાન સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થાને ઉથલવામાં તેમનું જ હિત સહુથી વધારે સચવાતું હતું.

## 14.2 રશિયાની ક્રાંતિ વિશે વાંચવું શા માટે જરૂરી છે (Why You Should Study It)

અહીં આપણને એ પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે કે આધુનિક ભારતના ઇતિહાસના અભ્યાસક્રમમાં રશિયાની ક્રાંતિ વિશે શા માટે વાંચવું પડે ? પરંતુ તમારે એ જાણવું આવશ્યક છે કે બધી જ ઘટનાઓ - ભલે તે ગમે તેટલી પરિવર્તનકારી હોય - માત્ર એક ઐતિહાસિક સંદર્ભમાં જ બને છે, અને પછી ભવિષ્યના માનવ વિકાસના ઉદ્દેશથી તે પણ ઐતિહાસિક સંદર્ભનો એક ભાગ બની જાય છે. સમાજવાદી વિચારોના ઉદ્‌ભવથી અને ખાસ કરીને સામ્યવાદી વિચારધારાએ માનવને સામાજિક તથા રાજનૈતિક સ્થિતિઓની વાસ્તવિકતાની સમજણ આપી છે. એટલું જ નહિ, માનવ-ઇતિહાસના વહેણને પણ બદલાવી નાંખ્યું. પોતાના વર્તનથી રશિયાની ક્રાંતિએ પુરવાર કર્યું કે શોષિત સમાજને ઉખેડીને નવા મુક્ત અને ન્યાય સંગત સમાજની સ્થાપના પણ




ચિત્ર : 3 "તેમણે ક્રાંતિને રોકવાના પ્રયાસો કર્યા ?

સંભવિત છે જ. તે સમયથી થતાં આવેલાં દરેકેદરેક સ્વાતંત્ર્ય આંદોલન અને મુક્તિ આંદોલનો પર આ ક્રાંતિનો ભારે પ્રભાવ પડતો રહ્યો છે. આમાં ભારતના રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલન અને ખાસ કરીને કામદાર જનતાના ક્રાંતિકારી સંઘર્ષોને પણ પ્રોત્સાહન મળ્યું. આને લીધે જ આજે અહીં રશિયન ક્રાંતિ વિશે જાણવું આવશ્યક છે.

## 14.3 રશિયન ક્રાંતિનાં કારણો (Causes of the Russian Revolution)

1917 સુધીમાં રશિયાનો મજૂરવર્ગ પોતાને સહેવી પડતી અમાનવીય પરિસ્થિતિને વધારે સહન કરવા તૈયાર નહોતો. આ સમય સુધીમાં તેમનું રાજકીય સ્તર પર સંગઠન પણ થઈ શક્યું હતું. આથી તેઓ જૂની સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થાને ઉથલાવવાની ક્ષમતા ધરાવતા હતા. પરંતુ પ્રશ્ન થાય જ કે શા માટે આ જ સમયે ?

1917ના પહેલાંના દાયકાઓમાં રશિયાનો સમાજ એક મહત્ત્વપૂર્ણ પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો હતો અને તે પરિવર્તનો આમ પણ જૂની સામાજિક સ્થિતિ માટે ખતરનાક તો હતાં જ. આ પરિવર્તનોથી ઉત્પન્ન થયેલાં સામાજિક તેમજ આર્થિક બળોનાં હિતો તથા મહત્ત્વાકાંક્ષાઓ ભિન્ન હતી. આમ 1917 સુધીમાં જૂનાં તથા નવાં બળો વચ્ચે આંતરવિરોધ અને ધ્રુવીકરણ થવા જ લાગ્યું હતું. રશિયન ક્રાંતિકારી આંદોલને નવાં બળોને જનતાની આશાઓના પ્રતિનિધિ બનાવ્યા, જ્યારે બીજી બાજુ રશિયાનું પ્રશાસન પરંપરાગત શાસકવર્ગનાં હિતોનું પ્રતિનિધિત્વ



ચિત્ર : 4 "તમારો તાજ સાથે લેતા જાવ"

કરતું હતું. 1917 સુધી તો રશિયામાં એકતંત્રી સત્તાપ્રણાલી હતી જ્યાં કોઈ પ્રકારે જનતાના પ્રતિનિધિત્વ માટે જગ્યા નહોતી. જનતાને રાજનૈતિક સંગઠનો બનાવવાનો પણ અધિકાર નહોતો. સખત નિયંત્રણ રાખવામાં આવતું. અને મનસ્વી રીતે લોકોની ધરપકડ થતી હતી. ધાર્મિક સહિષ્ણુતા પણ નહોતી અને જે રશિયન પ્રજા ન હોય તેમનું શોષણ થયા કરતું. રશિયા એક બહુ રાષ્ટ્રીય સામ્રાજ્ય હતું અને પોતાની શક્તિનો ઉપયોગ તેણે હંમેશા યુરોપમાં ઊભાં થતાં જનતાનાં આંદોલનો (Policeman)થી ઓળખવામાં આવતું હતું.
ઉચ્ચ રશિયા એકતંત્રી જમીનદાર કુલીન વર્ગ તથા મધ્યમ વર્ગના ટેકાથી મજબૂત રહેતું હતું. આ ટેકાના બદલામાં અપેક્ષા હતી કે આ એકતંત્રી શાસન વ્યવસ્થામાં આ વર્ગોના વિશેષાધિકારો કાયમ રહે તેવી સ્થિતિ ચાલુ રહે. આમ 1917 સુધીમાં માત્ર જૂનાં અને નવાં બળો અને રશિયાના પ્રશાસન વચ્ચે પણ આંતર વિરોધ હતો. આને લીધે જ રશિયાના ક્રાંતિકારી આંદોલને એકતંત્રીય સત્તાનો તખતો ઉથલાવવાનો પ્રયાસ કર્યો.

### 14.3.1 ખેડૂતોની સ્થિતિ અને ખેડૂતવર્ગ (The Agrarian Situation and the Peasantry)

ખેત ગુલામોની મુક્તિ પછી પણ રશિયાનો ખેડૂતવર્ગ સમાજનો સર્વાધિક શોષિત વર્ગ રહ્યો હતો. ખેતરના માલિક હોય તેવા કુલીન વર્ગનું પ્રાધાન્ય કાયમ જ હતું. ખેડૂતો જોકે સ્વતંત્ર થયા હતા, પરંતુ ખેડૂતોને પોતાની સ્વતંત્રતાની કિંમત ચૂકવવી પડતી હતી. અને તે પણ એટલી બધી કે તેઓ સદાય દેવામાં ડૂબેલા રહેતા. રાજ્યને આપવાના કરવેરાના બોજા હેઠળ પણ ખેડૂતો દબાયેલા રહેતા હતા. પરિણામે ખેડૂતવર્ગમાં ભારે અસંતોષ ફેલાતો ગયો અને વીસમી સદીની શરૂઆતનાં વર્ષોમાં ખેડૂતોનાં આંદોલનોની સંખ્યા તેમજ ઉગ્રતા વધવા લાગ્યાં હતાં. ખેતીની દશા પછાત જ રહી કેમ કે ખેડૂતો પાસે પોતાની જમીનને ફળદ્રુપ બનાવવાનાં સાધનો માટે કોઈ મૂડી હતી નહીં અને જમીનદાર કુલીન વર્ગ નવી નવી ટૅકનીક ખેતીમાં ઉપયોગ કરવા ઇચ્છતો નહોતો કેમકે ગરીબ ખેડૂતોના સ્વરૂપે તેમની પાસે મજૂરી કરનારા માનવો જ હતા. જોકે ખેતી વ્યવસ્થા રશિયાની આર્થિક વ્યવસ્થાનું મહત્ત્વનું અંગ હતું અને વસ્તીનો મોટો ભાગ ખેડૂતવર્ગમાં હતો. આને લીધે ખેતી સંબંધી તથા ખેડૂતોને લગતી સમસ્યાઓ પણ રશિયાની ક્રાંતિ માટે કારણરૂપ બની ગઈ, અને આ માટે આંદોલનનો મોટો હિસ્સો ખેડૂતવર્ગનો બન્યો હતો.

### 14.3.2 કામદારો, ઉદ્યોગીકરણ અને ક્રાંતિ (Workers, Industrialisation and Revolution)

રશિયામાં ઉદ્યોગીકરણની એવી પ્રકૃતિ હતી કે જેણે અન્ય દેશોની સરખામણીમાં ઘણા વધારે ઉગ્ર અને રાજનૈતિક મજૂર (કામદાર) આંદોલનને જન્મ આપ્યો. ઉદ્યોગીકરણના પ્રથમ તબક્કાઓમાં ઘણા મોટા મોટા ઉદ્યોગોની સ્થાપના થઈ અને તેમાં બહુ મોટી સંખ્યામાં કામદારોને રાખવામાં આવ્યા. આમ ઘણી મોટી સંખ્યા ધરાવતા મજૂરોમાં એક સાથે સર્વ સામાન્ય ફરિયાદો અને એકસરખાં હિતો માટેના સંઘર્ષને ઊભા થવાનો અવકાશ મળ્યો. તે ઉપરાંત સત્તાધારીઓએ પણ ઉદ્યોગીકરણમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. રશિયાનો ઉચ્ચ મધ્યમ વર્ગ એટલો વિકસિત અને મજબૂત નહોતો જેટલો પશ્ચિમી યુરોપીય દેશોમાં હતો. ત્યાં તો આ મધ્યમ વર્ગે પોતે જ ઉદ્યોગીકરણની મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. તેને લીધે રશિયામાં આ સત્તાધારી વર્ગ સાથે મજબૂત સંબંધો બાંધેલા હતા. અને તેથી ભિન્ન રીતે રશિયાના કામદાર વર્ગનું આંદોલન એકતંત્રી સરકાર વિરુદ્ધ હતું તેથી મૂડીવાદીઓની જ નહિ પરંતુ આ ઉચ્ચ મધ્યમ વર્ગની પણ વિરુદ્ધ હતું.

### 14.3.3 રાષ્ટ્રીયતાનો પ્રશ્ન (The Nationalities Question)

રશિયા એક બહુરાષ્ટ્રીય રાજ્ય હતું. શાસક વર્ગ રશિયામાંથી આવતો હતો અને તેથી રાજ્યના અન્ય ભાગોને પણ રૂસીકરણની પ્રક્રિયા હેઠળ બળપૂર્વક લાવતો હતો. તેઓ અર્થ એ થતો કે અન્ય જાતિઓ અથવા રાષ્ટ્રોની ભાષા, સાહિત્ય તેમજ સંસ્કૃતિનો વિકાસ અટકાવવો. આ વિભાગોનું આર્થિક શોષણ પણ કરવામાં આવતું. હકીકતમાં એ વિભાગો જાણે કેન્દ્રનાં સંસ્થાનો જ હતાં. રશિયાના પોતાના ઔદ્યોગિક વિકાસ માટે આ વિભાગોનો કાચો માલ પ્રાપ્ત કરવા માટે ઉપયોગ થતો હતો. આમાં કોકેશિયન, કઝાક, કરાગિઝ, પૉલિશ વગેરે ઘણી અસંતુષ્ટ

પ્રજાઓ હતી જેમણે તે સમયે ચાલતા સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થાને ઉથલાવવાના ક્રાંતિકારી આંદોલનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

### 14.3.4 રાજનૈતિક જૂથો : નેતાગીરી (Political Groups : Leadership)

કોઈ પણ ક્રાંતિકારી પક્ષ ત્યારે જ સફળ થાય છે જ્યારે તે સાંપ્રત પરિસ્થિતિઓની યોગ્ય સમીક્ષા કરી શકે, યોગ્ય યોજના બનાવી શકે અને તેની પાસે સામાન્ય નાગરિકોના હિત માટેનો કોઈ ઉદ્દેશ હોય છે. રશિયાની ક્રાંતિમાં પણ ઘણા ક્રાંતિકારી પક્ષો સક્રિય હતા, જેમણે સામાન્ય જનતામાં ખાસ કરીને મજૂરોના વર્ગમાં જાગૃતિ અને ચેતના લાવવા માટે રાજનીતિનું શિક્ષણ, પ્રચાર અને આંદોલન વગેરે સાધનોનો ઉપયોગ કર્યો, અને અર્થપૂર્ણ ભૂમિકા અદા કરી. ક્રાંતિકારી આંદોલનોમાં એકતા લાવવા તથા જાળવવા તેમજ તેનું માર્ગદર્શન કરવા માટે મજૂરો તેમજ ખેડૂતોનાં સંગઠનો પણ બનાવ્યાં. 19મી સદીના અંત સુધીમાં જે મહત્ત્વની રાજનૈતિક પ્રવૃત્તિઓ થઈ તે આ પ્રમાણે હતી : લોકપ્રિય પ્રવૃત્તિ, સમાજવાદી ક્રાંતિકારી, ઉદારવાદી તથા સામાજિક-જનવાદી માર્ક્સવાદી વગેરે જેને ખાસ કરીને બોલ્શેવિક ક્રાંતિ પછીના દાયકામાં લૅનિન જ બોલ્શેવિક પાર્ટી તથા રશિયાની ક્રાંતિના નેતા રહ્યા અન્ય નેતાઓ ત્રોત્સકી, બુખારીન અને સ્ટાલિન હતા.

## 14.4 ક્રાંતિના તબક્કાઓ (Stages of Revolution)

રશિયામાં ક્રાંતિકારી આંદોલન 19મી સદીમાં શરૂ થયું. પ્રથમ તબક્કામાં તો માત્ર મધ્યમ વર્ગના બુદ્ધિજીવીઓ જ તેમાં જોડાયા હતા. જેમ જેમ મજૂરો તેમજ ખેડૂતોમાં અસંતોષ વધતો ગયો અને તેઓ પોતાના શોષિત દરજ્જાની પ્રત્યે જાગ્રત થવા લાગ્યા, ત્યારે તેમણે પણ રશિયાની એકતંત્રી સત્તાની વિરુદ્ધ સંઘર્ષ કરવાનું શરૂ કર્યું. વીસમી સદીના આરંભ સુધીમાં ક્રાંતિકારી આંદોલન પ્રજાનું આંદોલન બની ચૂક્યું હતું, અને તેમાં મજૂરો અને ખેડૂતોએ જ નિર્ણાયક અથવા ચોક્કસ ભૂમિકા અદા કરી.



'1905ની ક્રાંતિ' વી. મકોવ્સકી દ્વારા બનાવેલું ચિત્ર, જાન્યુઆરી 1905

રશિયાની એકતંત્રી સત્તા ઉપર પહેલો હુમલો 1905માં થયો. આને 1905ની ક્રાંતિ અથવા 1917ની ક્રાંતિનું 'ડ્રેસ રિહર્સલ' પણ કહે છે. આ સમયે ખેડૂતો અને મજૂરોએ રાજ્યમાં પ્રજાતંત્ર હોય તેવી માંગણીઓ રજૂ કરવા માંડી. પહેલી વખત એક વિશાળ હડતાળનું સફળ આયોજન થયું. લશ્કરની કેટલીક ટુકડીઓએ પણ વિદ્રોહ કર્યો. 1905ની ક્રાંતિ દરમિયાન પ્રથમ 'સોવિયેટ' અસ્તિત્વમાં આવ્યું. તે મજૂર પ્રજાનું ક્રાંતિકારી સંગઠન હતું. આ ક્રાંતિ એકતંત્રી સત્તાને ઉથલાવવામાં સફળ તો ન થઈ, પરંતુ મજૂરો અને ખેડૂતોએ આ ક્રાંતિ દરમિયાન મેળવેલા અનુભવો તેમને માટે ખૂબ મૂલ્યવાન સાબિત થયા.

આ ક્રાંતિ પછીનાં પાંચ-છ વર્ષ દમનનાં હતાં. આ વર્ષોમાં ઘણા ક્રાંતિકારીઓની ધરપકડ થઈ અને મજૂર સંગઠનોને પણ વિખેરી નાંખવામાં આવ્યાં. રશિયાની અર્થવ્યવસ્થા અને જનતા પર

પ્રભાવ પાડે તેવી પછીની ઘટના હતી. પ્રથમ વિશ્વયુદ્ધ, જેને લીધે જનતા પર ખૂબ પ્રતિકૂળ અસરો પડી અને જનતાંને રાજનીતિ સાથે તેણે જોડવામાં મદદ કરી. આ રીતે બધાં રાજનૈતિક પરિબળોમાં એકતંત્રીય સત્તાના વિરોધનું સૂત્ર પરોવાઈ ગયું.




'સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ' એક પોસ્ટકાર્ડ, ફેબ્રુઆરી 1917

આવા રાજનૈતિક વાતાવરણમાં પેટ્રોગ્રાડમાં બ્રેડની મોટી અછત ઊભી થઈ, અને ફેબ્રુઆરીમાં ક્રાંતિ ભડકી ઊઠી. થોડા જ દિવસોમાં લોકોમાં સૂત્રો બોલાવા લાગ્યાં. 'એકતંત્રી સત્તાનો નાશ થાઓ.' આખા શહેરમાં લાલ ઝંડા લહેરાવવા લાગ્યા. આ પવન જલદીથી બીજાં શહેરો તેમજ



'એક પોલીસ સ્ટેશનની નજીક લડાઈ.' ફેબ્રુઆરી 1917

ગામડાંમાં ફેલાઈ ગયો. છેવટે લશ્કર પણ ક્રાંતિકારીઓના પક્ષમાં ભળી ગયું. હવે એકતંત્રી સત્તાનું સમર્થન કરનાર કોઈ ન રહ્યું. ફેબ્રુઆરી ક્રાંતિના પરિણામે એકતંત્રી સરકાર ઊથલી પડી અને કામચલાઉ સરકારની સ્થાપના કરવામાં આવી. આ ક્રાંતિમાં મજૂરો તથા ખેડૂતોએ પ્રમુખ ભૂમિકા અદા કરી હતી અને ઉચ્ચ મધ્યમ વર્ગે પણ તેમનું સમર્થન કર્યું હતું. આમ તે મધ્યમ વર્ગીય જનતંત્રવાદી ક્રાંતિ હતી. હવે, જે કામચલાઉ સરકાર બનાવાઈ તેમાં પણ ઉચ્ચ મધ્યમ વર્ગ તથા જમીનદારી ધરાવતા કુલીન વર્ગના સભ્યોના હાથમાં જ સત્તા ગઈ, અને સ્વાભાવિક રીતે તેઓ પોતપોતાના વર્ગોનાં હિતોનાં જ પ્રતિનિધિત્વ કરતા હતા.






કામચલાઉ સરકારની જમીન સંબંધી નીતિની મશ્કરી ઉડાવતું કાર્ટૂન

જમીનદાર : 'તમે એક પગે કેમ ઊભા છો ?

ખેડૂત : "બીજો પગ મૂકવાની જગ્યા જ નથી. બધી જમીન તમારી છે. મારા પર તો દાવો પણ થઈ શકે." 1917

આને લઈને કામચલાઉ સરકાર અને એકતંત્રી સત્તાની નીતિઓમાં કોઈ ખાસ પરિવર્તન આવ્યાં નહીં. તેમ છતાં તે સરકાર રાજનૈતિક સ્વતંત્રતા આપવા માટે તો મજબૂર હતી, કારણ કે ફેબ્રુઆરી ક્રાંતિના પરિણામે ખેડૂતો અને લશ્કરી પ્રતિનિધિઓનાં સોવિયેટો બની ચૂક્યાં હતાં, જે 1905માં થયું હતું. આ સોવિયેટોમાં કામદાર પ્રજાનું અને તેમનાં હિતોનું પ્રતિનિધિત્વ થતું હતું. આથી શરૂઆતથી જ આ બંને વચ્ચે આંતરવિરોધ હતો જે 1907ની ક્રાંતિ સુધી ચાલ્યો અને 1917માં કામચલાઉ સરકારનું પણ વિસર્જન કરવામાં આવ્યું.

આમ, ફેબ્રુઆરી 1917 અને ઑક્ટોબર 1917ના વચગાળાના સમયમાં શ્રમજીવીઓની સમાજવાદી ક્રાંતિ માટેની પરિસ્થિતિઓ ઊભી થઈ ચૂકી હતી. મજૂરો, ખેડૂતો તેમજ સૈનિકો પરસ્પર આધારિત પોતાનાં સમાન હિતો વિશે તેમજ કામચલાઉ સરકારના વિરોધ માટે જાગ્રત થઈ ચૂક્યા હતા. કામચલાઉ સરકાર પણ તેમની સામે જાણે સ્પષ્ટ રીતે શાસક વર્ગના આડતિયા તરીકેનું સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. આ સમય દરમિયાન ઘણા ક્રાંતિકારી જૂથો નબળાં પણ પડી ગયાં. દાખલા તરીકે, સમાજવાદી, ક્રાંતિકારી તથા બોલ્શેવિક પક્ષ, જેને વિશે અમે અગાઉ જણાવી ગયા છીએ. આમ તો સામાન્ય જનતાનાં હિતોનું પ્રતિનિધિત્વ કરતાં હતાં, પરંતુ તેઓએ સમજી ન શક્યા કે હવે જનતા ઝડપથી તેમનાથી ક્યાંય આગળ નીકળી ચૂકી છે. તેમને એ ખ્યાલ ન હતો કે હવે સમાજવાદી ક્રાંતિ એટલે કે ક્રાંતિના બીજા તબક્કામાં પ્રવેશવાનો સમય આવી પહોંચ્યો હતો. તેમને એ વિચાર ન આવ્યો કે ઉચ્ચ મધ્યમ વર્ગ પહેલેથી જ ક્રાંતિની વિરુદ્ધમાં હતો. માત્ર

બોલ્શેવિકોએ પરિસ્થિતિનો યોગ્ય તાગ કાઢ્યો. તે એકમાત્ર રાજનૈતિક જૂથ હતું, જે સમયની માંગને પૂરું કરી શકે તેમ હતું. તેમણે કોઈ આયોજન કર્યા વિના અને કોઈ દંડની શરત માન્ય રાખ્યા વિના જ યુદ્ધ સમાપ્ત કરવાની માંગણી મૂકી કે ખેડૂતોને જમીન મળે, ઉદ્યોગો પર શ્રમજીવીઓનું નિયંત્રણ હોય, રાષ્ટ્રોને આત્મનિર્ણયનો અધિકાર આપવામાં આવે અને સહુથી મુખ્ય માંગણી રોટી માટેની હતી. શાંતિ, જમીન, રોટી અને ગણતંત્ર તત્કાલીન અને સર્વવ્યાપી સૂત્રો જ બની ગયાં. આમ બોલ્શેવિકો સામાન્ય જનતાનું નેતૃત્વ કરવામાં, તેમનાં સંગઠનોમાં બહુમતી મેળવવામાં અને કામદારો, ખેડૂતો તેમજ સૈનિકોને પોતાના પ્રત્યે આકર્ષવામાં સફળ થયા. ઑક્ટોબર 1917ની ક્રાંતિ સફળ થઈ કેમ કે તે એક લોકપ્રિયતા પર આધારિત ક્રાંતિ હતી.



મજૂરો અને સૈનિકો સાથે સાથે. જુલાઈ 1917



'કામ ચલાઉ સરકાર અને ઉચ્ચ મધ્યમ વર્ગ મુર્દાબાદ' એક બાળકે બનાવેલું ચિત્ર, 1917

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. તમારી રશિયાની ક્રાંતિ વિશે શા માટે વાંચવું જોઈએ ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. રશિયામાં સમાજવાદી ક્રાંતિ માટે પરિસ્થિતિઓ ક્યારે ઊભી થઈ ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. રશિયાની ક્રાંતિને કયા પક્ષે નેતૃત્વ પૂરું પાડ્યું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. ખાલી જગ્યા પૂરો :
   (1) રશિયાનો રાજા ........... ના નામથી ઓળખાતો હતો.
   (2) રશિયામાં રાજનૈતિક વ્યવસ્થાનું સ્વરૂપ ........... હતું.
   (3) શોષિત જનતાનો મોટો ભાગ ........... નો બનેલો હતો.
   (4) રશિયાના મહત્ત્વપૂર્ણ રાજનૈતિક પક્ષો ........... હતા.
   (5) એકતંત્રીય સત્તાનું સ્થાન ........... માં બદલાયું.
   (6) એકતંત્રીય સત્તાનું સ્થાન ........... દ્વારા લેવાયું.
   (7) આ ...........ની માગણીઓનું પ્રતિનિધિત્વ કરતી હતી.
   (8) મજૂર જનતાનું ક્રાંતિકારી સંગઠન ........... ના નામથી ઓળખાતું હતું.
5. નીચેનાં વાક્યો વાંચો અને તે સાચાં (√) છે કે ખોટા (×)ની નિશાનીથી જણાવો :
   (1) ક્રાંતિ પહેલાં રશિયાની પ્રજા આરામદાયક જીવન વિતાવતી હતી.
   (2) ક્રાંતિ પહેલાંનો રશિયાનો સમાજ અન્યાયી અને અસમાન હતો.
   (3) યુરોપના અન્ય દેશો કરતાં રશિયાનો મજૂરવર્ગ વધારે આક્રમક અને ક્રાંતિકારી હતો.
   (4) બોલ્શેવિકોએ યુદ્ધ ચાલુ રાખવાની માગણી રજૂ કરી.

## 14.5 રશિયાની ક્રાંતિનાં લક્ષણો અને મહત્ત્વ (Nature and Significance of Russian Revolution)

ઑક્ટોબર ક્રાંતિએ રશિયામાં મૂડીવાદના પાયાઓ નષ્ટ કર્યા અને સમાજવાદની સ્થાપના કરી. પરંતુ નીતિઓના સ્તરે આનો શો અર્થ થાય તે જોઈએ.

### 14.5.1 આર્થિક પાસાં (Economic Aspects)

અર્થવ્યવસ્થાની દૃષ્ટિથી રશિયાની ક્રાંતિનો અર્થ થાય છે ખાનગી મિલકતનો અંત અને બધી

જ સંપત્તિના માલિકી હક્કો રાજ્યને આધીન કરવાના પરંતુ તેનાથી તમે એમ ન સમજશો કે લોકો પાસેથી તેમનો અંગત સરસામાન પણ છીનવી લેવામાં આવ્યો હતો. ખાનગી મિલકતના અંતનો અર્થ એ હતો કે ઉત્પાદનનાં તમામ સાધનો જે નફો આપતાં હોય અને આવક કરાવતાં હોય તે બધાંને રાજ્યની માલિકીનાં ગણવામાં આવ્યાં. આ સાધનોમાં જમીન, કારખાનાં અને બૅન્કોનો પણ સમાવેશ થતો હતો. હવે પછી કોઈ પણ વ્યક્તિ આ ઉત્પાદનનાં સાધનોનો અંગત માલિક બનીને શ્રમજીવીઓના શ્રમથી મેળવી શકતો ન હતો.


આ ક્રાંતિ દ્વારા ઉદ્યોગો પર મજૂરોનું નિયંત્રણ સ્થપાયું. આનો અર્થ એ થયો કે તેઓ પોતાના પ્રતિનિધિઓ દ્વારા ઉત્પાદન-પ્રક્રિયાનું નિયંત્રણ કરી શકે અને કારખાનામાં મજૂરોના અધિકારોની સુરક્ષા કરી શકે. આ પગલાની પાછળનો વિચાર એ હતો કે જે ઉત્પાદન કરે છે તેને પોતાના પ્રતિનિધિ દ્વારા (કેન્દ્રીય સ્તર સુધી પણ) નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવો જોઈએ. આમ, મજૂરો નિયંત્રણોની સાથે સંબંધિત બીજું પણ એક તત્ત્વ હતું જે સમગ્ર દેશમાં પણ ખાસ કરીને મજૂરોની જ જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને, આખું અર્થતંત્ર નવેસરથી ઊભું કરવું.

આ કેન્દ્રીય અર્થવ્યવસ્થા દ્વારા તેમનો એ પ્રયત્ન હતો કે દેશનો આર્થિક વિકાસ ઝડપી બને અને તે વિકાસનો લાભ જનતાના નીચલા સ્તરો સુધી પહોંચે. આ પગલાંથી તેમણે ઉત્પાદનમાં અરાજકતા તેમજ ખોટા બગાડને રોકવા ધાર્યું હતું. જોકે પંચવર્ષીય યોજનાઓ ઘણા વખત પછીથી એટલે કે 1928થી શરૂ કરવામાં આવી. પરંતુ હકીકતમાં આયોજનનો સિદ્ધાંત રશિયાની ક્રાંતિએ વિશ્વને આપેલું મહત્ત્વપૂર્ણ પ્રદાન ગણી શકાય. ભારતમાં પણ યોજનાબદ્ધ આર્થિક વિકાસ માટે આ જ આદર્શને અપનાવ્યો હતો.

'ખેતીના ક્ષેત્રમાં જમીનનું રાષ્ટ્રીયકરણ થયું'. તેનો અર્થ એ થયો કે ભૂમિની માલિકીનો હક્ક માત્ર રાજ્યને છે અને તેની વહેંચણી માત્ર ઉપયોગ પૂરતી ખેડૂતોમાં કરવામાં આવતી. સોંપેલી જમીન ખેડૂત વેચી ન શકે અને તેને ગીરવે પણ ન રાખી શકે, અથવા બીજા લોકોના શ્રમનું શોષણ પોતાના નફામાં ન કરી શકે. 1917માં નવેમ્બરમાં ઉદ્‌ઘોષણા કરવામાં આવી તે મુજબ જમીનદારી પ્રથા તદ્દન નાબૂદ થઈ અને જમીનો ખેડૂતોને સોંપી દેવામાં આવી. 1928માં ખેતીના સામૂહિકીકરણથી સામૂહિક ઉત્પાદન અને કૃષિ જગતમાં સામાજિક સંબંધોનો પણ વિકાસ થયો.

### 14.5.2 સામાજિક પાસાં (Social Aspects)

ઉત્પાદન પ્રક્રિયામાંથી ખાનગી મિલકતની પ્રાપ્તિ તથા સમાપ્તિ કરીને ક્રાંતિને સામાજિક અસમાનતાનાં મૂળ જ કાપી નાંખ્યાં. એ રીતે એક વર્ગહીન સમાજનો પાયો નંખાયો. પ્રત્યેક



'મહિલાઓને સમાન અધિકાર' એક પોસ્ટકાર્ડ 1917

વ્યક્તિને પોતાના શ્રમકાર્ય અનુસાર વેતન મળે અને મજૂર અને પ્રબંધકના વેતનમાં કે એક મજૂર કલાકાર કે શિક્ષકના વેતનમાં પણ ખાસ તફાવત ન રહે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં

આવી. જેમ તમે જાણો છો તેમ મૂડીવાદી સમાજમાં એક જ સ્થાન પર કામ કરનારા મજૂરો અને સંચાલકો અથવા મજૂરો, ડૉક્ટરો, ઇજનેરો, અધ્યાપકો વગેરેના જીવનસ્તરમાં જમીન આસમાનનો તફાવત રહેતો હતો. સોવિયેટ દેશમાં હવે બધા નાગરિકો માટે કેટલીક નિશ્ચિત સવલતો - જેવી કે મફત ચિકિત્સા, મફત અને ફરજિયાત શિક્ષણ, બેકારી ભથ્થું, સંસ્કૃતિ અને તેના વિકાસ માટે સમાન તકો વગેરે — રાજ્યની જવાબદારી ગણાઈ. આ બધા હકીકતમાં સોવિયેટ બંધારણે નાગરિકોને આપેલા અધિકારો હતા.




'સાક્ષરતા સામ્યવાદ તરફ લઈ જાય છે.' — એક પોસ્ટર




'જ્ઞાન ગુલામીની બેડીઓને તોડી દેશે' — એક પોસ્ટર

જોકે, સોવિયેત જનતા માટે તાત્કાલિક આ બધું ઉપલબ્ધ નહોતું, કેમ કે તે જરૂરિયાતો પૂરી

પાડવા માટે ઉત્પાદનનું બાહ્ય માળખું અને સાથે સાથે જરૂરી ફેરફારો માંગી લેતી ચીજોને બદલવાની પ્રક્રિયા હવે શરૂ જ થઈ હતી. પરંતુ રાજ્યે વ્યક્તિ તેની ક્ષમતા પ્રમાણે કાર્ય કરે તો રાજ્ય કે વ્યક્તિ એ સારા જીવન માટે જવાબદારી ઉપાડવાની હતી. બંધારણ દ્વારા સ્ત્રીઓના સમાન હક્કની કેવળ જવાબદારી લેવા ઉપરાંત આ અસમાનતાનો વ્યવહારમાં અમલ કરવાનો હતો. સ્ત્રીઓને સુવાવડ માટે છ મહિનાની રજાની સવલત, કારખાનાં અને અન્ય કામ કરવાનાં સ્થળો પર ઘોડિયાં ઘરોની સુવિધા, સાર્વજનિક ઉપહાર ગૃહો (જ્યાં સસ્તું અને યોગ્ય કિંમતે ખાવાનું મળી રહે) વગેરેની વ્યવસ્થા પણ ઊભી થવા લાગી. આ પાછળનો હેતુ એ હતો કે સાર્વજનિક જીવનમાં સ્ત્રીઓ પણ પૂર્ણ ભાગીદારી કરી શકે તેવી શક્યતાઓ અને તકો ઊભી કરવી. આ બધાને લીધે મૂડીવાદી પર પણ ભારે પ્રભાવ પડ્યો. સમાજવાદની પડકારભરી પ્રક્રિયાનો સામનો કરવા તેમણે પણ કેટલાક સુધારાઓ કરવા પડ્યા. વાસ્તવમાં પશ્ચિમમાં કલ્યાણ રાજ્યનો આખો વિચાર રશિયાની ક્રાંતિમાં જનતાએ મેળવેલા લાભને લક્ષ્યમાં રાખીને ઊભો થયો હતો, અને તેની પ્રતિક્રિયા રૂપે જ હતો. તે સિવાય પશ્ચિમનો શ્રમજીવી વર્ગ પણ સમાજવાદી સમાજની ઉત્તમતાને જલદીથી ઓળખી ગયો હોત.

રશિયાની ક્રાંતિનું એક બીજું મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું ધર્મ અને રાજનીતિ તથા રાજ્ય વચ્ચેનું અળગાપણું. એવું માનવામાં આવ્યું ધર્મ વિરુદ્ધ રીતે માત્ર વ્યક્તિગત બાબત તરીકે ગણાવો જોઈએ. વિદ્યાલયોમાં પણ ધાર્મિક શિક્ષણ આપવું ન જોઈએ, તેમ જે ધર્મનું કોઈ સાર્વજનિક ઉપયોગ થવો ન જોઈએ. આ બાબત પર જો તમે સહજ વિચાર કરશો તો તરત જ જણાશે કે આપણા દેશમાં ધર્મના નામે શું નથી થયું અને તેથી જ તમે આ નીતિના મહત્ત્વને સમજી શકશો. જેમ સામાન્ય રીતે આ બાબત મનાય છે તેમ ધર્મને સમાપ્ત કરવાનો નહોતો, અને ધાર્મિક વ્યક્તિઓ સામે દાવાઓ પણ કરવાના નહોતા.

### 14.5.3 રાજનૈતિક પાસાં (Political Aspects)

રાજનીતિના ક્ષેત્રે શ્રમજીવી વર્ગના નેતૃત્વના સિદ્ધાંતના આધારે રશિયાની ક્રાંતિને અંતે એક મજૂર જનતાના રાજ્યની રચના થઈ. એ સ્પષ્ટ થયું કે ક્રાંતિના વિરોધીઓ જનતાનાં હિતોને નષ્ટ કરી શકે તેમ હતાં, જેમ કે હકીકતમાં બીજા દસ દેશોએ રશિયાના જમીનદાર કુલીન વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગનો પક્ષ લીધો અને ક્રાંતિ તેમજ રશિયાના મજૂરોનો વિરોધ કર્યો હતો. આથી કેટલાક સમય રાજનૈતિક વ્યવસ્થામાં મજૂરવર્ગનું પ્રભુત્વ હોય તે ઘણું આવશ્યક હતું.

પરંતુ બીજા મૂડીવાદી રાજ્યોની સરખામણીમાં આ રાજ્ય ઘણું વધારે લોકશાહી હતું, કેમ કે તેમાં લઘુમતીઓ (જેને ક્રાંતિ પહેલાં વિશેષાધિકારો આપવામાં આવ્યા હતા) ઉપર જનતાના બહુમત (અને કોઈ પણ સમાજમાં બહુમત તો મજૂર વર્ગમાં જ હોય)નું નિયંત્રણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત, એને જ્યાં સુધી શાસક વર્ગની શક્તિ સંપૂર્ણ તથા નષ્ટ ન થાય ત્યાં સુધી એક કામચલાઉ અને અરાજકતાની વ્યવસ્થા ગણવામાં આવી, અને એ રીતે તેમનું ધ્યેય ક્રાંતિને નષ્ટ કરવાના સામર્થ્યને જ તોડી પાડવાનું હતું. આમ, મધ્યમ વર્ગીય જનતંત્રને સમાજવાદી જનતંત્રના સ્વરૂપમાં બદલવાનું હતું.

રશિયાના નાગરિકોના ઉપયોગમાં લેવાની સ્વતંત્રતા માત્ર રાજનૈતિક સ્વતંત્રતા જ નહિ બલ્કે આર્થિક સ્વતંત્રતા પણ હતી. રશિયાના નાગરિકોને માત્ર કાયદાકીય અને સામાજિક સમાનતા જ નહિ બલકે આર્થિક સમાનતા પણ મળી. આ ક્રાંતિએ ઊભી કરેલી નવી વ્યવસ્થામાં સ્વતંત્રતાનું સ્તર પણ ઊંચું ગયું હતું.

### 14.5.4 આંતરરાષ્ટ્રીય પાસાં (International Aspects)

આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ રશિયન ક્રાંતિ એક અગત્યના સીમાચિહ્નરૂપ હતી. સર્વ પ્રથમ તો બોલ્શેવિકોએ રાજાશાહી અને કામચલાઉ સરકારે કરેલી બધી પુરાણી ગુપ્ત સંધિઓને તોડી નાખી. એમણે જણાવ્યું કે સરકારની કાર્યપદ્ધતિને વિશે બધું જાણવાનો જનતાનો અધિકાર છે. અને કોઈ પણ દેશની જનતા ચર્ચા તેમજ દરમિયાનગીરી દ્વારા પણ પોતાના દેશની વિદેશનીતિ પર પ્રભાવ પાડે તેવો તેનો અધિકાર હોવો જોઈએ.

બોલ્શેવિકોએ એક બીજી જાહેરાત દ્વારા અન્ય કોઈ દેશ સાથે જોડાયા વિના અને કોઈ પ્રકારનો દંડ લીધા વિના જ યુદ્ધની સમાપ્તિનો ઠરાવ મૂક્યો. સમગ્ર વિશ્વમાં આ એક જ એવું રાજકીય જૂથ હતું જેણે આ પ્રકારની જાહેરાતનો અમલ કર્યો. તેણે પોતાની સરહદની પાસેના અને દૂર પૂર્વના કેટલાક પ્રાંતો જેના માટે રશિયાની સરકાર લડી રહી હતી તે બધા પરથી તેમણે પોતાનો

દાવો ઉઠાવી લીધો. તેમણે પોતાને સામ્રાજ્યવાદના કટ્ટર વિરોધી તરીકે ઓળખાવ્યા એટલું જ નહિ વિદેશી શાસનની વિરુદ્ધ ચાલી રહેલાં સ્વાતંત્ર્ય આંદોલનોને પોતાનો સહકાર જાહેર કર્યો. ઝારના સામ્રાજ્યમાં બિનરશિયન રાષ્ટ્રીયતા ધરાવતા પ્રાંતોને પણ બોલ્શેવિકોએ આત્મનિર્ણય અને સંબંધ વિચ્છેદના અધિકારો આપ્યા. આ પ્રાંતના જમીનદાર કુલીન વર્ગ અને મધ્યમ વર્ગ તો થઈ જવા તૈયાર હતા પરંતુ ત્યાંના મજૂર અને ખેડૂતવર્ગો સોવિયેટ રશિયાનો જ એક ભાગ બનવા ઇચ્છતા હતા. બોલ્શેવિકોએ સામાન્ય જનમતને માન આપ્યું અને તેમના સહકારથી જ ઑક્ટોબરની ક્રાંતિની લડત આપી. ઘણાં રાષ્ટ્રોના મજૂરો તથા ખેડૂતો બોલ્શેવિકોના પક્ષમાં હતા કેમ કે તેમને ખાતરી હતી કે બોલ્શેવિકોનો પરાજય થાય તો એનો અર્થ હતો મૂડીવાદી અને જમીનદારી શોષણનું પુનરાગમન.

## 14.6 ભારતના રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય આંદોલન પર પ્રભાવ (Impact on the National Liberation Movement in India)

બ્રિટિશ સામ્રાજ્ય દ્વારા ઉત્પન્ન થયેલી સામાજિક પરિસ્થિતિઓ, તેના શોષણનું માળખું અને સામાન્ય શોષણ પ્રક્રિયાથી ઊભી થતી સામાજિક અને આર્થિક પરિબળોનું પરિણામ એ આવ્યું કે ભારતમાં રાષ્ટ્રીય આંદોલન શરૂ થયું. પરંતુ તેની સાથે જ આ આંદોલનો સમકાલીન વિશ્વમાં ફેલાતાં વિચાર-આંદોલનનો તેમજ ઘટનાઓથી પણ પ્રભાવિત થતાં અને તેમાંથી સૌથી મહત્ત્વના હતાં સમાજવાદી પરિબળો જે રશિયાની ક્રાંતિની ભેટ હતી.

1905ની ક્રાંતિએ ભારતીય નેતાઓને ખૂબ પ્રેરણા આપી હતી. બંગાળના ભાગલાની વિરુદ્ધ જે વિરોધ ઊઠ્યો તે સ્વદેશી ચળવળમાં પ્રગટ થયો તે 1905ની રશિયાની ક્રાંતિ બાદ તરત થયો. 1912માં બાળ ગંગાધર ટિળકને જેલમાંથી છોડવાની માંગણી અંગે ભારતમાં સર્વપ્રથમ રાજનૈતિક હડતાળનું આયોજન થયું.

1905ની ઑક્ટોબર ક્રાંતિનો કોઈ પ્રત્યક્ષ પ્રભાવ ભારત પર પડ્યો નહિ, પરંતુ એમ જણાય છે કે રશિયાની ક્રાંતિની સફળતા જોયા પછી ભારતીય નેતાઓએ પણ એમ અનુભવ્યું કે બંધારણીય રીતે કે બૉમ્બના ઉપયોગથી કંઈ વળે તેમ નથી. હવે એ સ્પષ્ટ થયું કે સામાન્ય જનતાએ રાજનૈતિક સંઘર્ષમાં જોડાવું જરૂરી અને નિર્ણાયક છે. તેથી 1920માં મજૂરો તેમજ ખેડૂતોનાં રાજનૈતિક સંગઠનો - જેવાં કે ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસ ઊભાં થયાં. સાથે જ મજૂરો અને ખેડૂતોના વધતા જતા અસંતોષને પ્રગટ કરતી ઘટનાઓ અને અસહકારનું આંદોલન આ વિચારો તથા સંગઠનોના પ્રયત્નોનાં પરિણામો હતા.

રશિયન ક્રાંતિ દ્વારા ભારતમાં સમાજવાદી વિચારોનો પ્રચાર અને પ્રસાર પણ વધ્યો. હકીકતમાં ભારતના સામ્યવાદીઓને સોવિયટ રશિયામાં જ તાલીમ મળી. માર્ક્સવાદના પ્રભાવથી તેમજ સામાન્ય જનતાના સંઘર્ષમાં ભાગ લેવાના કારણે કૉંગ્રેસના ઘણા સભ્યો તે પક્ષમાંથી છૂટા પડી ગયા અને તેમણે ભારતમાં સામ્યવાદી આંદોલનનો પણ પાયો નાંખ્યો. એ. કે. ગોપાલન તથા ઈ.એમ.એસ. નમ્બૂદરિપાદ એ બે નામો આમાં મુખ્ય છે. સામ્યવાદી આંદોલનના વિકાસને લીધે ભારતીય રાષ્ટ્રીય આંદોલનમાં એક નવો જ દષ્ટિકોણ ઉમેરાયો. ત્યારથી વર્ગ સંઘર્ષ એટલે કે ધનિક વર્ગની વિરુદ્ધમાં મજૂરોનો સંઘર્ષ પણ ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનનું એક અભિન્ન અંગ બની ગયો.

ડાબેરી વિચારધારાના વિકાસને લીધે સમગ્ર સ્વાતંત્ર્ય આંદોલનને એક પ્રકારની ઉગ્રતા આપી. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની અંદર જ એક કૉંગ્રેસ સમાજવાદીઓનું જૂથ ઊભું થયું. જવાહરલાલ નેહરુ સોવિયેટ રશિયા અને ખાસ કરીને તેના સામ્રાજ્યવાદને નષ્ટ કરવાના પ્રયત્નોથી ખૂબ પ્રભાવિત થયા હતા. નેતાઓમાં 'સમાજવાદ'નો શબ્દપ્રયોગ વારંવાર થવા લાગ્યો. આ સદીના ત્રીજા દશકમાં ભારતીય રાષ્ટ્રીય આંદોલન એવી કક્ષા પર પહોંચ્યું કે જ્યાં ડાબેરી વિચારધારાએ રાષ્ટ્રીય આંદોલનના મૂડીવાદી નેતૃત્વ સામે ગંભીર પડકાર ઊભો થયો. વિદ્યાર્થીઓ તેમજ લેખકો પણ ડાબેરી વિચારસરણીથી દોરાવા લાગ્યા અને તેમણે એ માટે સંગઠનો પણ બનાવ્યાં.

ભારતની રાષ્ટ્રીય ચળવળ સોવિયેટ સંઘના નેતૃત્વ નીચે સામ્રાજ્યવાદની વિરુદ્ધ એક વિશ્વવ્યાપી લડતના ભાગરૂપે બની ગઈ અને ભારતીય નેતાઓ દ્વારા પણ તેને આ સ્વરૂપે જ ઓળખાવવામાં આવી. જો આ પ્રમાણે વિશ્વના સ્તર પર રશિયાની ક્રાંતિએ સામ્રાજ્યવાદને નબળો પાડી ન

દીધો હોત અને તેમ કરવામાં નિષ્ફળ નીવડી હોત, તો ભારતની વિદેશી શાસન સામેની લડત ઘણી મુશ્કેલીભરી સાબિત થાત. આ એક માત્ર સંયોગ જ નહોતો કે ફાંસીવાદનો પરાજય અને બીજા વિશ્વયુદ્ધ પછી ઊભા થયેલા મૂડીવાદ સમક્ષનાં સંકટો પછી સંસ્થાનવાદની સમાપ્તિની પ્રક્રિયામાં તેજી આવી.

ચીનની ક્રાંતિ, યુરોપમાં ગણરાજ્યોની રચના તથા ભારતીઓએ પ્રાપ્ત કરેલી સ્વતંત્રતા આ બધાંની સફળતાનું મોટું સોવિયેટ સંઘે સામ્રાજ્યવાદ વિરુદ્ધની સતત લડત અને દૃઢ પ્રતિજ્ઞાને આભારી છે. ભારતમાં આર.આઈ.એમ. (રોયલ ઇન્ડિયન નેવી)નો વિદ્રોહ તથા તેભાગા અને તેલંગણા આંદોલનો (1946-48) થયાં જેને વિષે આપણે પછીથી વાંચીશું જ, તેણે પણ ભારતીય સ્વાતંત્ર્ય લડતના ઇતિહાસમાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો. આ આંદોલનો સામ્યવાદીઓના નેતૃત્વમાં થયાં તે નેતાઓ પોતાને આંતરરાષ્ટ્રીય સામ્યવાદી નેતાઓની યોજનાનો જ એક ભાગ ગણતા હતા. ભારતીય સામ્યવાદી પક્ષે પોતાની યોજના અને રાજકીય દાવપેચ ભારતમાં પ્રવર્તમાન પરિસ્થિતિઓ તેમજ ભારતના વર્ગોની તાકાત તથા આંતરસંબંધોના આધારે ઘડી હતી તેમ છતાં તેનું નેતૃત્વ રશિયાના એકતંત્રી સત્તાની વિરુદ્ધ થયેલા સફળ ક્રાંતિકારી આંદોલનોના અનુભવને ધ્યાનમાં રાખીને જ થયું હતું. રશિયા પણ ભારતની જેમ આર્થિક દૃષ્ટિએ પછાત દેશ હતો. એટલે રશિયાનો અનુભવ ભારત માટે પ્રસંગ માત્ર હતો. રશિયાનો અનુભવ અને વિશિષ્ટ ભારતીય સંજોગોમાં તેની ઉપયોગિતાની શક્યતાને કારણે ભારતીય સામ્યવાદી પક્ષે ભારતીય જનતાના સંઘર્ષને દ્વિસ્તરીય ક્રાંતિના રૂપમાં જોયો.

અંગ્રેજોએ ભારતની જનતાના પ્રત્યેક આંદોલનને સામ્યવાદીઓ દ્વારા જ ચલાવાયેલા આંદોલન તરીકે માની લીધું અને તેને બોલ્શેવિકો દ્વારા જ રચાયેલું ષડ્યંત્ર ગણ્યું. તેમણે રશિયાની ક્રાંતિ પછી થોડા જ મહિનામાં એક જાહેરનામું બહાર પાડવું પડ્યું જેને 'મોંટેગ્યુ જાહેરનામું' કહેવામાં આવે છે. તેમાં તેમણે ક્રમશઃ સ્વરાજની સંસ્થાઓના વિકાસની ખાતરી આપી. સ્વાતંત્ર્ય માટે સંઘર્ષરત રાષ્ટ્રોમાં બોલ્શેવિક ક્રાંતિના અસાધારણ પ્રતિભાવથી તેઓ ખળભળી ઊઠ્યા હતા. 1921માં જ્યારે ઉત્તર પ્રદેશમાં 'કિસાન સભા'ની સ્થાપના થઈ ત્યારે ટાઇમ્સના ખબરપત્રીએ લખ્યું કે ભારતમાં કિસાન સોવિયેટની સ્થાપના થઈ ગઈ છે. મોટે ભાગે સામ્યવાદીઓ ભૂગર્ભમાં રહીને કામ કરવા મજબૂર હતા કેમ કે તેમને ભીષણ દમનનો સામનો કરવો પડતો હતો. મેરઠ ષડ્યંત્ર કેસ આવું જ એક ઉદાહરણ છે. આના દ્વારા શાસકો બોલ્શેવિક ભયથી બચવાના પ્રયત્નો કરતા હતા. આમ ભારતમાં રશિયાની ક્રાંતિનો સર્જનાત્મક તેમજ તીવ્ર પ્રભાવ પડ્યો. ભારતીય રાષ્ટ્રીય આંદોલનમાં ગતિ આવી. આ ઉપરાંત ભારતમાં અંગ્રેજોની નીતિઓ ઉપર પણ તેનો પ્રભાવ પડ્યો. રાષ્ટ્રીય આંદોલનના ઉપર પણ તેનો પ્રભાવ પડ્યો. રાષ્ટ્રીય આંદોલનનાં મોજાં ઉપર તેમણે દમનની નીતિ અપનાવી ભારતના રૂઢિવાદી લોકોને પોતાના પ્રત્યે વાળવા પ્રયત્નો આદર્યા. બોલ્શેવિક ખતરાને પહોંચી વળવામાં અસમર્થ હોવાને કારણે તેમણે ભારતીય સામ્યવાદીઓને રાષ્ટ્રવિરોધી તરીકે ઓળખાવ્યા જેથી તેમને રાષ્ટ્રીય આંદોલનના પ્રવાહમાંથી અલગ તારવી શકાય. રશિયાની ક્રાંતિએ એક સુદૃઢ સામ્રાજ્યવાદની વિરુદ્ધના સ્તરના વિકાસમાં ખૂબ સહકાર આપ્યો અને સ્વતંત્રતા આંદોલન દરમિયાન ભારતના રાષ્ટ્રીય નેતાઓ પણ પોતે સ્પષ્ટપણે તેમજ દૃઢતાથી માનતા હતા કે લોકશાહી માટે જ લડત કરવાની છે. આ બધાથી પણ વધારે મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે રશિયાની સફળ ક્રાંતિને લીધે અને એના દ્વારા સોવિયેત જનતાને પ્રાપ્ત થયેલા લાભો અને સફળતાઓથી ભારત તથા અન્ય ઘણા વિકાસશીલ દેશોની સામે પોતાનાં નિર્ધારિત લક્ષ્યો અંગે નવા પ્રશ્નો ઊઠ્યા કે તેઓ વિકાસ કઈ રીતનો કરવા માગે છે, કયા વર્ગોનાં હિતો માટે છે વગેરે.

રશિયાની ક્રાંતિને નક્કર વાસ્તવિક અને વ્યાવહારિક સ્તર પર પુરવાર કર્યું કે કોઈ પ્રકારના વિકાસનો આધાર વિશાળ બહુજન સંખ્યાનાં હિતો અને તેની સુરક્ષાની ભાવના જ હોવાં જોઈએ તે વર્ગે એક નવા અને સર્વોત્તમ સમાજની સ્થાપના કરવાની અને તે દ્વારા ભારત જેવા દેશોમાં વિકાસ તેમજ સામાજિક ન્યાય જેવી સમસ્યાઓના ઉકેલ માટે ક્રાંતિ અને સમાજવાદી વિચારધારાની સમજની જરૂરિયાત સર્વોપરી બનાવી દીધી.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. ક્રાંતિકારી શાસને કયા આર્થિક ફેરફારો કર્યા ?

..............................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. સોવિયેટ સંઘના બધા નાગરિકોને કઈ સામાજિક સવલતો આપવામાં આવી ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. બોલ્શેવિકોની આંતરરાષ્ટ્રીય નીતિનાં બે મુખ્ય પાસાં કયાં હતાં ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. ભારત માટે રશિયાની ક્રાંતિના અનુભવો શાથી મહત્ત્વપૂર્ણ છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 14.7 સારાંશ

1917ની ઘટનાઓ જુદાં જુદાં કારણોસર મહત્ત્વની છે. પ્રથમ તો એ કે તેઓ રશિયાની આર્થિક, સામાજિક અને રાજનૈતિક વ્યવસ્થામાં આવેલ મૂળભૂત પરિવર્તનોનું પ્રતિનિધિત્વ કરે છે. બીજું કે આ ઘટનાઓ ન્યાયમુક્ત સમાજની સ્થાપના માટે કાર્યરત પરિબળોને સક્રિય અને વેગવંતા બનાવવામાં સફળ થઈ. ક્રાંતિ પછીના રશિયાના સમાજ પર સ્વવિકાસની એક સમાન તકો બધાંને પ્રાપ્ત થાય તેવો સિદ્ધાંત અપનાવ્યો. ત્રીજું, વિશ્વની તમામ કચડાયેલી પ્રજાઓ અને રાષ્ટ્રોની સ્વાધીનતા તથા ત્યાર બાદ તેમના માટે ઉત્તમ વ્યવસ્થા બનાવાય તેવા સંઘર્ષોને આ ઘટનાઓએ ખૂબ પ્રેરણા આપી. ખાસ કરીને, ભારતીય સ્વતંત્રતા આંદોલને રશિયાની ક્રાન્તિમાંથી પોતાને માટે એક નિશ્ચિત દિશાનિર્દેશ મેળવ્યો. અંતમાં રશિયાની ક્રાંતિના અનુભવે સમગ્ર વિશ્વને સામાજિક મુક્તિ સ્વાતંત્ર્ય, આર્થિક વિકાસ અને રાજકીય પરિવર્તન માટે નવા આદર્શોની સ્થાપના કરી.



લેનિન

## 14.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આપખુદશાહી** : સંપૂર્ણ રાજાશાહી.

**એકતંત્ર** : એવું શાસનતંત્ર જ્યાં બધી રાજકીય સત્તાઓ રાજાના જ હાથમાં કેન્દ્રિત થતી હોય.

**બોલ્શેવિક** : 1903માં જ્યારે રશિયાનો સામાજિક લોકશાહી પક્ષ બે જૂથોમાં વહેંચાઈ ગયો, ત્યારે જે જૂથે પક્ષની કેન્દ્રીય સમિતિમાં બહુમતી મેળવી તેઓ 'બાલ્શેવિક' તરીકે ઓળખાયા. રશિયાના ભાષામાં આ શબ્દનો અર્થ થાય છે 'બહુમતી'. આ બોલ્શેવિકો જ ક્રાંતિના મહત્ત્વના નેતાઓ હતા. તેમણે ક્રાંતિને સુદઢ બનાવી. તેમના જ નામથી ઘણી વખત રશિયાની ક્રાંતિને 'બોલ્શેવિક ક્રાંતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**રાષ્ટ્રીયતા** : એક જ જાતિ અથવા રાષ્ટ્ર સાથે સંબંધિત એટલે કે એકસમાન સરહદો, ભાષા તથા સંસ્કૃતિ ધરાવતા હોય તે.

**યોજના** : કેટલીક મુખ્ય બાબતો, ઉદ્દેશો અને તે પાર પાડવાની નિશ્ચિત અવધિને ધ્યાનમાં રાખીને એક રૂપરેખા તૈયાર કરવી જેના આધારે અર્થવ્યવસ્થા ચાલે, તેને યોજના કહે છે.

**રાષ્ટ્રીયતાનો આત્મનિર્ણયનો અધિકાર** : કોઈ પણ રાષ્ટ્ર અને જાતિને સ્વતંત્ર થવાનો અને પોતાના રાજકીય ભવિષ્ય અંગે નિર્ણય કરવાનો અધિકાર.

**ઝાર** : રશિયન ભાષામાં રાજા માટે વપરાતો શબ્દ.

**મજૂરોનું નિયંત્રણ** : મજૂરો પોતાના પ્રતિનિધિઓ દ્વારા ઉત્પાદન પ્રક્રિયામાં લેવાતા રક્ષણમાં પોતાના અધિકારોની સુરક્ષામાં ભાગીદારી.

## 14.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. જુઓ 14.2
2. જુઓ 14.3
3. જુઓ 14.3.4
4. (1) ઝાર (2) આપખુદીશાહી એકતંત્ર (3) ખેડૂત (4) જનપ્રિય (લોકપ્રિય) સમાજવાદી ક્રાંતિ અને સામાજિક જનતંત્ર (5) 1917 (6) કામચલાઉ સરકાર (7) મૂડીપતિ અને જમીનદાર કુલીન વર્ગ (8) સોવિયેટ
5. (1) × (2) √ (3) √ (4) ×

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. જુઓ 14.5.1
2. જુઓ 14.5.2
3. જુઓ 14.5.4
4. જુઓ 14.6

# એકમ 15 ક્રાંતિકારી પ્રવૃત્તિઓ, ગદર પક્ષ અને હોમ રૂલ લીગ (Revolutionary Trends, Ghadar Party and Home Rule League)

રૂપરેખા


15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 ક્રાંતિકારી વલણો
    15.2.1 ક્રાંતિકારી વલણો તરફ દોરી જતાં પરિબળો
    15.2.2 શરૂઆતની પ્રવૃત્તિઓ
    15.2.3 ક્રાંતિકારી વલણનું પતન
15.3 ગદર આંદોલન
    15.3.1 આંદોલનની પૂર્વભૂમિકા
    15.3.2 શરૂઆતની પ્રવૃત્તિઓ
    15.3.3 સંગઠનના માર્ગે
    15.3.4 વ્યૂહરચના તથા કાર્યવાહી
15.4 ગદર આંદોલનની મુખ્ય ઘટનાઓ
    15.4.1 આંદોલનનો અંતિમ તબક્કો
    15.4.2 દમન
    15.4.3 નિષ્ફળતાઓ અને સિદ્ધિઓ
15.5 હોમ રૂલ લીગ
    15.5.1 લીગની રચના તરફ દોરી જતા બનાવો
    15.5.2 બે લીગ
    15.5.3 ટિળકની હોમ રૂલ લીગ
    15.5.4 એની બેસંટની હોમ રૂલ લીગ
    15.5.5 અંગ્રેજોના વલણમાં પરિવર્તન
    15.5.6 હોમરૂલ લીગનું પતન
15.6 સારાંશ
15.7 ચાવીરૂપ શબ્દો
15.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 15.0 ઉદ્દેશો

વીસમી સદીની શરૂઆતમાં ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક નવું પરિણામ ઉમેરાયું. ક્રાંતિકારી આતંકવાદી (ત્રાસવાદી)ઓનું એક રાજનૈતિક હથિયારના રૂપમાં આગમન થયું. આ એકમના અભ્યાસ પછી તમે -

- ક્રાંતિકારી ત્રાસવાદના ઉદ્ભવમાં સહાય કરનાર કારણોને જાણી શકશો,
- ક્રાંતિકારીઓની શરૂઆતની પ્રવૃત્તિઓ તથા તેમના પતનનાં કારણો જાણી શકશો,
- ગદર આંદોલનની યોજનાને સમજશો અને તેનું નિવારણ કરી શકશો, અને
- હોમ રૂલ લીગની પ્રવૃત્તિઓ તથા રાષ્ટ્રીય આંદોલનમાં તેમણે કરેલા પ્રદાન વિશે જાણી શકશો.

## 15.1 પ્રસ્તાવના

1907 સુધીમાં પહેલું દેશવ્યાપી લોકઆંદોલન એટલે કે સ્વદેશી આંદોલન લગભગ પૂરું થઈ ગયું. બીજો મુખ્ય પ્રયાસ પ્રથમ વિશ્વયુદ્ધ પછી થયો. આ દરમિયાનમાં વર્ષોમાં રાષ્ટ્રીય આંદોલનની

રાજકીય પ્રવૃત્તિઓમાં ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓના પ્રયોગો થયા જેણે રાષ્ટ્રીય ચેતનાની જાગૃતિમાં અને તેની આગેકૂચમાં પોતપોતાની રીતે ફાળો આપ્યો. પહેલો પ્રયોગ હતો ક્રાંતિકારી આતંકવાદનો જેનો ઉદય સ્વદેશી આંદોલનના પતનની સાથે થયો. અને બે પ્રયોગ ગદર પક્ષ અને હોમ રૂલ આંદોલન પ્રથમ વિશ્વયુદ્ધનાં વર્ષોમાં થયા.

## 15.2 ક્રાંતિકારી વલણો (Revolutionary Trends)

ક્રાંતિકારી આતંકવાદ એ રાજનૈતિક પ્રવૃત્તિઓનું એવું રૂપ હતું જે રાષ્ટ્રની યુવાન પેઢી, જે ખૂબ જ પ્રમાણમાં પ્રેરિત થઈ હતી તેણે અપનાવ્યું હતું. આ વર્ગને હજી સુધી પ્રચલિત રાજકીય પ્રવૃત્તિઓમાં પોતાની રચનાત્મક શક્તિઓને વ્યક્ત કરવાની તક મળી નહોતી.

### 15.2.1 ક્રાંતિકારી વલણો તરફ દોરી જતાં કારણો (Factors Leading to Revolutionary Trends)

જહાલ પક્ષ દ્વારા મવાળ પક્ષની ઉદારવાદી નીતિની ટીકાએ એ વાતની ખાતરી કરાવી દીધી કે માત્ર વિનંતી અને તર્ક વડે બ્રિટિશ શાસકોમાં પરિવર્તન લાવવાના પ્રયાસો વ્યર્થ જ હતા. દેશની યુવાન પેઢીએ સ્વદેશી આંદોલનમાં પણ એ આશા અને વિશ્વાસ સાથે સક્રિય ભાગ લીધો કે આંદોલનની બહિષ્કાર, સત્યાગ્રહ જેવી ઉગ્ર રીતો દ્વારા રાષ્ટ્રીય આંદોલનને તેના વિશિષ્ટ વર્ગના જ ચીલામાંથી બહાર કાઢી શકાશે. તેમને એવી પણ આશા હતી કે આવાં સાધનોથી બ્રિટિશ સરકાર તેમની સામે ઝૂકી જવા મજબૂર બનશે. એકમ - 11માં તમે ભણી ચૂક્યા છો કે સ્વદેશી આંદોલન જનતાના મોટા ભાગને લડત માટે સજ્જ કરવામાં કેવળ આંશિક રીતે જ સફળ થયું હતું. તે ઉપરાંત બંગાળના ભાગલાની નાબૂદીનો હેતુ પણ આ આંદોલન સિદ્ધ કરી શક્યું નહોતું. તેની નિષ્ફળતા એક રીતે નિશ્ચિત જ હતી કેમકે તેના દ્વારા મોટી પ્રજાના માનસને સજ્જ કરવાનો આ સર્વપ્રથમ પ્રયાસ જ હતો, અને બીજું કે તેમની વાતોની વકીલાત કરનાર અને વખોડનારા બન્ને પ્રજા માટે નવા અને તદ્દન અજાણ્યા હતા. તેમની રીતો અપનાવનારાઓ પણ કંઈક આનાકાની સાથે અપનાવતા હતા. આને લીધે યુવાવર્ગમાં અશાંતિ અને નિરાશાની ભાવના ફેલાઈ ગઈ. તેમને લાગવા માંડ્યું કે જન-જાગૃતિ માટે કદાચ હવે વધુ નાટકીય રીતો અપનાવવી આવશ્યક છે.

જહાલ પક્ષ (ઉગ્રવાદી) દ્વારા આંદોલનની ખાસિયતોનું વિશ્લેષણ કરવાનો અથવા આ અવરોધોમાંથી બહાર નીકળવાના માર્ગો બતાવવામાં નિષ્ફળતાને લીધે આ ભાવનાને વધુ બળ મળ્યું. તેનું નેતૃત્વ લેનારા લોકોમાંનો એક ભાગ જેમાં અરવિંદ ઘોષ પણ સામેલ હતા. તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિનું સમર્થન કર્યું. જેઓ આ વિચારો સાથે સહમત નહોતા તેમણે પણ તેની ખુલ્લી ટીકા કરવાનું ટાળ્યું. કદાચ તેમને લાગ્યું હશે કે આને લીધે તો સરકારને જ ફાયદો થશે. ક્રાંતિકારી આતંકવાદની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવાનું એક કારણ સરકારે સ્વદેશી આંદોલનને દબાવવામાં આચરેલી ક્રૂર દમનનીતિ પણ હતી. ઉદાહરણરૂપે, 27મી એપ્રિલ 1906ની બારીસાલ રાજનૈતિક સંમેલનમાં સામેલ શાંતિપૂર્ણ સભા પર પોલીસે અકારણ જ હુમલો કર્યો હતો. તેને માટે રાષ્ટ્રીય સમાચારપત્ર 'યુગાન્તર' દ્વારા લખવામાં આવ્યું કે "બળને બળ દ્વારા જ રોકવું જોઈશે." 1907માં સુરતમાં રાષ્ટ્રીય કૉંગ્રેસનું મવાળ અને જહાલ પક્ષમાં વિભાજન થયા બાદ સરકારની દમનનીતિનો કોયડો વધારે વીંઝાવા લાગ્યો, કારણ કે મવાળ પક્ષને જહાલ પક્ષના દમનથી કોઈ નારાજી થતી નહોતી. મવાળ પક્ષને બંધારણમાં ફેરફારો લાવવાનાં લોભામણાં વચનો આપીને સરકારે તેની ઉશ્કેરણી કરી અને જહાલ પક્ષ પર બેરહમીનો દોર ચલાવ્યો. ટિળકને છ વર્ષની કેદ માટે બર્મામાં મોકલી દેવામાં આવ્યા. ક્રાંતિકારી ષડયંત્ર કેસમાં સંડોવીને અરવિંદ ઘોષની ધરપકડ કરી. આ બધાંને લીધે યુવાન પેઢી ખાસ કરીને બંગાળમાં -

- આ બધા દમનથી નારાજ થઈ.
- મવાળ પક્ષના માર્ગની વ્યર્થતા માટે પૂર્ણપરિચિત થઈ ગઈ.
- ખૂબ અશાંતિ અનુભવવા લાગી કે જહાલ પક્ષ સરકાર પાસેથી કોઈ માગણી કબૂલ ન કરાવી શક્યો અને ન તેણે જનસમુદાયને લડત માટે સજ્જ કરવામાં સફળતા મેળવી.

આને લીધે યુવા પેઢી વૈયક્તિક વીરતાની કાર્યવાહીઓ અથવા ક્રાંતિકારી આતંકવાદ તરફ વળી. આ એક જ એવો રસ્તો હવે તેમની પાસે રહ્યો હતો જે પહેલાંના સમયમાં આયર્લૅન્ડના


રાષ્ટ્રવાદીઓ અને રશિયાના શૂન્યવાદીઓએ છેવટે અપનાવ્યો હતો. આમ તો તેઓ માનતા હતા કે સામ્રાજ્યવાદને જડમૂળથી ઉખેડી નાખવા માટે સમગ્ર જનતા દ્વારા હથિયાર બંધ વિદ્રોહની આવશ્યકતા તો હતી જ, અને પોતે પસંદ કરેલા કામમાં રહેલ મુશ્કેલીઓ, ખાસ કરીને લશ્કરની વફાદારીને સમાપ્ત કરવાના પ્રયત્નોમાં આવનારાં વિઘ્નો વગેરેથી તેઓ માહિતગાર હતા જ. તેમણે તેથી જ તાત્કાલિક પગલાં તરીકે જે માર્ગ લીધો હતો – બ્રિટિશ અધિકારીઓની ખાસ કરીને તેવા અંગ્રેજો કે જનતામાં બદનામ હોય, તેવાની હત્યાનો. આમ તાત્કાલિક કરવાનું કારણ હતું –

- કે તેથી અંગ્રેજ અધિકારીઓમાં દહેશત ફેલાઈ જાય.
- લોકોની ઉદાસીનતા અને ભય દૂર થાય, અને
- તેમની રાષ્ટ્રીય ચેતના જાગી ઊઠે.

### 15.2.2 શરૂઆતની પ્રવૃત્તિઓ (Early Activities)

આમ તો 1907-1908ના અરસામાં જ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ખરેખર એક મહાન શક્તિ બની ગઈ, પરંતુ આ પહેલાં પણ તેના કેટલાક દાખલાઓ મળે છે તે જોઈએ :

- 1897માં પૂનાના ચાફેકર ભાઈઓ – બાલકૃષ્ણ અને દામોદર - એ બે બ્રિટિશ ઑફિસરની હત્યા કરી હતી,
- 1904 સુધી મહારાષ્ટ્રમાં વી.ડી.સાવરકર તથા તેમના ભાઈ ગણેશ 'મિત્રમેલા' તથા 'અભિનવ ભારત' જેવી ગુપ્ત સમિતિઓની રચના કરી હતી.
- 1905 પછી કેટલાંય સમાચારપત્રોએ તેમજ લોકોએ આ પ્રકારની રાજકીય પ્રવૃત્તિઓનું સમર્થન કરવા માંડ્યું હતું. 1907માં બંગાળમાં ત્યાંના લેફ્ટન્ટ ગવર્નર ઉપર જીવલેણ હુમલો પણ થયો, પરંતુ તે નિષ્ફળ ગયો.



પ્રફુલ્લ ચાકી

છતાં પણ આ ક્રાંતિકારી પ્રવૃત્તિઓની શરૂઆત 1908માં થઈ એમ મનાય છે, જ્યારે ખુદીરામ બોઝ તથા પ્રફુલ્લ ચાકીએ મુઝફ્ફરપુરના બદનામ જિલ્લા ન્યાયાધીશ કિંગ્સફર્ડ જે ગાડીમાં પ્રવાસ કરતા હતા તેની પર બૉમ્બ ફેંકવામાં આવ્યો. ત્યારે દુર્ભાગ્યે તે ગાડીમાં બે અંગ્રેજ સ્ત્રીઓ પ્રવાસ કરતી હતી અને તેમની અજાણતાં હત્યા થઈ ગઈ. પકડાઈ જવાને બદલે પ્રફુલ્લ ચાકીએ પોતે જ ગોળીથી આત્મહત્યા કરી લીધી પરંતુ ખુદીરામ બોઝ ઝડપાઈ ગયા. તેમને ત્યાર બાદ ફાંસીની સજા કરવામાં આવી. આ ઘટનાનો ઉપયોગ અંગ્રેજ સરકારે અરવિંદ ઘોષ તથા તેમના ભાઈ બારીન્દ્ર ઘોષને તથા બીજા કેટલાયને ષડયંત્ર કેસમાં ફસાવવા માટે કર્યો. આ કેસમાંથી અરવિંદ તો સ્વયં મુક્ત થઈ ગયા પરંતુ તેમના ભાઈ અને તેમની સાથે બીજા કેટલાય લોકોને સીમા પર અને કઠોર જેલવાસની સજાઓ કરવામાં આવી હતી.





ખુદીરામ બોઝ

### ➡ ગુપ્ત સંસ્થાઓની સ્થાપના અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

અંગ્રેજ સરકારની દમનનીતિને કારણે ક્રાંતિકારીઓ હવે ભૂગર્ભમાં જઈને ગુપ્ત સંસ્થાઓ સ્થાપવા લાગ્યા. તેમના દ્વારા ઘણી બધી હત્યાઓ થઈ અને હથિયાર ખરીદવા માટે ઘણા 'સ્વદેશી' ડાકુઓની પ્રવૃત્તિઓ ચાલુ થઈ. બંગાળ ક્રાંતિકારીઓનું કેન્દ્ર હતું. તેમણે આ પ્રવૃત્તિઓનું સંચાલન 'અનુશીલન' અને 'યુગાન્તર' જેવી સંસ્થાઓ દ્વારા કર્યું. મહારાષ્ટ્રમાં પૂના, નાસિક અને મુંબઈ પણ ક્રાંતિકારીઓનું પ્રવૃત્તિનું કેન્દ્ર બની ગયાં હતાં.

મદ્રાસમાં 'ભારતમાતા ઍસોસિયેશન'ના વાન્ચી અય્યરે જહાલ પક્ષના નેતા ચિદમ્બરમ પિલ્લાઈની ધરપકડનો વિરોધ કરનાર ટોળા પર ગોળી ચલાવનાર અધિકારીની હત્યા કરી નાખી. લંડનમાં મદનલાલ ઢીંગરાએ ઇન્ડિયા હાઉસના અધિકારી કર્ઝન વાઈલીની હત્યા કરી નાંખી. રાસ બિહારી બોસે 23 ડિસેમ્બર, 1912માં દિલ્હીમાં પ્રવેશ કરનાર વાઇસરોય લૉર્ડ હાર્ડિંજ પર જીવલેણ હુમલો કર્યો. શ્યામજી કૃષ્ણ વર્મા, લાલા હરદયાલ, વી. ડી. સાવરકર, અજિતસિંહ અને માદામ કામાએ યુરોપમાં એવાં કેન્દ્રો ઊભાં કર્યાં, જ્યાંથી તેઓ ક્રાંતિકારી સંદેશાઓ પ્રસારિત કરી શકે અને સ્વદેશમાંના પોતાના સહકાર્યકરોને મદદ કરતા રહે.

1908થી 1918 સુધીમાં જ 186 જેટલા ક્રાંતિકારીઓ કાં તો માર્યા ગયા અથવા પકડાઈ ગયા.

### 15.2.3 ક્રાંતિકારી વલણનું પતન (Decline of the Revolutionary Trend)

કઠોર દમન, ક્રૂર કાયદાઓ લોકપ્રિયતાના અભાવે ક્રાંતિકારી ત્રાસવાદનો પવન ધીમે ધીમે મંદ પડી ગયો. એની શંકા છે કે વ્યક્તિગત વીરતાનાં કામો કરવાના કારણે ક્રાંતિકારીઓને લોકચાહના, પ્રશંસા અને સહાનુભૂતિ મળ્યાં, અને ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી જેવા કેટલાક ક્રાંતિકારીઓ પ્રસિદ્ધ પણ થઈ શક્યા પરંતુ તેમની પ્રવૃત્તિ સ્વભાવગત જ એવી હતી કે આ પ્રકારની રાજકીય સિદ્ધિઓ મેળવવા માટે આ માર્ગનું અનુસરણ માત્ર કેટલીક ચુનંદી વ્યક્તિઓ જ કરી શકે છે, સામાન્ય જનતા એ માર્ગ લઈ શકતી નથી. પણ સામાન્ય પ્રજા એવા કોઈ આંદોલનની રાહ જોઈ રહી હતી કે તેમની મજબૂરીઓ તેમજ નબળાઈઓને સમજીને તેમની શક્તિનો પણ ઉપયોગ કરી શકે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. ક્રાંતિકારી આતંકવાદ (ત્રાસવાદ)ની પ્રવૃત્તિનો વિકાસ થવાનાં બે મુખ્ય કારણો આપો.

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

2. ક્રાંતિકારી આતંકવાદીઓએ કરેલી કોઈ ત્રણ મુખ્ય પ્રવૃત્તિઓનું વર્ણન કરો.

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

3. કયાં ક્ષેત્રોમાં આ ક્રાંતિકારીઓ વધારે સક્રિય હતા ?

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

   ..................................................................................

## 15.3 ગદર આંદોલન (The Ghadar Movement)

1914માં પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો અને ઘણા ભારતીય રાષ્ટ્રવાદીઓને લાગ્યું કે બ્રિટનની તંગદિલીના સમયનો લાભ લેવાની આ સુવર્ણ તક છે. તેમને લાગતું હતું કે લડાઈમાં વ્યસ્ત બ્રિટન તેમના રાષ્ટ્રીય પડકારના યોગ્ય ઉત્તર આપી શકશે નહિ. આ પડકાર બે પ્રકારના રાષ્ટ્રવાદીઓએ આપ્યો. ઉત્તર અમેરિકામાં રહેનારા 'ગદર' ક્રાંતિકારીઓ દ્વારા અને ભારતમાં ટિળક અને એની બેસંટની 'હોમ રૂલ લીગ' દ્વારા. પહેલાં આપણે 'ગદર' આંદોલન વિશે જોઈએ.

### 15.3.1 આંદોલનની પૂર્વભૂમિકા (Background of the Movement)

ગદર ક્રાંતિકારીઓમાં વધારે તો એવા પંજાબી પ્રવાસીઓ હતા જેઓ 1904 પછી ઉત્તર અમેરિકાના પશ્ચિમ કાંઠે વસવાટ કરવા આવ્યા હતા. તેઓ ગીચ વિસ્તારોવાળા મોટા ભાગના દેવામાં દબાઈ ગયેલા જમીન મેળવવાની ઇચ્છા ધરાવતા પંજાબના જલંધર અને હોશિયારપુર જિલ્લાના ખેડૂતો

હતા. ઉપરાંત તેમાંના મોટા ભાગના લોકોએ સૈનિક તરીકે ભારતીય નોકરી કરેલી હતી. આ બધાથી તેમનામાં પ્રવાસ માટે આત્મવિશ્વાસ પ્રગટ્યો હતો. અને તેઓ પૂરતાં સાધનો પણ ધરાવતા હતા. ગોરા મજૂર સંઘો તથા સ્થાનિક પ્રજાનો ઈર્ષાળુ વ્યવહાર, સ્થળાંતર માટેના કડક થતા જતા કાયદા જેમાં બ્રિટનના 'ભારત મંત્રી' (Secretary of State for India)ની છૂપી મદદ પણ હતી વગેરે કારણોસર ઉત્તર અમેરિકામાં વસતા ભારતીયોને ખાતરી થઈ ગઈ કે રંગભેદની નીતિથી બચવા અને તેનો મુકાબલો કરવા માટે સંગઠિત થવું પડશે. ઉદાહરણ તરીકે, એક ભારતીય વિદ્યાર્થી, તારકનાથદાસે 'ફ્રી હિન્દુસ્તાન' નામે એક સમાચારપત્ર શરૂ કર્યું. જાણી ગયો હતો કે બ્રિટિશ સરકાર ફિજીમાં કામ કરવા માટે ભારતીય મજૂરોને પ્રોત્સાહન આપી રહી હતી. કારણ કે ફિજીના જમીનદારોને સસ્તા દરે મજૂરોની જરૂર હતી જ્યારે ઉત્તર અમેરિકામાં વસવાટ કરવા માટે બ્રિટિશ સરકાર ભારતીઓના પ્રવાસને નિરુત્સાહ કરતી હતી કેમ કે તેને ડર હતો કે તેઓ અમેરિકામાં આઝાદીના વર્તમાન વિચારોથી પ્રભાવિત થઈ શકે.

### 15.3.2 શરૂઆતની પ્રવૃત્તિઓ (Early Activies)

વસાહતી ભારતીય સમુદાયમાં 1907થી જ રાજકીય પ્રવૃત્તિની હલચલ શરૂ થઈ ગઈ જ્યારે રામનાથપુરી નામના એક રાજકીય વસાહતીએ 'સર્ક્યુલર-ઈ-આઝાદી' નામક પત્રિકા છાપી અને તેમાં સ્વદેશી આંદોલનને મદદ કરવા અંગે વચન આપ્યું હતું 'ફ્રી હિન્દુસ્તાન' નામે પત્ર તારકનાથ દાસે શરૂ કર્યું અને સ્વદેશ આંદોલન અને 'સ્વદેશ સેવક' નામે ગુરુમુખી ભાષામાં જી. ડી. કુમારે અખબાર શરૂ કર્યું. તેમાં તેમણે સામાજિક સુધારાઓ અપનાવવાની હિમાયત કરી અને સાથે જ એ સૂચન પણ મૂક્યું કે હિન્દુસ્તાની સિપાઈઓએ હવે વિદ્રોહ કરવો જ રહ્યો. 1901 સુધીમાં દાસ તથા કુમારે સીયેટલ નામના અમેરિકી શહેરમાં 'યુનાઈટેડ ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી દીધી, જ્યાંથી દર અઠવાડિયે તેઓ હિન્દુસ્તાનના મજૂરોની સભાઓને સંબોધતા હતા. 'ખાલસા દીવાન સોસાયટી' સાથે પણ તેમણે ઘનિષ્ઠ સંબંધો સ્થાપ્યા. તેના ફળસ્વરૂપે 1913માં લંડનમાં કોલોનિયન સેક્રેટરી (સંસ્થાનિક સચિવ) અને ભારતમાં વાઇસરૉય તથા અન્ય અધિકારીઓને મળવા એક પ્રતિનિધિ મંડળ મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો. એક મહિના સુધી રાહ જોવા છતાં (સંસ્થાનિક સચિવે) કોલોનિયલ સેક્રેટરીએ મુલાકાતનો કોઈ નિશ્ચિત સમય આ મંડળને આપ્યો નહિ. અને તેમાં તેઓ નિષ્ફળ નીવડ્યા છતાં ભારતમાં પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નર અને વાઇસરૉય મળવામાં સફળ થયા ખરા. પંજાબમાં તેમની મુલાકાત દરમિયાન જુદાં જુદાં શહેરોમાં ઘણી સભાઓનું આયોજન થયું. પ્રજા તેમજ સમાચારપત્રોએ પણ તેમને ખૂબ મદદ કરી.

આ દરમિયાન, 1913ના શરૂઆતના દિવસોમાં હોંગ કોંગમાંના મલાયા પ્રદેશોમાં કામ કરનાર એક શીખ પૂજારી ભગવાનસીંગ કેનેડાના વાનકુંવર શહેરમાં પહોંચ્યા ત્યાં તેમણે જહેરમાં બ્રિટિશ શાસનની વિરુદ્ધ હિંસક વિદ્રોહ કરવા માટે પ્રચાર શરૂ કરી દીધો. તેમના પ્રચારનો એટલો પ્રભાવ પડ્યો કે તેમણે ત્રણ જ મહિનામાં કેનેડા છોડી જવાનું કહેવામાં આવ્યું. પણ તેમ છતાં તેમના વિચારોને શ્રોતાઓમાં એક નવી જાગૃતિ પ્રગટાવી હતી.

### 15.3.3 સંગઠનના માર્ગે (Towards Organisation)

બ્રિટિશ સરકારના વલણથી હતાશ થયેલા ઉત્તર અમેરિકાના ભારતીય વસાહતીઓને લાગ્યું કે વિદેશોમાં ઊતરતું સ્થાન એટલા માટે છે કે તેઓ એક ગુલામ દેશના નાગરિકો છે. સતત ચાલતા રાજનૈતિક સંઘર્ષો રાષ્ટ્રીય ચેતના અને અંદરોઅંદરની બંધુત્વની ભાવનાને લીધે હવે તેમને એક કેન્દ્રીય સંગઠન તેમજ નેતાની જરૂરિયાત જણાવા લાગી. આ નેતા તેમને લાલા હર દયાળના સ્વરૂપે મળ્યા. 1911માં રાજનૈતિક પ્રવાસી તરીકે તેઓ અમેરિકા આવ્યા હતા, અને સ્ટેનફોર્ડ વિશ્વવિદ્યાલયમાં અને અન્ય સ્થળે અમેરિકી બુદ્ધિજીવીઓ, ઉગ્રવાદીઓને અને મજૂરોને અરાજકતાવાદીઓના અને શ્રમિકસંઘનાં આંદોલનો વિશે શ્રોતાઓ સમક્ષ ભાષણો કરતા હતા. તે સમયે તેમણે અમેરિકાના ભારતીય વસાહતી પ્રત્યે કોઈ વિશિષ્ટ રુચિ દાખવી નહોતી. 1912ના ડિસેમ્બરમાં દિલ્હીમાં થયેલા વાઇસરૉયના હુમલા વિશે જ્યારે તેમણે જાણ્યું ત્યારે તેમના વલણમાં પરિવર્તન આવ્યું કેમ કે તેમણે એ જાણી લીધું કે ક્રાંતિકારી ભાવના નષ્ટ નહોતી થઈ. તેથી તેમણે ભારતીય વસાહતી સંઘનું નેતૃત્વ સ્વીકાર્યું અને 1913માં પોર્ટલૅન્ડ ખાતે 'હિન્દી ઍસોસિયેશન'ની સ્થાપના કરી જેણે એક કેન્દ્રીય સંગઠનની જરૂરિયાત સંતોષી. પાછળથી આ સંગઠનનું નામ બદલીને 'હિન્દુસ્તાન ગદર પાર્ટી' રાખવામાં આવ્યું. તેની પ્રથમ સભામાં બાબા




'લાલા દર દયાલ'

સોહન સિંહ ભાકના તેના અધ્યક્ષપદે ચૂંટાયા, લાલા હર દયાલ જનરલ સેક્રેટરી થયા અને પંડિત કાંશીરામ મરોલી તેના ખજાનચી બન્યા. આ સભામાં અન્ય લોકો સિવાય ભાઈ પરમાનંદ અને હરનામસિંહ 'ટુંડીલાટે' પણ ભાગ લીધો હતો. 17,000 ડૉલરની જેટલી રકમનો ફાળો આ જ સભામાં એકઠો કરવામાં આવ્યો અને તે રકમ જમા થઈ તેમજ નિર્ણય લેવાયો કે સાનફ્રાન્સિસ્કોમાં 'યુગાન્તર આશ્રમ' નામે એક મુખ્ય મથકની સ્થાપના કરવામાં આવે, 'ગદર' નામે સાપ્તાહિક નીકળે જે મફતમાં વહેંચાય.

### 15.3.4 વ્યુહરચના તથા કાર્યવાહી (Strategy and Actions)

લાલ હર દયાળે સૂચવ્યા મુજબની રાજકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી. તેનો સ્વીકાર હિન્દી ઍસોસિયેશને પણ કર્યો. આ યોજનાની પાયાની માન્યતા એ હતી કે બ્રિટિશ શાસનને ઉખેડી નાખવા માટે કેવળ સશસ્ત્ર વિદ્રોહ જ સફળ થઈ શકે અને તે માટે જરૂરી છે કે મોટી સંખ્યામાં વસાહતી ભારતીઓ ભારત પહોંચે અને આ સંદેશ ત્યાંની પ્રજા અને હિન્દુસ્તાની ફોજના સિપાઈઓ સુધી પહોંચાડે. લાલ હરદયાલ એમ માનતા હતા કે અમેરિકામાં મળેલી આઝાદીનો ઉપયોગ અંગ્રેજો વિરુદ્ધ લડવામાં કરવો જોઈએ, અમેરિકનોની વિરુદ્ધ નહીં. ખરું જોતાં તો વિદેશમાં રહેનાર ભારતીયોને ત્યાં સુધી સમાન અધિકારો મળે તેમજ નહોતાં, જ્યાં સુધી તેઓને પોતાના જ દેશમાં સ્વતંત્રતા ન હોય. આ માન્યતાનો સ્વીકાર કરીને રાષ્ટ્રવાદીઓએ એક મોટું આંદોલન શરૂ કર્યું. અને જિનનાં કારખાનાં તથા ખેતીવાડીનાં મોટાં ફાર્મ પર ફરી ફરીને ત્યાં કામ કરનારા હિન્દુસ્તાની વસાહતીઓને મળવા લાગ્યા અને પ્રચાર કરવા લાગ્યા.

#### ➡ વર્તમાન પત્રોની શરૂઆત (Launching of Paper and its Impact)

પહેલી નવેમ્બર 1913ને દિને 'ગદર' નામક વર્તમાન પત્રની શરૂઆત થઈ, પહેલો અંક ઉર્દૂમાં હતો પરંતુ મહિના પછી તેનો ગુરુમુખી અંક પણ આવ્યો. 'ગદર'ની રૂપરેખા સીધાસાદા છતાં

પ્રભાવશાળી શબ્દોમાં રાષ્ટ્રવાદના સંદેશને વ્યક્ત કરવાના ઇરાદાથી તૈયાર કરવામાં આવી હતી. એના નામનો અર્થ જ થતો હતો 'વિદ્રોહ' જેથી એના હેતુ વિશે કોઈ જ શંકા રહે નહિ. તેના નામ ઉપર 'અંગ્રેજી રાજ્યનો દુશ્મન' એવું પણ છવાયું હતું. વળી પ્રત્યેક અંકના પ્રથમ પાના પર 'અંગ્રેજી રાજ્યનો કાચો મુસદ્દો' શીર્ષક હેઠળ તેના 14 જેટલી નકારાત્મક પ્રભાવશાળી અસરોની યાદી મૂકવામાં આવી હતી. આ મુસદ્દામાં અંગ્રેજી શાસનની આલોચનાનો સમસ્ત સારાંશ મળે છે, જેમાં સંપત્તિની લૂંટ, જમીનનું ઊંચું મહેસૂલ, ભારતની પ્રજાની પ્રત્યેક વ્યક્તિ દીઠ આવકનું નિમ્ન સ્તર, હજારો નાગરિકોના જાન હણનારા અને વારંવાર પડનારા દુકાળો, મોટા લશ્કરી ખર્ચા, પ્રજાની તંદુરસ્તી માટે નગણ્ય ખર્ચ અને હિન્દુ-મુસલમાનો વચ્ચે તડ પાડીને લડાવી મારીને શાસન કરવાની નીતિ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ થતો હતો. આ મુસદ્દામાં એમ પણ છેલ્લે કહેવાતું કે કરોડો ભારતીય જનોના પ્રમાણમાં અંગ્રેજોની સંખ્યા ખૂબ જ અલ્પ હતી, અને 1857ના વિદ્રોહને 56 વર્ષ વીતી ગયાં છે અને બીજો વિદ્રોહ કરવાનો સમય પાકી ગયો છે.



'ગદર સમાચારપત્ર'

'ગદર'નો ફેલાવો અમેરિકાના ભારતીય પ્રવાસીઓમાં પુષ્કળ થયો. થોડા જ સમયમાં તે હોંગકોંગ, ચીન, મલાયાના પ્રદેશો, સિંગાપોર, ટ્રિનિદાદ, તથા હોન્ડુરાસના પ્રવાસીઓ સુધી પણ પહોંચ્યું અને આ કેન્દ્રોમાં સ્થિત હિન્દની સેનાઓમાં પણ ફેલાયું. એની નકલો ભારતમાં પણ આવતી જ હતી. પ્રવાસીઓમાં આ વર્તમાનપત્રે ખૂબ જ જાગૃતિ આણી. તેને વાંચવા તેમજ તેમાં ઉઠાવાતા મુદ્દાઓ પર ચર્ચા કરવા ઘણાં બધાં જૂથો ઊભાં થયાં અને ઠેરઠેરથી તેને માટે ફંડફાળાઓ ઉઘરાવવામાં આવ્યા.

આમાં સૌથી વધુ લોકપ્રિય હોય તો 'ગદર'માં છપાતી કવિતાઓ, જેને થોડા જ વખતમાં 'ગદરકી ગૂંજ' નામે સંકુલિત સ્વરૂપે છાપવામાં આવી. ભારતમાં કેટલાંય સંચાલનોમાં આને વાંચવામાં અને ગાવામાં આવતી. આ કવિતાઓમાં ક્રાંતિકારી ભાવના અને ધર્મનિરપેક્ષતાની ભાવના ભરપૂર હતી. નીચેની પંક્તિઓથી આ સ્પષ્ટ થાય છે :

ન પંડિત કી જરૂરત હૈ ન મુલ્લાકી,
ન ફરિયાદ, ન પ્રાર્થના ગીત ગાના હૈ,
ઈન સે ડોલતી હૈ નૈયા હમારી,
ઉઠાઓ તલવાર લડને જાના હૈ.

'ગદર'માં સૌ પંજાબીઓને અપીલ કરી કે 1957માં અંગ્રેજોને આપેલ સાથનું દેવું હવે તેમને ઉખેડીને ફેંકી દેવાની પ્રક્રિયામાં મહત્ત્વનું પ્રદાન કરીને ચૂકવી દો. અંગ્રેજોએ 'વફાદાર' સિપાઈઓ તરીકે તેમની જે છબી ઉપસાવી હતી તે ભૂંસી નાંખો, અને માત્ર એવા વિદ્રોહીઓ બનો જેમનું એકમાત્ર લક્ષ્ય 'સ્વતંત્રતા' હોય. 'ગદર'નો આ સંદેશ એટલો જલદીથી એવા લોકોનાં મનમાં

વસી ગયો જેઓ કંઈક કરવા બેચેન હતા કે સ્વયં હર દયાલ પણ આશ્ચર્યચકિત થઈ ગયા.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. ગદર આંદોલન કયા કારણોસર ઊભું થયું ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

2. ગદર પાર્ટીનો શો ઉદ્દેશ હતો ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

3. ગદર આંદોલનના ચાર મોટા નેતાઓનાં નામ લખો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

4. ગદર વર્તમાનપત્રે કયો સંદેશ મુખ્યત્વે પ્રસારિત કર્યો ?


........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

## 15.4 ગદર આંદોલનની મુખ્ય ઘટનાઓ (Ghadar Movement : The Main Events)

સન 1914માં બનેલી ત્રણ મુખ્ય ઘટનાઓના આધારે ગદર આંદોલનની આગળની દિશા નિશ્ચિત થઈ હતી. આ હતી લાલા હર દયાલની ધરપકડ, જામીન ભરવી અને સ્વિટ્ઝર્લેન્ડમાં વસવાટ; કામાગાટા મારૂ વહાણની યાત્રા, અને પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થવી.

1) 1914ના માર્ચ મહિનામાં લાલા હર દયાલની ધરપકડ કરવામાં આવી. ગદર આંદોલનના નેતાપદેથી તેમને હઠાવવાનો જ હેતુ અંગ્રેજ સરકારનો હોવો જોઈએ, પરંતુ ધરપકડનું કારણ બતાવ્યું હતું તેમની અરાજકતાવાદી પ્રવૃત્તિઓ. પછી તેમને જામીન પર છોડી પણ મૂક્યા પરંતુ તેમના માટે ગદર પાર્ટીએ નિર્ણય કર્યો કે જામીન આપ્યા વિના જ તેઓ સ્વિટ્ઝર્લેન્ડ ભાગી છૂટે.

2) આ દરમિયાન અન્ય પણ એક અભિમાન થયું. કેનેડામાં પ્રવાસનિયમો કડક હતા - પોતાના વહાણમાં જ વતનથી સીધા આવનારા લોકો સિવાય અન્ય કોઈને આવવા પર પ્રતિબંધ હતો. આ નિયમનું ઉલ્લંઘન કરવાના ઇરાદાથી સિંગાપુરમાં રહેતા એક ભારતીય કૉન્ટ્રેક્ટર ગુરુદત્તસિંહે 'કોમાગાટા મારુ' એશિયામાં વિવિધ ભાગોમાં રહેતા 376 ભારતીય પ્રવાસીઓને લઈ વહાણ વાનકુંવર (કેનેડા) માટે રવાના થયું. રસ્તામાં દરેક ઠેકાણે ગદર પાર્ટીમાં કાર્યકર્તાઓ વહાણ પર આવતા, ભાષણો આપતા અને પત્રિકા વગેરે સાહિત્યની પ્રવાસીઓમાં વહેંચણી કરતા. આ વહાણ આવી રહ્યું છે એવા સમાચાર પ્રાપ્ત થયા. 'વાનકુંવરના પ્રેસે' આગળ ધપતા પૂર્વના આક્રમણની ચેતવણી આપી અને કેનેડાની સરકારે પોતાના કાયદાઓને વધુ કડક દીધા અને આ પડકારનો સામનો કરવા કમર કસી.



કોમાગાટા મારુ

જ્યારે વહાણ કેનેડા પહોંચ્યું ત્યારે તેને બંદર પર લાંગરવાની મનાઈ ફરમાવવામાં આવી, તેમજ પોલીસે ઘેરો ઘાલ્યો. વાનકુંવરમાં 'સમુદ્રતટ સમિતિ' રચાઈ જેમાં હુસૈન રહીમ, સોહન લાલ પાઠક તથા બલવંત સિંહ જેવા નેતાઓ હતા. તેમના પ્રયત્નો છતાં તેમજ તેમને ટેકો આપવા અમેરિકામાં બરકતુલ્લા, ભગવાન સિંહ, રામચંદ્ર તથા સોહન સિંહ ભકના જેવા નેતાઓના બળવાન પ્રયત્નો છતાં કેનેડાએ પોતાની જળસીમાની બહાર જ 'કોમાગાટા મારુ'ને ઊભું રાખ્યું. વહાણ જાપાન તરફ વળ્યું. પરંતુ ત્યાં પહોંચે તે પહેલાં જ પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. અંગ્રેજોએ જાહેર કર્યું કે કલકત્તા પહોંચતાં પહેલાં કોઈ યાત્રીને ઊતરવા દેવામાં આવશે નહીં.
પાછા ફરતાં વહાણ જ્યાં જ્યાં પહોંચ્યું તે બંદરે રોષની લાગણી ફેલાઈ ગઈ, અને અંગ્રેજોની વિરુદ્ધની લાગણી ઉગ્ર થવા લાગી. કલકત્તા નજીક બજબજ નામના સ્થાન પર આ વહાણ પહોંચ્યું ત્યારે પોલીસે બહુ જ રોષપૂર્ણ રીત અજમાવવાથી સંઘર્ષ થયો. તેમાં 18 યાત્રીઓ માર્યા ગયા, 202ની ધરપકડ થઈ અને બાકીના ભાગી છૂટવામાં સફળ થયા.
3) ત્રીજી અને સૌથી મહત્ત્વની ઘટનાએ સમગ્ર પરિસ્થિતિને નાટકીય ઢબે બદલાવી નાખી - તે હતી પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત. ગદરવાદીઓ એવી જ એક તકની રાહ જોઈને બેઠા હતા કે અંગ્રેજો ભીંસમાં હોય અને તેમની મુશ્કેલીઓનો લાભ ઉઠાવી શકાય. પરંતુ આ તક તેમની આશાઓથી ઘણી વહેલી આવી. તેમની તૈયારીઓ હજી પૂરી નહોતી થઈ. તેમ છતાં પાર્ટીના સક્રિય સભ્યોની વિશિષ્ટ સભા થઈ જેમાં ઠરાવ પસાર થયો કે કામનો સમય થઈ ચૂક્યો છે. એ વિચાર કરવામાં આવ્યો કે હથિયારોનો અભાવ પક્ષની સૌથી મોટી નબળાઈ હતી પરંતુ તે ભારતીય સિપાઈઓની ઉશ્કેરણી કર્યાથી પૂરી થઈ શકે તેમ હતી. ગદર પાર્ટીએ એક પત્ર

'એલાન-એ-જંગ' (યુદ્ધઘોષણા) બહાર પાડ્યો અને વિદેશમાં રહેતા ભારતીઓમાં વહેંચ્યો. ગદરના કાર્યકર્તાઓએ લોકોને પ્રોત્સાહિત કરવા પ્રયાસો શરૂ કર્યા અને પ્રચાર કર્યો કે તેઓ હિન્દુસ્તાન પહોંચીને સંગઠિત વિદ્રોહની તૈયારી કરવામાં મદદ કરે. આ પ્રયત્નોનાં પરિણામો ઉત્સાહજનક હતાં. ઘણી મોટી સંખ્યામાં લોકોએ પોતાને અને પોતાની મિલકતને રાષ્ટ્રના ચરણે સોંપવાની તૈયારી બતાવી. આથી ઉત્સાહિત થઈને ગદર પાર્ટીએ 'હિન્દુસ્તાન-ચલો'નું આહ્‌વાન આપ્યું અને 1914ના પૂર્વાર્ધમાં ક્રાંતિકારીઓનાં જૂથો જુદા જુદા માર્ગે ભારત પહોંચવા લાગ્યાં.

### 15.4.1 આંદોલનનો અંતિમ તબક્કો (The Movement in the Last Phase)

આ બાજુ હિંદુસ્તાનમાં નવા પ્રવેશ માટે અંગ્રેજ સરકારે હથિયારધારી ક્રાંતિકારીઓની ઘૂસણખોરીની વિરુદ્ધમાં એક વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો. પાછા આવતા વસાહતીઓની ખૂબ તપાસ - ઊલટ તપાસ થતી. 8000માંથી 5000 ને તો 'સુરક્ષિત' માનીને કોઈ રોક-ટોક વિના પરવાનગી અપાઈ. બાકીનામાંથી કેટલાકને તેમનાં ગામડાંઓમાં નજરકેદ કરવામાં આવ્યા, અને ઘણાખરાને રોકી રાખવામાં આવ્યા તેમ છતાં કેટલાક કટ્ટર ક્રાંતિવાદીઓ છેવટે પંજાબ પહોંચવામાં સફળ થઈ ગયા.

પંજાબમાં સુરક્ષિત પહોંચનારાઓમાં એક કરતારસિંહ સરાભા નામે એક નવજુવાન અને બુદ્ધિશાળી વિદ્યાર્થી પણ હતો. તે અમેરિકામાં ગદર પાર્ટીનો સભ્ય બન્યો હતો. તે અમેરિકામાં ગદર પાર્ટીનો અને ગદર વર્તમાનપત્ર ચલાવવામાં તે મુખ્ય ભાગ ભજવતો હતો. પાછા ફરતા પ્રવાસીઓ સાથે સંપર્ક સાધીને તેમને સંગઠિત કરવાનું કામ તેણે શરૂ કરી દીધું. તેણે સભાઓ ભરવા માંડી તેમજ યોજનાઓ પણ ઘડવા માંડી. ગરદના કાર્યકર્તાઓ ગામડાંઓમાં ફરીફરીને પાર્ટીની પત્રિકાઓ વહેંચતા, મેળાઓમાં લોકોને સંબોધીને ભાષણો કરતા અને બીજી પણ અનેક રીતે લોકોને બંડ કરવા માટે પ્રેરણા આપવાના પ્રયત્નો કરતા. પરંતુ 1914નું પંજાબ તેમની આશાઓ કરતાં જુદું જ હતું. ગદર દ્વારા 'કાલ્પનિક' વિદ્રોહ માટે લોકો તૈયાર નહોતા. કાર્યકર્તાઓના સરકારનાં વફાદાર તત્ત્વોનો પણ સામનો કરવો પડ્યો. આ તત્ત્વમાં ખાલસા દીવાનના પ્રમુખ પણ સામેલ હતા. તેમણે 'તનખૈયા' અથવા (વિદ્રોહી) પતિત શીખોને ગુનેગાર જાહેર કરીને સરકાર દ્વારા કચડી નાંખવામાં પૂરો સહકાર આપ્યો.

સામાન્ય જનતામાં લોકપ્રિયતાનો અભાવ જોઈને ક્રાંતિકારીઓ નિરાશ તો થયા, પરંતુ એમણે બીજો પ્રયત્ન સિપાઈઓમાં પોતાનો સંદેશ પહોંચાડીને કર્યો, અને તેમને વિદ્રોહ માટે તૈયાર કર્યા. 1914ના નવેમ્બરમાં વિદ્રોહનો પ્રયત્ન થયો પણ ખરો, પરંતુ યોગ્ય સંગઠન તથા કેન્દ્રીય નેતૃત્વના અભાવને લીધે તે નિષ્ફળ ગયો. 1915ના ફેબ્રુઆરીમાં રાસ બિહારી બોઝ સાથે સંપર્ક કરીને તેમને નેતૃત્વ સોંપ્યું. ત્યાર પછી ફરી એક વાર વધુ સંગઠિત પ્રયત્ન પણ થયો. આ પ્રયત્ન પણ નિષ્ફળ ગયો કારણ કે સરકારના માણસોએ આ સંગઠનને વેધક રીતે ઘસીને તેને નિષ્ફળ કરવાની ગોઠવણ પહેલેથી કરી દીધી હતી રાસ બિહારી બોઝ નાસી ગયા પરંતુ મોટા ભાગના બીજા નેતાઓની ધરપકડ થઈ અને ગદર આંદોલનને અસરકારક રીતે કચડી નાંખવામાં આવ્યું.

### 15.4.2 દમન (The Repression)

આ પછી દમનનો જે કોરડો વીંઝાયો તે ઘણો ભયાનક હતો. 42 લોકોને ફાંસી અપાઈ; બીજાને લાંબા કારાવાસની સજા થઈ. આથી પંજાબમાં તો રાષ્ટ્રવાદી નેતૃત્વની એક આખી પેઢીની રાજકીય કતલ થઈ ગઈ. બર્લિનમાં રહેતા ભારતીય ક્રાંતિકારીઓએ જર્મનીની મદદ માંગવાના અને વિદેશોમાં ગયેલા ભારતીય સૈનિકોમાં વિદ્રોહ કરાવવાના પ્રયત્નોમાં પણ નિષ્ફળ ગયા. રાજા મહેન્દ્ર પ્રતાપ તથા બરકતુલ્લાએ અફઘાનિસ્તાનના અમીરની મદદ માંગી પરંતુ તેમાં પણ નિરાશા સાંપડી. આમ, હિંસાત્મક વિદ્રોહથી અંગ્રેજી શાસનને ઉથલાવી નાખવાની સફળતા આ ક્રાંતિકારીઓના નસીબમાં જ લખાઈ નહોતી એમ લાગે છે.

### 15.4.3 નિષ્ફળતાઓ અને સિદ્ધિઓ (Failure and Achievements)

તો શું આ કારણથી આપણે ગદર આંદોલનને નિષ્ફળ માનવું જોઈએ ? શું આપણે એમ કહેવું કે હથિયારધારી ક્રાંતિ પ્રવૃત્તિને સંગઠિત કરવાના અને અંગ્રેજોને હઠાવવાના પોતાના ઉદ્દેશમાં તેઓ તત્કાલ સફળ ન થયા તેથી તેઓ તેમના પ્રયત્નોમાં નિષ્ફળ નીવડ્યા ? આ માપદંડથી જો તેને જોઈશું તો એ જ માપદંડથી 1920-22, 1930-34 અને 1942ના બધાં જ મોટાં આંદોલનો પણ નિષ્ફળ જ કહેવાય, કેમ કે તે કોઈ પણ તત્કાલ સ્વતંત્રતા મેળવવામાં સફળ થયાં નહિ.

પરંતુ જો સફળતાનો માપદંડ રાષ્ટ્રીય ભાવનાને ઉત્તેજન આપવું, સંઘર્ષ માટે નવી રીતો અખત્યાર કરવી, નવી પરંપરા ઊભી કરવી, ધર્મ-નિરપેક્ષતાની ભાવનાને ઉત્તેજન આપવું, જનતંત્ર અને સ્વતંત્રતાની વિચારધારાનું પોષણ કરવું અને પ્રચાર કરવો વગેરેને ગણવામાં આવે તો, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગદર આંદોલનનું સ્થાન અત્યંત મહત્ત્વનું ગણી શકાય તેમ છે.

### ➠ સિદ્ધિઓ (Achievements) :

ગદર પાર્ટીના નેતાઓ રાષ્ટ્રીયતાના હિમાયતી હતા. ખાસ કરીને સંસ્થાનવાદથી થતા શોષણ વિશેના સ્પષ્ટ વિચારો તેમણે લોકોને સમજાવ્યા, અને ભારતની ગરીબી તથા પછાતપણાનું કારણ મુખ્યત્વે અંગ્રેજી શાસન હતું તે સમજાવ્યું. તેમણે ખૂબ જ ઉત્સાહી રાષ્ટ્રવાદીઓનું જૂથ તૈયાર કર્યું. જેમણે દસકાઓ પછી પણ રાષ્ટ્રીય આંદોલનમાં અને ત્યાર બાદ પણ પંજાબ તથા દેશના અન્ય ભાગોમાં ડાબેરી જૂથ તથા ખેડૂતે મહત્ત્વનો ભાગ ભજવ્યો. આંદોલનો ચલાવવામાં જોકે લાંબા કારાવાસ તેમ જ અન્ય દમનના કારણે કેટલાક લોકો કાયમ માટે અને કેટલાક ઘણા દસકાઓ સુધી આ આંદોલનથી વિખૂટા પડી ગયા.

ગદર વિચારધારા મૂળમાં અત્યંત સમતાવાદી અને ગણતંત્રવાદી પણ હતી. એનો એક માત્ર ઉદ્દેશ હતો ભારતમાં સ્વતંત્ર પ્રજાસત્તાકની સ્થાપના કરવી. શરૂઆતમાં અરાજકતાવાદી તથા શ્રમિક સંઘવાદી આંદોલનોથી હર દયાલ પ્રભાવિત થયા હતા. પરંતુ પછીથી તેમણે સમતા (સમાનતા)વાદી સ્વરૂપ ગદર આંદોલનને આપ્યું. તેઓ વારંવાર આયરિશ, મેક્સિકન અને રશિયાના ક્રાંતિકારીઓના ઉલ્લેખો કરતા હતા જેથી ભારતીય આંદોલનને આંધળા રાષ્ટ્રવાદથી બચાવી શકાય અને તેને આંતરરાષ્ટ્રીય રૂપ પણ આપી શકાય.

પરંતુ ગદર આંદાલનની સૌથી મોટી સિદ્ધિ એ હતી કે તેના મોટા ભાગના અનુયાયીઓ પંજાબી, શીખ કોમના પ્રવાસીઓ હોવા છતાં તેમણે કદી પણ જૂથભક્તિની ભાવના રાખી નહિ. ઊલટાનું ધર્મનિરપેક્ષ દૃષ્ટિકોણની જ ભાવના તેમણે રાખી અને તેનો પ્રચાર કર્યો. ધર્મને મહત્ત્વ આપવાનું કામ સંકુચિત માનસવાળું દયાપાત્ર મનાતું હતું અને તેને ક્રાંતિકારીઓ વખોડી કાઢતા. તેઓએ ખુલ્લા દિલે પંજાબી કે શીખ સિવાયના નેતાઓનો સ્વીકાર કર્યો. હર દયાલ હિન્દુ હતા, બરકતુલ્લા મુસલમાન હતા અને રાસ બિહારી બંગાળી હિન્દુ હતા. સમસ્ત ભારતના રાષ્ટ્રીય નેતાઓનું પણ તેઓ સન્માન કરતા હતા, જેવા કે ટિળક, સાવરકર, ખુદીરામ બોઝ અને અરવિંદ ઘોષ વગેરે તો તેમના નેતાઓ હતા. સંસ્થાનવાદીઓ પણ સમજી ગયા હતા કે અંગ્રેજોએ શીખોને લડાયક કોમ જાહેર કરી હતી કેમકે તેમ કર્યાથી તેઓ અંગ્રેજોના વફાદાર સિપાઈ બની રહે. આ મિથ્યા ખ્યાલને તોડી પાડવાનો ભારે પ્રયાસ ગદર જૂથે જ કર્યો. તેમણે **'વંદે માતરમ્'** ને આંદોલનના સૂત્ર તરીકે અપનાવ્યું અને નહિ કે **'સત્ શ્રી અકાલ'** જેવા ધાર્મિક સૂત્રને.સોહન સિંહ ભાકના જે પાછળથી "ગદરીબાબા" તરીકે જાણીતા થયા અને મુખ્યવાદી રાષ્ટ્રીય નેતા તેમજ ડાબેરીઓના સુપ્રસિદ્ધ નેતા થયા. તેમણે કહ્યું કે, "અમે શીખ અથવા પંજાબી ન હતા - દેશ પ્રેમ જ અમારો ધર્મ હતો.

### ➠ નિર્બળતાઓ (Weaknesses) :

ગદર આંદોલનમાં પણ કેટલીક નિર્બળતાઓ હતી, જેમાં મુખ્ય હતી આંદોલનની તૈયારીને વધુ પડતું મહત્ત્વ આપવું. એમ કહી શકાય કે પોતાની સેનાની બધી પરિસ્થિતિની પૂરી સમસ્યા જાણ્યા વિના જ તેમણે લડાઈનું બ્યુગલ બજાવ્યું. દરરોજના રંગભેદનાં અપમાનો, અપરિચિત જગ્યાએ રહેઠાણ વગેરેને લીધે તેમનામાં આવેલ વિમુખતાની ભાવના વગેરેનો શિકાર બનવાને કારણે ભારતીય પ્રવાસીઓમાં રાષ્ટ્રીય ચેતના જગાડવાના તેમના આંદોલનનો જબરદસ્ત પ્રભાવ પડ્યો, કેમ કે તેમની સંખ્યા અલ્પ હોવાથી તેમને સંગઠિત કરવાનું પણ સરળ હતું. આ સફળતાથી તેમને શંકા જાગી કે સમગ્ર ભારતની જનતા પણ આ જ રીતે પ્રતિભાવ આપશે. તેમણે બ્રિટિશ શાસકોની તાકાત, તેમની વિચારધારાનો પ્રભાવ વગેરેનો ખોટો અંદાજ બાંધ્યો. તેમને લાગ્યું કે ભારતીય જનતાને માત્ર વિદ્રોહનું એક સૂત્ર આપવાની જરૂર છે. આ મહત્ત્વની નબળાઈની ભારે કિંમત માત્ર ગદર આંદોલનને જ નહિ, બલકે સમગ્ર રાષ્ટ્રીય આંદોલનના નેતૃત્વના એક ભાગે પણ ચૂકવવી પડી. તે ઘણી મોટી કિંમત હતી. કારણ કે જો નેતૃત્વનો એક મોટો હિસ્સો ગદર આંદોલનની નિષ્ફળતાને લીધે શાસને અલગ પાડી દીધું. પંજાબમાં ખાસ કરીને રાષ્ટ્રીય આંદોલનને પણ જુદું સ્વરૂપ પ્રાપ્ત થઈ શક્યું હોત. ગદર પાર્ટીનો ધર્મનિરપેક્ષ રાજનીતિની બાબતનો મજબૂત ટેકો જૂથ ભક્તિ અને વિભાજનની ભાવનાઓની ઉગ્રતાને પણ

રોકી શક્યો હોત, જેણે પછીથી પોતાનું માથું ઊંચકવું હતું.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1. 1914ની કોઈ ત્રણ મુખ્ય ઘટનાઓથી ગદર આંદોલન પર અસર પડી ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. ગદર નેતાઓએ ભારતમાં કઈ કાર્યયોજનાઓ તૈયાર કરી હતી ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. ગદર આંદોલનની મુખ્ય સિદ્ધિઓ કઈ હતી ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

4. ગદર આંદોલનની મુખ્ય નબળાઈઓ કઈ હતી ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 15.5 હોમ રૂલ લીગ (Home Rule Leagues)

પ્રથમ વિશ્વયુદ્ધથી જન્મેલી પરિસ્થિતિઓમાં ઓછી નાટકીય છતાં વધુ અસરકારક લોકમાન્ય ટિળક અને એની બેસન્ટની હોમ રૂલ લીગ હતી.


### 15.5.1 લીગની રચના તરફ દોરી જતા બનાવો (Events Leading to the Formation of Leagues)

બર્માના માંડલે ખાતે છ વર્ષની લાંબી કેદ ભોગવીને ટિળક ભારત પાછા ફર્યા ત્યારે તેમણે પ્રથમ પોતાને તથા અન્ય જહાલ પક્ષી કૉંગ્રેસીઓને કૉંગ્રેસમાં દાખલ કરવામાં કેન્દ્રિત કર્યું. 1907માં તેઓ આ ભાગલાથી ખુશ નહોતા અને હવે તો તે એકતાના સમર્થક જ બની ગયા. એમાં બીજું મહત્ત્વનું કારણ એ પણ હતું કે કૉંગ્રેસ રાષ્ટ્રીય આંદોલનનું વિશિષ્ટ ચિહ્ન બની ગઈ હતી અને તે લોકોના માનસમાં એટલું જડબેસલાક બેસી ગયું હતું કે કોઈ પણ રાજનૈતિક કાર્યક્રમ માટે કૉંગ્રેસની મહોર આવશ્યક બની ગઈ હતી. બીજું, ભાગલાને કારણે લાભ તો અંગ્રેજો ખાટી

ગયા. તેમણે પહેલાં જહાલ પક્ષને દમનકારી પગલાં ભરી અલગ કરી દીધા અને પછી મવાળ પક્ષની ઉપેક્ષા શરૂ કરી અને એવા ફેરફારો સાથે કામ કર્યું કે તેમની માગણીઓ અધકચરી રીતે જ પૂરી થાય. 1908 પછી રાજનૈતિક કાર્યોમાં ઓટ આવી તેથી મવાળ પક્ષ ઉપર શ્રીમતી એની બેસન્ટ પણ દબાણ લાવતા હતાં કે ભારતમાં પણ આયરિશ હોમ રૂલ લીગની જેમ એક આંદોલન કરવું જોઈએ અને સાથે જ જહાલ પક્ષના લોકોને ફરીથી પક્ષમાં લઈ લેવા જોઈએ. 1914માં શ્રીમતી એની બેસન્ટ 66 વર્ષનાં હતાં. 1893માં તેઓ થિયોસોફીકલ સોસાયટીનું કામ કરવા ભારત આવ્યાં હતાં. પહેલાં તેઓ મુક્ત વિચારધારા, ક્રાંતિકારી વિચારધારા તેમજ મવાળવાદના સમર્થક રહી ચૂક્યાં હતાં. તેમણે મદ્રાસ નજીક અદિયારમાં પોતાનું મુખ્ય કાર્યાલય બનાવ્યું અને એવા કેટલાક શિક્ષિત ભારતીયોને થિયોસોફિકલ સોસાયટીના સભ્ય બનાવ્યા હતા જેમનામાં ઘણા વખતથી કોઈ સાંસ્કૃતિક પુનરુત્થાન થયું નહતું. પોતાના આ આધારને લઈને તેઓ હવે રાજકીય આંદોલન શરૂ કરવા માંગતાં હતાં.

### 15.5.2 બે લીગ (Two Leagues)

ડિસેમ્બર 1914ના કૉંગ્રેસ અધિવેશનમાં જહાલ પક્ષને પ્રવેશ ન મળી શક્યો. પરંતુ એની બેસન્ટના સતત પ્રયત્નને લીધે અને તિલક સમાચારપત્રો તેમજ સ્થાનિક મંડળો દ્વારા પ્રયત્ન શરૂ કર્યો હતો. તેમને 1915ના ડિસેમ્બરના અધિવેશનમાં ફરી પ્રવેશ મળી શક્યો. ફિરોજશાહ મહેતાના મૃત્યુ પછી તેમનો વિરોધ પક્ષ પણ નરમ પડ્યો હતો, કેમ કે ફિરોજશાહ જ તેમના કટ્ટર વિરોધી હતા. હજુ સુધી જોકે કૉંગ્રેસમાં મવાળપક્ષ જ સત્તાધારી હતો. પરંતુ તેઓ પોતાનો કાર્યક્રમ સ્થાનિક સ્તર પર કૉંગ્રેસની સમિતિઓ ફરીથી શરૂ કરવી અને 1916ના સપ્ટેમ્બર સુધીમાં લોકોને શિક્ષિત કરવા - વગેરે પૂરા કરી શકી નહિ. આથી 1916માં એની બેસન્ટે એક અને તિલકે બીજી પોતપોતાની 'હોમ રૂલ લીગ' સ્થાપી દીધી. બન્ને લીગોએ પોતાના કાર્યક્ષેત્રની સીમા સ્પષ્ટ કરી. ટિળકની લીગ મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્ય પ્રદેશ અને બેરારમાં કામ કરવાની હતી, જ્યારે એની બેસન્ટની લીગ બાકીના ભારતમાં કામ કરવાની હતી.




ટિળક

### 15.5.3 ટિળકની હોમ રૂલ લીગ (Tilak's Home Rule League)

એપ્રિલ 1916માં બેલગામમાં મુંબઈની ક્ષેત્રીય કૉન્ફરન્સમાં ટિળકની હોમ રૂલ લીગ સ્થપાઈ હતી. આને છ શાખામાં સંગઠિત કરાઈ હતી. એક એક શાખા મધ્ય મહારાષ્ટ્ર, મુંબઈ શહેર, કર્ણાટક તથા મધ્ય પ્રદેશમાં હતી અને બે બેરારમાં હતી. આ લીગે મરાઠીમાં છ અને અંગ્રેજોમાં બે પત્રિકાઓ પ્રગટ કરી જેની 47,000 નકલોનું વેચાણ થયું. પછી પત્રિકાઓ ગુજરાતી અને કન્નડ ભાષામાં પણ પ્રગટ થઈ. સૌથી મોટી ભૂમિકા ટિળકની હતી. તેમણે સમગ્ર મહારાષ્ટ્રનો પ્રવાસ કર્યો, ભાષણો કર્યાં જેમાં તેમણે હોમ રૂલ લીગની માગણીઓ સ્પષ્ટ કરી. "ભારત હવે એવા દીકરા સમાન છે કે જે પુખ્ત ઉંમરે પહોંચી ચૂક્યો છે." ટિળકે કહ્યું, "હવે તેના વાલી અથવા પિતા પાસેથી તેને એ બધું જ મળવું જોઈએ જેના પર તેનો હક્ક હતો." આ વખતનાં તેમનાં ભાષણોમાં ધાર્મિકતાની કોઈ અપીલ નહોતી.

તેમણે સ્પષ્ટ જ કહ્યું, "પારકાપણાનો સંબંધ ધર્મ, વ્યાપાર અને વ્યવસાય સાથે જોડાયેલો નથી; એ તો રુચિનો પ્રશ્ન છે. જે કોઈ (વ્યક્તિ) એવું કામ કરતો હોય જેનાથી આ દેશનું હિત થતું હોય, પછી ભલે તે મુસ્લિમ હોય કે અંગ્રેજ, તે વિદેશી નથી." ટિળકનાં આ ભાષણોમાં કોઈ સંકુચિત પ્રાદેશિક ભાષા પ્રત્યેનો કે નાત-જાતનો પક્ષપાત સહેજે જણાતો નથી. તેઓ બધી ભાષાઓ અને સંસ્કૃતિઓના વિકાસની તરફેણમાં હતા અને ઇચ્છતા હતા કે શિક્ષણ ભારતીય ભાષાઓમાં જ અપાય. અસ્પૃશ્યતાની તેઓ તદ્દન વિરુદ્ધ હતા. તેમણે કહ્યું, "જો ભગવાન કદાચ અસ્પૃશ્યતામાં માનતા હોય, તો એને હું ભગવાન જ માનીશ નહીં." બ્રાહ્મણોને એમણે વિનંતી કરી કે બિન-બ્રાહ્મણોની માંગણીઓનો તેઓ વિરોધ ન કરે અને બિન-બ્રાહ્મણોને પણ તેમણે વિનંતી કરી કે નોકરીઓની અછત વગેરે પ્રશ્નોને બ્રાહ્મણ બિન-બ્રાહ્મણના દૃષ્ટિકોણથી ન જુએ, કેમકે એનું મૂળ કારણ બ્રાહ્મણોના વધુ શિક્ષણને જ આભારી હતું. ટિળકે ચલાવેલું આંદોલન જેવું પ્રજામાં પ્રસરવા લાગ્યું કે, સરકારે તેના પર ઘા કર્યો રૂા. 60,000 "સલામતી ફંડ"ના રૂપે ભરો અથવા તેમના પર એક વર્ષ માટે સદ્‌ભાવનાવાળા વર્તનને રોકી દેવામાં આવશે. નીચલી અદાલતમાં તિલક આ કેસ હારી ગયા પરંતુ નવેમ્બર, 1916માં ઉચ્ચ ન્યાયાલયે તેમને છોડી મૂક્યા. સરકારે તેમનું મોં બંધ કરવાનો પ્રયત્ન કર્યો અને તે નિષ્ફળ ગયો. તેથી ટિળકના આંદોલનને વેગ મળ્યો. ટિળકે ઘોષણા કરી કે હવે હોમ રૂલ લીગને વૈજ્ઞાનિક માન્યતા મળી ગઈ છે. એપ્રિલ, 1917 સુધીમાં લીગના સભ્યોની સંખ્યા 14,000 થઈ ગઈ.



ટિળકની હોમ રૂલ લીગનું પ્રતિનિધિમંડળ

### 15.5.4 એની બેસન્ટની હોમ રૂલ લીગ (Annie Besant's Home Rule League)

આ બાજુ એની બેસન્ટની હોમ રૂલ લીગ પણ સક્રિય હતી. 1916ના સપ્ટેમ્બરમાં તેનું વિધિવત્ ઉદ્ઘાટન થાય તે પહેલાં જ તેની પ્રચારક સમિતિએ 26 અંગ્રેજી પત્રિકાઓની 3,00,000 નકલો વેચી કાઢી હતી. તે પત્રિકાઓમાં ચાલતા શાસનના સ્વરૂપની તથા સ્વ-શાસન(Self Government)ની માંગણીની વ્યાખ્યાઓ આપવામાં આવી હતી. ભારતીય ભાષાઓમાં પણ પત્રિકાઓ પ્રગટ થઈ, સ્થાનિક શાખાઓએ ભાષણો તથા ચર્ચા-સભાઓનું આયોજન કર્યું તેમ જ પુસ્તકાલયોની પણ સ્થાપના કરી. અદિયારના મુખ્ય કાર્યાલયમાં એની બેસન્ટ સાથે કામ કરનારાઓમાં અરૂંડેલ, સી.પી. રામસ્વામી અય્યર, તથા બી.પી.વાડિયા સામેલ હતા. તેમણે 'ન્યૂ ઇન્ડિયા' અને 'કોમનવીલ' નામે છાપાંઓ પ્રગટ કરવા માંડ્યાં. 'ન્યુ ઇન્ડિયા'માં અરૂંડેલની કટાર 'હોમ રૂલ'માં સમાચારો તથા કાર્યનિર્દેશો છપાતા. થિયોસોફિકલ સોસાયટીના સભ્યો ઉપરાંત, અલ્હાબાદથી નેહરુ, કલકત્તાથી બી. ચક્રવર્તી તથા જે. બેનર્જી અને બીજા ઘણા સભ્યોએ લીગમાં સામેલ થવાનું સ્વીકાર્યું.

હોમ રૂલ લીગ ઘણા મવાળ કૉંગ્રેસીઓનો ટેકો મેળવવામાં પણ સમર્થ થઈ કેમ કે તેમાંના ઘણા કૉંગ્રેસનાં કાર્યોથી અસંતુષ્ટ થઈ ગયા હતા. ગોખલેની સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સભ્યોએ પણ પ્રવાસ કરીને ભાષણો આપ્યાં, પત્રિકાઓ છાપી અને હોમ રૂલની માંગણીઓનું સમર્થન કર્યું. ઉત્તર પ્રદેશમાં પણ ઉદારવાદી કૉંગ્રેસીઓએ નાનાં શહેરો તથા ગામડાંઓના પ્રવાસમાં હોમરૂલવાળાઓને સહકાર આપ્યો અને આવા સાથને લીધે જ હોમ રૂલ લીગનો ઝડપી પ્રચાર થયો.

ડિસેમ્બર 1916માં જ લખનૌમાં ભરાયેલ કૉંગ્રેસ અધિવેશન વખતે મુસ્લિમ લીગ તથા કૉંગ્રેસ વચ્ચે સમજૂતી કરાવવામાં તિલક અને એની બેસન્ટે મહત્ત્વનો ભાગ ભજવ્યો અને તે સંધિ પર આ અધિવેશનમાં હસ્તાક્ષર થયા. હિન્દુઓ મુસલમાનો પ્રત્યે બહુ નરમાશથી વર્તે છે એવી ટીકાઓનો પ્રત્યુત્તર ટિળકે આ રીતે આપ્યો :

"મને વિશ્વાસ છે કે હું સમગ્ર ભારતનું સામૂહિક રીતે પ્રતિનિધિત્વ કરી રહો છું, જ્યારે હું એમ કહું છું કે જો સ્વ-શાસન માત્ર મુસલમાનોને આપવામાં આવે તોપણ અમે તેમાં વાંધો ઉઠાવીશું નહીં... જો આ અધિકાર ભારતના કોઈ પણ ભાગને અપાય તોપણ અમે કોઈ જ વાંધો ઉઠાવીશું નહીં."

"જ્યારે આપણે એક ત્રીજા જ પક્ષની વિરુદ્ધ લડવાનું હોય ત્યારે એ ખૂબ મહત્ત્વનું છે કે આપણે આ મંચ ઉપર એક સાથે ઊભા હોઈએ, જાતિ, ધર્મ અને રાજનૈતિક વિચારોની વિવિધતા હોવા છતાં પણ આપણે એક હોઈએ." વાસ્તવમાં એ નિઃશંક છે કે કૉંગ્રેસે લીગની સંધિમાં મુસલમાનો માટે જુદાં ચૂંટણી-ક્ષેત્રોનો સ્વીકાર કર્યો હતો, અને તે એક ઘણો વિવાદાસ્પદ મુદ્દો હતો; પરંતુ એની એ ટીકા તો કદી ન થઈ શકે કે બહુમતી ધરાવનાર વર્ગે લઘુમતી પ્રત્યે સહૃદયતા દેખાડી નહોતી. અધિવેશન સમાપ્ત થયા બાદ બંને હોમરૂલ લીગની સંયુક્ત બેઠક ભરાઈ જેમાં 1000 થી પણ વધારે પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ સભાને ટિળક તેમજ એની બેસન્ટે સંબોધન કર્યું. પાછા ફરતા બન્ને નેતાઓએ ઉત્તર, મધ્ય અને પૂર્વ ભારતનો પ્રવાસ કર્યો.

સરકારે ફરી દમનનીતિ અપનાવી. પણ તેનાથી તો આંદોલનને વળી બળ મળ્યું. 1917માં બેસન્ટ, વી.પી.વાડિયા તથા અરૂંડેલની ધરપકડ થઈ. આને લઈને જે થોડા લોકો અલગ હતા તેઓ પણ આંદોલનમાં સામેલ થઈ ગયા અને વિરોધ બતાવવા લાગ્યા. સુરેન્દ્રનાથ બેનરજી અને મદન મોહન માલવિયા આમાં મુખ્ય હતા. એ.આઈ.સી.સી.ની જુલાઈ, 1917ની બેઠકમાં ટિળકે નિષ્ક્રિય વિરોધ માટે સૂચન કર્યું, ગાંધીજીએ તેનો સ્વીકાર કર્યો. તેમાં ઠરાવ્યું કે એક હજાર વ્યક્તિઓના હસ્તાક્ષર એકત્રિત કરી તેમને અટકમાં લેવાના સરકારી હુકમનો વિરોધ કરતા લખાણને બેસન્ટને જ્યાં કેદ કર્યાં હતાં તે સ્થાને લઈ જવું. ગામે ગામે પ્રવાસ થયા, ભાષણો થયાં, સભાઓ ભરાઈ અને સમગ્ર આંદોલનમાં નવી ચેતના દેખાવા લાગી.

### 15.5.5 અંગ્રેજોના વલણમાં પરિવર્તન (Change in British Attitude)

આંદોલનની વધતી જતી તાકાતને જોઈને અંગ્રેજ સરકારે દબાણ ઓછું કરવાનો નિર્ણય લીધો. આ વાતની જાહેરાત હિંદી વજીર (Secretary of State) મોટેંગ્યુ દ્વારા ઇંગ્લૅંડની સંસદના 'હાઉસ ઑફ કોમન્સ'માં કરેલી ઘોષણાથી થઈ : "સમ્રાટની સરકારની નીતિ છે.... કે બ્રિટિશ સામ્રાજ્યના અખંડ ભાગ રૂપે ભારતમાં જવાબદાર સરકારની સ્થાપનાના પ્રયાસોની પ્રગતિ માટે વહીવટના પ્રત્યેક વિભાગ સાથે ભારતીયોને જોડી દેવા જોઈએ જેથી ધીરે - ધીરે સ્વ-શાસન સંસ્થાઓનો વિકાસ થઈ શકે." 1909માં આ ઘોષણા કરતી વખતે વાઇસરૉય મોર્લેએ કહ્યું કે હવે સ્વશાસનની

માંગણી કરતી હોમ રૂલને દેશદ્રોહી માની ન શકાય. આ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હતી. જોકે આ ઘોષણાનો અર્થ એમ તો નહોતો જ કે અંગ્રેજ સરકાર ભારતને સ્વ-શાસન આપવાની જ હતી. આ જ ઘોષણામાં એમ પણ કહેવાયું હતું કે આ નવી નીતિનું સ્વરૂપ અને તેને કયે સમયે શરૂ કરવી તે અંગેનો નિર્ણય માત્ર અંગ્રેજ સરકાર જ કરશે. આને લીધે ભારતીયોના હાથમાં શાસન સોંપવાની પ્રક્રિયામાં વારંવાર અવરોધો ઊભા કરવાની છૂટ સરકારને મળી. આ નવી નીતિને તાત્કાલિક લાભ થયો હોય તો તે હતો કે એની બેસન્ટને જેલમાંથી સપ્ટેમ્બર, 1917માં છુટકારો મળ્યો. ટિળકની સૂચનાથી 1917ના કૉંગ્રેસના અધિવેશનમાં એની બેસન્ટને અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. આમ આ સમયે તેમની પ્રતિષ્ઠા ચરમ સીમા પર પહોંચી હતી અને આંદોલન પણ પ્રગતિ માટે એકદમ તૈયાર જ હતું.

### 15.5.6 હોમ રૂલ લીગનું પતન (Decline of the Home Rule Leagues)

પરંતુ બીજા જ વર્ષથી 1918થી હોમ રૂલ લીગ આંદોલન ધીમે ધીમે ઢીલું પડતું ગયું. આનું એક કારણ એ હતું કે મવાળ પક્ષે પોતાનો ટેકો પાછો ખેંચી લીધો. તેમને હતું કે હવે અંગ્રેજો વધુ સુધારા લાવવાના છે, અને જો હોમરૂલ લીગના સભ્યોની કાયદાભંગની પ્રવૃત્તિમાં સહકાર આપશે તો આ સુધારા પણ નહિ આવે. જુલાઈ, 1918માં સુધારા યોજનાના પ્રકાશનને લીધે રાષ્ટ્રવાદીઓમાં હજી વધારે ફાટફૂટ પડી. કેટલાક તેને તદ્દન નકારી કાઢવા માગતા હતા, તો કેટલાક તેને વાસ્તવિકમાં લાભકારક સુધારા છે કે નહિ તે જાણવા તેને કાર્યાન્વિત કરવાની તરફેણમાં હતા. સુધારાને આવકારવા કે નિષ્ક્રિય વિરોધ કરવો તે અંગે ખુદ એની બેસન્ટના વિચારો વિરોધાભાસી હતા. કંઈક અંશે તિલકના વિચારોમાં એકરૂપતા કે આવા 'સુધારા' આપવા તે બ્રિટનને શોભતું નથી. અને તેને સ્વીકારવા તે ભારતને શોભતું નથી. પરંતુ એની બેસન્ટની અનિશ્ચિતાને કારણે તેઓ પણ કંઈ ખાસ કરી શકવાને સમર્થ ન રહ્યા. 1918ના અંતમાં 'ઇન્ડિયન અનરેસ્ટ' (Indian Unrest)ના લેખક વેલેન્ટાઈન ચિરોલની સામે બદનક્ષીનો દાવો માંડ્યો અને તે લડવા માટે ઇંગ્લૅંડ જવાનો નિર્ણય કર્યો. આને કારણે ભારતના કાર્યક્ષેત્રમાં તે ઘણો સમય ગેરહાજર રહ્યા. આથી આંદોલન લગભગ નેતૃત્વહીન થઈ ગયું.

હોમ રૂલ આંદોલનની સહુથી મોટી સિદ્ધિ એ હતી કે તેણે એક એવો પક્ષ ઊભો કર્યો જેમાં રાજનૈતિક સમજદારીવાળા રાષ્ટ્રવાદી કાર્યકર્તાઓ મોટા પ્રમાણમાં હોય. આગળ ઉપર થનારાં આંદોલનોમાં આ લોકોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી. ગામો અને શહેરોની વચ્ચે ઘણા સંપર્કોની સ્થાપના થઈ જે આગળ આવનાર વર્ષોમાં અમૂલ્ય પુરવાર થયા. હોમ રૂલના વિચારોના પ્રચારથી રાષ્ટ્રીય ભાવનાને પણ બળ મળ્યું.

એ સત્ય છે કે હોમ રૂલ આંદોલનના નેતાઓ આગળનો માર્ગ બનાવવાની શક્તિ નહોતા ધરાવતા અને તેમણે ઊભી કરેલી ચેતાનાને જન-આંદોલનમાં બદલી ન શક્યા. પરંતુ તેમણે આગળ થનારાં આંદોલનો માટે એક મંચ તૈયાર કર્યો અને પાર્શ્વભૂમિકા તૈયાર કરી - એક એવો મંચ જેને મહાત્મા ગાંધીના વ્યક્તિત્વે એક વિશિષ્ટ સ્વરૂપ આપ્યું.

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. ટિળક તથા એની બેસન્ટે જહાલ પક્ષને ભારતીય કૉંગ્રેસમાં ફરીથી પ્રવેશ આપવા શા માટે પ્રયત્નો કર્યા ?

   ....................................................................................

   ....................................................................................

   ....................................................................................

   ....................................................................................

   ....................................................................................

2. બન્ને હોમ રૂલના ઉદ્દેશોની વિવેચના કરો.

   ....................................................................................

   ....................................................................................

   ....................................................................................

..........................................................................................

..........................................................................................

3. લીગોનો રાજનૈતિક પ્રભાવ કેવો હતો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 15.6 સારાંશ

આ એકમમાં આપણે જોયું કે કેવી રીતે રાષ્ટ્રીય આંદોલનમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ઊભી થઈ. અનુશીલન તથા યુગાન્તર જેવી ક્રાંતિકારી સમિતિઓ આંદોલનની મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓ હતી. ક્રાંતિકારી પ્રવૃત્તિઓ દેશના કોઈ એક ભાગમાં સીમિત નહોતી, બલકે દેશની બહાર પણ તે પ્રગટ થઈ. ગદર પાર્ટી આનું સૌથી પ્રમુખ ઉદાહરણ છે. દમનકારી નીતિથી સરકારે આ આંદોલનને દબાવી દીધું. તેમ છતાં તે આંદોલનો બ્રિટિશ વિરોધી ચેતના જગાડવામાં તથા તેને વધારવામાં સફળ થયાં. તેની મોટી નબળાઈ એ હતી કે સામાન્ય પ્રજાથી તે અળગી પ્રવૃત્તિ થઈ જતી હતી.

હોમ રૂલ લીગે સ્વ-શાસનનો સંદેશ જનતા સુધી પહોંચાડ્યો. વાસ્તવમાં તેમણે એવા એક રાજનૈતિક વાતાવરણની પાર્શ્વભૂમિકા બાંધી કે જેમાં ગાંધીજીએ નવી વિચારધારા - અહિંસા તથા સત્યાગ્રહ — સાથે પ્રવેશ કર્યો.

## 15.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અરાજકતાવાદી આંદોલન :** એવું આંદોલન જેમાં રાજનૈતિક શાસન બદલવાના હેતુ કરતાં વ્યક્તિગત હિંસા પર વધારે ભાર મુકાય. આ આંદોલન સંગઠિત રાજનીતિમાં વિશ્વાસ નથી રાખતું.

**અંધ રાષ્ટ્રવાદ :** એક પ્રબળ વિશ્વાસ જે માને છે કે પોતાનું રાષ્ટ્ર બીજાં રાષ્ટ્રો તેમ જ આંતરરાષ્ટ્રીય આંદોલનમાં સર્વોપરી છે.

**રાષ્ટ્રવાદી વિવેચન :** માનસમાં માત્ર રાષ્ટ્રના જ હિતનો ખ્યાલ તથા પ્રવર્તમાન સંજોગનું ટીકાત્મક વિવેચન.

**ફેબીયનવાદ :** એક માન્યતા કે સમાજવાદ માત્ર શાંતિપૂર્ણ રીતથી જ મેળવી શકાય.

## 15.8 'તમારી પ્રગતિને ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. જુઓ 15.2.1
2. જુઓ 15.2.2
3. જુઓ 15.2.2

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. જુઓ 15.3.1
2. જુઓ 15.3.4
3. જુઓ 15.3.3

4. જુઓ 15.3.4

## તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. જુઓ 15.4
2. જુઓ 15.4.1
3. જુઓ 15.4.3
4. જુઓ 15.4.3

## તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. જુઓ 15.5.1
2. જુઓ 15.5.3
3. જુઓ 15.5.4
4. જુઓ 15.5.5
5. જુઓ 15.5.6

# એકમ 16 ભારતની રાજનીતિમાં મહાત્મા ગાંધીજીનું આગમન અને તેમની વિચારધારા (Mahatma Gandhi's Emergence in Indian Politics and His Ideology)

**રૂપરેખા**


16.0 ઉદ્દેશો
16.1 પ્રસ્તાવના
16.2 દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનો સંઘર્ષ
 16.2.1 ભારતીયોની સ્થિતિ
 16.2.2 ચળવળ - 1
 16.2.3 ચળવળ - 2
16.3 ભારતમાં ગાંધીજીનું આગમન
16.4 ભારતીય રાજકારણમાં પ્રવેશ
 16.4.1 ચંપારણ
 16.4.2 ખેડા
 16.4.3 અમદાવાદ
16.5 રૉલેટ સત્યાગ્રહ
 16.5.1 રૉલેટ કાયદો
 16.5.2 આંદોલન
 16.5.3 મહત્ત્વ
16.6 ગાંધીજીની વિચારધારા
 16.6.1 સત્યાગ્રહ
 16.6.2 અહિંસા
 16.6.3 ધર્મ
 16.6.4 હિંદ સ્વરાજ
 16.6.5 સ્વદેશી
16.7 સારાંશ
16.8 ચાવીરૂપ શબ્દો
16.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 16.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે જાણી શકશો કે -

- દક્ષિણ આફ્રિકામાં ભારતીય લોકોને કેવા-કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો.
- તેમની સ્થિતિમાં સુધારો કરવા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કયા પ્રયત્નો કર્યા ?
- ચંપારણ અને ખેડાનાં ખેડૂત આંદોલનો શાથી થયાં અને ખેડૂતો માટે ગાંધીજીએ શું કર્યું ?
- અમદાવાદમાં કામદારોની હડતાલ દરમિયાન ગાંધીજીએ શું ફાળો આપ્યો ? અને રૉલેટ સત્યાગ્રહમાં ગાંધીજીનું શું પ્રદાન હતું અને તેમની વિચારધારા શી હતી.

## 16.1 પ્રસ્તાવના

ભારતીય રાષ્ટ્રીય આંદોલન દરમિયાન તેની વિચારણા, દિશા તેમ જ સ્વરૂપને પલટવામાં મહાત્મા ગાંધીએ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ભારતમાં તેમનું આગમન થયા બાદ ભારતીય રાજકારણમાં સંઘર્ષનો એક નવો તબક્કો શરૂ થઈ ગયો. અંગ્રેજોના વિરોધમાં હવે જનતાને સંગઠિત

કરવી એ હવે સંઘર્ષનો આધાર બન્યો. આ સમયથી શરૂ કરીને સ્વતંત્રતા-પ્રાપ્તિ સુધી રાષ્ટ્રીય આંદોલન પર ગાંધીજીની અસર પડી. આ એકમમાં તમને દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ શરૂ કરેલા સંઘર્ષનો પરિચય કરાવીશું, તે સાથે જ 1920 સુધી ગાંધીજીનાં રાજનૈતિક કાર્યોનો પણ ઉલ્લેખ કરીશું. આ એક એવો સમય હતો જે ગાંધીજીની વિચારધારાની પ્રાથમિક અવસ્થાનો સમય કહી શકાય; એક એવી અવસ્થા જેમાં ગાંધીજી ભારતની આર્થિક, સામાજિક તેમ જ રાજનૈતિક વાસ્તવિકતાને સમજવાની કોશિશ કરી રહ્યા હતા. આ યુગમાં જ ગાંધીજીએ સંઘર્ષની નવી રીતોના પ્રયોગ કર્યા. આ જ એકમમાં આપણે તેમની વિચારધારા વિશે પણ ચર્ચા કરીશું અને જોઈશું કે તેમની વિચારધારાને રાજકારણમાં કેવી રીતે વ્યાવહારિક રૂપ તેમણે આપ્યું.

## 16.2 દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનો સંઘર્ષ (Gandhi's Struggle in South Africa)

મહાત્મા ગાંધીના નામથી લોકપ્રિય થયેલા મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ બીજી ઑક્ટોબર, 1869માં પોરબંદર (કાઠિયાવાડ, ગુજરાત) ખાતે એક રૂઢિચુસ્ત હિંદુ પરિવારમાં થયો. 1881માં ઉચ્ચ અભ્યાસાર્થે તેઓ ઇંગ્લૅંડ ગયા. લંડનમાં મૅટ્રિક્યુલેશન પાસ કર્યા પછી તેમણે વકીલાતની પરીક્ષા પણ પસાર કરી. 1891માં આ યુવાન વકીલ ભારત પાછા આવ્યા અને મુંબઈની હાઈકોર્ટમાં વકીલાતનો ધંધો શરૂ કર્યો. વકીલ તરીકે તેમને સફળતા મળી નહિ. તેથી તેમણે રાજકોટ જઈ અરજીઓ લખી આપવાનું શરૂ કર્યું, જેમાંથી તેમને મહિને લગભગ ત્રણસો રૂપિયા જેટલી કમાણી થતી હતી. 1893માં ગાંધીજી ડરબન પહોંચ્યા. દાદા અબ્દુલ્લા ઍન્ડ કંપની નામની પેઢીનો મુકદ્દમો લડવા તેઓ ત્યાં ગયા. આ કંપની આફ્રિકામાં વેપાર કરતી હતી. જોકે પહેલાં તો તેઓ એક વર્ષ માટે જ આફ્રિકા ગયા હતા, પણ પછીથી 1914 સુધી ત્યાં રહ્યા. (વચમાં બે વખત ભારતમાં આવ્યા ખરા.) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ રંગભેદની નીતિની સામે લડત ચલાવી. ત્યાંની ગોરી સરકારની રંગભેદ નીતિને લીધે ત્યાંના ભારતીય વસાહતીઓને સભ્યતાપૂર્ણ જીવન માટે આવશ્યક એવા માનવીય અધિકાર મળી શક્યો નહોતો.

### 16.2.1 ભારતીયોની સ્થિતિ (Condition of Indians)

આ અરસામાં લગભગ બે લાખ ભારતીયો દક્ષિણ આફ્રિકામાં રહેતા હતા. એમાંના ઘણા ખરા મજૂરોના કૉન્ટ્રેક્ટ નીચે ત્યાં આવ્યા હતા. અને બીજા સ્વતંત્ર મજૂરો હતા. કેટલાક વ્યાપારીઓ હતા. અને થોડા તેમના કારકૂનો અને મદદનીશો હતા. ત્યાંના ખેતીના અને બગીચાઓના માલિકો આ કૉન્ટ્રેક્ટવાળા મજૂરો સાથે અર્ધગુલામ જેવું વર્તન રાખતા હતા. બીજા ભારતીયોને રંગભેદની નીતિને કારણે ઊભી થતી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે તેમના નાગરિક અધિકારો, વ્યાપારી હિતો અને મિલકતના હક્કો જેવી મૂળભૂત બાબતો સાથે સંકળાયેલી હતી. રોજિંદા જીવનમાં પણ તેમણે અનેક પ્રકારનાં અપમાનો સહન કરવા પડતાં, જેમકે -

- કોઈ પણ જાતના ભેદ વિના દરેક ભારતીયને 'કુલી' કહીને જ બોલાવવામાં આવતા;
- ફૂટપાથ પર ભારતીયોને ચાલવાની મનાઈ હતી અને રાત્રે હુકમ વિના ઘર બહાર નીકળવાની મનાઈ હતી.
- રેલગાડીમાં પ્રથમ અને દ્વિતીય ડબ્બાઓમાં યાત્રા કરી ન શકતા અને ઘણું ખરું તો ડબ્બાના પગથિયા પર જ ઊભા રહેવાની ફરજ પાડવામાં આવતી.
- જે હોટલો માત્ર યુરોપિયનો માટે જ આરક્ષિત રહેતી, તેમાં ભારતીયોને પ્રવેશવાની પણ મનાઈ હતી.
- ટ્રાન્સવાલમાં ભારતીયોને રહેવા માટે અને વેપાર કરવા માટે એક નિશ્ચિત જગ્યા જ આપવામાં આવી હતી. એ જગ્યા તંદુરસ્તી માટે ભયજનક હતી. ત્યાં પાણી અને વીજળીની વ્યવસ્થા કે ગટર વ્યવસ્થા કરવામાં આવી નહોતી.
- અને આટલું ઓછું હોય તેમ જેઓ પહેલા કૉન્ટ્રેક્ટ મજૂરો હતા તે સ્વતંત્ર થયા બાદ અહીં રહેતા હોય તો તેમણે મતગણના માટે ત્રણ પાઉન્ડનો કર ભરવો પડતો હતો.

### 16.2.2 ચળવળ-1 (Campaign-1)

રંગભેદની નીતિનો અનુભવ ગાંધીજીને આફ્રિકા પહોંચતાં જ થઈ ગયો. ડરબનના એક ન્યાયાલયમાં બેઠેલા યુરોપિયન ન્યાયાધીશે ગાંધીજીને પોતાની પાઘડી ઉતારી નાખવાનો હુકમ

કર્યો. પરંતુ તેમ કરવાનો તેમણે ઇન્કાર કર્યો અને વિરોધ દર્શાવવા ખંડમાંથી ચાલ્યા ગયા. આ જ પ્રમાણે પ્રીટોરિયા જવા માટે ગાંધીજી રેલગાડીમાં પ્રથમ વર્ગના ડબ્બામાં મંજૂરી આપવામાં નહોતી આવી, અને તેમને વાનવાળા ડબ્બામાં જઈ બેસવાનું કહેવામાં આવ્યું. જ્યારે તેમણે તેમ કરવાનો ઇન્કાર કર્યો ત્યારે તેમને જબરદસ્તી ડબ્બાની બહાર ફેંકી દેવામાં આવ્યા. આ પછી નાતાલની સરકારે જ્યારે એક એવો હુકમ (વિધેયક) કાઢવાનો પ્રસ્તાવ મૂક્યો જેમાં ભારતીય વસાહતીઓ પાસેથી તેમનો મતાધિકાર લઈ લેવામાં આવ્યો ત્યારે ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં સંઘર્ષ કરવાની ફરજ પડી.

જ્યારે ગાંધીજી ભારત પાછા ફરવાના હતા એ વખતે તેમના સન્માન માટે ભોજન-સમારંભ યોજાયો ત્યારે નાતાલની સરકાર આ હુકમ પાસ કરવાના સમાચાર તેમને મળ્યા. આથી ગાંધીજી ઘણા ઉત્તેજિત થઈ ગયા. તેમણે કહ્યું કે, "આ આપણા કફનનો પહેલો ખીલો છે." ભારતીય વેપારીઓએ આ બિલની વિરુદ્ધ કામ કરવામાં ગાંધીજીની મદદ માંગી. આથી ભારત પાછા આવવાનો ઇરાદો તેમણે બદલી નાખ્યો. હકીકતમાં તેમનો વિદાય-સમારંભ એ બિલની વિરુદ્ધ ભરાયેલી સભાના સ્વરૂપમાં પલટાઈ ગયો.

ગાંધીજીને તેમના સંઘર્ષને મજબૂત બનાવવા માટે સૌથી પહેલાં તો નાતાલમાં રહેતા બધા ભારતીયોને એક સૂત્રે બાંધવા જરૂરી જણાયા હતા, જેથી જુદાં-જુદાં જૂથો એકત્ર થાય. આ ઉદ્દેશથી પ્રેરણા મેળવીને તેમણે 1893માં 'ઇન્ડિયન નાતાલ ઓર્ગેનાઇઝેશન' નામની સભાની સ્થાપના કરી. ભારતીયોને પડતાં કષ્ટોનો પણ પ્રચાર સહુથી વધારે થાય તેવી તેમણે નીતિ અપનાવી જેથી ભારતમાંથી તેમ જ ઇંગ્લૅંડમાંથી સ્ત્રીઓ તથા જનતાની મદદ મળી શકે. ભારતમાં પણ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે આ બિલના વિરોધમાં એક ઠરાવ પસાર કર્યો. એવી જ રીતે ઇંગ્લૅંડમાં પણ કેટલાંક સમાચારપત્રો અને અગ્રણીઓએ દક્ષિણ આફ્રિકામાં ભારતીયોનાં હિતોની સુરક્ષા માટે થઈ રહેલા સંઘર્ષ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી.

નાતાલમાં વસવાટ કરતા લગભગ 400 જેટલા ભારતીયોએ આ બિલનો વિરોધ દર્શાવતી અરજી સરકારને આપી. પરંતુ નાતાલની વિધાનસભાએ તે બિલ પસાર કરી દીધું. એટલું જ નહિ, ત્યાંના રાજ્યપાલે તેના પર તરત જ હસ્તાક્ષર પણ કરી દીધા. ગાંધીજીએ લગભગ દસ હજાર ભારતીયોની સહીવાળી એક લાંબી અરજી ઇંગ્લૅંડમાં સંસ્થાન-સચિવને મોકલી. તેમાં અપીલ કરવામાં આવી હતી કે મહારાણી વિક્ટોરિયા આ વિધેયક પર પોતાની મહોર ન મારે. આવા સશક્ત વિરોધને કારણે લંડનના સંસ્થાન કાર્યાલયે આ વિધેયકનો અસ્વીકાર કર્યો. તેના કારણમાં એમ જણાવ્યું કે આ વિધેયક અંગ્રેજ સામ્રાજ્યના એક ભાગના રહેવાસીઓની વિરુદ્ધ બીજા ભાગમાં ભેદભાવ કરે છે. પરંતુ નાતાલમાં રહેનાર યુરોપિયનો ઉપર તેનો કોઈ પ્રભાવ પડ્યો નહીં. તેમણે થોડા ફેરફાર કરી આ બિલ પસાર કરી દીધું. આ ફેરફાર કરાયેલ બિલ અનુસાર સંસદીય પ્રણાલી પર આધારિત મતાધિકાર પ્રાપ્ત ન હોય તેવા બિનયુરોપીય દેશોની વ્યક્તિને મતદાનનો અધિકાર આપવામાં આવશે નહીં. તે માટે તેમણે ગવર્નર જનરલને મળવાનું રહેશે. આ સુધારા કરાયેલ બિલ તેમણે પસાર કરી દીધું.

ગાંધીજીએ પોતાની લડત લેખો લખીને ચાલુ જ રાખી કેમ કે તેમનું લક્ષ્ય હતું જનતાની મદદ મેળવવાનું પરંતુ તેમની આ પ્રવૃત્તિને લીધે દક્ષિણ આફ્રિકામાં રહેનારા ઘણા યુરોપિયનો ઉત્તેજિત થઈ ગયા. 1886માં ગાંધીજી પોતાના પરિવાર સાથે નાતાલ આવ્યા ત્યારે એમનો વિરોધ કરવા લગભગ 4,000 યુરોપિયનોનું જૂથ ઊભું હતું. કેટલાક લોકોએ તો તેમના પર હુમલો પણ કર્યો. પરંતુ એક ઉચ્ચસેનાધિકારીની પત્નીએ તેમને બચાવી લીધા. પરંતુ આવી ઘટના ગાંધીજીને પોતાની લડત ચાલુ રાખવામાં નિરુત્સાહી ન કરી શકી. પછીથી જ્યારે ગાંધીજી ભારત પાછા ફર્યા ત્યારે કલકત્તામાં ભરાયેલા ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લીધો. ત્યારે તેમણે દક્ષિણ આફ્રિકાના વસાહતીઓ માટે એક સહાનુભૂતિનો પ્રસ્તાવ પસાર પણ કરાવ્યો. 1902માં ગાંધીજી ફરીથી આફ્રિકા ગયા અને ત્યાર બાદ બાર વર્ષ સુધી સતત રહ્યા અને રંગભેદની નીતિની વિરુદ્ધ લડત આપતા રહ્યા. 1903માં એમણે 'ઇન્ડિયન ઓપીનિયન' નામે એક સાપ્તાહિકનું પ્રકાશન શરૂ કર્યું. આ સાપ્તાહિક દ્વારા એમના સંઘર્ષનો પ્રચાર થતો હતો. 1904માં ગાંધીજીએ પોતાના કેટલાક અનુયાયીઓ સાથે ડરબનની નજીકમાં ફીનિક્સ નામના સ્થળે રહેવા માટે ગયા. અહીંના લોકો ખૂબ જ સાધારણ સ્થિતિમાં જીવી રહ્યા હતા. ફીનિક્સ 'આશ્રમ'ની મહત્તા એ છે કે આગળ જતાં તેમાંના પ્રત્યેક નિવાસીએ ગાંધીજીના સત્યાગ્રહમાં ભાગ લીધો.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ હાઈકમિશનરને એક વખત કહ્યું.

"અમે ભારતીયો રાજનૈતિક કે રાજકીય સત્તા નથી માંગતા, પરંતુ અમે એટલું જ માંગીએ છીએ કે બીજા બ્રિટિશ નાગરિકોની સાથે અમે ભાઈચારા તેમજ સ્વમાનપૂર્વક રહી શકીએ."
પરંતુ 1906માં ભારતવાસીઓને અપમાનિત કરવાના ઇરાદાથી 1906માં ટ્રાન્સવાલની સરકારે ફરીથી એક કાયદો પસાર કર્યો. આ કાયદાથી આઠ વર્ષથી ઉપરની ઉંમરની પ્રત્યેક ભારતીય વ્યક્તિએ નોંધણી કરાવવાનું અને તેના નોંધણી ફોર્મ પર આંગળાની છાપ આપવાનું ફરજિયાત કર્યું. નોંધણી માટે પણ એક તારીખ નિશ્ચિત કરવામાં આવી હતી. અને જો ત્યાં સુધીમાં એ કામ કોઈએ પૂરું ન કર્યું હોય તો તેને એક ગુનો ગણવામાં આવનાર હતો, તેની સજા મળી શકે તેમ હતી અને કદાચ તેને દેશનિકાલ પણ થઈ શકે તેમ હતું.




દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહી ગાંધી

ભારતીયો પાસેથી ગમે ત્યારે નોંધણી પ્રમાણપત્ર માંગી શકાય. પોલીસ અધિકારીઓને એ સત્તા આપવામાં આવી કે કોઈ પણ ઘરમાં ઘૂસીને તેના કાગળોની જડતી લઈ શકે. આ બિલનો વિરોધ કરવા માટે ગાંધીજીએ જોહાનિસબર્ગના એમ્પાયર થિયેટરમાં એક સભા બોલાવી. પોતાનું સન્માન અને પ્રતિષ્ઠા બચાવવા ભારતીયો હવે કોઈ પણ લડાઈ લડવા તૈયાર હતા. આ સભામાં ગાંધીજીએ કહ્યું,
"મારા જેવા લોકો માટે હવે એક માત્ર રસ્તો રહ્યો છે તે એ કે મરીશું પણ આવા કાયદાઓની સામે નમીશું નહિ. કદાચ આ રસ્તો અપનાવવો ન પડે, પણ બીજા બધા લોકો પાછા હટી જાય અને હું એકલો પણ રહી જાઉં તોપણ હું મારી પ્રતિજ્ઞા તોડીશ નહિ." છેવટે, આ સભામાં ભાગ લેનારા પ્રત્યેક ભારતીયે પણ ભગવાનને સાક્ષી માનીને એ પ્રતિજ્ઞા લીધી કે બિલને જો કાયદો બનાવવામાં આવશે તો તે કાયદા સામે તેઓ કદી ઝૂકશે નહિ.
ભારતીયોના આવા સખત વિરોધ છતાં ટ્રાન્સવાલની વિધાનસભાએ આ બિલને કાયદાનું સ્વરૂપ આપ્યું. આ વખતે પણ ગાંધીજી ભારતીયોના એક પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ લઈને ઇંગ્લૅંડ ગયા અને કાયદાને બ્રિટિશ સરકારની મહોર ન લાગે તે માટે અપીલ કરી. પરંતુ આ વખતે તેમને

સફળતા ન મળી. 1907ના એપ્રિલથી આ કાયદો લાગુ પણ કરવાની જાહેરાત પણ થઈ ગઈ. આ વખતે તેમને સફળતા ન મળી. 1907ના એપ્રિલથી આ કાયદો લાગુ કરવાની જાહેરાત પણ થઈ ગઈ. આ વખતે આ કાયદાના વિરોધમાં લડત માટે ગાંધીજીએ એક નવી રીત - સત્યાગ્રહ અપનાવી. 'પેસિવ રેસિસ્ટન્સ ઍસોસિયેશન' નામે એક સંગઠન સ્થપાયું. તેણે જે અસલ ભારતીય હોય તેવા લોકોને અપીલ કરી કે નોંધણી (આંગળાં-અંગૂઠાની છાપનું કામ) કરતી ઑફિસોનો બહિષ્કાર જ કરે. ટ્રાન્સવાલ સરકારના બધી જાતના પ્રયત્નો પછી 30મી નવેમ્બર, 1907 સુધીમાં માત્ર 519 ભારતીયોએ પોતાની નોંધણી કરાવી. નોંધણીના કાયદાનો વિરોધ કરવા બદલ ગાંધીજીને બે મહિનાની સાદી કેદની સજા પણ થઈ.

આ વખતે જનરલ સ્મટ્સ સાથે મુલાકાત ગોઠવવા ગાંધીજી તૈયાર થયા અને તે મુલાકાત આલ્બર્ટ કાર્ટરાઈટ નામના તેમના મિત્રે ગોઠવી આપી. જનરલ સ્મટ્સે ગાંધીજીને વચન આપતાં કહ્યું કે જો ભારતીયો સ્વેચ્છાથી નોંધણી કરાવી લે તો આ કાયદો જ રદ કરવામાં આવશે. આ પ્રસ્તાવ ગાંધીજીએ સ્વીકાર્યો અને તે વિશે ચર્ચા કરવા ભારતીયોની એક સભા બોલાવી. ઘણા લોકોએ આ પ્રસ્તાવનો સ્વીકાર કરવા બદલ ગાંધીજી સામે રોષ વ્યક્ત કર્યો. અને કહ્યું કે જનરલ સ્મટ્સ પાસેથી ન્યાયની કોઈ જ આશા રાખી શકાય નહિ. કેટલાક ભારતીઓએ તો એમ પણ આરોપ મૂક્યો કે ગાંધીજીને જનરલ સ્મટ્સે કોઈ લાલચ આપીને આ મુજબ સ્વીકાર કરાવી લીધો છે. ત્યાર બાદ ગાંધીજી સ્વેચ્છાથી નોંધણી કરાવવા નોંધણી કાર્યાલય ઉપર જવા નીકળ્યા ત્યારે એક પઠાણે તેમના પર હુમલો પણ કર્યો.

જનરલ સ્મટ્સ બહુ જલદીથી પોતાના વચનથી પાછા હટી ગયા અને તેણે કાયદો રદ કરવા ઇન્કાર કરી દીધો.



દક્ષિણ આફ્રિકામાં વિરોધ કરતા ભારતીયો

ભારતીયોએ જ્યારે સ્વૈચ્છિક નોંધણી માટેની અરજી સરકાર પાસેથી પરત માંગી ત્યારે સરકારે તેમ કરવા ઇન્કાર કરી દીધો. તેને આપવાની ના પાડી દીધી. ગાંધીજીએ પુનઃ સત્યાગ્રહ આંદોલન શરૂ કરી દીધું. તેમણે ઘોષણા કરી કે બધા ભારતીયો પોતાના આ પ્રમાણપત્ર બાળી મૂકશે અને પછી જે પરિણામ આવશે તેને શાંતિથી ભોગવશે. અનેક ભારતીયોએ પોતાની નોંધણીની (રજિસ્ટ્રેશનની) જાહેરમાં હોળી કરી. આ જ સમયે ટ્રાન્સવાલની સરકારે નવો કાયદો કર્યો જેનો ઉદ્દેશ ભારતથી આવીને વસવાટ કરવા માગતા નવા લોકોને આવતા રોકવાનો હતો. આ કાયદાનો પણ વિરોધ કરીશું એવી ઘોષણા ગાંધીજીએ કરી.

નાતાલમાં રહેતા અનેક ભારતીયોએ સત્યાગ્રહમાં ભાગ લીધો અને સરકારે તેમની ધરપકડો કરી. જેલમાં તેમની પાસે ખૂબજ કઠોર પરિશ્રમ કરાવ્યો. જેલમાં ગાંધીજી સાથે પણ ઘણો ખરાબ વર્તાવ થયો. તેમ છતાં ટ્રાન્સવાલ સરકારની દમનનીતિ ગાંધીજી કે તેમના આંદોલનને

નબળા પાડવામાં સફળ થઈ શકી નહિ. સત્યાગ્રહીઓ નાનાં નાનાં જૂથોમાં ધરપકડ વહોરતા રહ્યા. સત્યાગ્રહ ફંડ ઊભું થયું જેથી તેમના પરિવારોને મદદ મળતી રહી. હકીકતમાં સત્યાગ્રહ સભાને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ તથા ભારતના કેટલાક ધનિક લોકો - જેવા કે, રતન તાતા, હૈદરાબાદના નિઝામ વગેરે આર્થિક મદદ પહોંચાડી રહ્યા હતા. થોડા સમય પછી આ સત્યાગ્રહીઓ એક 'ટોલ્સ્ટૉય ફાર્મ' નામની જગ્યાએ વસવા લાગ્યા. ત્યાં તેઓ સાદગીપૂર્ણ જીવન જીવતા અને સત્યાગ્રહીએ જે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ તેનું શિક્ષણ મેળવતા.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. દક્ષિણ આફ્રિકામાં ભારતીયોને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો તે વિશે લગભગ દસ લીટી લખો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. નીચેનાં વિધાનોમાંથી કયાં ખરા (✓) અથવા ખોટાં (✗) છે તે નિશાની કરી બતાવો :
   (1) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ વ્યક્તિગત રીતે રંગભેદનો અનુભવ કર્યો નહોતો.
   (2) ઇન્ડિયન નાતાલ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના પાછળ એ ઉદ્દેશ હતો કે ભારતીયોમાં ભાઈચારાની ભાવના વધે.
   (3) લગભગ પાંચ હજાર યુરોપિયનોએ નાતાલમાં ગાંધીજીનું સમર્થન કર્યું.
   (4) રજિસ્ટ્રેશન બિલ ગાંધીજીના કહેવાથી લાગુ કરવામાં આવ્યું હતું.

### 16.2.3 ચળવળ-2 (Campaign-2)

1913માં એક વધુ પસ્તાળ ભારતીયો પર પડી. જે લગ્નો ખ્રિસ્તી ધર્મવિધિથી થયાં ન હોય અને જેની નોંધણી ન થઈ હોય એ બધાં લગ્નોને દક્ષિણ આફ્રિકાની સર્વોચ્ચ અદાલતે રદ જાહેર કરી. બીજા શબ્દોમાં સમસ્ત હિન્દુ, મુસ્લિમ, પારસી વગેરે લગ્નો ગેરકાયદે જાહેર કર્યાં અને તેમાંથી પેદા થયેલાં સંતાન પણ ગેરકાયદેસરનાં ગણાય.

ગાંધીજીએ આ નિર્ણયના અર્થઘટનોની કાયદાનાં દુષ્પરિણામોની વિરુદ્ધમાં રજૂઆત કરી અને કાયદામાં સુધારો કરવાની માગણી કરી. પરંતુ તેની કોઈ અસર પડી નહિ. આથી ગાંધીજીએ પણ પોતાની લડત તીવ્ર કરી નાખી. જેમનું સન્માન જોખમમાં મુકાયું હતું તેવી અનેક ભારતીય મહિલાઓએ પણ વિરોધ કાર્યક્રમમાં ભાગ લીધો. 1913ના છઠ્ઠી નવેમ્બરના દિવસે ગાંધીજીએ ટ્રાન્સવાલની સીમા છોડવા માટેની યાત્રા શરૂ કરી ત્યારે તેમની સાથે રહેનારા સત્યાગ્રહીઓમાં 237 પુરુષો, 57 છોકરાંઓ અને 127 સ્ત્રીઓ હતાં. ગાંધીજીને પકડી લેવામાં આવ્યા.

સરકારે દમનનાં પગલાં ભર્યાં પરંતુ આંદોલનમાં કોઈ પ્રકારની ઓટ આવી નહિ. આ સમયે ગોખલેએ ભારતભરમાં યાત્રા કરીને ગાંધીજીના આંદોલનના સમર્થન અને સહકાર માટે પ્રયત્નો કર્યા. ભારતના વાઇસરૉય લૉર્ડ હાર્ડિન્જે પણ આ વખતે માગણી કરી કે દક્ષિણ આફ્રિકાની સરકાર પર જે અત્યાચારોના આરોપ છે તે બાબતની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આને લીધે હાર્ડિન્જની પણ લંડન તથા પ્રિટોરિયામાં ટીકા થવા પામી.

હવે સ્મટ્સે સમજૂતી કરવા કહ્યું. વાટાઘાટો શરૂ થઈ અને એક એવા પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, જેમાં **ભારતીયોની મુખ્ય** સમસ્યાઓનું નિદાન હતું. સ્વતંત્ર મજૂરો પરનો 3

પાઉન્ડનો કર દૂર કરવામાં આવ્યો. ભારતીય રીતિરિવાજ મુજબ કરવામાં આવેલ લગ્નો મંજૂર રખાયાં અને ફક્ત દક્ષિણ આફ્રિકામાં આવવા માટે જ આદિવાસી પ્રમાણપત્ર પર અંગૂઠો કરવાનો રહેતો હતો. આમ લગભગ 8 વર્ષ સુધી ચાલેલો સત્યાગ્રહ સમેટી લેવામાં આવ્યો.
ગાંધીજી બ્રિટિશ સામ્રાજ્યના ચાહક હતા. અને 1906 સુધી તો તેમને 'બ્રિટિશ ન્યાય માટે પ્રેમ અને શ્રદ્ધા' હતી. 1899માં તેમણે બોઅર યુદ્ધ દરમિયાન 'ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ કોર્પ્સ' સંગઠિત કરીને અંગ્રેજ સરકારને મદદ પણ કરી હતી.



દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી

પરંતુ થોડા વખતમાં જ તેમનો અંગ્રેજો પ્રત્યેનો આ મોહ ઓસરવા લાગ્યો. કારણ કે તેમણે અનુભવ્યું કે તેમની માંગણીઓ પ્રતિ અંગ્રેજોનું વલણ ઉપેક્ષાપૂર્ણ હતું, જાણે કે તેઓ કોઈ બહારના માણસ જ હોય. પોતાના સાથીઓ તથા સહયોગીઓની મુશ્કેલીઓ દૂર કરવા માટે તેમની પાસે સત્યાગ્રહ જ એક છેલ્લો વિકલ્પ હતો. જોકે અંગ્રેજ સામ્રાજ્ય પ્રતિ તેમની સહાનુભૂતિ એકદમ જ ખલાસ તો ન થઈ. તેમને હજી ઊંડે-ઊંડે આશા હતી કે કોઈ ને કોઈ દિવસે અંગ્રેજો જે સિદ્ધાંતોમાં માને છે તેને વ્યાવહારિક રૂપ આપશે ખરા.
દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ચલાવેલી લડતનો પ્રભાવ આપણા રાષ્ટ્રીય આંદોલન પર ઘણો પડ્યો. દાખલા તરીકે અહિંસાત્મક સત્યાગ્રહની પ્રયુક્તિ ગાંધીજીનું મુખ્ય શસ્ત્ર બની ગઈ જે આગળ ઉપર ગાંધીજી અને કૉંગ્રેસે ભારતમાંના અંગ્રેજ શાસનની વિરુદ્ધની લડતમાં વાપર્યું. અંગ્રેજ ઇતિહાસકાર જ્યુડિથ બ્રાઉનના મત પ્રમાણે ગાંધીજી દ્વારા દક્ષિણ આફ્રિકામાં અપનાવેલ સત્યાગ્રહ માત્ર ચતુરાઈયુક્ત પરિપૂર્ણ હથિયાર હતું. પરંતુ જો આપણે ગાંધીજીની લડતો ઉપર સંપૂર્ણ દષ્ટિ નાખીએ તો જણાશે કે તેમને સત્યાગ્રહમાં પૂર્ણ આસ્થા હતી. અને એ કોઈ અમુક પરિસ્થિતિમાં અપનાવવામાં આવેલ રણનીતિ માત્ર નહોતી. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના અનુભવોનું એક મહત્ત્વપૂર્ણ તારણ એ પણ હતું કે હિન્દુ-મુસ્લિમ એકતા અત્યંત જરૂરી છે અને તે પ્રાપ્ત કરી શકાય તેમ છે. આથી જ તેમણે પણ ભારતમાં અંગ્રેજ વિરુદ્ધની લડતમાં હિન્દુ-મુસ્લિમ એકતા પર ભાર મૂકયો. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકામાંની લડતથી પુરવાર થયું કે ગાંધીજી કોઈ એક

ક્ષેત્ર કે કોઈ એક ધાર્મિક સંપ્રદાયના નહિ બલ્કે સમગ્ર ભારતીય જનતાના પ્રતિનિધિ હતા. આમ નિર્ણયાત્મક પરિબળ જેવી કામગીરીથી ભારતીય રાજકારણમાં ગાંધીજીનો પ્રવેશ થયો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. નીચેનાં વિધાનોમાંથી કયાં ખરા (✓) અથવા ખોટાં (✗) છે તે નિશાની કરી બતાવો :
   (1) 1913ના સુપ્રીમ કોર્ટના નિર્ણયથી લગ્નોને કાયદેસર ગણવામાં આવ્યાં.
   (2) દક્ષિણ આફ્રિકામાં ચાલી રહેલા આંદોલન માટે ગોપાલ કૃષ્ણ ગોખલેએ ભારતમાં સમર્થન મેળવવાના પ્રયત્નો કર્યા.
   (3) અંગ્રેજોના ન્યાયમાં ગાંધીજીને કોઈ વિશ્વાસ નહોતો.
2. દક્ષિણ આફ્રિકામાં કરાયેલી લડતે આપણા રાષ્ટ્રીય આંદોલન પર કઈ રીતે પ્રભાવ પાડ્યો ? પાંચ લીટીમાં જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 16.3 ભારતમાં ગાંધીજીનું આગમન (Gandhi's Arrival in India)

ભારત પાછા ફરતા પહેલાં ગાંધીજી ઇંગ્લૅંડ ગયા અને તે સમયે વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. આવી પરિસ્થિતિમાં ઇંગ્લૅંડની સરકારની મદદ કરવી તે ગાંધીજીએ પોતાનું કર્તવ્ય માન્યું. તેમણે ભારતીયોનું એક એમ્બ્યુલન્સ દળ સંગઠિત કરવાનો નિર્ણય લીધો. પરંતુ આ બાબતે કેટલાક અંગ્રેજ અધિકારીઓ સાથે મતભેદ થવાથી તે વિચાર ટાળ્યો. 1915ના નવા વર્ષમાં તેમને અંગ્રેજ સરકારે 'કેસર-એ-હિંદ'નો સુવર્ણ ખિતાબ આપ્યો.

9 જાન્યુઆરી, 1915ના દિને જ્યારે ગાંધીજી ભારત પાછા ફર્યા ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ભારતમાં ગોપાલ કૃષ્ણ ગોખલે ગાંધીજીના રાજનૈતિક ગુરુ હતા. ગોખલેની ઇચ્છા હતી કે ગાંધી 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા' સોસાયટીમાં જોડાય પરંતુ કેટલાક સભ્યોનો સખત વિરોધ થવાથી અંતે તેઓ સભ્ય ન થઈ શક્યા. આ સમયે ગોખલેએ ગાંધીજી પાસે વચન લીધું કે ભારતની રાજનૈતિક બાબતો પર તેઓ એક વર્ષ સુધી પોતાનો કોઈ મત જાહેર નહીં કરે. વચનપાલન માટે ગાંધીજીએ 1915 અને 1916માંનો ઘણો સમય ભારતમાં જુદાં જુદાં સ્થળોના પ્રવાસમાં ગાળ્યો. તેઓ સિંધ, રંગૂન, બનારસ, મદ્રાસ વગેરે સ્થળોએ ગયા. તેમણે રવીન્દ્રનાથ ઠાકુરના શાંતિનિકેતનની પણ યાત્રા કરી અને હરદ્વાર તથા કુંભ મેળાઓમાં પણ ગયા. આ બધા પ્રવાસોનો ફાયદો એ થયો કે ગાંધીજીને ભારતીયો તેમજ તેમની સ્થિતિને લગતી કેટલીક બાબતોની ઊંડી જાણકારી પ્રાપ્ત થઈ. 1915માં જ ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી નદીને કિનારે પોતાના આશ્રમની સ્થાપના કરી. અહીં તેઓ પોતાના નિકટતમ સહયોગીઓની સાથે રહેતા હતા અને તેઓને સાચા સત્યાગ્રહી થવાનું નૈતિક ચુસ્ત શિક્ષણ આપવામાં આવતું હતું.

આ સમયે ગાંધીજી રાજનૈતિક મુદ્દાઓમાં વધારે પડતો રસ લેતા ન હતા. ઘણી ખરી સભાઓમાં તે પોતાના દક્ષિણ આફ્રિકાના અનુભવો તથા ત્યાં ઘડાયેલી પોતાની વિચારધારા વિશે જ બોલતા. જ્યારે એની બેસન્ટે તેમને 'હોમ રૂલ લીગ'ની સ્થાપના કરવામાં સહકાર આપવા કહ્યું ત્યારે તેમણે એમ કહીને ઇન્કાર કર્યો કે યુદ્ધ દરમિયાન તેઓ અંગ્રેજ સરકારને હેરાન કરવા માંગતા નથી. 1915ના કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે હાજરી આપી પરંતુ આ સમયે તેમણે સ્વાયત્ત શાસન જેવા મહત્ત્વના વિષય પર ભાષણ આપવાનું ટાળ્યું. કૉંગ્રેસમાં જહાલ પક્ષને ફરીથી જોડવાના જે પ્રયાસો ચાલતા હતા તેનું તેમણે સ્વાગત કર્યું. પરંતુ સાથે તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે પોતે બેમાંથી એક પણ જૂથમાં નથી. એમણે સંગઠિત કૉંગ્રેસના અધિવેશનમાં પણ ભાગ લીધો, પરંતુ એવા મુદ્દા પર તે કદી બોલ્યા નહિ જેથી તેમની છાપ એક અથવા બીજા જૂથમાં જોડાયા વિશે પડે. તેમણે માત્ર કૉન્ટ્રેક્ટવાળા મજૂરોની ભરતી વિશે ભાષણ કર્યું અને આ અમાનુષી પ્રથાનો નાશ કરવો જોઈએ એવો પ્રસ્તાવ રજૂ કર્યો, જે માન્ય થયો અને તે અંગે ઠરાવ પણ પસાર થયો.

## 16.4 ભારતીય રાજનીતિમાં પ્રવેશ (Entry Into Indian Politics)

ભારતીય રાજકારણમાં ગાંધીજીનો સક્રિય પ્રવેશ 1917-18ના સમયમાં થયો જે ત્રણ સ્થાનીય સમસ્યાઓની સાથે સંબંધિત હતો. આ સમસ્યા હતી; ચંપારણમાં તથા ખેડૂતોનો ખેડામાં સંઘર્ષ તથા અમદાવાદમાં મજૂરોનો સંઘર્ષ. આ જગ્યાઓએ ગાંધીજીએ સત્યાગ્રહની યુક્તિનો ઉપયોગ કર્યો અને આ જ સ્થાનિક લડતનોના માધ્યમથી તેઓ સંપૂર્ણ ભારતના નેતાના સ્વરૂપમાં બહાર આવ્યા.


### 16.4.1 ચંપારણ (Champaran)

ઉત્તર બિહારના તિરહુત જિલ્લામાં ચંપારણ આવેલું છે. અહીંના ખેડૂતોમાં ઘણા સમયથી અસંતોષ ફેલાયો હતો. 19મી સદીની શરૂઆતથી જ અહીં યુરોપિયનોએ ગળીનાં બગીચા અને કારખાનાં સ્થાપ્યાં હતાં. તેમને એટલી જમીન મળી હતી કે 1916-17માં ચંપારણનો મોટો હિસ્સો માત્ર ત્રણ જમીનદારોના હાથમાં હતો. તેઓ હતા બેતિયા, રામનગર અને મધુબન જાગીરોના માલિકો. બેતિયાની જાગીર સહુથી મોટી હતી અને તેમાં લગભગ 1500 ગામડાંઓનો સમાવેશ થતો હતો. જમીનદારો ખુદ જાગીરની દેખભાળ નહોતા કરતા પરંતુ તેને ઇજારા પર આપી દેતા. ઇજારદારોનો સહુથી વધુ શક્તિશાળી વર્ગ હતો. યુરોપિયનો બગીચાના માલિકો હતા. ચંપારણમાં અસંતોષનું મુખ્ય કારણ એ હતું કે ખેડૂતોને જમીન પર કોઈ સ્થાયી લાભ મળતો નહોતો. તેમને ખેતી માટે બગીચાઓના માલિકો પાસે જમીનનો પટો લેવો પડતો. તે વખતે એવી શરત મુકાતી કે તેમણે અમુક ભાગમાં માત્ર ગળીનો જ પાક લેવો. આને માટે તેઓ ગળીના બગીચાના માલિકો ખેડૂતોને નાણાંનું અગાઉથી ધિરાણ પણ કરતા હતા.

વ્યવસ્થામાં ગળીની ખેતી જ થતી હતી તેને 'તીન-કથિયા' કહેતા હતા. આમાં ખેડૂતે 3/20 ભાગ પર માત્ર ગળીની ખેતી કરવાની રહેતી. મોટે ભાગે માલિકો જે સહુથી વધુ ફળદ્રુપ જમીનનો ટુકડો ગળીની ખેતી માટે અલગ મુકાવતા. 1908માં તીન કથિયાના નિયમોમાં થોડો સુધારો કરાવવાનો પ્રયત્ન થયો હતો. પરંતુ તેમાંથી ખેડૂતોની ખરાબ દશામાં કંઈ સુધારો થઈ શક્યો નહિ. બગીચાના માલિકો અમુક જ પૈસા ખેડૂતોને પોતાની ખેતી કરવા માટે રોકવા દેતા હતા અને તે પણ ઘણા ઓછા હતા. આ વખતે જર્મનીના વૈજ્ઞાનિકોએ કૃત્રિમ ગળીનો રંગ શોધી કાઢ્યો, અને તેનું ઉત્પાદન શરૂ કરી દીધું. પરિણામે દુનિયાના બજારમાં ભારતની ગળીની ખપત ઓછી થઈ ગઈ. ચંપારણના ઘણા ખરા બગીચાના માલિકોએ અનુભવ્યું કે હવે ગળીના વેપારમાં કોઈ ખાસ નફો તેમને નહીં થાય. પરંતુ નફો ચાલુ રાખવા પોતાની ખોટ તેમણે ખેડૂતો પર લાદવી શરૂ કરી. આ માટે એક રસ્તો અપનાવ્યો હતો, ખેડૂતોને હુકમ કરવાનો કે જો તેઓ મોટું વળતર અથવા નુકસાન ભરપાઈ કરી આપે તો તેમને ગળી ઉગાડવા માટે શરત મૂકવામાં નહિ આવે. આની સાથે જ તેમણે મહેસૂલમાં પણ અનહદ વધારો કરી દીધો અને અનેક જાતના ગેરકાયદેસર વેરાઓ ખેડૂતો પર નાંખ્યા.

1916માં લખનૌ અધિવેશન દરમિયાન ચંપારણના ખેડૂતોના પ્રશ્નો વિશે ઉલ્લેખ થયો ત્યારે ગાંધીજીએ કંઈ ધ્યાન નહોતું આપ્યું. પરંતુ છેવટે જ્યારે ચંપારણના એક ખેડૂત રાજકુમાર શુક્લે તેમને આવવા માટે ખૂબ કહ્યું ત્યારે તે ત્યાં મોતીહારી ગયા. તેઓ પહોંચ્યા ત્યારે તેમની હાજરી જન-શાંતિ માટે ખતરારૂપ ગણાઈ. તેમને પોતાની જવાબદારી હોઈને આદેશ પાળવા ઇન્કાર કર્યો. તત્કાળ ચંપારણ છોડી જવાનો આદેશ અપાયો પરંતુ ગાંધીજીએ જનતા પ્રત્યે તેમની તત્કાલ ધરપકડ કરીને જિલ્લા ન્યાયાલયમાં મુકદ્દમો પણ ચાલ્યો. પરંતુ બિહાર સરકારે કમિશનર તેમજ જિલ્લા ન્યાયાલયને પણ આદેશ આપ્યો કે આ મુકદ્દમો પાછો ખેંચી લેવાય અને ગાંધીજીને જે જાણકારી જોઈતી હોય તે મેળવવામાં પણ મદદ કરવામાં આવે. એની સાથે જ ગાંધીજીને પણ ચેતવણી આપી કે કોઈ અશાંત પરિસ્થિતિ ન જ મળે. આ ખેડૂતોના પ્રશ્નો સમજવાના પ્રયત્નો કરવાની તેમને પરવાનગી છેવટે મળી ગઈ.

સરકારે 'ચંપારણ એગ્રેરિયન કમિટી'ની રચના કરી. અને તેમાં ગાંધીજી પણ એક સભ્ય હતા. આ કમિટીએ ભલામણ કરી કે 'તીનકથિયા' વ્યવસ્થાનો અંત લાવવામાં આવે અને બીજા વેરાઓ પણ સમાપ્ત થાય, જે ખેડૂતોએ આપવા પડતા હતા. વધુ પડતો મહેસૂલી દર પણ ઓછો કરવામાં આવે અને જે ગેરકાયદે વસૂલાત ખેડૂતો પાસે કરાવવામાં આવી હતી તેનો 25 ટકા ભાગ ખેડૂતોને પાછો આપવામાં આવે. કમિટીની આ બધી ભલામણોને ધ્યાનમાં રાખીને 'ચંપારણ એગ્રેરિયન ઍક્ટ' નામે કાયદો પસાર થયો.



EMERGENCE OF GANDHI

World War I ended at last and the peace, instead of bringing us relief and progress, brought us repressive legislation and Martial Law in the Punjab. A bitter sense of humiliation and a passionate anger filled our people. All the unending talk of constitutional reform and Indianization of the services was a mockery and an insult when the manhood of our country was being crushed and the inexorable and continuous process of exploitation was deepening our poverty and sapping our vitality. We had become a derelict nation.

Yet what could we do, how change this vicious process? We seemed to be helpless in the grip of some all-powerful monster; our limbs were paralyzed, our minds deadened.

And then Gandhi came. He was like a powerful current of fresh air that made us stretch ourselves and take deep breaths, like a beam of light that pierced the darkness and removed the scales from our eyes, like a whirlwind that upset many things but most of all the working of people's minds. He did not descend from the top; he seemed to emerge from the millions of India, speaking their language and incessantly drawing attention to them and their appalling condition. Get off the backs of these peasants and workers, he told us, all you who live by their exploitation; get rid of the system that produces this poverty and misery. Political freedom took new shape then and acquired a new content. Much that he said we only partially accepted or sometimes did not accept at all. But all this was secondary. The essence of his teaching was fearlessness and truth and action allied to these, always keeping the welfare of the masses in view. The greatest gift for an individual or a nation, so we had been told in our ancient books, was *abhaya*, fearlessness, not merely bodily courage but the absence of fear from the mind. ... But the dominant impulse in India under British rule was that of fear, pervasive, oppressing, strangling fear; fear of the army, the police, the widespread secret service; fear of the official class; fear of laws meant to suppress and of prison; fear of the landlord's agent, fear of the money-lender, fear of unemployment and starvation, which were always on the threshold. It was against this all-pervading fear that Gandhi's quiet and determined voice was raised: Be not afraid.

So, suddenly as it were, the black pall of fear was lifted from the people's shoulders, not wholly of course, but to an amazing degree. As fear is close companion to falsehood, so truth follows fearlessness. The Indian people did not become much more truthful than they were, nor did they change their essential nature overnight; nevertheless a sea-change was visible as the need for falsehood and furtive behaviour lessened. It was a psychological change, almost as if some expert in psycho-analytical method had probed deep into the patient's past, found out the origins of his complexes, exposed them to his view, and thus rid him of that burden.

Jawaharlal Nehru

ગાંધીજીના આગમન સમયે (તે વિશે) જવાહરલાલ નેહરુના વિચારો

આ આંદોલન ખેડૂતોની સમસ્યાઓ સાથે સંબંધિત હતું ખરું, પરંતુ ગાંધીજીના સહયોગીઓ શિક્ષિત મધ્યમ વડાના હતા, જેવા કે રાજેન્દ્ર પ્રસાદ, ગોરખ પ્રસાદ, આચાર્ય કૃપાલાની વગેરે. સ્થાનીય મહાજનો તેમજ ગામડાંના મુખીઓએ પણ ગાંધીજીને સહયોગ આપ્યો પરંતુ સૌથી વધારે સહયોગ મળ્યો ખેડૂતોનો તેમજ સ્થાનિક નેતાઓનો. ગાંધીજી પોતે અહીં પણ ખૂબ જ સાદગીથી પગપાળા અથવા બળદ ગાડામાં ફરતા અને ખેડૂતો સાથે એમની જ ભાષામાં વાત કરતા.

### 16.4.2 ખેડા (Kheda)

ખેડૂતોનો પક્ષ લઈને ગાંધીજીએ બીજી વાર ગુજરાતના ખેડા જિલ્લામાં દરમિયાનગીરી કરી. અહીં તેમના સત્યાગ્રહના શરણને ખરેખરી કસોટીમાંથી પસાર થવું પડ્યું. ખેડા ખૂબ જ ફળદ્રુપ જમીન ધરાવે છે. તેમાંના પાકો તમાકુ અને કપાસનું મોટું બજાર તેને અમદાવાદમાં મળી રહેતું હતું. અહીંના ઘણા શ્રીમંત ખેડૂતો પટ્ટીદાર-પાટીદાર કહેવાતા હતા. આ સિવાય બીજા નાના ખેડૂતો અને ભૂમિહીન ખેડૂતો પણ રહેતા હતા.

1917માં અતિવૃષ્ટિને કારણે ખરીફ પાકને ઘણું નુકસાન થયું. આ જ અરસામાં ઘાસતેલ, લોખંડ, કપડાં અને મીઠા વગેરે ખૂબ જ ભવાવધારો થયો, તેની ખેડૂતોના જીવનધોરણ પર માઠી અસર પહોંચી. ખેડૂતોએ માંગણી કરી કે આ વખતે પાક થયો નથી માટે મહેસૂલ માફ થવું જોઈએ. તે વિશેના કાયદામાં પણ એક એવી શરત મુકાઈ જ હતી કે જો કુલ ઊપજ જ સામાન્ય ઊપજના માત્ર 25 (કે તેથી ઓછા) ટકા જ હોય તો બધું જ મહેસૂલ માફ કરી દેવામાં આવશે. મુંબઈના બે વકીલો - શ્રી વી. જે. પટેલ તથા શ્રી જી. કે. પારેખ - એ આ બાબતની ઝીણવટભરી તપાસ કરી અને એ પરિણામ પર આવ્યા કે આ વર્ષે ઊપજનો મોટો ભાગ નાશ પામ્યો હતો. પરંતુ સરકારે તેમનો અહેવાલ સ્વીકાર્યો નહિ. ખેડાના કલેક્ટરે એમ નિર્ણય લીધો કે આ વખતે

મહેસૂલ માફ કરવા જેવી પરિસ્થિતિ નથી. સરકારનું માનવું હતું કે આ માંગણી ખેડૂતોએ નહિ પરંતુ બહારના લોકોની ઉશ્કેરણીથી મુકાઈ હતી, જેઓ હોમ રૂલ લીગ તેમજ ગુજરાત સભા સાથે સંબંધિત હતા. ખુદ ગાંધીજી ગુજરાત સભાના અધ્યક્ષ હતા. ખરેખર હકીકત તો એ છે કે આંદોલનની શરૂઆત ન તો ગાંધીજીએ કરી હતી, ન તો અમદાવાદના કોઈ રાજકારણીઓએ બલ્કે તેની શરૂઆત ખેડા જિલ્લાના મોહનલાલ પાંડે જેવા સ્થાનિક નેતાઓએ કરી હતી.

પૂરતી તપાસ કર્યા પછી, ગાંધીજી એ અનુમાન પર આવ્યા કે સરકારી ઑફિસરોએ થયેલી ઊપજની કિંમત વધારી-વધારીને મૂકી હતી. અને ખેડૂતોનો એ કાયદેસરનો હક્ક હતો કે તેઓ (આ વર્ષે) મહેસૂલ ચૂકવે નહિ. આથી કોઈ સગવડ તો મળી નહિ, અને સરકારે પણ ખાસ ધ્યાન ન આપ્યું. થોડા ખચકાટ પછી ગાંધીજીએ નિર્ણય લીધો કે 22મી માર્ચ 1918થી નડિયાદની એક સભામાંથી સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવે. ગાંધીજીએ આ સભામાં ખેડૂતોને સલાહ આપી કે તેમણે મહેસૂલ ચૂકવવું જ નહિ. ખેડૂતોનો ઉત્સાહ વધારવા તેમજ સરકારનો ભય તેમના હૃદયમાંથી કાઢવા ગાંધીજીએ અનેક ગામડાંઓનો પ્રવાસ કર્યો.

આ સત્યાગ્રહમાં ગાંધીજીની મદદમાં ઇંદુલાલ યાજ્ઞિક, વિઠ્ઠલભાઈ પટેલ, તથા અનસૂયાબહેન સારાભાઈ હતાં. 21મી એપ્રિલે સત્યાગ્રહની ચરમસીમા આવી, 2,337 ખેડૂતોએ પ્રતિજ્ઞા લીધી કે તેઓ મહેસૂલ ભરશે નહિ. આમ તો ઘણા પાટીદારોએ ભાગ લીધો હતો પણ સરકારે દમનનીતિ અપનાવી કેટલાક ગરીબ ખેડૂતોને મહેસૂલી ભરવા માટે ત્રાસ ગુજાર્યો. આ વખતે રવિપાક સારો ઊતર્યો અને મહેસૂલ ન ભરવાનો મુદ્દો ઢીલો પડવા લાગ્યો. ગાંધીજી સમજી ગયા કે ખેડૂતો સત્યાગ્રહથી થાકવા લાગ્યા છે. જ્યારે સરકારે એવો હુકમ બહાર પાડ્યો કે વસૂલાત એવા જ ખેડૂતો પાસેથી કરવામાં આવીશે જેઓ ભરપાઈ કરી શકે, અને હવે ગરીબ ખેડૂતો પર દબાણ નહીં કરવામાં આવે ત્યારે ગાંધીજીએ સત્યાગ્રહની સમાપ્તિની જાહેરાત કરી. આમ જુઓ તો સત્યાગ્રહની સમાપ્તિની જાહેરાત કરી. આમ જુઓ તો સત્યાગ્રહની અસર બધાં જ ગામોમાં થઈ ન હતી. ખેડા જિલ્લાના 559 ગામડાંઓમાંથી માત્ર 70 ગામોમાં જ તે સફળ થયો હતો. આને જ કારણે જેવી થોડી રાહત મળવાનું સરકાર તરફથી નક્કી થયું કે તરત ગાંધીજીએ સત્યાગ્રહ પાછો ખેંચી લીધો. પરંતુ એ વાત નિઃશંક છે કે આ સત્યાગ્રહને લીધે ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રમાં ગાંધીજીનો સામાજિક પાયો મજબૂત બન્યો.

### 16.4.3 અમદાવાદ (Ahmedabad)

ગાંધીજીની ત્રીજી ચળવળ અમદાવાદમાં શરૂ થઈ. જ્યારે તેમણે મિલમાલિકો તેમજ મજૂરો વચ્ચેના સંઘર્ષમાં દરમિયાનગીરી કરી. ગુજરાતના એક મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક નગરના રૂપમાં અમદાવાદનો વિકાસ થઈ રહ્યો હતો. તેમ છતાં ઘણી વખત મિલમાલિકોને મજૂરોની અછત જણાતી હતી. અને તેમને આકર્ષવા માટે તેઓ મજૂરીનો દર ઊંચો રાખતા હતા. 1917માં અમદાવાદમાં પ્લેગની બીમારી ફેલાઈ. ઘણાખરા મજૂરો શહેર છોડી પોતાના ગામડે જવા લાગ્યા. તેઓને શહેરમાં રોકી રાખવા માલિકોએ 'પ્લેગ બોનસ' આપવાનો વિચાર કર્યો. જોકે ક્યારેક તો તેનો દર સામાન્ય મજૂરીના દરના 7.5% જેટલો હતો. જ્યારે આ રોગચાળો સમાપ્ત થઈ ગયો ત્યારે આ ભથ્થું મિલમાલિકોએ આપવું બંધ કર્યું. કામદારોએ આનો વિરોધ કર્યો. તેમની ધારણા હતી કે વિશ્વયુદ્ધ દરમિયાન જે મોંઘવારી વધી ગઈ હતી તે માટે પણ આ ભથ્થું પૂરક હતું. મિલમાલિકો ભથ્થામાં 20% જેટલો વધારો કરવા તૈયાર હતા. પરંતુ કામદારો મોંઘવારીને જોતાં 50% વધારાની માગણી કરતા હતા.

ગુજરાત સભાના એક સચિવ ગાંધીજીને મિલમજૂરોની કામ કરવાની પરિસ્થિતિ વિશે જણાવતા હતા. એક મિલમાલિક અંબાલાલ સારાભાઈ સાથે તેમનો પરિચય હતો, કારણ કે ગાંધીજીના આશ્રમ માટે તેમણે મોટું દાન આપ્યું હતું. આ ઉપરાંત તેમનાં બહેન અનસૂયાબહેન સારાભાઈ પણ ગાંધીજી માટે ખૂબ જ આદર ધરાવતાં હતાં. ગાંધીજીએ અંબાલાલ સારાભાઈ સાથે ચર્ચા કર્યા પછી આ લડતમાં દરમિયાનગીરી કરવાનો નિર્ણય લીધો. મજૂરો અને માલિકો એટલા તો સંમત થયા કે આ મામલો એક મધ્યસ્થી કરનાર બોર્ડને સોંપી દેવામાં આવે. તેમાં ત્રણ પ્રતિનિધિઓ મજૂરોના હોય અને ત્રણ મિલમાલિકોના. અંગ્રેજ કલેક્ટર તેના અધ્યક્ષ રહેવાના હતા. મજૂરોના પ્રતિનિધિ તરીકે ગાંધીજી હાજર હતા, પરંતુ અચાનક મિલમાલિકો બોર્ડથી પાછા હટી ગયા. તેનું કારણ એમણે એમ જણાવ્યું કે ગાંધીજીને કામદારોએ કોઈ અધિકાર આપ્યો નહોતો અને એ વાતની પણ કોઈ બાંયધરી ન હતી કે મજૂરો આ બોર્ડના નિર્ણયને સ્વીકારશે. 22મી ફેબ્રુઆરીએ મિલમાલિકોએ તાળાબંધી જાહેર કરી.

આ પરિસ્થિતિને ગાંધીજીએ ઝીણવટથી તપાસી. મિલોની આર્થિક સ્થિતિ વિશે પણ તેમણે માહિતી મેળવી અને તેમના દ્વારા અપાતી મજૂરીના દરોને મુંબઈમાં અપાતા દરો સાથે સરખાવ્યા. આ બધા અભ્યાસ કર્યા પછી ગાંધીજીએ નિર્ણય કર્યો કે મજૂરોએ 50 ટકાને બદલે 35 ટકાનો વધારો માંગવો જોઈએ. હવે ગાંધીજીએ મિલમાલિકો સામે સત્યાગ્રહ શરૂ કર્યો. મજૂરોને એમ કહેવામાં આવ્યું કે તેમણે પ્રતિજ્ઞા લેવી કે જ્યાં સુધી 35 ટકા જેટલો વધારો મજૂરીમાં ન થાય ત્યાં સુધી તેઓ કામ પર ચઢશે નહિ અને શાંતિપૂર્વક સત્યાગ્રહ કરતા રહેશે. અનેક સ્થળોએ સભાઓ ભરાઈ અને ગાંધીજીએ તેમાં ભાષણો કર્યાં. આ સ્થિતિ ઉપર તેમણે કેટલાક લેખો પણ લખ્યા.

12 માર્ચે મિલમાલિકોએ ઘોષણા કરી કે તેઓ તાળાબંધી હટાવી લે છે અને તેઓ એવા જ મજૂરોને કામમાં લેશે જેઓ 20 ટકા વધારાને સ્વીકારે. તેની વિરુદ્ધ 15 માર્ચે ગાંધીજીએ જાહેરાત કરી કે જ્યાં સુધી કોઈ સમજૂતી ન થાય ત્યાં સુધી તેઓ ભૂખહડતાળ પર ઊતરશે. પોતે પ્રતિજ્ઞા લીધી હોવા છતાં મજૂરો મિલોમાં ફરી કામ કરવા જવાનો વિચાર કરતા હોય તો તેમ કરતાં રોકવા ગાંધીજીએ આ પગલું લીધું. છેવટે 18 માર્ચે એક સમજૂતી થઈ. જે અનુસાર પહેલે દિવસે મજૂરીનો દર 35 ટકા વધારા સાથે, બીજે દિવસે 20 ટકાનો વધારો (જે મિલમાલિકોએ સૂચવેલો દર હતો) મળવાનો હતો. ત્રીજે દિવસે અને પછી જ્યાં સુધી મધ્યસ્થી (લવાદી) દ્વારા કોઈ એક નિર્ણય ન લેવાય ત્યાં સુધી 27.5% વધારાની મજૂરી મળે તેવો નિર્ણય થયો. છેવટે મધ્યસ્થ સમિતિએ ગાંધીજીના 35% ના વધારાના ઠરાવનો મજૂરોના પક્ષમાં સ્વીકાર કર્યો અને મિલોનું થાળે પાડ્યું.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. લગભગ દસ લીટીમાં ચંપારણના ખેડૂત આંદોલન પ્રત્યે ગાંધીજીના દષ્ટિકોણ વિશે લખો.

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

2. અમદાવાદ મિલકામદારોની કઈ સમસ્યાઓ હતી ?

.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................
.............................................................................................

3. નીચેનાં વિધાનોમાંથી કયાં ખરાં (✓) અથવા ખોટાં (✗) છે તે નિશાની કરી બતાવો :
   (1) ગાંધીજી હોમ રૂલ લીગમાં ભળી ગયા હતા.
   (2) ગાંધીજી કૉંગ્રેસના કોઈ જૂથમાં સામેલ નહોતા.
   (3) ગાંધીજીને ચંપારણમાં લાવનાર રાજકુમાર શુક્લ હતા.
   (4) ખેડા જિલ્લાના ખેડૂતોને સરકાર સામે કોઈ ફરિયાદ હતી.

## 16.5 રૉલેટ સત્યાગ્રહ (The Rowlatt Satyagraha)

(1917માં ભારતની અંગ્રેજ સરકારે) 1917-18માં ગાંધીજીને રાષ્ટ્રવાદી મુદ્દાઓ પર કોઈ ખાસ ધ્યાન આપ્યું નહોતું. તેમણે એની બેસન્ટની ધરપકડનો વિરોધ કર્યો હતો અને અલી બંધુઓ (મોહમ્મદ અલી અને શૌકત અલી)ની જેલમુક્તિની માગણી કરી હતી. અલી બંધુઓને 'ખિલાફત'ને કારણે ગિરફતાર કરવામાં આવ્યા હતા. તે વખતે અન્ય રાજનૈતિક નેતાઓની જેમ ગાંધીજીએ સુધારા પ્રસ્તાવ પ્રત્યે ખાસ રુચિ બતાવી નહોતી પરંતુ જે વખતે અંગ્રેજ સરકારે રૉલેટ ઍક્ટ પસાર કરવાનો નિર્ણય કર્યો ત્યારે ગાંધીજીએ રાષ્ટ્રીય રાજનીતિમાં સક્રિયા રીતે ભાગ લેવાનો નિર્ણય લીધો.

### 16.5.1 રૉલેટ કાયદો (Rowlatt Act)

1917માં ભારતની અંગ્રેજ સરકારે જસ્ટિસ સીડની રૉલેટના પ્રમુખપણા હેઠળ એક સમિતિ બનાવી. તેનો ઉદ્દેશ ક્રાંતિકારીઓનાં કાર્યોની તપાસ કરીને અને તેમનો દમન માટેનો કાયદો બનાવવાનો હતો. પરિસ્થિતિનો અંદાજ મેળવ્યા પછી રૉલેટ સમિતિએ કાયદા માટે ફેરફારનાં ઘણાં સૂચનો કર્યાં. આ સૂચનોને ધ્યાનમાં લીધા પછી ભારતીય સરકારે રાષ્ટ્રીય વિધાનસભા (કાઉન્સિલ) સમક્ષ 6 ફેબ્રુઆરી, 1919ના દિવસે બે પ્રસ્તાવ રજૂ કર્યા. સરકાનો એવો દાવો હતો કે આ પ્રસ્તાવ ષડ્યંત્રોના અપરાધોને રોકવા કામચલાઉ ધોરણે અમલમાં મૂકવામાં આવશે.

પરંતુ વાસ્તવમાં યુદ્ધ દરમિયાન જે પ્રતિબંધ લાદવામાં આવેલા તેને કાયમી રૂપ આપવાનો જ ઇરાદો સરકારનો હતો. એમાં અપરાધીઓ પર મુકદ્દમો ચલાવવા માટે એક વિશેષ ન્યાયાલયની રચના થવાની હતી જેમાં ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશો બેસવાના હતા. આ ન્યાયાલયના નિર્ણયની વિરુદ્ધ અપીલની ક્યાંય જોગવાઈ નહોતી. વળી તેની કાર્યવાહી પણ બંધબારણે ચલાવવાની હતી, જાહેર સુનાવણી નહોતી થવાની. કોઈ પણ વ્યક્તિને આ કાનૂન હેઠળ ગમે ત્યારે વૉરંટ વગર જ પકડી શકાય કે તેની તપાસ કરી શકાય તેવી સત્તા હતી. મુકદ્દમો ચલાવ્યા વિના જ કોઈ વ્યક્તિને બે વર્ષ સુધી જેલમાં રાખી શકાતી. ભારતીય રાષ્ટ્રવાદીઓની ધારણા હતી કે જે લોકોએ મોન્ટેગ્યૂ-ચેમ્સ-ફર્ડ સુધારાઓનો વિરોધ કર્યો તેવા સરકારી અને બિન-સરકારી જનમતને સંતોષવા ખાતર જ આ નવા કાયદાનો પ્રસ્તાવ રજૂ થયો હતો.


### 16.5.2 આંદોલન (Movement)

સમગ્ર દેશમાં આ ખરડાની ખૂબ ટીકા થઈ. ગાંધીજીએ તેની વિરુદ્ધ ચળવળ શરૂ કરી. તેમના મતાનુસાર સરકારને જે સત્તાઓ આપવામાં આવી રહી હતી તેનાથી જોખમો ઊભાં થતાં હતાં, અને લગભગ આવી સત્તાઓ કટોકટીના સમયમાં તો વાઇસરોયના હાથમાં હતી જ. તેમણે કહ્યું કે આ એવો દમનકારી ખરડો છે જે બધા જ ખરડાઓનો છેદ ઉડાડી દે છે.તેઓ આ કાયદાની કલમોના જ માત્ર વિરોધી નહોતા, પરંતુ એ પ્રક્રિયાના પણ વિરોધી હતા કે જેમાં દેશના લોકમતનો વિરોધ છતાં એવો કાયદો લાગુ કરવામાં આવે. 24મી ફેબ્રઆરી, 1919ને દિવસે મુંબઈમાં આ ખરડાના વિરોધમાં ગાંધીજીએ એક સત્યાગ્રહ સભાનું આયોજન કર્યું. એ સભાના સભ્યોએ શપથ લીધા કે નિર્ણયને સભાજનો વળગી રહેશે અને સભ્ય રીતે આ ખરડાનો વિરોધ કરશે અને સત્યના માર્ગે ચાલીને કોઈ પણ પ્રકારની હિંસાથી દૂર રહેશે. સત્યાગ્રહ આંદોલનનો આરંભ કરતાં ગાંધીજીએ કહ્યું, "મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આપણે દુઃખો સહન કરીને જ મુક્તિ પ્રાપ્ત કરવાની છે અને નહિ કે અંગ્રેજો દ્વારા આપેલા સુધારાઓથી. તેઓ ક્રૂરશક્તિ અજમાવે છે, જ્યારે આપણે આત્માની શક્તિ."

સમગ્ર દેશમાં વિરોધી વાતાવરણ હોવા છતાં સરકાર પોતાના નિશ્ચયમાં મક્કમ રહી. બધા બિનસરકારી સભ્યોએ તેની વિરુદ્ધમાં મત આપ્યો છતાં કાઉન્સિલે એક ખરડો તો પસાર જ કરી દીધો અને 21મી માર્ચ, 1919ના દિવસે વાઇસરોયે તેને પોતાની સંમતિ આપી દીધી. આ સમયે કૉંગ્રેસના મવાળ પક્ષના અમુક નેતાઓ - સર ડી.ઈ.વાદી, સુરેન્દ્રનાથ બેનરજી, તેજ બહાદુર સપ્રુ અને શ્રીનિવાસ શાસ્ત્રીએ ગાંધીજીએ શરૂ કરેલા સત્યાગ્રહનો વિરોધ કર્યો. તેમને એમ લાગ્યું કે હમણાં દાખલ કરાયેલા સુધારાઓના અમલમાં આ સત્યાગ્રહ કંઈક રુકાવટ લાવશે. તેઓ એ સમજતા હતા કે સાધારણ નાગરિક કંઈક રૉલેટ ઍક્ટનો વિરોધ નહીં કરી શકે. એની બેસન્ટે પણ સત્યાગ્રહનો વિરોધ કર્યો કેમ કે તેઓ જાણતાં હતાં કે એ પગલું ખતરનાક નીવડશે.

પરંતુ હોમ રૂલ લીગના યુવાન સભ્યોએ સત્યાગ્રહનું સમર્થન કર્યું. વાસ્તવમાં દેશના વિવિધ ભાગોમાંથી યુવા વર્ગ જ આગળ આવ્યો. લખનૌના મહમ્મદ અલી અબ્દુલ બારી અને મુસ્લિમ

લીગના કેટલાક સભ્યોએ ગાંધીજીને ટેકો આપ્યો. ઝીણાએ પણ રૉલેટ ઍક્ટનો વિરોધ કર્યો અને સરકારને ચેતવણી આપી કે જો તે ભારતની જનતા ઉપર 'કાયદાવિહીન કાયદો' ઠોકી બેસાડશે તો તેનું પરિણામ ભયંકર આવશે.


IMPERIAL LEGISLATIVE COUNCIL
BLACK BILL NO. 1 "PASSED."
THE HON. MR. SARMA RESIGNS.
SOLEMN MOCKERY OF THE SENATE.

રૉલેટ ઍક્ટ પર સમાચારપત્રનો રિપોર્ટ

સત્યાગ્રહનો આરંભ કરવા ગાંધીજીએ દેશવાસીઓને હડતાળનું એલાન કર્યું. જનતાએ ઉપવાસ કરવો, પ્રાર્થના કરવી અને શાંતિથી ખરડાનો વિરોધ કરવો. પહેલાં હડતાળની તારીખ 30 માર્ચ રાખી હતી, પરંતુ પછીથી તેને બદલીને છઠ્ઠી એપ્રિલ કરવામાં આવી. જુદા જુદા વિસ્તારોમાં અને નગરોમાં હડતાળને સફળતા મળી. દિલ્હીમાં તો 30મી માર્ચે જ હડતાળ પડી ગઈ અને પોલીસની ગોળીથી 10 વ્યક્તિ મૃત્યુ પામી. બીજાં મોટાં નગરોમાં છઠ્ઠી એપ્રિલે હડતાળ પડી અને આખી જનતાએ વ્યાપક સંપૂર્ણ સહકાર આપ્યો. ગાંધીજીએ હડતાળને સફળ થયેલી ગણાવી. 7મી એપ્રિલે ગાંધીજીએ સત્યાગ્રહીઓને સૂચન કર્યું કે હવે પ્રતિબંધિત સાહિત્યના કાયદાને તથા સમાચારપત્રોની રજિસ્ટ્રેશન અંગેના કાયદાનો પણ અવગણના કરે. વિરોધ દર્શાવવા માટે ખાસ આ જ કાયદાઓ એટલે ચૂંટવામાં આવ્યા હતા કે અન્ય કાયદાઓને સામાન્ય વ્યક્તિઓ તોડે તો વાત હિંસા સુધી પહોંચી જઈ શકે તેમ હતી. આથી હવે ચાર પ્રતિબંધિત પુસ્તકો, જેમાં ગાંધીજીએ લખેલ પુસ્તક 'હિંદ સ્વરાજ' પણ હતું, અને જે પુસ્તકોને મુંબઈ સરકારે 1910માં પ્રતિબંધિત કર્યાં હતાં, તેને વેચવા માટે પસંદ કર્યાં.


8મી તારીખે ગાંધીજી મુંબઈથી દિલ્હી અને પછી પંજાબના પ્રવાસે નીકળ્યા. સરકારને લાગ્યું કે તેમનું પંજાબમાં આગમન ખતરનાક પુરવાર થઈ શકે છે, તેથી દિલ્હી નજીક ગાંધીજીને ગાડીમાંથી ઉતારી ફરી મુંબઈ મોકલી આપ્યા. તરત જ ગાંધીજીની ધરપકડના સમાચાર આખાયે દેશમાં ફેલાઈ ગયા. મુંબઈમાં પણ સ્થિતિ તંગ થઈ ગઈ, અને અમદાવાદ અને વિરમગામમાં તો તોફાનો પણ થયાં. અમદાવાદમાં સરકારને માર્શલ લૉ જાહેર કરવો પડ્યો.

સહુથી વધારે હિંસક તોફાનો પંજાબમાં અને ખાસ કરીને અમૃતસરમાં થયાં. જ્યારે ગાંધીજીની ધરપકડના સમાચાર ત્યાં પહોંચ્યા કે તરત જ સ્થાનિક નેતાઓ ડૉ. કિચલૂ તથા ડૉ. સત્યપાલને પણ પકડવામાં આવ્યા (10 એપ્રિલ). હવે જનતા હિંસા તરફ વળી. કેટલીક સરકારી કચેરીઓને આગ ચાંપવામાં આવી. પાંચ અંગ્રેજોની હત્યા થઈ અને એક અંગ્રેજ મહિલા સાથે અસત્ય વર્તાવ પણ થયો. આ શહેર પક્ષે જાણે કોઈ સરકારી કે નાગરિક અંકુશ રહ્યો નહોતો. 13મી એપ્રિલે જલિયાંવાલા બાગમાં શાંતિપૂર્ણ સભામાં બેઠેલાં નિઃશસ્ત્ર લોકો ઉપર જનરલ ડાયરે ગોળીબાર કર્યો. તે સમયે ત્યાંના મોટા ભાગના લોકોને એવી કોઈ માહિતી ન હતી કે સભા ભરવા ઉપર તે દિવસે સરકારે પ્રતિબંધ લાગુ કર્યો હતો. જનરલ ડાયરે પણ તેમને સભા વિખેરવા માટે આદેશ આપ્યા વિના અને બીજી પણ કોઈ ચેતવણી આપ્યા વિના જ ગોળીબાર કર્યો, અને

આતંક મચાવ્યો. પાછળથી ડાયરે સ્વીકાર્યું કે તેનો ઉદ્દેશ સભા વિખેરવાનો નહોતો બલકે જનતાને માનસિક રીતે ભયભીત કરવાનો જ હતો. સરકારી આંકડાઓ પ્રમાણે આ ગોળીબારમાં 379 વ્યક્તિઓની હત્યા થઈ. પરંતુ બિનસરકારી આંકડો આનાથી ત્રણ ગણો હતો. 13મી એપ્રિલની રાતથી જ પંજાબમાં 'માર્શલ લૉ' લાગુ કરી દેવામાં આવ્યો.







જલિયાંવાલા બાગની દીવાલો પર ગોળીઓનાં નિશાન

### 16.5.3 મહત્ત્વ (Importance)

એટલું તો સ્પષ્ટ છે કે રોલેટ કાયદા વિરુદ્ધ ચલાવેલું આંદોલન સારી રીતે યોજનાબદ્ધ નહોતું. સત્યાગ્રહ સભાઓ આ કાયદાના વિરોધી સાહિત્યનો પ્રચાર કરતી હતી અથવા તેની વિરુદ્ધના મુસદ્દા પર લોકોની સહીઓ લેતી હતી. એક સંગઠનના સ્વરૂપે કૉંગ્રેસ ક્યાંય નજરે પડતી નહોતી. મોટા ભાગના સ્થળોએ અંગ્રેજી શાસનની વિરુદ્ધ પોતાની સામાજિક અને આર્થિક ફરિયાદોને લીધે જનતાએ એમાં ભાગ લીધો.

પરંતુ તેની સાથે જ સ્વીકાર કર્યો કે ગાંધીજી દ્વારા થયેલા સત્યાગ્રહોને લીધે વિભિન્ન વર્ગો અને સમૂહોના લોકોને એક જ મંચ પર ભેગા કર્યા. બીજું એ પણ સ્પષ્ટ હતું કે હજી પંજાબની યાત્રા ગાંધીજીએ કરી ન હોવા છતાં પંજાબની જનતાએ આ સત્યાગ્રહમાં ઘણો મોટો ભાગ ભજવ્યો. તેમ છતાં એ સ્વીકારવું હતું કે આ આંદોલન હજી પણ શહેરો સુધી સીમિત હતું અને ગ્રામીણ ક્ષેત્રોમાં તેનો ફેલાવો થઈ શક્યો નહોતો.

આંદોલન દરમિયાન થયેલી હિંસાને કારણે વિશેષ કરીને અમદાવાદમાં થયેલા બનાવોને લીધે ગાંધીજીએ સત્યાગ્રહ પાછો ખેંચ્યો. તેમણે સ્વીકાર્યું કે સત્યાગ્રહ શરૂ કરવામાં તેમણે એક મહાન ભૂલ કરી હતી, કેમ કે જનતા હજી સત્યાગ્રહને માટે જરૂરી સમજ મેળવી શકી નહોતી. પરંતુ આ સત્યાગ્રહથી ગાંધીજી એક રાષ્ટ્રીય નેતાના સ્વરૂપે ઊપસી આવ્યા. રાષ્ટ્રીય આંદોલનના નેતૃત્વમાં તેમની સ્થિતિ સૌથી અગ્રગણ્ય બની. કૉંગ્રેસના કામને પણ તે હવે નિશ્ચિતરૂપથી અસર પાડવા લાગ્યા. 1917માં અમૃતસરના કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીએ પ્રસ્તાવ મૂક્યો કે સુધારાઓમાં કેટલીક ક્ષતિઓ હતી તેમ છતાં તેને લાગુ કરવામાં ભારતીયોએ સહયોગ આપવો જોઈએ પરંતુ 1920ના સપ્ટેમ્બરમાં ગાંધીજીએ સરકારને સહકાર આપવાની પોતાની નીતિ બદલી અને સરકાર સામે અસહકારનું આંદોલન શરૂ કરવાનો નિર્ણય કર્યો.



અમૃતસર કૉંગ્રેસ

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. લગભગ પાંચ લીટીમાં રોલેટ કાયદાની કલમોની ચર્ચા કરો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. અમદાવાદના કારીગરોએ જે સમસ્યાઓ વેઠી તેની આશરે પાંચ લીટીમાં ચર્ચા કરો.

........................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. જલિયાંવાલા બાગની ઘટના પર પાંચ લીટી લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 16.6 ગાંધીજીની વિચારધારા (The Gandhian Ideology)

હવે આપણે ગાંધીજીની વિચારધારાનાં મુખ્ય પાસાંઓ તપાસીશું. પરંતુ તેની ચર્ચા કરતાં પહેલાં તે જાણી લેવું આવશ્યક છે કે એવી કેટલીક અસરો હતી જેને લઈને ગાંધીજીની વિચારધારા બંધાઈ અને તેને નિશ્ચિત દિશા આપવામાં તેનું યોગદાન રહ્યું. પોતાની આત્મકથામાં જ ગાંધીએ સ્વીકાર્યું કે તેમના સાથીદારોના દૃષ્ટિકોણ તથા તેમનાં રહેવાનાં સ્થળોએ તત્કાલીન સામાજિક અને ધાર્મિક વાતાવરણનો ખૂબ પ્રભાવ તેમના પર પડ્યો હતો. શરૂઆતમાં તેમની વિચારધારા પર "વૈષ્ણવ મત" તથા જૈનધર્મની પરંપરાઓની વિશેષ અસર હતી. તેઓ શ્રીમદ્ભગવદ્ગીતાથી પણ ખૂબ પ્રભાવિત હતા. તે ઉપરાંત ઈશુ ખ્રિસ્તના 'ગિરિપ્રવચન', ટૉલ્સ્ટૉય, થોરો તેમજ રસ્કિન જેવા ચિંતકોના લેખોથી પણ પ્રભાવિત હતા. પરંતુ એની સાથે જ તેમની વિચારધારાના વિકાસ તેમજ વળાંકોમાં સર્વથી વધુ પ્રભાવ તેમના પોતાના વ્યક્તિગત અનુભવોનો હતો.

### 16.6.1 સત્યાગ્રહ (Satyagraha)

ગાંધીજીની મુખ્ય વિચારધારાનો મુખ્ય ભાગ 'સત્યાગ્રહ' હતો. પહેલાં જેમ કહેવાયું છે તેમ આ રીતે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અપનાવી અને વિકસાવી હતી. પરંતુ 1919 પછીના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ એનું ખૂબ જ મહત્ત્વ હતું. ગાંધીજીના મત પ્રમાણે હિંસા આચરવાને બદલે સત્યાગ્રહના પ્રયોગમાં પોતે કષ્ટ સહીને એ રીતે કરવો જાઈએ કે શત્રુને આપણી વાત માનવા-સ્વીકારવા તૈયાર કરી શકાય. સત્યાગ્રહના વિચારની ચર્ચા કરતાં પટ્ટાભિ સીતારામૈયા લખે છે;

"આમાં સ્વયં પસંદ કરેલ દુષ્ટ અને વિરોધીઓ માટે અપમાન સામેલ છે. જો એનો પ્રભાવ પડે છે તો તે એટલા માટે પડે છે કે જે ખ્યાલથી તે વપરાય છે. તેમાં તેમની નૈતિકતાનો પ્રભાવ ઉમેરાય છે. જે કાર્ય માટે તે અપનાવાય છે, તેની યોગ્યતા વિશે તેમનામાં વિશ્વાસ પ્રગટ કરવામાં આવે છે. તેમની શક્તિ તેમને દર્શાવીને તેઓને કમજોર કરી નાખવામાં આવે અને હીનતાની પણ ભાવના પેદા કરવામાં આંવે કે તેમનાં કાર્યોથી બીજાઓને કેટલું બધું કષ્ટ સહેવું પડે છે."

ગાંધીજીએ સત્યાગ્રહ અને શાંત વિરોધ વચ્ચેનો તફાવત આ રીતે કર્યો. તેમણે લખ્યું છે કે;

"શાંત વિરોધ એક નબળી વ્યક્તિનું શસ્ત્ર છે, જેમાં હિંસા અને શારીરિક શક્તિનો પ્રયોગ પોતાના ઉદ્દેશની પૂર્તિ માટે કરવામાં આવે છે; જ્યારે સત્યાગ્રહ તો શક્તિશાળી વ્યક્તિનું શસ્ત્ર છે અને (છતાં) તેમાં કોઈ પણ પ્રકારની હિંસાનો પ્રયોગ થતો નથી."

હકીકતમાં ગાંધીજી માટે સત્યાગ્રહ માત્ર એક રાજનૈતિક શસ્ત્ર નહોતું. પરંતુ તેમના જીવનદર્શન અને સિદ્ધાંતોના વ્યવહારનું એક જ અંગ હતું. ગાંધીજીને શ્રદ્ધા હતી કે માનવજીવનનું અંતિમ લક્ષ્ય સત્યની ખોજ છે. કોઈ વ્યક્તિ વાસ્તવિક સત્યને પૂર્ણતઃ સમજી શકતું નથી છતાં બીજી વ્યક્તિની એ ખોજમાં કોઈ પ્રકારે વિઘ્ન ન કરવું જોઈએ.

### 16.6.2 અહિંસા (Non-Violence)

સત્યાગ્રહનો આધાર અહિંસા હતો. ગાંધીજીએ લખ્યું,

"જ્યારે કોઈ વ્યક્તિ અહિંસાત્મક હોવાનો દાવો કરે છે ત્યારે તેની પાસેથી એવી અપેક્ષા રખાય છે કે જ્યારે કોઈ તેને હાનિ પણ પહોંચાડે તો તેને ગુસ્સો પણ ન આવે. તે તેનું બૂરું પણ ઇચ્છતો ન હોય, ઊલટાનું ભલું જ ઇચ્છતો હશે અને તેને કોઈ પણ પ્રકારે શારીરિક કષ્ટ પણ પહોંચાડશે નહિ. તેનું ખરાબ કરવાવાળા તેને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચાડે તો તે

સહન કરી લેશે. આમ અહિંસા એટલે તદ્દન ભોળપણ અને કોઈની પણ પ્રત્યે બૂરી ભાવના રાખવાનો સંપૂર્ણ અભાવ એમ અર્થ કરી શકાય."

ગાંધીજીએ એ બાબત પર જોર આપ્યું કે સાધારણ વ્યક્તિએ પોતાના રાજનૈતિક ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે અહિંસાત્મક સત્યાગ્રહનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ ગાંધીજીના કેટલાક નિર્ણયો એવા પણ હતા કે પૂર્ણ અહિંસાનો તેમાં અભાવ હતો. તેમણે વારંવાર એ વાત પર વજન મૂક્યું કે અન્યાયની સામે કાયરતા દેખાડવાને કારણે હિંસા દેખાડવી બહેતર છે. આનો એક દાખલો ૧૯૧૪માં યુદ્ધમાં ગાંધીજીએ ભારતીયોને ભરતી કરવાના સરકારી પ્રયત્નોમાં આપેલા સહકારને ગણાવી શકાય. આમ જુઓ તો યુદ્ધમાં ભાગ લેવાનો વિચાર અહિંસાના સિદ્ધાંતથી વિપરીત જ છે, પરંતુ ગાંધીજીએ એવી આશાથી અંગ્રેજ સરકારને સહકાર આપવા કહ્યું કે યુદ્ધ પૂરું થયે તે ભારતીયોને કેટલીક સવલતો આપશે.

વ્યક્તિગત સ્તરે સત્યાગ્રહ અનેક સ્વરૂપ ધારણ કરી શકાતો હતો. જેમકે, ઉપવાસ, અહિંસક ધરણા, વિભિન્ન પ્રકારનો અસહયોગ, સવિનય અવજ્ઞા વગેરે અને સવિનય કાનૂનભંગ. ગાંધીજીને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે તે સાચા ઉદ્દેશો માટેની સાચી રીત હતી. ગાંધીજીના ટીકાકારોએ કહ્યું કે આ રીતથી તો ગાંધીજી જનતાના આંદોલનને નિયંત્રિત કરવા માંગતા હતા. તેઓની ધારણા હતી કે મૂડીપતિઓ અને જમીનદારો ગાંધીજીની અહિંસાત્મક શરણથી ખુશ હતા, કેમકે તેનાથી હિંસામય સામાજિક ક્રાંતિને રોકી શકાતી હતી, પરંતુ એ નિઃશંક છે કે ગાંધીજી અને કૉંગ્રેસ દ્વારા રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય આંદોલનમાં સત્યાગ્રહના શસ્ત્રના ઉપયોગથી ભારતીય સમાજના વિભિન્ન વર્ગોને અંગ્રેજી શાસન વિરુદ્ધની લડતમાં સંગઠિત કરી શકાય.

### 16.6.3 ધર્મ (Religion)

ગાંધીજીની વિચારધારાની ચર્ચા કરતી વખતે તેમનો ધર્મ પ્રત્યેનો દૃષ્ટિકોણ જાણવો ઘણો જરૂરી છે. તેમને માટે ધર્મ કોઈ એક વિશિષ્ટ ધાર્મિક સમુદાયની સૈદ્ધાંતિક વ્યાખ્યા નહોતી, પરંતુ સમસ્ત ધર્મોમાં મૂળભૂત તત્ત્વ સત્ય જ હતું. ગાંધીજીએ ધર્મની વ્યાખ્યા 'સત્ય માટેની લડત' એવી કરી. તેમના મતે ધર્મને કોઈ એક વ્યક્તિના પોતાના અભિપ્રાય કહીને પાછળ ધકેલવો ન જોઈએ. કારણ કે ધર્મ વ્યક્તિઓની બધી જ પ્રક્રિયાઓ તેમનાં કર્મોને પ્રભાવિત કરે જ છે. તેમણી ધારણા હતી કે ભારતમાં રાજનૈતિક કાર્યવાહી માટે ધર્મ એક આધાર પ્રસ્તુત કરે છે, અને તેથી ગાંધીજીએ 'ખિલાફત'ના પ્રશ્નને લડતનો મુદ્દો બનાવ્યો અને તેથી મુસલમાનોને અંગ્રેજ શાસનની વિરુદ્ધની લડતમાં જોડી શકાય. પરંતુ ગાંધીજીએ 'રામ રાજ્ય' વગેરે જે ધાર્મિક વિચારોનો પ્રયોગ રાષ્ટ્રીય આંદોલનમાં કર્યો તેનાથી કંઈ કોમવાદનો પ્રશ્ન ઊકલી શક્યો નહિ.

### 16.6.4 હિંદ સ્વરાજ (Hind Swaraj)

ગાંધી દર્શનનું એક મહત્ત્વનું પાસું એમના લખેલા પુસ્તક 'હિંદ સ્વરાજ' (૧૯૦૯)માં જોવા મળે છે. એમાં ગાંધીજીએ એ વાત પ્રત્યે સંકેત કર્યો છે કે વાસ્તવમાં ભારતના શત્રુઓ અંગ્રેજો કે તેમનું રાજનૈતિક શાસન નહિ, પરંતુ આધુનિક પશ્ચિમી સભ્યતા છે જે ધીરે ધીરે ભારતને પોતાની પકડમાં લઈ રહી છે. પશ્ચિમી શિક્ષણ પામેલા ભારતીયો જેવા કે વકીલો, ડૉક્ટરો, શિક્ષકો અને મૂડીપતિઓ આ પાશ્ચાત્ય રીતભાતનો ફેલાવો કરીને ભારતની પ્રાચીન પરંપરાને નષ્ટ કરી રહ્યા હતા. આ પુસ્તકમાં ગાંધીજીએ રેલગાડીની પણ આલોચના કરી હતી, કેમ કે જેનાથી ખાદ્ય પદાર્થોનો નિકાસ કરી શકાય છે અને તેનાથી કેટલાક ભાગોમાં (માનવ સર્જિત) દુષ્કાળ અને અછત વરતાય છે. સ્વરાજ તથા સ્વશાસનને તેમણે જીવનની એવી સ્થિતિ માની કે તે ત્યારે જ સ્થાયી બની શકે જ્યારે ભારતીય લોકો પોતાની પ્રાચીન પરંપરાનું જ અનુસરણ કરે અને આધુનિક સભ્યતાથી ભ્રષ્ટ ન થાય. તેમણે લખ્યું "ભારતીયોની મુક્તિ એમાં જ છે કે જે તેમણે પાછલાં ૫૦ વર્ષોમાં શીખ્યું હોય તે ભૂલી જાય. રેલગાડી, તાર, હૉસ્પિટલ, વકીલ, ડૉક્ટર અને એવા પ્રકારની બધી જ આધુનિક ચીજોને ભૂલી જવી પડશે. અને કહેવાતા ઉચ્ચ વર્ગે સામાન્ય ખેડૂત જેવું જીવન વ્યતીત કરતાં શીખવું પડશે."

૨૦મી સદીના પરિપ્રેક્ષ્યમાં આ પ્રકારનો વિચાર સ્વપ્નદર્શી અને પ્રગતિવિરોધી પ્રતીત થાય છે. પરંતુ હકીકતમાં તેમના વિચાર ગરીબ ખેડૂતો પર અને મજૂરો પર મોટા પાયાના આધુનિકીકરણના નબળા અસર વિશેના હતા. આગળ ઉપર તેમણે પોતાના સામાજિક તેમજ આર્થિક વિચારોને નિશ્ચિત રૂપ તેમજ દિશા આપવાના પ્રયત્નો ચાલુ રાખ્યા અને તેમાં તેમણે ખાદી, ગામડાંનું પુનર્ગઠન, તથા હરિજન કલ્યાણના કાર્યક્રમો પણ સામેલ કર્યા. એ નિઃશંક છે કે આવા 'રચનાત્મક' કાર્યક્રમોથી પણ ગામડાંના લોકોના પ્રશ્નો સંપૂર્ણપણે ઉકેલી ન શક્યા. પરંતુ એ પણ નિશ્ચિત

છે કે આ કાર્યક્રમોથી અમુક હદ સુધી તેમની સ્થિતિ સુધારવામાં પણ ગાંધીજી સફળ રહ્યા. સૌથી વધુ મહત્ત્વનું એ હતું કે આ કાર્યક્રમોના માધ્યમથી ગાંધીજીએ દેશના સામાજિક તેમજ આર્થિક સુધારાઓ અંગે ચેતના જાગ્રત કરી.

### 16.6.5 સ્વદેશી (Swadeshi)

ગાંધીજીએ સ્વદેશીનો ખૂબ પ્રચાર કર્યો. તેનો અર્થ હતો પોતાના જ દેશમાં બનેલી ચીજોનો ઉપયોગ. દાખલા તરીકે ઇંગ્લૅંડમાંથી મશીનના બનેલાં કપડાંને બદલે ખાદીનો વપરાશ કરવો. તેમના મતે સ્વદેશની ભાવના વિસ્તૃત થાય તો ખેડૂતો પોતાની ગરીબી દૂર કરી શકતા હતા કેમકે કાંતણ કરીને પોતાની કમાણીમાં વધારો કરી શકાતો હતો. આમ પણ વિદેશી કાપડના વપરાશમાં ઘટાડો કરીને, ઇંગ્લૅંડ તરફ ઢસડાઈ જતા ભારતીય ધનમાં ઘટાડો કરી શકાય. અહીં એ નોંધવું જોઈએ કે ગાંધીજી પાશ્ચાત્ય ઔદ્યોગિક સભ્યતાના વિરોધી હતા. પરંતુ ભારતમાં વધતા રાષ્ટ્રીય ઉદ્યોગોના જરા પણ વિરોધી નહોતા. જેમ અગાઉ જણાવ્યું છે તેમ ગાંધીજીની અંબાલાલ સારાભાઈ જેવા ઉદ્યોગપતિઓ સાથે ઘણા સારા સંબંધો હતા. 1922થી બીજા એક ઉદ્યોગપતિ શ્રી જી. ડી. બિરલા પણ ગાંધીજીના નિકટના સાથી બની રહ્યા. ગાંધીજીને શ્રમ અને મૂડીના પરસ્પરના અવલંબનના સિદ્ધાંતમાં ખૂબ વિશ્વાસ હતો કે મૂડીપતિઓ મજૂરોના ટ્રસ્ટી (ન્યાયકર્તા)ના રૂપમાં કામ કરવું જોઈએ. ગાંધીજીએ વર્ગના આધારે મજૂરોમાં રાજનૈતિક જાગૃતિ પેદા કરવાનો પ્રયાસ કર્યો ન હતો. વર્ગસંઘર્ષના તો તેઓ વિરોધી હતા. વર્ગીય ભેદભાવને કારણે તેઓ સંપૂર્ણ પ્રજાની એકતામાં વધુ શ્રદ્ધા ધરાવતા હતા.

### તમારી પ્રગતિ ચકાસો (ચ)

1. ગાંધીજી દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ 'સત્યાગ્રહ'નો અર્થ તમે શો કરો છો ? દસ લીટીઓમાં ઉત્તર આપો.

...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................

2. પોતાના 'હિંદ સ્વરાજ' નામના પુસ્તક દ્વારા ગાંધીજીએ કયો સંદેશ આપ્યો ? લગભગ આઠ લીટીઓમાં જવાબ આપો.

...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................
...........................................................................................

## 16.7 સારાંશ

આ એકમમાં આપણે જોયું કે કેવી રીતે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિની વિરુદ્ધ લડત ચલાવી અને કેવી રીતે ભારતીય રાજકારણમાં તેમના આગમનથી જનતાનાં આંદોલનોનો યુગ શરૂ થયો. શરૂઆતમાં ગાંધીજીએ માત્ર સ્થાનિક સમસ્યાઓ વિશે પ્રવૃત્તિ કરી અને તેના માધ્યમથી રાષ્ટ્રીય નેતૃત્વ હાંસલ કર્યું. અહીં એ નોંધવું જોઈએ કે ગાંધીજીની વિચારધારાની સાર્થકતા વિશે વિદ્વાનોમાં મતભેદ રહે છે. પરંતુ હકીકતમાં તો એ છે કે તેમની વિચારધારાએ સમગ્ર રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય આંદોલનને પ્રભાવિત કર્યું હતું અને તેને એક નિશ્ચિત દિશાસૂચન પણ આપ્યું હતું.

## 16.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અભિયાન** : સૈનિક કામો માટે થતી યાત્રા, આક્રમણ, ચડાઈ.

**પ્રાદુર્ભાવ** : આવિર્ભાવ, સામે આવવું, પ્રગટ થવું.

**સત્યાગ્રહ** : સત્ય માટે આગ્રહ, સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર આધારિત ગાંધીજી દ્વારા ચલાવાયેલું આંદોલન.

**દમનકારી** : દબાવવા કે રોકવા માટે કરેલું કાર્ય.

**જાહેર** : પ્રગટ.

**પટ્ટેદારી** : હિસ્સેદારી, સરખે સરખે ભાગે.

**રિયાસત** : રાહત, છૂટ.

**મધ્યસ્થી** : વચ્ચે પડીને કોઈ વિવાદ અથવા વિરોધને દૂર કરવાનો પ્રયત્ન.

**અવહેલના** : તિરસ્કાર, લાપરવાહી, ધ્યાન ન આપવું.

**નિષ્ક્રિય** : જેમાં કોઈ ક્રિયા કે વ્યવહાર ન હોય.

## 16.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. જુઓ 16.2.1
2. (1) ✗ (2) ✓ (3) ✗ (4) ✗

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. (1) ✗ (2) ✓ (3) ✗ (4) ✗
2. જુઓ 16.2.3

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1. જુઓ 16.4.1
2. જુઓ 16.4.3
3. (1) ✗ (2) ✓ (3) ✓ (4) ✗

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

1. જુઓ 16.5.1
2. જુઓ 16.5.2
3. જુઓ 16.5.2

**તમારી પ્રગતિ ચકાસો (ચ)**

1. જુઓ 16.6.1 2. જુઓ 16.6.4

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

Brown, Judith : *Gandhi's Rise to Power,* Cambridge, 1972.

Burns, M.L. : What is Marxism ?

Gandhi, M.K. : *An Autobiography, The Story Of My Experiments with Truth,* Ahmedabad, 1927.

Hill, Christophar : *Lenin and The Russian Revolution.*

Kumar, R. : *Essays on Gandhian Politics,* Oxford, 1971.

Marx, K. and F. Engels : *The Communist Manifesto.*

Nanda, B.R. : *Mahatma Gandhi, A Biography,* Delhi, 1958.

Sarkar, Sumit : *Modern India.*

Sweezy and P. Baran : *Introduction to Socialism.*

Thompson, David : *History of Europe Since Napoleon.*

Official Publication : *History of The USSR,* Progress Publishers, Moscow.

नोंद

નોંધ